॥ શ્રી વાક્પતયે નમઃ ॥

તુલસીક્યારો

ભાગ-૧૧

[અર્વાચીન ભગવદીયોનાં ચરિત્રો - આધુનિક નવલિકા શૈલીમાં]

લેખક-સંપાદક

વસંતબેન ર. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Tulsikyaro Part-11
by Vasantben R. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : માર્ચ-૨૦૦૧
દ્વિતીય આવૃત્તિ : મે-૨૦૧૩

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૩૫/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

સાદર સમર્પણ

પુષ્ટિમાર્ગની
નામસેવા અને સ્વરૂપસેવાની
જ્યોતને
સદાય જલતી રાખનાર
અર્વાચીન સમયના સૌ ભગવદીયોને
સાદર સમર્પણ

પ્રસ્તાવના

લગભગ ૫૦૦ વર્ષથી ભૂતલ ઉપર વિવિધ સ્વરૂપે પ્રગટ થતા રહેલા ભગવદીય રત્નોની પહેચાન કરાવતી 'તુલસીક્યારો' ગ્રંથ શ્રેણીનો આજે અગિયારમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. સંવત ૨૦૪૪માં આ શ્રેણીનો પ્રથમ ભાગ પ્રકાશિત થયો ત્યારથી આપ સૌએ આ શ્રેણીને ખૂબ ઉમળકાથી આવકારી છે. આપ સૌ દર વર્ષે તેના આગળના ભાગની આતુરતાપૂર્વક રાહ જોતા રહ્યાં છો. તેના પ્રકાશન ખર્ચ માટે યશાશક્તિ દ્રવ્ય સહાય મોકલતાં રહ્યાં છો. આજે શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી આ શ્રેણી પૂર્ણ થાય છે ત્યારે એમ લાગે છે કે આ શ્રેણીને પૂર્ણતા તરફ લઈ જવામાં આપ સૌનો તેને માટેનો પ્રેમ પણ કારણભૂત બન્યો છે.

જેમ તુલસીજી પ્રભુની સમીપ આવવા માગતા જીવોને પ્રભુની સન્મુખ લઈ આવે છે તેમ ભગવદીયો પણ કૃપા કરીને જીવને પ્રભુની સન્મુખ લઈ જાય છે. પુષ્ટિમાર્ગની એક વિશેષતા છે કે જીવ ગમે તેવો હોય તો પણ તેના ઉપર ભગવદીયની કૃપા થાય તો તે જીવ તેમનો હાથ પકડીને સરળતાથી શ્રીઠાકોરજી સુધી પહોંચી જાય છે; તેથી જ આપણે ત્યાં ભગવદીયોનો મહિમા ગવાયો છે. શ્રીગોકુલનાથજીએ તો ભગવદીયોની વાર્તાઓને કથાનું ફળ કહ્યું છે. આવા ૮૪-૨૫૨-૭૮ ભગવદીયોની વાર્તાઓ 'તુલસીક્યારો' ગ્રંથશ્રેણીના ભાગ ૧ થી ૯ માં પ્રકાશિત થઈ છે. આ વાર્તાઓ આપણને પુષ્ટિ જીવન જીવવાનું બળ આપે છે અને શ્રીવલ્લભના માર્ગમાં આપણી શ્રદ્ધાને મજબૂત બનાવે છે.

શ્રીવલ્લભનો માર્ગ તો સનાતન છે. ૮૪-૨૫૨-૭૮ ભગવદીયો પછી પણ ઘણા એવા ભગવદીયો થયા જેમણે આપણને ખાત્રી કરાવી કે શ્રીવલ્લભના સિદ્ધાંતો અનુસાર આજે પણ જીવન જીવી શકાય છે. તેમાંના કેટલાક ભગવદીયોનાં ચરિત્રો આ શ્રેણીના ભાગ-૧૦ અને ભાગ-૧૧માં લેવામાં આવ્યાં છે. આ ભગવદીયોએ શ્રીપ્રભુની નામસેવા અને સ્વરૂપસેવા દ્વારા શ્રીપ્રભુની કૃપાને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે. શ્રીવલ્લભના સિદ્ધાંતો જીવનમાં દૃઢપણે આચરી આપણી સામે ઉત્તમ દૃષ્ટાંતો મૂક્યાં છે. આપણને ભગવન્માર્ગે ચાલવા માર્ગદર્શન આપ્યું છે. ભગવદ્ સેવા-સ્મરણ કરવા પ્રેરણા આપી છે.

'બહુરત્ના વસુંધરા' એ ન્યાયે આવા અનેક ભગવદીયો આ ભૂતળ ઉપર વારંવાર જન્મ ધરી આવ્યાં છે. તે સૌનાં ચરિત્રો આ શ્રેણીમાં સમાવી શકાયાં નથી તે બદલ હું એ સૌ ભગવદીયોની ક્ષમા યાચું છું. 'વૈષ્ણવ પરિવાર'ના આગામી અંકોમાં તે ચરિત્રોનું આપણે અવગાહન કરીશું.

અગાઉ 'વૈષ્ણવ પરિવાર', 'સત્સંગ' જેવા માસિકોમાં જુદા જુદા લેખકો દ્વારા અર્વાચિન ભગવદીયોનાં ચરિત્રો લખાયાં હતાં. તેમાંથી કેટલાંક ચરિત્રો આ ગ્રંથમાં લીધાં છે. તે માટે એ માસિકોના તંત્રીશ્રી તેમજ લેખકોનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ ગ્રંથ માટે જે વૈષ્ણવોએ પોતાનાં આત્મીય સ્વજનોનાં ચરિત્રો લખી મોકલ્યાં છે તેમનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

આ ગ્રંથ ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧ના વૈષ્ણવ પરિવારના ગ્રાહકોને ભેટ પુસ્તક તરીકે અપાઈ રહ્યો છે. જે વૈષ્ણવોએ મનોરથી બની વિત્તસેવા દ્વારા આ ગ્રંથના પ્રકાશન કાર્યને સરળ બનાવ્યું છે તેમનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું. શ્રીવલ્લભની કૃપાથી ભેટ પુસ્તક આપવાની પરંપરા આવતા વર્ષે માટે પણ ચાલુ રહેશે અને તેના પ્રકાશન માટે વૈષ્ણવોની વિત્તસેવા મળી રહેશે તેવો મને વિશ્વાસ છે.

આ પુસ્તકને ઘણા ઓછા સમયમાં સુંદર રીતે ટાઈપ સેટીંગ કરીને તૈયાર કરનાર ચિ. ભાઈ અમિત તથા ખૂબ ઝપડથી સુંદર છાપકામ કરી આપનાર ભાઈ દિલીપ કડિયા પ્રત્યે પણ મારી પ્રસન્નતા અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

અંતમાં આ શ્રેણીના આરંભથી અંત સુધી જે જે મહાનુભાવ પૂ.ગો. આચાર્યચરણો તેમજ ભગવદીયોના આશીર્વાદ અને પૂર્ણ સહકાર પ્રાપ્ત થયા છે તે સૌનો નતમસ્તકે ઋણસ્વીકાર કરી વિરમું છું.

- વસંતબેન ર. પરીખ.

અનુક્રમણિકા

૧. શ્રીભાગવતના ભક્તિનિષ્ઠ પ્રવક્તા ૭
૨. વંદનીય વૈષ્ણવજન ૧૪
૩. પ્રભુએ માગી લીધા મોગરા ૧૯
૪. પ્રભુના પ્રમેય બળનો પ્રતાપ ૨૩
૫. ભગવદ્‌ભક્ત મોહનભાઈ ૨૮
૬. સદેહે લીલાપ્રાપ્તિ ૩૪
૭. વંદનીય વૈષ્ણવ ૩૯
૮. અનન્યતાનો આદર્શ ૪૪
૯. એક આદર્શ વૈષ્ણવ ૪૮
૧૦. મહાનુભાવી મોટાભાઈ ૫૦
૧૧. પ્રકટ પ્રતાપ શ્રી ગિરિરાજજીનો ૫૪
૧૨. ભક્તિનો પ્રભાવ ૫૬
૧૩. કૃપાસાગર શ્રીયમુનાજી ૬૫
૧૪. નિકુંજનાયકના અદ્‌ભુત અનુભવો ૬૯
૧૫. આજે પણ આશકરણજી છે ૭૫
૧૬. પ્રમેયબળની પરિસીમા ૭૭
૧૭. ભક્ત ગુણગાન ૮૦
૧૮. વિરલ વિભૂતિ શતાયુ કાવેરીબા ૮૬
૧૯. આં.પુ.વૈ.પરિષદના સંગઠનમંત્રી ૮૯
૨૦. "હા વારી ઈન વલ્લભીયન પર" ૯૧
૨૧. સાર્થક જીવન ૯૫
૨૨. સાચું વૈષ્ણવી જીવન ૧૦૦
૨૩. સદા વ્રજનાથ ઈન સંગ ડોલે ૧૦૪
૨૪. આદર્શ મુખીયાજી ૧૦૮
૨૫. જીવન જો ઐસો બની આવે ૧૧૦
૨૬. અષ્ટાક્ષરમંત્ર અને વ્રજરજનો પ્રતાપ ૧૧૩
૨૭. જે પીડ પરાઈ જાણે રે ૧૧૫
૨૮. એક વિરલ વિભૂતિ ૧૧૬
૨૯. રસેશ્વરનો રસથાળના માર્ગદર્શક ૧૨૦
૩૦. સંપ્રદાયનો સંનિષ્ઠ સેવક ૧૨૪
૩૧. આવવા દો આફતોને ૧૨૭
૩૨. મને શ્રીનાથજીબાવાનાં દર્શન કરાવો. ૧૨૯
૩૩. સદા આનંદમાં રહીએ રે ૧૩૫
૩૪. સંપ્રદાયના એક વિદ્વાન ૧૩૯
૩૫. પુષ્ટિ સંપ્રદાયમાં વિદ્વાનોનું યોગદાન ૧૪૨

૧

શ્રીભાગવતના ભક્તિનિષ્ઠ પ્રવક્તા

પૂ. શ્રી નરહરિ અકોલકર શાસ્ત્રીજી

શ્રીભગવાને અને ભગવત્શાસ્ત્રોએ ભક્તિનો જેટલો મહિમા ગાયો છે, એટલો જ મહિમા ભક્તોનો પણ ગાયો છે. જેમ પૃથ્વી પરના દૈવી જીવોનો ઉદ્ધાર કરવા ભગવાન સમયસમયે પધારે છે, તેમ તેમના ભક્તો પણ ભગવાનની કૃપાને પાત્ર દૈવી જીવોના આચારવિચારનું પોષણ કરવા પૃથ્વી પર અનેક વખત પ્રગટ થાય છે અને સત્સંગ દ્વારા ભગવદ્-કૃપાપાત્ર જીવોને ભક્તિમાર્ગ પર સુદૃઢ કરે છે. કેટલાક ભક્તો કેવળ શ્રીભગવાનની ભક્તિ કરનારા હોય છે; તો કેટલાક ભક્તો શ્રીહરિ અને ગુરુ એમ ઉભયની ભક્તિમાં નિષ્ઠાવાળા હોય છે. એવા પણ દુર્લભ ભક્તો જગતમાં આવ્યા છે, જેમણે શ્રીહરિ, ગુરુ અને વૈષ્ણવ - ત્રણેમાં વિવેકપૂર્વક, સમાન ભાવે પોતાની ભક્તિનિષ્ઠા રાખી છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીના સેવકો ૮૪ વૈષ્ણવો તરીકે પ્રસિદ્ધ છે, શ્રીગુસાંઈજીના સેવકો ૨૫૨ વૈષ્ણવો તરીકે પ્રસિદ્ધ છે, શ્રીગોકુલનાથજીના સેવકો ૭૮ વૈષ્ણવો તરીકે પ્રસિદ્ધ છે. એ જ ભગવદીય પરંપરામાં આજ સુધી અનેક ભગવદીયો થયા છે. એમાં સ્વરૂપસેવા અને નામસેવા- બંને કરનારા ભગવદીયો પણ થયા છે. એ પૈકીના એક શ્રી નરહરિ અકોલકર શાસ્ત્રીજી હતા. પૂ.ગો. બાળકો અને વિદ્વાનોમાં તેઓ શાસ્ત્રીજી તરીકેનો આદરભાવ પ્રાપ્ત કરી ચૂક્યા હતા, તેથી તે મહાનુભાવો તેમને 'શાસ્ત્રીજી' તરીકે સંબોધતા અને સન્માનતા. વૈષ્ણવોમાં તેઓ 'બાપજી'ના હુલામણા નામથી વિશેષ પ્રસિદ્ધ થયા હતા. તેઓ પણ વૈષ્ણવો પ્રત્યે પિતાવત્ વાત્સલ્ય ભાવ રાખતા અને એક પિતા સંતાનોને સુસંસ્કારોથી સજ્જ કરવા સદા તત્પર રહે, તેમ તેઓ વૈષ્ણવોમાં શ્રીભાગવતધર્મના શ્રીમહાપ્રભુજી પ્રતિપાદિત પુષ્ટિમાર્ગીય સંસ્કારો સિંચવા અહર્નિશ તત્પર રહેતા હતા.

ભગવદીયોની લાક્ષણિકતા એ છે કે તેઓ માન-સન્માનથી કદી અહંકારી બનતા નથી, સદા વિનમ્ર રહે છે, નિષ્કામ ને નિઃસ્વાર્થ રહે છે. શ્રી નરહરિ

શાસ્ત્રીજીનું જીવન પણ દાસભાવથી દીનતા, નિઃસાધનતા તેમ જ નિષ્કામતાથી પરિપૂર્ણ હતું.

તેઓ મૂળ મહારાષ્ટ્રના વતની. તેમના વડવાઓનું વતન મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલું અકોલા ગામ. મહારાષ્ટ્રની પરંપરા મુજબ વતનના નામ ઉપરથી તેમને 'અકોલકર' અટક પ્રાપ્ત થઇ હતી. તેમના દાદા આજીવિકાના હેતુથી વતન છોડી વડોદરા આવ્યા હતા. વડોદરામાં ગાયકવાડી રાજ્ય. તેમને રાજ્યમાં નોકરી મળી, એટલે તેઓ વડોદરામાં સ્થિર થયા. તેમના સુપુત્ર શ્રી બાલકૃષ્ણરાવ વડોદરામાં જ જન્મ્યા, મોટા થયા, ભણ્યા અને સરકારી પશુ-ચિકિત્સાલયમાં નોકરી કરવા લાગ્યા. તેમના જ સુપુત્ર તે શ્રી નરહરિજી.

પિતા શ્રી બાલકૃષ્ણરાવ અને માતા મથુરાબાઇ બંને સરળ હૃદયનાં, ધાર્મિક વૃત્તિનાં. શ્રદ્ધા અને સંતોષથી જીવનારાં. નોકરીના સમય પછી કથા અને સત્સંગમાં વિશેષ રુચિ રાખનારાં. રાત્રે ઘેર પણ ધાર્મિક ગ્રંથોનું નિયમિત વાચન કરનારાં.

આવા શરણાગત પરિવારમાં તા. ૮-૫-૧૮૯૫ ને સંવત ૧૯૫૧ની વૈશાખ સુદ ૧૪ના રોજ એક ભક્ત બાળકનો જન્મ થયો. આ દિવસ એટલે નૃસિંહજયંતી. પ્રહ્લાદ કાજે ભગવાન નૃસિંહ-સ્વરૂપે પધાર્યા, તો તે જ દિવસે ભગવાનના પરમ ભક્ત, ભગવાનનું એ જ નામ ધારણ કરી, પૃથ્વી પર આવ્યા; 'નરહરિ' ના નામે પ્રસિદ્ધ થયા. માતા-પિતાના સંસ્કારો બાળકમાં આવે, ક્યારેક બાળકનો પ્રભાવ માતાપિતા ઉપર પણ પડે. બાળક નરહરિના જન્મ પછી તેમનાં માતાપિતાની પ્રભુપરાયણ વૃત્તિ વધારે સતેજ બની. તેમનાં મન અહૈતુક આનંદનો અનુભવ કરવા લાગ્યાં. બંને અત્યંત ભક્તિભાવપૂર્વક બાળકને ઉછેરવા લાગ્યાં.

જગતના કાયદાથી ભક્તિના કાયદા જુદા પડે છે. જગત માતાપિતાની છાયા ઇચ્છે છે, ભક્તને માતાપિતાની છાયા બાળપણમાં ગુમાવવી પડે છે; કારણ કે ભગવાન ભક્તના મનને દુનિયાની કોઇ વ્યક્તિમાં ચોંટવા દેવા ઇચ્છતા નથી.

બાળ નરહરિનાં માતાપિતા પણ હરિશરણ થયાં. વયોવૃદ્ધ દાદા-દાદી ઉપર બાળ નરહરિની જવાબદારી આવી. તેમણે પૌત્ર પગભર થાય, તે પહેલાં દુનિયામાંથી વિદાય લીધી.

શ્રી નરહરિજીનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમની માતૃભાષા મરાઠીમાં થયું હતું; છતાં તેઓ એક મૂળ ગુજરાતીની જેમ જ અણિશુદ્ધ ગુજરાતી લહેકામાં ગુજરાતી બોલતા અને ગુજરાતીમાં કથા પણ કરતા.

તેમણે માંડ માંડ મેટ્રિકની પરીક્ષા પાસ કરી. આર્થિક સ્થિતિ ઘણી વિકટ, સંજોગો પ્રતિકૂળ. કૉલેજની ઉચ્ચ કેળવણી કેવી રીતે લેવી, એની ભારે મૂંઝવણ.

એમના પિતા જે પશુ-દવાખાનામાં નોકરી કરતા, ત્યાં ડૉ.બહેરામજી નામના એક પારસી સજ્જન હતા. તેમને કિશોર નરહરિજી માટે ઘણો જ વાત્સલ્યભાવ. નરહરિને કૉલેજનું શિક્ષણ અપાવવા તેમણે મદદ કરવા માંડી. તેઓ મરણ-પથારીએ હતા, ત્યારે પણ સ્વજનોને કહ્યું : 'આ છોકરાનો અભ્યાસ અધૂરો ન રહેવો જોઇએ.'

શ્રી નરહરિજી વડોદરા કૉલેજમાં દાખલ થયા. ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ અને સંસ્કૃત ભાષા માટે જન્મજાત અનુરાગ; તેથી સંસ્કૃત વિષય રાખ્યો. કૉલેજમાં વિદ્વાન પ્રાધ્યાપકોને જોઇને એમના મનમાં એક સાત્ત્વિક ભાવના પ્રગટ થઇ : હું પણ ભણીને સંસ્કૃતનો પ્રાધ્યાપક બનું. ભગવાન ભક્તોની સાત્ત્વિક ભાવના સિદ્ધ કરે છે. અલબત્ત, ભક્તનું હિત વિચારી, એ ભાવનાનું સ્વરૂપ બદલાય છે. શ્રી નરહરિ શાસ્ત્રીજી પ્રાધ્યાપક થયા, પણ માત્ર એક કૉલેજના નહિ, સમસ્ત સમાજના; કારણ કે કથાના માધ્યમથી તેમણે શિક્ષણનું જ કાર્ય કર્યું અને તે પણ આજીવન. કેળવણીની સર્વસ્વીકૃત વ્યાખ્યા છે કે માનવીના વર્તનમાં સાચી દિશાનું પરિવર્તન લાવે તેનું નામ કેળવણી. શ્રી શાસ્ત્રીજીએ આવી કેળવણી સમાજને આપી હતી.

તેઓ કૉલેજમાં ભણતા, ત્યારે કૉલેજના પ્રાંગણમાં આવેલા વિમલેશ્વર મહાદેવના મંદિરમાં નવરાશના સમયે બેસીને અભ્યાસ કરતા. તેઓ કહેતા કે શિવજી સમક્ષ એકાગ્રતાથી અભ્યાસ કરવાથી તે સંગીન બને છે.

ડૉ. બહેરામજી ઉપરાંત તે સમયના વડોદરા રાજ્યના ચીફ એન્જિનિઅર શ્રી અકોલકરે પણ શાસ્ત્રીજીને બી.એ. થવામાં ઘણી મદદ કરી હતી. બી.એ. થયા પછી તેમની કચેરીમાં જ નોકરી પણ અપાવી હતી.

શ્રી શાસ્ત્રીજીએ નોકરી તો સ્વીકારી, પણ ઊંડે ઊંડે મનમાં અસંતોષની આગ જલતી હતી : સંસ્કૃત એટલે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો ભંડાર. તે ભણ્યા ને પેટ ખાતર આવી નોકરી કરવાની ?

એક બીજી પણ અસંતોષની આગ હતી : ગુરુ વિના જ્ઞાન નહીં. ગુરુદર્શનની તીવ્ર તાલાવેલી હતી. ગુરુ મળ્યા ન હતા. ત્યારે તેમની ઉંમર માંડ ૧૭ વર્ષની હતી.

નોકરીથી છૂટીને તેઓ સાંજે કથા-પ્રવચન સાંભળવા જતા. એક વિદ્વાન સંત વડોદરામાં આવેલા. શ્રી શાસ્ત્રીજી તેમનું પ્રવચન સાંભળવા ગયા. પ્રવચન સાંભળીને સંતની સામે ઊભા રહ્યા. સંતે કહ્યું : 'જે પૂછવું હોય તે પૂછો.' શાસ્ત્રીજીએ નમ્રતાથી કહ્યું : 'ગુરુ મેળવવાનો માર્ગ બતાવો.' સંતે કહ્યું : 'ગુરુ' શબ્દ બે અક્ષરનો છે. 'ગુરુ' શબ્દના બે કરોડ જપ કરો.

શાસ્ત્રીજીને મૂંઝવણ થઈ : બે કરોડની ગણતરી કેવી રીતે રાખવી ? ક્યારે પૂરા થાય? સંતે કહ્યું : 'ઊઠતાં-બેસતાં શુદ્ધ ભાવથી 'ગુરુ' શબ્દ બોલતા જ રહો. જે દિવસે યોગ્ય ગુરુ મળે, એ દિવસે બે કરોડ જપ પૂરા થયા હશે.'

તેમણે તો ત્યાં જ શરૂઆત કરી દીધી. દિવસે દિવસે જપનો વેગ વધતો રહ્યો. વડોદરામાં શ્રી રોકડનાથ હનુમાનજીનું મંદિર જાણીતું છે. ત્યાં શ્રી લાલજી મહારાજ રામાયણ અને ભાગવતની કથા કહે. નરહરિજી તેમની કથા સાંભળવા ગયા. તેમને જોતાં અને કથા સાંભળતાં હૃદયમાંથી અવાજ ઊઠ્યો : આ જ મારા ગુરુ છે. તેઓ શ્રી લાલજી મહારાજના નિવાસસ્થાન શ્રીકૃષ્ણ મંદિરે પહોંચ્યા. તેમણે શ્રી લાલજી મહારાજ પાસેથી શાસ્ત્રોનું ગહન જ્ઞાન પ્રાપ્ત કર્યું. શ્રી ભાગવત, રામાયણનો ઘનિષ્ઠ અભ્યાસ કર્યો. તેના પરિણામ-સ્વરૂપે તેમણે નોકરી છોડી દીધી, શ્રી ભગવાનનાં ચરણકમળોમાં સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી. ભક્તિના પોષણના વિશુદ્ધ હેતુથી તેમણે શ્રી ભાગવત તથા રામાયણની કથા આરંભી. દરમ્યાન, ભગવત્કૃપાથી શ્રી ભાગવતના રહસ્યને જાણનારા શ્રી બાલાપ્રસાદજી નામના વિદ્વાનનો તેમને ભેટો થયો. તેમની પાસેથી પણ તેઓ શ્રી ભાગવતનું રહસ્ય પામ્યા.

તેમને નિ.લી.ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજે શ્રીનાથજીના સાન્નિધ્યમાં બ્રહ્મસંબંધ આપ્યું. તેમને વૈષ્ણવી દીક્ષાના આધારે શ્રી ભાગવતની કથાનો વિશેષ અધિકાર પ્રાપ્ત થયો. શાસ્ત્રની અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા તેમણે માથે ચડાવી કે શ્રીભાગવતની કથા કરવાથી મળતા દ્રવ્યનો ઉપયોગ કથાકારે પોતાના નિર્વાહ માટે કરવો જોઈએ નહીં. શ્રીભાગવતની કથા કોઈ પણ હેતુ વિના, કેવળ ભક્તિના પોષણ માટે કરવી. તેમણે જીવનભર આ આજ્ઞાનું પાલન કર્યું.

સંવત ૧૯૯૭માં તેઓ વ્રજયાત્રા કરવા ગયા. ત્યાં મુંબઈના મોટા મંદિરના આચાર્ય ગો. શ્રી ગોકુલનાથજી સાથે તેમનો મેળાપ થયો. શ્રી ગોકુલનાથજીએ તેમને યોગ્ય અધિકારી જાણી પુષ્ટિભક્તિના જ્ઞાનનો ગુપ્ત ભંડાર ખોલી દીધો. ત્યાં શ્રી શાસ્ત્રીજી શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને આત્મસાત કરી શક્યા. શ્રીમહાપ્રભુજી આદિના ગ્રંથોનો તેમણે ખૂબ જ ઝીણવટથી અભ્યાસ કર્યો. તેમની કથા 'શ્રીસુબોધિનીજી' આધારિત બની.

ધીમે ધીમે કથા માટે તેમને સમગ્ર ભારતમાંથી આમંત્રણો આવતાં રહ્યાં. તેઓ નિષ્કામ ભાવે જ્યાં જ્યાં પહોંચી શકાય, ત્યાં ત્યાં પહોંચતા રહ્યા. ૭૫ વર્ષની પીઢ વયે પણ એક આસને કલાકો સુધી બેસી, ઇંદ્રિયોના ધર્મોનો નિગ્રહ કરી, તેમણે કથાપ્રવાહ વહેતો રાખ્યો. તેમની કથા-શૈલી રમણીય અને રોચક. કડવું સત્ય પણ હળવી વિનોદી શૈલીમાં કહે. શ્રોતાઓના અંતઃકરણને તેમની વાણી સ્પર્શી જાય. પ્રસંગ-નિરૂપણ એવું થાય કે રસસંક્રાંતિ પ્રગટે. તેઓ ક્યારેય પોથી ખોલીને કથા ન કરે. પૂજન માટે જ પોથી પધરાવે. કથા તો હૃદયમાંથી જ વહ્યા કરે. પેટ ભરવા માટે પણ શ્રીભાગવત ક્યારેય ન કહે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું દઢતાથી પાલન કરે.

કથાની પહેલાં અને કથાની પછી બાપજી પાસે વૈષ્ણવો આવે. આખો ખંડ ભરાઈ જાય. ભાતભાતના વિચાર અને સ્વભાવવાળાં વૈષ્ણવોને બાપજી એક જ વાત કહે : 'જિંદગી બહુ ટૂંકી છે. યમુનાષ્ટક બોલો.' તેઓ પણ સહુની સાથે યમુનાષ્ટક બોલતા રહે. કોઈવાર કહે : 'લૌકિક વાતો કરશો નહિ. સર્વોતમ સ્તોત્ર બોલો.' તેઓ પણ સર્વોત્તમસ્તોત્રનો પાઠ કરે. નિંદા કૂથલીથી હંમેશાં દૂર રહે. આ રીતે તેમણે અનેક વૈષ્ણવોને આ પ્રકારે પાઠ કરતા કરી દીધા હતા. ઘણા વૈષ્ણવોએ તેમના સંગથી શ્રીયમુનાષ્ટક અને શ્રીસર્વોત્તમસ્તોત્રના નિયમથી, પ્રેમથી અને આદરથી પાઠ કરવાની ટેવ પાડી હતી. તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો ! તેમના સંગે રંગાયેલા વૈષ્ણવોએ ગામેગામ

સત્સંગ મંડળો દ્વારા પ્રસંગોપાત શ્રીસર્વોત્તમજીના ૩૫ પાઠ અને શ્રીયમુનાષ્ટકના ૧૦૮ પાઠ આનંદથી કર્યા હોય તેવું આજે પણ જોવા મળે છે. આમ બાપજીએ ભગવદ્ નામ લેવાનો પોતે આગ્રહ રાખી વૈષ્ણવોને પ્રભુના નામનું સ્મરણ અને રટણ કરતાં શીખવ્યું. તે પણ દીનતાથી અને પ્રેમથી.

તેમણે શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકોનું સૂક્ષ્મ સંશોધન કર્યું. ગુપ્ત બેઠકો પ્રગટ કરવા બહુ આગ્રહ સેવ્યો. કેટલાંક બેઠકજીઓનાં સ્થાનનું નવનિર્માણ પણ કરાવ્યું. તેમને વડોદરામાં બિરાજતા શ્રીકલ્યાણરાયજી ઉપર અનહદ ભક્તિભાવ હતો. તેમણે શ્રીકલ્યાણરાયજીની સામગ્રીમાં શુદ્ધ ઘી વપરાય તેવો પ્રબંધ પણ કરાવ્યો હતો. તેમની આડીથી શ્રીકલ્યાણરાયજી આજે પણ એ સેવા અંગીકાર કરે છે. તેમણે શ્રીકલ્યાણરાયજીના મંદિરમાં છપ્પનભોગ અને બીજા અનેક મનોરથો કરાવ્યા હતા.

તેમણે તા. ૮-૯-૧૯૭૧, શ્રાવણ સુદ ૯ ને સોમવારે તેમની જીવનલીલા સંકેલી લીધી. આખરી ક્ષણની આગાહી તેમણે મહિનાઓ પહેલાં નજીકના વૈષ્ણવોને કરી હતી. અંતિમ દિવસોમાં પણ તેમને ભગવદ્ સ્વરૂપનું અનુસંધાન રહ્યું હતું.

તેમનું નિવાસસ્થાન 'કૃષ્ણમંદિર' આજે 'નરહરિ સ્મૃતિ મંદિર' તરીકે જાણીતું છે. પ્રતિદિન સાંજે ત્યાં સત્સંગ થાય છે. તેમની ઇચ્છા તેમની સ્મૃતિમાં ગાદી પરંપરા કે શ્રીઠાકોરજીનું મંદિર બનાવવાની ન હતી. તેથી અહીં કોઇ મંદિર ન બનાવતાં તેમની સ્મૃતિમાં ભગવદ્ ગુણગાન અને સત્સંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવાઇ છે. ભગવદ્નામ સ્મરણ માટેનું તે એક આધ્યાત્મિક કેન્દ્ર બન્યું છે.

તેમને ત્યાં પૂ. ગો. ૧૦૮ શ્રી ઇંદિરા બેટીજી દરરોજ પધારતાં અને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરતાં. આજે બાપજી દ્વારા સેવિત શ્રીભાગવતજી પોથી અને તેમના સેવ્ય શ્રીદ્વારકાધીશ પ્રભુ પૂ. ગો. શ્રી ઇન્દિરાબેટીજી પાસે બિરાજે છે.

વડોદરામાં તેમનો જન્મશતાબ્દિ મહોત્સવ પૂ.ગો. શ્રી ઇંદિરા બેટીજીની પ્રેરણાથી પૂ.ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં વિવિધ કાર્યક્રમોના આયોજનો દ્વારા ઉજવાયો હતો. જેમાં વિદ્વાન વક્તાઓ દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનસત્રો, શ્રીરામાયણ નવાહ્ન પારાયણો, વૈષ્ણવો તથા

વિદ્વાનો દ્વારા અષ્ટોતરશત શ્રીમદ્ભાગવત પારાયણો, ભજનસંધ્યાઓ, ગો. આચાર્યવર્યો અને વિદ્વત્જનો દ્વારા ષોડશગ્રંથો ઉપરની પ્રવચનમાળાઓ વગેરે મુખ્ય હતા. તે ઉપરાંત કેટલાક ગ્રંથોનું પ્રકાશન પણ થયું હતું.

આપણે તેમના સતત ભગવદ્નામ રટવાના આગ્રહને જીવનમાં ઉતારીએ, યથાશકિત આચરીએ. એમના જીવનમાંથી ત્યાગ, વૈરાગ્ય, સંયમ, સતત પ્રભુનામનું રટણ અને કથા સાથે સેવા કરવાની પ્રેરણા લઈએ.

■

પ્રથમ હરિ ઊધો સોં ઈમ કહી ।
કામ ક્રોધ મદ લોભ કોં જીતૈ, સો મેરો ભક્ત સહી ॥ ૧ ॥
સત્રુ મિત્ર કો સમ કરિ જાનૈ, મન કી તૃષ્ણા ગઈ ।
સદા બૈરાગ્ય રહૈ ઉર અંતર, કાહુ સોં હઁસી કરત નાહીં ॥ ૨ ॥
વિષય વાસના રહત ન જાકે, મેરો બિચાર રહત મન માહીં ।
'સૂરદાસ' હૌં બસૌં હૃદયમેં આનંદસાગર રહત તાહી ॥ ૩ ॥

ભાવાર્થ :

શ્રીહરિ - શ્રીકૃષ્ણે એમના પ્રિય સખા ઉદ્ધવજીને સૌ પ્રથમ એમ કહ્યું: જેણે કામ, ક્રોધ, મદ અને લોભને જીત્યાં છે, તે જ મારો સાચો ભક્ત છે. (૧)

જે શત્રુ અને મિત્રને સમાન ભાવથી રાખે છે, જેના મનમાંથી સંસારના વિષયભોગો ભોગવવાની તૃષ્ણા ચાલી ગઈ છે. જેના હૃદયમાં સદા વૈરાગ્ય દૃઢ છે અને જે કોઈની હાંસી-મશ્કરી કરતો નથી તે જ મારો સાચો ભક્ત છે. (૨)

જેના હૃદયમાં વિષયવાસના રહી નથી, જે સદા મારું જ સ્મરણ કરે છે, તે મારો સાચો ભક્ત છે. હું એના હૃદયમાં વસું છું. તે આનંદસાગરમાં ડૂબેલો રહે છે. (૩)

૨

વંદનીય વૈષ્ણવજન

શ્રી વ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી (ખેડા)

લેખક : શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ)

જેની વાણી વિદ્વાનોને, વિનય વડીલોને, ભક્તિ મુકુંદ હૃદયને, જીવન જીવોને, પ્રીતિ પારકાને, દ્રવ્ય-દેવા યોગ્ય વસ્તુઓ-દયા દરિદ્રોને વશ કરનાર છે તે પરમ ભાગવતનું હું સ્મરણ કરું છું.

સાચે જ પોતાના સેવકોની કૃતાર્થતા કૃપાથી કરતા ભગવદ્સેવકો નિરપેક્ષ બુદ્ધિથી જગતમાં વિચરે છે, દર્શનથી સૌને પાવન કરે છે તેવું દિવ્ય જીવનચરિત્ર શ્રીવ્રજવલ્લભભાઇનું હતું.

શાસ્ત્રોનો વિચાર, તે પ્રમાણેનું સદાચાર નૈપુણ્ય, પુષ્ટિમાં પરમ નિષ્ઠા, પોતાનાં સર્વ કાર્યોમાં પ્રભુ પ્રસન્નતા માટેની બુદ્ધિ, પોતાના દોષોની સ્ફૂર્તિથી અને વિરહથી પ્રેમભર્યું દૈન્ય, પુષ્કળ વચનસિદ્ધિ એવો પ્રભુજનોનો સ્વભાવ પૂ. દાદાજીમાં વિલસતો હતો.

ઘણા વૈષ્ણવોના ભાવભર્યા ‘ભાઇ’ અને આબાલવૃદ્ધ સૌના દયાળુ દાદાજી એટલે શ્રીગોકુલસ્થ પ. ભ. શ્રી વ્રજવલ્લભભાઇ શાસ્ત્રી. પિતાનું નામ પંડિત શ્યામલાલજી. વંશપરંપરાથી ગોકુલમાં રહે. તેમના પૂર્વજો શ્રીગોકુલનાથજીના મંદિરમાં અહોભાગ્ય માનીને સેવા કરે. તેમના એક પૂર્વપુરુષ થઇ ગયા શ્રીજગનજી. શ્રીગોકુલનાથજીના મંદિરમાં પાનઘર સંભાળે. અનન્ય સેવાનિષ્ઠ સેવક.

શિયાળામાં શ્રીગોકુલનાથજી પ્રભુ પાનમાં કસ્તૂરી આરોગે. એક વખત પાંનઘરમાં કસ્તૂરી ખલાસ થઇ ગયેલી. જગનજીએ ભંડારીજીને કસ્તૂરી આપવા કહેલું, પણ કસ્તૂરી મળી નહીં. જગનજી પહોંચ્યા મહારાજશ્રી પાસે. મહારાજશ્રીએ દેશકાળની વિપરીતતા સમજાવી કહ્યું : ‘કસ્તૂરી મેળવવાની વ્યવસ્થા કરીશું.’ પ્રભુના સુખમાં જરાય ન્યૂનતા થાય તે સેવાનિષ્ઠ જગનજીથી સહન ન થયું. તેમણે હાથ જોડી, વ્રજવાસીની રીતે કહી દીધું : ‘મહારાજ ! વહુજીનો ઘાઘરો ગિરે મૂકો. શું પ્રભુસુખ માટે જ પૈસા નથી ?’ સેવામાં મર્મ અને સેવકહૃદયની આતુરતાને ઓળખતા મહારાજશ્રીએ જગનજીનાં આ

વચન સ્નેહથી સાંભળ્યાં અને તેમને શિરપાવ પણ આપ્યો. કસ્તૂરી તો તરત આવી જ ગઇ !

ચતુર્થ ગૃહના શ્રીઆચાર્યચરણોની આવી અદ્ભૂત આત્મીયતા દાદાજીના પરિવાર પર કાયમ માટે રહી. એક વખત દાદાજીના પરિવારમાં લગ્નનો પ્રસંગ હતો. આખા ગોકુળ ગામમાં ગોળ વહેંચાયો, પણ ગુરુગૃહે ન પહોંચ્યો. ત્યારે મંદિરેથી પૂ.માજી મહારાજે કહેવડાવ્યું : ‘વ્યવહારમાંથી અમારું ઘર કેમ કાપી નાખ્યું ?’ આમ કૃપા કરી, માગીને સ્વજન વ્યવહારનો ગોળ સ્વીકાર્યો.

દાદાજીના પિતા પંડિત શ્યામલાલજી ગોકુલવાસ કરી, ભગવદ્ ભજનમાં જીવન વીતાવે. સવારે ચણાની દાળ ભીંજવી, તેમાં જરીક મીઠું પધરાવી, ભોગ ધરી, પોતાનો નિર્વાહ કરે. સાંજે મંદિરેથી પાતળ આવે તે લે. તેમની પાસે બે ધોતી હોય ત્યાં સુધી કોઇની પણ પાસેથી ત્રીજી ધોતી ક્યારેય ન લે. એક વખત તેમનાં એક દીકરી બાલ્યાવસ્થામાં હરિશરણ થયાં. તેઓ બહારગામ હતા. તે દીકરીને જલદાહ આપવા તેમનાં પત્ની સાથે ગોકુળમાંથી કોઇ ન ગયું. તેઓ જ્યારે ગોકુલ આવ્યા ત્યારે આ વાત જાણી. તેમને ખૂબ દુઃખ થયું. તેઓ ગોકુળ છોડી, ચરોતરમાં આવેલા ખેડા ગામમાં સ્થિરવાસ કરી રહ્યા.

ખેડાના મંદિરમાં સેવાનો આદર્શ ચરિતાર્થ કરી બતાવ્યો. મંદિરના સેવક હોવા છતાં જ્યારે તેઓ બીમાર હોય અને સેવામાં પહોંચી ન શકે ત્યારે મંદિરનો મહાપ્રસાદ ન લે. પોતાની ખીચડી જુદી બનાવી લે. કારણ, તેઓ કહેતા : ‘સેવા કર્યા વગર પ્રસાદ કેમ લેવાય ?’ અરે, શયનનાં દર્શન પછી પોતાને પ્રસાદ લેવા માટે મંદિરના દીવાનો પણ ઉપયોગ ન કરે. પોતાના જુદા દીવેલનો દીવો કરે. શ્રીઠાકોરજી પોઢી ગયા પછી દીવા માટે મંદિરની રકમ સર્વથા ન ખર્ચાય એવો તેમનો આગ્રહ. મંદિરનાં ચાંદીનાં વાસણો એવી રીતે માંજે કે ચાંદી ઘસાઇને ઘટે નહીં. સેવાની આવી સૂક્ષ્મ સમજવાળા સેવક આજે ક્યાં છે ?

શ્રીદાદાજીની બાલ્યાવસ્થામાં જ તેમના આવા સેવાનિષ્ઠ પિતા હરિશરણ થયા. દાદાજીએ બાલ્ય સ્વભાવ પ્રમાણે બાળપણના દિવસો ગોકુળમાં ગાનતાનમાં પસાર કર્યા. તેમના વિદ્યાગુરુએ તેમને તેમના પિતાજીની યાદ આપી, સમજાવી, યોગ્ય વિદ્યાભ્યાસ તરફ વાળ્યા. તેમનામાં તેજસ્વિતા તો જન્મજાત હતી જ. પોતે અનેક શ્લોકોની રચના પણ કરતા.

તેમના કોઈક દૂરના સ્વજન વૃંદાવનના એક મઠના મહંત હતા. તેઓ દાદાજીને વારસદાર બનાવવા લઈ ગયા. દાદાજી તો શ્રીગોકુલનાથજીની પરંપરાના સંનિષ્ઠ સેવક. મહંતજીએ દાદાજીને પોતાના સંપ્રદાયની રીતનું તિલક કરવાનો ખૂબ આગ્રહ કર્યો, ત્યારે તેમણે પોતાના પેટ પર મહંતજીની રીતનું તિલક કરી બતાવ્યું. મહંતાઈનો મોંઘો વૈભવી વારસો છોડી, તેમણે પુષ્ટિમાર્ગની નિષ્ઠા જાળવી રાખી.

તેમનામાં તેમના પિતાજીના વૈરાગ્ય અને સેવાભાવનાના ગુણો ઊતરી આવ્યા હતા, છતાં પિતાના ગુણોને યાદ કરી તેઓ હમેશાં કહેતા : ‘મારામાં આવા ગુણો નથી.’ અને તેઓ દીનતાથી રડી પણ લેતા.

તેમણે પુષ્ટિમાર્ગના મહત્ત્વના બધા જ ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન સંપ્રદાયના નિષ્ણાત પ.ભ. શ્રીમગનલાલભાઇ શાસ્ત્રીજી પાસેથી કર્યું હતું. ખેડા બેઠક મંદિરની તેમણે આદર્શ વ્યવસ્થા ગોઠવી હતી. ત્યાં સૌને સેવા અને સત્સંગ સુલભ કર્યો હતો. ત્યાં અતિથિસત્કારની પણ સુયોગ્ય વ્યવસ્થા કરી હતી. ગામગામથી વૈષ્ણવો તેમનો સત્સંગ કરવા ખેડા આવતા. ખેડા, માતર, ઉમરગામ, નવસારી, અમદાવાદ, મુંબઇ, નડિયાદ અને વિદેશોમાં વસતા વૈષ્ણવો સાથે પણ તેમનો આત્મીયતાસભર સંબંધ હતો. તેમના જીવનમાં કેટલાંક પ્રિય જીવનસૂત્રો હતાં - ક્યારેય, કોઈને પણ, પોતાના તરફથી કષ્ટ-ક્લેશ ન થાય. તેમના જીવનમાં વિપ્રયોગ ભાવના સહજ રીતે વણાઇ ગઇ હતી. જો કોઇ વૈષ્ણવ હસતા દેખાય તો તેઓ તરત જ પૂછે : ‘ભાઇ, તમને પ્રભુ મળ્યા છે ? પ્રભુમિલન વગરની પ્રસન્નતા કેવી ?’

ગોકુળમાં ગો. શ્રીકનૈયાલાલજીમહારાજની તેમના ઉપર પૂર્ણ કૃપા. પ્રભુ સન્મુખ કીર્તનની સેવા પણ દાદાજીને આપે આપેલી. દાદાજીનો તાર સ્વર એવો કે તેમના જેટલો ઊંચો અન્ય કોઈનો સ્વર ઊઠે નહીં. કીર્તન સમાજમાં કેવળ કીર્તન ન કરે, કીર્તનના ભાવ આગવી રીતે સમજાવે. પછી કીર્તનમાં એવા તલ્લીન થઈ જાય કે તેમની આંખોમાંથી પ્રેમાશ્રુઓ ચાલ્યાં જ જાય. નંદ મહોત્સવ પ્રસંગે અદ્ભુત જોગીલીલા કરે.

એક વખત માતરમાં સત્સંગ રાખેલો. અગાશીમાં સૌ ભેગાં થયાં. દાદાજીએ જોયું કે નજીકમાં મોટો મધપૂડો હતો. ઊડે તો અનર્થ થાય.

મધમાખીઓને ઉડાડવા તેમણે જાતે ભ્રમરગીતનો પાઠ કર્યો. બધી જ મધમાખીઓ ઊડી ગઈ!

સત્સંગમાં પણ તેમનો એવો જ નિરોધ. દેહકૃત્ય કરવા ગયા હોય ત્યાં પણ કોઈ પ્રભુ સંબંધી પ્રશ્ન પૂછે એટલે ભગવદ્વાર્તા શરૂ થઇ જાય. સમય, સ્થળ- કશાનું ભાન રહે નહીં. તેઓ હમેશાં કહેતા : ‘શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોનાં મુખ્ય ચાર લક્ષણો બતાવ્યાં છે : (૧) લોકત્યાગ (૨) સંસારી ભજનિકોનો ત્યાગ (૩) ભગવદ્-ચરણશરણ (૪) ભગવદ્ ગુણગાનમાં દેહધર્મની નિવૃત્તિ. આ ચાર લક્ષણ પૈકી એક પણ લક્ષણ ઓછું હોય તો તે સાચો વૈષ્ણવ ન કહેવાય. ભગવાનના સ્મરણ માત્રથી હૃદય દ્રવે, આંખમાં આંસુ આવે, વાણી ગદ્ગદ બને અને શરીરમાં રોમાંચ થાય ત્યારે સાચી વૈષ્ણવતા’ આ બધાં લક્ષણો તેમનામાં સ્પષ્ટ રીતે હતાં.

જીવનનાં છેલ્લાં ૮/૧૦ વર્ષ તેમણે ગોકુલવાસ કર્યો. અનેક શારીરિક વ્યાધિઓથી ઘેરાયેલા અને પથારીવશ હતા. પરંતુ સત્સંગ કરે ત્યારે કોઈને લાગે નહીં કે તેઓ વર્ષોથી માંદા છે. ડૉક્ટર પણ આશ્ચર્યથી તેમનાં દર્શન કરવા આવે. સંસારી માણસ માંદો પડતાં સૌને અકળાવે અને જાતે અકળાય; પણ તેઓ સમર્થ ભગવદીય હતા. માંદગીને પણ તેઓ માણી જાણતા હતા.

આવી પરિસ્થિતિમાં પણ સ્વચ્છતા, પવિત્રતા, નિયમિતતા અને ચોકસાઇ તેમના વ્યવહારમાં દેખાય. તેઓ કહેતા : ‘અનાચાર મલીનતા છે, અત્યાચાર મૂર્ખતા છે, વિચાર અને આચારનો સુમેળ સદાચાર છે.’

તેઓ હમેશાં હરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં તત્પર રહેતા. મુઝાયેલા લોકોને સલાહ અને જરૂરી મદદ ગુપ્ત રીતે પહોંચાડતા. તેઓ શ્રીભાગવતની કથા કથાવૃત્તિ છોડીને અવ્યાવૃત્ત રીતે કરતા. કષ્ટ વેઠીને સેવાનું કામ કરતા. પોતાનું કામ બીજાની પાસે કરાવતાં કચવાતા. દ્રવ્ય શુદ્ધિ માટે ઝીણવટપૂર્વકનો આગ્રહ રાખતા.

આવા ભગવદ્સેવા અને ગુણાનુરાગી હરિ-ગુરુ-વૈષ્ણવપ્રિય પ.ભ. શ્રીદાદાજીએ ભૂતલ પર ૯૬ વર્ષ રહી, અનેકોને સાચા વૈષ્ણવ બનાવી, ભગવદ્ આજ્ઞા થતાં ગોલોકગમન કર્યું.

★

પૂ. દાદાજી - અવિસ્મરણીય વ્યક્તિત્વ

પ.ભ.શ્રીદાદાજીને મળવાના બે પ્રસંગો મને પ્રાપ્ત થયા હતા. એક વખત અમદાવાદમાં એક વૈષ્ણવના ત્યાં તેમનો કીર્તન સમાજ હતો. અનાયાસે હું ત્યાં જઇ ચડ્યો. દાદાજી સાથે પરિચય થયો. તેમણે પોતાની કીર્તનની આગવી રીત સમજાવી અને મને કહ્યું: ‘બેટા, તું આવ્યો છે તો આજે કીર્તનના ભાવ તું સમજાવ.’ સમાજમાં બેઠેલા બધા વૈષ્ણવોને કીર્તનનું પુસ્તક આપવામાં આવ્યું. સૌ પ્રથમ કીર્તનનો ભાવ સમજાવવામાં આવે. ૨૦ થી ૨૫ જેટલા કીર્તનિયા બેઠેલા, પણ ઝાંઝ કેવળ દાદાજીના જ હાથમાં. તાલ પૂરતી ઝાંઝ ધીમેથી વાગે. દાદાજી કીર્તનની એક પંક્તિ ગાય અને પછી દરેક જણ વારાફરતી તે જ પંક્તિ પોતપોતાની શક્તિ પ્રમાણે ગાય. ચાર-પાંચ કલાકમાં ચારેક કીર્તન જ ગવાયાં. પણ આ વિશિષ્ટ કીર્તન સમાજ આજે પણ અવિસ્મરણીય રહ્યો છે.

ઈ.સ. ૧૯૮૪માં ગોકુળ જવાનું થયું. ત્યાં બિરાજતા પૂ. ગો. શ્રીચિમનલાલજી મહારાજશ્રીએ આજ્ઞા કરી : ‘વ્રજવલ્લભભાઇનું સ્વાસ્થ્ય ચિંતાજનક છે. તેમને ભગવદ્સ્મરણ કરી આવો.’ હું તેમના ઘેર ગયો. કુટુંબીજનોએ કહ્યું કે : ‘તેમને જરાય શ્રમ ન કરાવશો. ડૉક્ટરે બોલવાની પણ ના પાડી છે!’ મેં કહ્યું : ‘ભલે.’ હું તેમની પથારી પાસે જઇને બેઠો. તેમને ભગવદ્સ્મરણ કરતાં જ તેમના મુખ પર પ્રસન્નતા પ્રકટી. મારો હાથ તેમના હાથમાં પકડી લીધો અને મને કહે : ‘બેટા, તારી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓના સમાચાર મને અહીં સુધી મળતા રહે છે. તેથી મને ખૂબ પ્રસન્નતા થાય છે. સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ સારી રીતે થાય ત્યારે ક્યાંક અહ્મ્ આવી જવાની પણ સંભાવના રહે. શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોનું રક્ષણ કરે છે. એટલે તેઓ તારું પણ રક્ષણ કરશે જ. ભવિષ્યમાં એવું પણ બને કે તારા ઉપર અપયશ આવે, વિરોધ જાગે, ત્યારે તું જરાય અકળાતો નહીં, કેવળ શ્રીમહાપ્રભુજીના ચરણનુ દૃઢ શરણ રાખજે. શ્રીમહાપ્રભુજી સર્વ કંઇ ઉત્તમ જ કરશે.’ પરિવારના સૌ સભ્યોની ના હોવા છતાં, તેમણે એકાદ કલાક મને ખૂબ પ્રેમથી સત્સંગ કરાવ્યો. અમારું એ છેલ્લું મિલન. ત્યારે તેમની આ વાણીનો મર્મ હું પૂરેપૂરો સમજ્યો નહોતો. તે સમજાયો એકાદ વર્ષ પહેલાં, જ્યારે ‘વૈષ્ણવ પરિવાર’નું પ્રકાશન ભગવદિચ્છાને અધીન બની, સ્થગિત રાખવાનો નિર્ણય થયો. આજે પણ તેમના એ શબ્દો કાનમાં ગુંજે છે - સંપ્રદાયની સેવા કરતાં અહ્મ્ ન આવી જાય તેનું ધ્યાન રાખજે.’

આવા મહાનુભાવી ભગવદ્ ભક્તને અનેકાનેક વંદન.

- શ્રી રમેશભાઈ પરીખ (મહેસાણા)

3

પ્રભુએ માગી લીધા મોગરા

શ્રીમતી રેખાબેન રાજ

અદ્‌ભુત પ્રભુની અદ્‌ભુત લીલાનો એક પ્રસંગ થોડા વર્ષો પહેલાં બની ગયો.

સિંગાપુરમાં રેખાબેન અને ભરતભાઇ તેમના પરિવાર સાથે નિવાસ કરે, ઘેર પ્રભુની અષ્ટયામની સેવા બિરાજે. ખૂબ વૈભવપૂર્વકનો રાજસેવાનો પ્રકાર.

સિંગાપુરમાં બારે માસ મોગરાનાં ફૂલ મળે. સુંદર, સુવાસિત મોગરાનાં પુષ્પોની કલાત્મક માળાજી પ્રભુ અંગીકાર કરે. રેખાબેન પોતાને ત્યાં બિરાજતા પોતાના સેવ્ય પ્રભુને માળાજી ધરતાં હોય પણ તેમના સ્મૃતિપટ ઉપર તો નિકુંજનાયક શ્રીનાથજી જ રમતા હોય. જાણે પોતે શ્રીજીબાવાને જ તે માળાજી ધરી રહ્યાં છે તેવી ભાવના મનમાં થયા કરે.

ભક્ત મનોરથપૂરક પ્રભુએ રેખાબેનનો આ અલૌકિક મનોરથ પૂર્ણ કરવા એક અદ્‌ભુત લીલા કરી.

રેખાબેન કહે : ‘મને બરોબર યાદ છે. દિવાળી પૂર્વેના ગુલાબી ઠંડીના દિવસો હતા. એક દિવસ હું બીજા વૈષ્ણવો સાથે મારા ઘરમાં ફૂલઘરની પાટ પાસે બેસી માળાજી સિધ્ધ કરી રહી હતી. ત્યાં પાટના સામે છેડે મને શ્રીજીનાં દર્શન થયાં એ નટખટ હાથ લાંબો કરી મને પાટ ઉપરના મોગરા બતાવી આજ્ઞા કરી રહ્યા હતા- મારે આવા મોગરાનાં ફૂલ જોઇએ. મારે પણ આવા સુંદર માળાજી ધારણ કરવાં છે.’ કહેતાં કહેતાં રેખાબેનના હાથનાં રૂવાંડા ઊભા થઇ ગયાં. તેમણે વાત આગળ ચલાવી.

‘આજ્ઞા કરીને શ્રીજી તો અંતર્ધાન થઇ ગયા. હું વિચારમાં પડી ગઇ. શ્રીજીએ મોગરા કેમ માગ્યા હશે ? રોજ તો માળાજી ધરું છું. પછી વિચાર કરતાં યાદ આવ્યું. આ દિવસોમાં નાથદ્વારામાં મોગરા મળતા નથી. મુંબઇમાં પણ નથી મળતા. માટે જ શ્રીજીબાવાએ આ મોગરા માગ્યા છે.’

તેમણે વિચાર કર્યો : સિંગાપુરથી છેક નાથદ્વારા મોગરાનાં ફૂલ કેવી રીતે મોકલી શકાય? રસ્તામાં જ બગડી જાય. પણ પ્રભુએ રોજ સ્વપ્નમાં ખભા

ઉછાળી ઉછાળીને એક જ હઠ ચાલુ રાખી - મને મોગરાનાં ફૂલ જોઇએ. રાત્રે રોજ નૂપુરના ઝંકાર સંભળાય. રેખાબેન બેબાકળાં બની ઊઠી જાય. સામે મોગરા માટે આજ્ઞા કરતા પ્રભુનાં દર્શન થાય.

રેખાબેને ભરતભાઇને વાત કરી : 'પ્રભુ સતત આવી આજ્ઞા કરી રહ્યા છે. આપણે નાથદ્વારા પ્રભુને ફૂલ કઇ રીતે મોકલી શકીએ?'

ભરતભાઇ કહે : 'મુંબઇ કે દિલ્હી મોકલવાં હોય તો કદાચ શક્ય બને પણ નાથદ્વારા મોકલવાં શક્ય નથી. ત્યાં પહોંચતા સુધી તો ફૂલ બગડી જાય. મોકલેલાં શું કામનાં ?'

આમને આમ અઠવાડિયું વીત્યું. દરરોજ રાત્રે નૂપુરના અવાજ સંભળાય. રેખાબેનની ઊંઘ હરામ થઇ ગઇ. મૂંઝવણના ઉકેલ માટે તેમણે ભારત પૂ.ગો. શ્રીઇંદિરાબેટીજીને ફોન કર્યો. 'જીજી, હું શું કરું? શ્રીજી સતત મોગરા માટે આજ્ઞા કરી રહ્યા છે.' આપશ્રીએ ખડખડાટ હાસ્ય કરીને કહ્યું :'શ્રીજી માગે છે તો તારે મોકલવા પડે. જો હું બે દિવસ પછી નાથદ્વારા જાઉં છું. ત્યાં સૂરતથી શ્રીબાલકૃષ્ણ પ્રભુ પધારવાના છે. તું ફૂલ લઇને નાથદ્વારા આવી જા. આપણે ત્યાં અંગીકાર કરાવીશું.' રેખાબેનને વાત તો ગમી ગઇ; પણ એ દિવાળીના દિવસોમાં તેઓ સિંગાપુર છોડીને જઇ શકે તેમ નહતાં. તેમણે વિનંતી કરી : 'જીજી, મારાથી તો અત્યારે નીકળી શકાશે નહિ.' પૂ. જીજીએ ઉપાય બતાવ્યો : 'તું ફૂલ દિલ્હી જયોત્સ્નાબેનને મોકલી આપ. આગળની વ્યવસ્થા હું કરું છું.'

રેખાબેને સહર્ષ એ વાત સ્વીકારી લીધી. સિંગાપુરમાં ફૂલના ટોપલા માટે ઓર્ડર આપી દીધો. ફૂલ સિંગાપુરમાં તો થાય નહિ. બાજુના દેશ મલેશિયાથી દરરોજ આવે. હવે થયું એવું કે તે દિવસે મલેશિયામાં અચાનક મૂશળધાર વરસાદ વરસ્યો અને મોગરાના ફૂલ લગભગ બધાં બગડી ગયાં. જાણે ઇંદ્રદેવ કોપાયમાન થયા. નવી મુશ્કેલી આવી. હવે ફૂલ ક્યાંથી લાવવા? ફૂલ મળવાની શક્યતા ઓછી થતી ગઇ તેમ શ્રીજીની આજ્ઞા પ્રબળ બનતી ગઇ.

બાજુમાં બીજો દેશ થાઇલેન્ડ. ત્યાં બેંગકોકમાં એક વેપારી સાથે ઓળખાણ. તેને ફોન કરી ફૂલ માટે પૂછાવ્યું. થોડીવારમાં ખબર આવ્યા : ફૂલ મળી જશે. આ ખુશખબરની સાથે બેંગકોકથી ફૂલ દિલ્હી લઇ જાય તેવા એક ભાઈ - ફરિશ્તો જ કહોને - પણ મળી ગયા. સાથે સાથે શ્રીજીબાવાને કંઇક રંચક સામગ્રી આરોગાવવાની ભાવના પણ જાગી તેથી ફૂલના ટોપલા સાથે કેસરના ડબા પણ મોકલ્યા. જયોત્સ્નાબેનને ત્યાં દિલ્હીના ડ્રાયફ્રૂટના વેપારીને ફોન કરી વિપુલ પ્રમાણમાં ડ્રાયફ્રૂટ મોકલાવ્યું. રાત્રે બે વાગે ફૂલ દિલ્હી પહોંચ્યા. જયોત્સ્નાબેન રાત્રે બે વાગે એરપોર્ટ પર ફૂલ લેવા આવ્યાં અને સવારે ૪ વાગે દિલ્હીથી ઉદયપુર જતી ફલાઇટમાં બેસી ફૂલ અને ડ્રાયફ્રૂટ લઇ ઉદયપુર પહોંચ્યાં. ઉદયપુર એરપોર્ટ ઉપર પૂ. જીજીની ગાડી આવી ગઇ હતી. તેમાં સવાર થતાં તો બધું જ નાથદ્વારા પહોંચી ગયું. ફૂલઘરમાં ફૂલ પધરાવી દીધાં.

તે દિવસ દિવાળીનો દિવસ હતો. ફૂલગુલાબી ઠંડી શરૂ થઈ ગયેલી. ફૂલઘરમાં આવાં સુંદર ફૂલ જોઇ સહુ રાજીરાજી થઇ ગયાં, પણ આ ઠંડીના દિવસોમાં પ્રભુને મોગરો ધરાય? સૌને પ્રશ્ન થયો.

તિલકાયતજી પૂ. ગો. શ્રીગોવિંદલાલજી મહારાજશ્રી ત્યાં બિરાજે. તેમની આજ્ઞા માગી. બધી વાત કરી. આપશ્રીએ આજ્ઞા કરી : 'પ્રભુએ ફૂલ માગ્યાં છે. અહીં સુધી તેમની કૃપાથી આવ્યાં છે. જરૂર પ્રભુની ઇચ્છા હશે. ફૂલનો બંગલો તો નહિ પણ માળાજી સિદ્ધ કરી અંગીકાર કરાવો.'

ફૂલઘરમાં માળાજી બનાવવાનું શરૂ થયું. રેખાબેનને સર્વ સમાચાર ફોનથી મળ્યા. ફૂલ પહોંચી ગયા તે વાતથી તેમને ખૂબ સંતોષ થયો. જોગાનુજોગ તે દિવસે તેમનો જન્મદિવસ હતો. પોતાના જન્મદિવસે જ પ્રભુ પોતાની સેવા સામેથી માગીને અંગીકાર કરી રહ્યા છે તે વાત જ તેમને રોમાંચિત કરી જતી હતી. વધારે આનંદ તો તેમને ત્યારે થયો કે જ્યારે તેમણે જાણ્યું કે તે દિવસે સૂરતથી શ્રીબાલકૃષ્ણ પ્રભુ નાથદ્વારા પધાર્યા છે. કાંકરોલીથી શ્રીદ્વારકાધીશ પ્રભુ અને શ્રીવિઠ્ઠલનાથજી પણ શ્રીજીની સાથે બિરાજવાના છે. સર્વ સ્વરૂપો સાથે અન્નકૂટ આરોગવાનાં છે.

આ બધાં સ્વરૂપો માટે પણ માળાજી સિદ્ધ થવા લાગ્યા. ત્રણ દિવસ સુધી માળાજી બનતા રહ્યા. બધાં સ્વરૂપોને તે અંગીકાર થતાં રહ્યાં. આખું વાતાવરણ મોગરાની સુગંધથી મઘમઘતું હતું. પ્રભુ પ્રસન્નતાથી દર્શન આપી રહ્યા હતા. છેવટે માળાજી બનાવનાર થાકી ગયા પરંતુ ટોપલામાંથી મોગરા તો ઘટતા જ ન હતા. આખા નાથદ્વારામાં મોગરાની અદ્‌ભુત વાત ફેલાઇ ગઇ. અદ્‌ભુત પ્રભુની અદ્‌ભુત લીલા !

રેખાબેન કહે છે : પૂ. જીજીની કૃપાથી જ આ મનોરથ પૂર્ણ થયો. આજે પણ પૂ.જીજીનું એ ખડખડાટ હાસ્ય મારા કર્ણપટ પર સંભળાયા કરે છે અને શ્રીજીનું એ મધુર હાસ્ય નજર સામે રમ્યા કરે છે!

◆

સાચો વૈષ્ણવ

જાકે મન બસૈ સ્યામઘન માધો ।
સો સુંદર, સો ધની, દક્ષ સોઈ, સોઈ કુલિન, સોઈ સાધો ॥૧॥
સો પંડિત, સો ગુણપૂંજ, સોઈ જો ગોપાલ કહૈ ગાવૈં ।
કોટિ પ્રકાર ધન્ય સોઈ નર, જો નાહીં હરિ બિસરાવૈ ॥૨॥
સો નર સૂર વિદ્યારત, સો ભૂપતિ, સોઈ જ્ઞાની ।
'પરમાનંદ' ધન્ય સોઈ સમરથ, જિહિં લાલ ચરન રતિ માનૈ ॥૩॥

ભાવાર્થ :

જેમના મનમાં શ્યામઘન માધવ વસ્યા છે, તે જ સુંદર, ધનિક, હોંશિયાર, કુલિન અને સજ્જન છે. (૧)

તે જ પંડિત, ગુણસાગર છે જે શ્રીગોપાલનાં ગુણગાન કરે છે. કરોડો પ્રકારે તે મનુષ્યને ધન્ય છે, જે શ્રીહરિને ભૂલતા નથી. (૨)

તે મનુષ્ય દેવ, વિદ્વાન, રાજા અને જ્ઞાની છે. તે જ સમર્થ છે. તેને ધન્ય છે, જેણે શ્રીઠાકોરજીનાં ચરણકમળમાં સ્નેહ રાખ્યો છે. (૩)

◆

૪

પ્રભુના પ્રમેય બળનો પ્રતાપ

પૂરી મા

લેખક : શ્રી જયેન્દ્રભાઈ સોની (મુંબઈ)

તેમનું નામ પૂરીમા. નામ પ્રમાણે સર્વ રીતે પૂર્ણ. ગૌરવર્ણ; જાજરમાન વ્યક્તિત્વ; સાલસ, સેવાભાવી સ્વભાવ, વલ્લભ અને વલ્લભીયની સેવામાં સદા તત્પર; ૧૦૦ કરતાં પણ વધુ વર્ષોના આયુષ્ય દરમ્યાન શ્રીવલ્લભ-વિઠ્ઠલની કૃપાથી પ્રાપ્ત થયેલું તનુનવત્વ અને અલૌકિક સામર્થ્ય; જાણે સાક્ષાત્ રજો ક્ષત્રાણીનું સ્વરૂપ.

મૂળ વતન બેટ દ્વારકા. ત્યાં ભાટીયા કુટુંબમાં એમનો જન્મ થયેલો. બાળપણથી વૈષ્ણવી સંસ્કાર પ્રાપ્ત થયેલા. તે સમયે બાળલગ્નનો રિવાજ. દશ વર્ષની ઉંમરે સલાયા ગામના ભાટિયા કુટુંબમાં તેમનાં લગ્ન થયાં. જે કુટુંબ આજે મુંબઈમાં ઠાકરસી ગ્રુપ તરીકે ઓળખાય છે.

ભગવાન જેને પોતાના ગણે છે તેને લૌકિકમાં સ્થિર થવા દેતા નથી એ ન્યાયે પૂરીમા હજુ ગૃહસ્થાશ્રમમાં ડગ માંડે તે પહેલાં બાર વર્ષની મુગ્ધાવસ્થામાં જ તેમનો સુહાગ છીનવાઈ ગયો. તેઓ બાળ વિધવા બન્યાં. જાણે આ લગ્ન કોઈ ઋણાનુબંધ પૂર્ણ કરવા જ ન થયું હોય !

થોડો સમય માનસિક અસ્વસ્થતા તો તેમણે જરૂર અનુભવી, પણ પછી તેમણે ભગવાને ઘડેલ નિયતિને સ્વીકારી લીધી. 'ભલું થયું ભાંગી જંજાળ , સુખે ભજીશું શ્રીગોપાળ' નરસિંહ મહેતાની એ ઉક્તિ પ્રમાણે પ્રભુભક્તિમાં મન પરોવવા પહોંચી ગયાં વૃંદાવન. મનમાં નક્કી કરી લીધું: 'એક વર્યો શ્રીગોપીજન વલ્લભ નહિ સ્વામી બીજો.' લીલાના જીવનું મન સંસારમાં આસક્ત ન થાય તે માટે પ્રભુએ જ આ લીલા કરી પોતાના તરફ ખેંચ્યાં.

ઘણાં વર્ષો વૃંદાવનમાં રહ્યાં. આ જીવ મર્યાદા ભક્તનો ન હતો. તેમને તો પુષ્ટિ પુરુષોત્તમને પામવા હતા. આધુનિક વૃંદાવનમાં તે ક્યાં મળે ? એટલે પાછા પોતાના વતન બેટદ્વારકામાં આવ્યાં.

અહીં શ્રીદ્વારકાધીશજીનું મંદિર. પુષ્ટિ સ્વરૂપે શ્રી દ્વારકાધીશજી અહીં બિરાજે. જે સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ જ મંદિરમાં પધરાવી પોતે સ્વયં તેમની

સેવા કરી છે. અહીં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે. પૂરીમાં હવે અહીં જ રહી ગયાં. શ્રીમહાપ્રભુજીની સેવા ટહેલમાં તેમનું મન લાગી ગયું. જાણે મનનો માણીગર મળી ગયો. ખૂબ ભાવપૂર્વક સેવા કરવા લાગ્યાં.

થોડા સમય પછી ભગવદ્ આજ્ઞા થઇ એટલે દ્વારકાથી થોડે દૂર આવેલા ગોપીતળાવનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પાસે રહેતાં જમનાબાઇ લુહાણા નામના વૈષ્ણવને ઘેર જઇ રહ્યાં. અહીંથી રોજ બેઠકજીમાં જઇ સેવા ટહેલ કરવા લાગ્યાં. મન સદા શ્રીવલ્લભનું ચિંતન કરે. ગોપીતળાવ તો પ્રભુની રાસસ્થલી. 'રાસલીલૈક તાત્પર્ય' એવા શ્રી આચાર્યચરણોની કૃપાથી અનેક વખત તેમને 'નૂપુર ધ્વનિ' સંભળાતા. દશેક વર્ષ તેમણે આ બેઠકજીમાં સેવા કરી. હવે પૂરીમાને સૌ વૈષ્ણવો ઓળખતા થયા હતા. તેમની ભગવદીયતાનો સૌને અનુભવ થવા માંડ્યો હતો.

દ્વારકાની પાસે જ બરડિયા ગામ. ત્યાં રામ લક્ષ્મણના ઓટા ઉપર શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે. કેટલાક સમયથી ત્યાં સેવાક્રમ બંધ પડેલો. જંગલમાં સ્થિત બેઠકજી એટલે થોડા થોડા સમય માટે મુખીયાજી આવે પણ સેવાક્રમ વ્યવસ્થિત ચાલે નહિ.

એક વખત જૂનાગઢથી પૂ.ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રી બરડિયા પધાર્યા. તેમનો જગુ નામનો ખવાસ ગોપીતળાવથી પૂરીમાને બોલાવી લાવ્યો. જાણે પિતાએ જ પુત્રની સેવા માટે તેમને મોકલ્યાં. પૂરીમાને તો શ્રીવલ્લભ કે શ્રીવિઠ્ઠલમાં ક્યાં ભેદ હતો? ત્યાં રહી ગયાં. શ્રીગુસાંઈજીની સેવાનો વ્યવસ્થિત ક્રમ શરૂ કર્યો. ખૂબ ભાવપૂર્વક સેવા કરી. શ્રીગુસાંઈજીને ખૂબ લાડ લડાવ્યાં. વૈષ્ણવોની આગતા સ્વાગતા કરી પ્રસાદ લેવડાવવાનું શરૂ કર્યું. બરડિયાનાં બેઠકજીને તેમણે પ્રસિદ્ધિ અપાવી.

દ્વારકાથી ૧૪ માઈલ દૂર મૂળગોમતા નામનું ગામ છે. ગોમતીજીનું મૂળ અહીંયા છે. કાંઠા ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. અહીં લગભગ ૭૦ વર્ષથી સેવાક્રમ બંધ પડેલો. બેઠકજી અવાવર થઈ ગયેલાં. એક વખત સુરતથી નિ.લી.પૂ.ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી અહીં પધાર્યા હતા. ત્યારે આપશ્રીએ સેવાક્રમ ચાલુ કરાવેલો પણ વ્યવસ્થા સંભાળનાર કોઈ નહિ. એટલે લાંબુ ચાલ્યું નહિ.

ત્રીસેક વર્ષ પહેલાં પોરબંદરવાળા શ્રીગોવિંદલાલજીનો લગ્ન પ્રસ્તાવ હતો ત્યારે નિ.લી. તિલકાયત શ્રીગોવિંદરાયજી મહારાજશ્રી અહીં પધાર્યા હતા. બેઠકજીની અવ્યવસ્થા જોઈ તેમણે બરડીયામાં ટહેલ કરતાં પૂરીમાને આજ્ઞા કરી : 'પુત્રકી સેવા રીતિ આપને બહુત અચ્છી તરહસે નિભાઈ હૈ, અબ આપકો મૂળગોમતાકી બેઠકમેં પિતાકી સેવા કરની હૈ.' વલ્લભકુળની આજ્ઞા ઉથાપે તો એ વલ્લભીય શાના? પૂરીમા મૂળગોમતા આવી ગયાં.

સાવ નાનકડું અવાવર સ્થાન. કોઈ ચીજ મળે નહિ. બરડિયાની બેઠકજીમાં સેવા કરતા વૈષ્ણવો ૩-૪ દિવસે મિસરી-મેવો વગેરે આપી આવે. ધીરે ધીરે વૈષ્ણવોનો સાથ મળતો ગયો. સુંદર સેવાપ્રકાર શરૂ કર્યો. પૂરીમા જાણે મૂળગોમતાનાં બેઠકજીનો પર્યાય બની ગયાં. જાણે સાચા સાસરે હવે આવ્યાં. પોતાના પ્રાણપ્રિયને રીઝવવા અનેક પ્રકારે લાડ લડાવ્યાં. શ્રીવલ્લભે પણ તેમને અનેક પ્રકારે સાનુભાવ જણાવ્યો. તેમનામાં તદીયત્વ પ્રગટ્યું. તેમનો બોલ તે જાણે શ્રીવલ્લભનો બોલ, કદી અફળ ન જાય. અનેક વૈષ્ણવોએ આનો અનુભવ કરેલો. જેઓ આજે પણ હયાત છે.

સન ૧૯૭૫ની વાત છે. અધિક માસના દિવસો હતા. પૂરીમા રોજ શ્રીમહાપ્રભુજીને નૂતન મનોરથો અંગીકાર કરાવે. વૈષ્ણવોને પ્રસાદ લેવડાવે. એક દિવસ રાજભોગ પછી અનોસર કરવા જતાં હતાં ત્યાં ત્રણ ટ્રેક્ટર ભરીને સો જેટલાં વૈષ્ણવો આવી પહોંચ્યાં. પૂરીમાએ અનોસર ન કર્યાં કારણ ફરી સામગ્રી પહોંચી, ભોગ ધરી, વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાનો હતો. તે વખતે ત્યાં એક વૈષ્ણવ કરસનબાપા રહેતા હતા. જેઓ દ્વારકા પાસે આવેલા ધીનકી ગામના હતા. તેઓ શ્રીમહાપ્રભુજીની ટહેલ કરતા હતા. ખૂબ ભાવિક વૈષ્ણવ, અનોસર ન થતાં તેમણે શ્રીઠાકોરજીને અંગૂઠો બતાવી કહેવા માંડ્યું : 'લાલા, અબ તેરેકો બૈઠો રહેનો પડેગો, અબ તેરેકો બૈઠો રહેનો પડેગો.' નાનાં બાળકોને ખીજવે તેમ તેમણે શ્રી...ને ખીજવવા માંડ્યાં. ત્યાં તો આવેલા વૈષ્ણવોને અનુભવ થયો કે જાણે પ્રભુ ખૂબ આનંદથી નાચી રહ્યા છે અને કરસનબાપાને કહી રહ્યા છે : ' મોકો ઔર બઉઓ મીલેગો, મોકો ઔર બઉઓ મિલેગો !' આ દર્શન અને અનુભવ કરનાર વૈષ્ણવો આજે પણ હયાત છે. અને પોતાના આ અનુભવની વાત કહેતાં ભાવવિભોર થઇ જાય છે.

એક સમયે બેઠકજીમાં બીડાં બનાવવા માટેની ચૂરી ખલાસ થઇ ગઇ હતી. ભીતરીયાએ પૂરીમાને આ વિશે જણાવ્યું. તે સમયે પૂરીમા ભીતર સેવામાં હતાં. તેમણે અંદરથી જ અવાજ દીધો : 'જાઓ, બહાર ચૂરીકા પડીકા આ ગયા હૈ! સાચે જ ક્યાંકથી આવીને એક છોકરો ચૂરીનું પડીકું મૂકી ગયો હતો ! આજે પણ ત્યાં સેવા કરનારા મુખીયાજી કહે છે કે કોઇ વસ્તુની જરૂર પડે ને પૂરીમાને યાદ કરીએ એટલે એ ચીજ ક્યાંયથી પણ હાજર થઇ જાય છે.

લગભગ અઢાર વર્ષ પહેલાં ભાટિયા ગામના એક વૈષ્ણવ ગોપાળભાઇ દાવડા બેઠકજીએ આવેલા. ત્યાં તેમને સાપ કરડ્યો ને બેભાન થઇ ગયા. આ એક ઘાતક ઘટના હતી. સૌ ગભરાઇ ગયાં પણ પૂરીમાએ તરત જ બેઠકજીની વ્રજરજ લઇ સાપ કરડ્યો હતો ત્યાં ઘસી અને ગોપાળભાઇ આળસ મરડી બેઠા થયા. જાણે કાંઇ થયું જ નથી ! શ્રીવલ્લભ અને વલ્લભીયોનું આ સામર્થ્ય અનુભવનાર ગોપાળભાઇ આજે ય હયાત છે અને શ્રીવલ્લભની સેવામાં પોતાનું જીવન વ્યતીત. કરે છે.

ગુજરાત સરકારમાં કેટલાક સમય પહેલાં મીનીસ્ટર તરીકે રહેલા એક સદ્‌ગૃહસ્થ શ્રીબાબુભાઈને કંઇ સંતાન ન હતું. એકવાર બેઠકજીએ દર્શન કરવા આવેલા. પૂરીમાને વાત કરી. પૂરીમાએ શ્રીવલ્લભમાં વિશ્વાસ રાખવા કહ્યું અને આશીર્વાદ આપ્યા : 'એક નહિ બે દીકરા થશે.' ભગવદીયની વાણી ફળી પણ ખરી.

તેઓ બેઠકજીમાં આવતા વૈષ્ણવોને, અનાયાસ આવી ચઢ્યા હોય તેમને પણ, અગાઉથી સૂચના ન આપી હોય છતાં દરેકને પ્રેમથી પ્રસાદ લેવડાવે. મુખીયાજીના કહેવા પ્રમાણે એકવાર ૨૫ વૈષ્ણવોની વ્યવસ્થા હતી તેમાંથી અચાનક આવેલાં ૧૦૦ વૈષ્ણવોને ભરપેટ પ્રસાદ લેવડાવી પૂરીમાએ તૃપ્ત કર્યા હતા.

વડોદરાના એક વૈષ્ણવ બહેન એકવાર મૂળગોમતાનાં બેઠકે આવેલાં. પૂરીમા અંદર દૂધગરની સેવામાં હતાં. બહેન શ્રીવલ્લભને ભોગ ધરી પાઠ કરવા બેઠાં. ભોગ સરાવવા ટેરો ખોલ્યો તો તેમને પૂરીમા સાક્ષાત્ શ્રીવલ્લભને આરોગાવી રહ્યાં છે તેવાં દર્શન થયાં. દર્શન થતાં જ જાણે સાક્ષાત્ અગ્નિ પ્રકટ થયો અને પછી બધું અંતર્ધાન થઇ ગયું.

બેઠકજીમાં વારંવાર કીર્તનસમાજ થાય. જ્યારે પણ કીર્તનસમાજ હોય ત્યારે પૂરીમા વહેલી વધાઇ 'પ્રકટ વ્હૈ મારગ રીત દિખાઇ' એ જ ગાય. એ તેમની પ્રિય વધાઇ. જે આવે તેની પાસે પણ એ ગવડાવે. કીર્તન સાંભળી પોતે રસતરબોળ થઇ જાય અને વૈષ્ણવોને પણ રસાસ્વાદ કરાવે.

આવા પરમ ભગવદીય પૂરીમાનો ભૌતિક દેહ સાત વર્ષ પહેલાં સને ૧૯૯૩ ના ડિસેમ્બર માસમાં પંચમહાભૂતમાં વિલિન થયો પરંતુ જાણે સૂક્ષ્મ શરીરથી તેઓ આજેય બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની સેવામાં બિરાજે છે તેવો ત્યાં વૈષ્ણવોને ઘણીવાર અનુભવ થાય છે.

પ્રભુની લીલા નિત્ય છે. શ્રીવલ્લભ વલ્લભકુળમાં અનેક સ્વરૂપે બિરાજે છે તે જ રીતે વલ્લભના વ્હાલા ભગવદીયો પણ ભૂતલ ઉપર જુદા જુદા સ્વરૂપે આવે છે. અર્વાચીન સમયમાં આવા ભગવદીયોનાં ક્યાંક ક્યાંક દર્શન થઇ જાય છે ત્યારે ભગવદ્‌લીલા અને ભગવદ્ સ્વરૂપોમાં આપણો ભાવ દૃઢ થાય છે.

■

વૈષ્ણવતાનો ઉપયોગ

- આપણા સ્વાર્થ માટે આપણી વૈષ્ણવતા ન વેચીએ.
- વૈષ્ણવ છું એમ કહી બીજાની પાસેથી આપણો લૌકિક સ્વાર્થ ન સાધીએ.
- આપણી હવેલીઓ અને સંસ્થાઓનો ઉપયોગ આપણા અંગત લાભ માટે, રાજકારણ માટે, મોટાઈ મેળવવા માટે ન કરીએ.
- આપણા શ્રીઠાકોરજી અંતર્યામી છે. મનની દુષ્ટતાને જાણે છે, એ વાત યાદ રાખીએ. એમને બનાવી નહીં શકાય.

૫

ભગવદ્‌ભક્ત મોહનભાઈ

શુદ્ધાદ્વૈત સંસદના સ્થાપક શ્રી મોહનલાલ વિ. ગાંધી, મોડાસા

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

સેવા-સ્મરણ અને સત્સંગનો અદ્વિતીય ત્રિવેણી સંગમ એટલે પ. ભ. મોહનભાઈ.

એક આદર્શ શિક્ષક અને વૈષ્ણવી જીવનનો સુભગ સમન્વય એટલે પ.ભ. મોહનભાઈ.

સાદગી, ત્યાગ, ક્ષમા, ઔદાર્ય, કરૂણા અને કર્તવ્યપરાયણતાની સાક્ષાત મૂર્તિ એટલે પ.ભ. મોહનભાઈ.

સં. ૧૯૭૪ના શ્રાવણ વદ અમાસના દિને મોડાસાના એક વૈષ્ણવ પરિવારમાં તેમનો જન્મ થયો. બી.એ, એલ.એલ.બી. સુધીનો ઉચ્ચ વિદ્યાભ્યાસ કર્યો.

પ્રારંભમાં વકીલાત શરૂ કરી પરંતુ જીવ વકીલનો નહોતો. સાચા ગુનેગારને છાવરવા પડે અને નિર્દોષને સજા થાય. મોહનભાઈના દૈવી જીવાત્માને આથી ખૂબ સંતાપ થતો અને આથી વકીલાત છોડી ધંધાર્થે મુંબઈ ગયા. મિત્રોની ભાગીદારીમાં સ્વતંત્ર વ્યવસાયનો પ્રારંભ કર્યો. દ્વારકાદાસ ગાંધી નામે એક ભાગીદાર હતા. આમ તો સજ્જન પરંતુ સ્વભાવમાં સાહજિક ઉગ્રતા હતી. એક દિવસ સામાન્ય વાતમાં મોહનભાઈ ઉપર ક્રોધાવેશ બની ચાકુથી હુમલો કર્યો. આ ઘટના સમયે અન્ય ભાગીદારો પ્રત્યક્ષ સાક્ષી હતા તથા મોહનભાઈ સ્વયં વકીલ હોવા છતાં કોર્ટ-કેસ કર્યો નહિ. સાચા હૃદયથી દ્વારકાદાસને ક્ષમા આપી. ક્ષમા એ તો ભક્તનું ભૂષણ. તેમાં કોઈ લાચારી નથી. સામર્થ્યવાન જ ક્ષમા આપી શકે. દ્વારકાદાસને પોતાના દુષ્કૃત્યથી એટલો બધો પશ્ચાતાપ થયો કે ધંધો ત્યજી સંસારમાંથી વિરકત બની અંતે સંન્યાસી થઈ ગયા. આવા હતા મોહનભાઈ – ક્ષમાની જીવંતમૂર્તિ!

એક સમયે નર્મદાશંકર પંડ્યા નામના એક લેખકે શ્રીકૃષ્ણચૈતન્યના જીવનચરિત્રનો મૂળ બંગાળી ગ્રંથ ગુજરાતીમાં અનુવાદ કરીને પ્રકાશિત કરેલો અને તેમાં શ્રીકૃષ્ણચૈતન્યના મુખે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને હીન જણાવતું શબ્દાલેખન કરાયું હતું. મોહનભાઈએ વિચાર્યું કે શ્રીકૃષ્ણચૈતન્ય જેવા ઉચ્ચ કોટિના શ્રીકૃષ્ણભક્ત શ્રીવલ્લભાધીશજી વિશે આવા શબ્દો ક્યારેય ઉચ્ચારે જ નહિ. મોહનભાઈએ મૂળ ગ્રંથના બંગાળી લેખક સાથે આ સંદર્ભમાં પત્રવ્યવહાર કર્યો. અંતે મોહનભાઈની વાત સત્ય પૂરવાર થઈ. મૂળ લેખકે પોતાની ભૂલ કબૂલ કરી અને ક્ષમાયાચના કરી. આ ઘટના સંબંધમાં વૈષ્ણવોએ મોહનભાઈને વિનંતિ કરી કે શ્રીમહાપ્રભુજી અને પુષ્ટિમાર્ગ વિરુદ્ધ દ્વેષભાવપૂર્ણ આવો દુષ્પ્રચાર અટકાવવા માટે આ સમગ્ર પત્ર વ્યવહાર પ્રગટ કરવો જોઈએ. પરંતુ મોહનભાઈએ કહ્યું કે ''લેખકે ક્ષમાયાચના કરી લીધી છે. હવે તે લેખક જેવી ભૂલ મારાથી કેમ થાય? હું આ બધો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કરી તે લેખકને હીન પાડવાનું દુષ્કૃત્ય કેમ કરું? વેર વેરથી કદી શમતું નથી.'' આવા હતા કરૂણામર્તિ મોહનભાઈ.

મુંબઈમાં વ્યવસાય બરાબર ચાલતો હતો પરંતુ કેવળ અર્થોપાર્જન એમના જીવનનું ધ્યેય નહોતું. સેવાભાવનાથી પ્રેરાઈ મોડાસા પાછા આવ્યા. તે સમયે મોડાસામાં શિક્ષણ સુવિધાનો અભાવ જોઈ, મોડાસા હાઈસ્કૂલનો પ્રારંભ કર્યો. એક વખત સ્કૂલના કાર્યાર્થે તલોદ ગયેલા. તેઓએ નહોતું કોઈ ભાષણ કર્યું કે નહોતો કોઈ સભા-સરઘસમાં ભાગ લીધો; છતાં વિનાકારણ સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂર્યા. સ્વયં વકીલ હોવાથી ધાર્યું હોય તો સ્વબચાવ કરી શક્યા હોત. પરંતુ તેમના રોમ રોમમાં વિવેક-ધૈર્ય અને આશ્રય દૃઢ હતો. પ્રસન્નતાથી ભગવદ્ ઈચ્છા સ્વીકારી જેલમાં રહ્યા. પ્રારબ્ધભોગ પૂર્ણ થતાં નિર્દોષ છૂટી જેલબહાર આવ્યા. આમ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મોહનભાઈ લૌકિક ચિંતા, ઉદ્વેગ આદિથી રહિત થઈ ભગવદ્ ઈચ્છા સ્વીકારતા હતા.

મોહનભાઈમાં ધર્મ જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા અપાર હતી. તેમનું અધ્યયન, મનન અને ચિંતન અતિ વિશાળ હતું. વિવિધ ધર્મો, વિચારકો, તત્ત્વચિંતકો અને મહાપુરુષોના જીવનદર્શનનો તેમણે ગહન અભ્યાસ કર્યો હતો. પ્રારંભમાં બંગાળના પ્રેમાનંદ ભારતી અને શ્રીઅરવિંદના તત્ત્વચિંતન પ્રતિ ઢળેલા પરંતુ મૂળ પુષ્ટિદૈવી જીવ હોવાથી વિશાળ વાચન અને અધ્યયનના ફળસ્વરૂપે શ્રીમહાપ્રભુજી તથા પુષ્ટિમાર્ગને જાણવાની તેમની જ્ઞાનેચ્છા પ્રબળ બની. પિતા મરજાદી વૈષ્ણવ હતા. ઘરમાં રોજ કથાવાર્તા-કીર્તન થતાં હતાં. આમ પુષ્ટિ સંસ્કારોનું બીજ બાલ્યવયથી તેમનામાં હતું જ. તે સમયે મોડાસા

હાઈસ્કૂલના સંસ્કૃત શિક્ષક સ્વ. મૂળશંકર શાસ્ત્રી પાસે શ્રીસુબોધિનીજી નિત્ય શ્રવણ કરવાનો પ્રારંભ કર્યો. મોહનભાઈને ખાત્રી થઈ ગઈ કે હું આ જ શોધતો હતો. શ્રીસુબોધિનીજીના નિત્ય શ્રવણથી શ્રીવલ્લભના ચરણકમલોમાં દૃઢાસક્તિ વધુ પુષ્ટ થતી ગઈ. તિલકાયત શ્રી પૂ.ગો. શ્રીગોવર્ધનલાલજી મહારાજ પાસે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સેવ્ય કરાવી ભગવદ્ સેવા-સ્મરણમાં જીવન વ્યતીત કરવાનો પ્રારંભ કર્યો.

કોઈપણ ઋતુ હોય પરંતુ મોહનભાઈ બ્રાહ્મમુહૂર્તમાં રાત્રિના ત્રણ વાગે ઊઠતા. આંખ ઉઘાડતાં જ મધુર સ્વરે ગોપીગીતના શ્લોક ''તવકથામૃતં તપ્તજીવનં...''નું ગાન કરતા. પ્રભુથી વિછૂરેલી કોઈ એક ગોપિકા હોવાનું પોતે માનતા હતા. પ્રભુ વિરહમાં ઝૂલતી ગોપિકાની જેમ અશ્રુભર્યા નયને સૂરદાસજીનું નીચેનું પદ આર્તસ્વરે ગાતા -

કબ દેખો મેરી ઓર નાગર નંદકિશોર વિનતિ કરત ભયો ભોર ।
હમ ચિતવત તુમ ચિતવત નાહીં મેરે કરમ કઠોર ॥૧॥
જનમ જનમકી દાસી તિહારી તાપર ઈતનો જોર ॥૨॥
સૂરદાસ પ્રભુ તિહારે રોમ પર વારોં કંચન ખોર ॥૩॥

વળી પાછો કંઈક પ્રત્યુત્તર મળ્યો હોય તેમ બીજું પદ ગાતા -

તૂ તો મેરે પ્રાણન હૂ તેં પ્યારી ।
નેક ચિતે હસ બોલિયે મોંસો, હોં તો શરણ તુમ્હારી ॥૧॥
અંતર દૂર કરો અચરાકો, ખોલ દે ઘૂંઘટ પટ સારી ॥૨॥
કૃષ્ણદાસ પ્રભુ ગિરધર નાગર, ભર લીને અંકવારી ॥૩॥

આ પ્રમાણે કીર્તનગાન કરતા કરતા પથારી ત્યજી, અગાસીમાં જઈને બેસતા. ભગવદ્ આજ્ઞાનુસાર શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રના પાંચ પાઠ કરતા. ત્યારબાદ શ્રીસુબોધિનીજીનું વાચન, મનન અને લેખન કાર્ય કરતા. સૂર્યોદય પૂર્વે ગામથી થોડે દૂર ફરવા જતા. વળતાં હાઈસ્કૂલના બગીચામાંથી પુષ્પો લાવતા. સેવોપયોગી પુષ્પોને ખૂબ સાવધાનીપૂર્વક અને અતિ કોમળતાથી લેતા તેમજ તેની ન્યોછાવર પણ આપતા. ઘેર પાછા ફરી સ્નાનાદિ કાર્યોથી પરવારી, પુષ્પમાળા સિદ્ધ કરતા.

પરંપરાથી ચતુર્થગૃહના સેવક હતા. સેવા દરમિયાન બાહ્ય પ્રતિબંધોથી બચવા સેવાનું સ્થાન ઘરમાં ત્રીજામાળે એકાંતમાં રાખ્યું હતું. સેવાનો ક્રમ સાધારણ હતો. સમય સમયનાં કીર્તન ગાતા. વિવિધ સ્તોત્રપાઠ, ષોડશગ્રંથોનો પાઠ, જપ વગેરે નિત્યક્રમમાં હતા. રાત્રિના ઘરના ચોકમાં બેઠક કરતા; જેમાં ૮૪-૨૫૨ વૈષ્ણવના વાર્તા પ્રસંગો, શિક્ષાપત્ર, શ્રીસુબોધિનીજી વગેરેનું નિત્ય વાચન-મનન થતું હતું.

મોહનભાઈને શ્રીમહાપ્રભુજીના ચરણકમલોમાં અનન્ય શ્રદ્ધા હતી. કોઈપણ પ્રસંગે તેમના મુખમાંથી પ્રથમ શબ્દ ''શ્રીવલ્લભ'' જ પ્રગટ થતો હતો.

એક વેળા ઉત્સવના દિવસે ગો.વા. પ.ભ. દીનકિંકરભાઈ તેમના ઘેર આવેલા. બંને સાથે એક નાનકડા પલંગ ઉપર બેસી ભગવદ્ ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં તો સુમધુર વેણુનાદ મંદ મંદ સ્વરે સંભળાવા લાગ્યો. પ. ભ. દીનકિંકરભાઈએ પૂછ્યું ''આ વેણુનાદ ક્યાંથી આવી રહ્યો છે?'' મોહનભાઈએ કહ્યું ''આ વેણુનાદ વૃંદાવનમાંથી આવી રહ્યો છે.'' મોહનભાઈનો પ્રત્યુત્તર સાંભળી દીનકિંકરભાઈની જિજ્ઞાસા તીવ્ર બની અને ફરી પૂછ્યું ''આપણા બંનેને જ સંભળાય છે કે અન્ય કોઈને સંભળાતો હશે ખરો?'' મોહનભાઈએ પ્રત્યુત્તર આપ્યો ''તનુનવત્વ પામેલ દૈવી જીવોને જ તે સંભળાય છે. અલૌકિક રસાસ્વાદ માણવા આપણી દશા પણ અલૌકિક બનવી જોઈએ.'' મોહનભાઈ નિત્યલીલામાંથી વિખૂટા પડેલા દૈવી જીવ હતા એ આ પ્રસંગ પરથી નિશ્ચિત થાય છે.

શ્રીવલ્લભની કૃપાથી દિન પ્રતિદિન મોહનભાઈની ભગવદ્ દર્શનની આર્તિ ઉત્કટ થતી જતી હતી. પ્રભુદર્શન ક્યારે થશે? શ્રીવલ્લભ મારો અંગીકાર ક્યારે કરશે? હૃદયમાં તાપક્લેશ વધતો જતો હતો. શ્રીહરિરાયચરણ શિક્ષાપત્ર ૫-૯માં આજ્ઞા કરે છે કે જેટલી વિરહાર્તિ વિશેષ તેટલી ફળસિદ્ધિ નિકટ છે. તદનુસાર શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે દિવસ પણ આવી પહોંચ્યો. આસો વદ પાંચમ તા. ૨૫-૧૦-૧૯૩૭ની રાત્રિ - મોહનભાઈને સ્વાનુભવ થયો અને સ્વહસ્તે નોંધ કરી -

પ્રભુએ મારો સ્વીકાર કર્યો છે.
દાસ તરીકે શ્રીવલ્લભે મારો અંગીકાર કર્યો છે.

આજે મારો નવો અને બીજો જન્મ થયો છે.

આજે મને દિવ્યત્વની પ્રાપ્તિ થઈ છે.

આજે મને વૈષ્ણવત્વની સિદ્ધિ વરી છે.

આજે હું શ્રીવલ્લભદાસ છું.

પોતાને થયેલો સ્વાનુભવ અને ગોપીભાવની સિદ્ધિ પ્રાપ્ત થયાની સાક્ષીરૂપે મોહનભાઈએ ''શ્રીવલ્લભદાસી'' નામથી સહી પણ કરી હતી. (મોહનભાઈના સ્વાનુભવની વિસ્તૃત વિગત તેમના જીવનચરિત્ર ''ભગવદ્ ભક્ત મોહનભાઈ''ના પ્રકરણ-૬માં આપેલ છે.)

પુષ્ટિ સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરવાની તેઓને અત્યંત આતુરતા હતી. તે સમયના પુષ્ટિમાર્ગીય વિદ્વાનો, શાસ્ત્રીઓ વગેરેને એક પત્ર લખી, સૌના સાથ-સહકારની અપેક્ષા સહ સ્વઈચ્છાની જાણ કરી. શ્રીવલ્લભની કૃપાથી ઉત્સાહ પ્રેરક પ્રતિભાવો સાંપડ્યા. પરિણામ સ્વરૂપે મોહનભાઈનું અવિસ્મરણીય સર્જન ''શુદ્ધાદ્વૈત સંસદ'' સંસ્થા ઈ.સ. ૧૯૪૧માં આવિર્ભાવ પામી. ''અનુગ્રહ'' નામની માસિક પત્રિકા દ્વારા પુષ્ટિસિદ્ધાંતોના પ્રચારકાર્યનો પ્રારંભ કર્યો. વિવિધ સાંપ્રદાયિક વિદ્વાનોની સહાયથી વિપુલ પુષ્ટિ સાહિત્ય પ્રગટ કર્યું અને પડતર કિંમતે આપ્યું. લાયબલ કેસના આઘાતમાંથી પુષ્ટિમાર્ગને પુનઃ જાગૃત કરી સુસ્થિર કરવા મોહનભાઈએ કરેલી નામસેવા સંપ્રદાયમાં સુવર્ણાક્ષરે અંકિત છે.

મોહનભાઈએ પ્રગટ કરેલ અનુવાદિત અને સ્વતંત્ર ગ્રંથ સાહિત્યમાં - પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ ભાગ ૧-૨, શ્રીવલ્લભાચાર્યજીનું જીવન વૃત્તાંત, શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો, ભક્તિ પ્રકાશિકા, શ્રીમદ્ ભાગવત - ગુજરાતી ભાષાંતર ભાગ ૧-૨, શ્રીપુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર - અનુવાદ, શિક્ષાપત્ર અનુવાદ, પુષ્ટિ પ્રવેશ, પુષ્ટિ સુધા, શ્રીહરિરાય શિક્ષાવલી, માલાતિલક શા માટે? વગેરે મુખ્ય છે.

અંતિમ ત્રણ-ચાર વર્ષોમાં મોહનભાઈને ગળાની તકલીફ અને જીર્ણ જ્વરનો પ્રારંભ થઈ ગયો હતો. સાંપ્રદાયિક સેવામાં એટલા બધા વ્યસ્ત હતા કે નિદાન કરાવવાનો પણ અવકાશ મળતો નહોતો. આકસ્મિક મુંબઈ જવાનું થતાં, તાતા હોસ્પિટલમાં દર્દનું નિદાન કરાવ્યું અને કેન્સર સંબંધી તેમનો ભય અંતે સાચો ઠર્યો. તે વખતે પણ મોહનભાઈના મુખમાંથી એકમાત્ર ઉદ્ગાર

નીકળ્યો : ''શ્રીવલ્લભ''. ઓપરેશન સફળ થાય તેમ ન હોવાથી, ભગવદ્ ઈચ્છા સ્વીકારી મોડાસા પાછા ફર્યા. તેમની ઈચ્છા શ્રીસુબોધિનીજી શ્રવણ કરતાં કરતાં ભૌતિક દેહત્યાગ કરવાની હતી. ભગવદ્ નામાત્મક સ્વરૂપ સાક્ષાત શ્રીમદ્ ભાગવતજી સન્મુખ ખાટલામાં સૂતાં સૂતાં કથા શ્રવણની અનિચ્છા હોવા છતાં, અંતે આપદ્ધર્મમાં ભોંયપથારીએ કથા શ્રવણને પ્રારંભ કર્યો. શ્રીસુબોધિનીજી અને નિબંધના ભાવાર્થ સાથે ગો.વા. ઓચ્છવલાલ પુરાણી શ્રીમદ્ ભાગવત શ્રવણ કરાવતા હતા. ભગવદ્ કૃપા હોય તો રાસપંચાધ્યાયી સુધી કથા શ્રવણની મોહનભાઈની હૃદયેચ્છા હતી. પ્રથમ સ્કંધથી પ્રારંભ થયેલ ભગવદ્ કથા શ્રીઠાકોરજીના હૃદય સ્વરૂપ દશમ સ્કંધ - નિરોધલીલાના તામસફલ પ્રકરણ સુધી આવી પહોંચી હતી. અંતિમ ક્ષણ નિકટ જણાતાં મોહનભાઈએ ભેટ-આરતી કરી શ્રીભાગવતજીને સેવામાં પધરાવવા વિનંતિ કરી અને બે હાથ જોડી પ્રભુવિજ્ઞપ્તિ કરતાં બોલ્યા : 'પ્રભુ મને તેની સેવામાં અંગીકાર કરે.'' સં. ૨૦૦૬ના મહા વદ એકાદશીની મધ્યરાત્રિએ રાસલીલાનું શ્રવણ કરી, મોહનભાઈએ નિકુંજનાયકની નિત્યલીલામાં પ્રવેશ કર્યો.

નિષ્પ્રપંચી, નિરાભિમાની, નિઃસ્વાર્થી, સેવાનુરાગી અને સાહિત્યપ્રેમી એવા ભગવદીય મોહનભાઈના ચરણોમાં સદૈન્ય કોટિ વંદન.

◆

ઘેર આવતા વૈષ્ણવનું સ્વાગત

વૈષ્ણવ ઘેર આવે ત્યારે હૃદયમાં એવો ભાવ જાગે કે એમના હૃદયમાં બિરાજીને શ્રીઠાકોરજી આપણા ત્યાં પધાર્યા છે.

આવેલા વૈષ્ણવનું હરખથી સ્વાગત કરો. બે હાથ જોડી, હસતા મુખે 'જયશ્રીકૃષ્ણ' કહી, આવકાર આપો. સુંદર આસન પર બેસાડો. પ્રસાદી શીતળ જળ પ્રેમથી આપો. કુશળ પૂછો. મહાપ્રસાદ આગ્રહ કરીને લેવડાવો. લૌકિક વાતો ન કરો. સત્સંગ કરો.

◆

૬

સદેહે લીલાપ્રાપ્તિ

શ્રી સાંકળચંદ દામોદરદાસ શાહ, માલપુર

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

શ્રીકૃષ્ણચૈતન્ય, મીરાંબાઈ, તુકારામ આદિ મર્યાદા ભક્તોએ સદેહે સ્વધામગમન કર્યાના પ્રસંગો ધાર્મિક ઈતિહાસના પાને તો નોંધાયા છે જ, પરંતુ કરાલ કલિકાલમાં આ પુષ્ટિમાર્ગમાં સદેહે લીલાપ્રાપ્તિ કર્યાનો એક અલૌકિક પ્રસંગ બન્યો પ.ભ. સાંકળચંદભાઈનો.

તપ, તાપ અને ત્યાગપૂર્ણ પુષ્ટિજીવનનું પ્રતીક એટલે મૌન વ્રતધારી પ.ભ. સાંકળચંદભાઈ.

વ્રજવાસ કર્યા પછી સૌ તેમને ‘‘મૌની બાબા (મુનિબાબા)’’ના નામથી ઓળખતા હતા.

સાબરકાંઠા જિલ્લાના માલપુર ગામે સં. ૧૯૫૯ના શ્રાવણ વદ ૬ના દિને એક વૈષ્ણવ પરિવારમાં તેમનો જન્મ થયો. ભગવદ્ ઈચ્છાથી પત્ની અને સંતાનો હરિશરણ થતાં વૈરાગ્ય આવ્યો. પ્રભુસ્મરણમાં મન પરોવ્યું. દિન પ્રતિદિન પ્રભુશ્રદ્ધા અને વૈરાગ્ય વધુને વધુ દૃઢ બનતાં ગયાં. દેહ, ગેહ, દેહસંબંધીઓ વગેરે મૃગજળ જેવા લાગવા માંડ્યા અને અંતે ગૃહત્યાગ કરીને ચાલી નીકળ્યા. પરંપરાથી ચતુર્થગૃહના સેવક હતા. આથી ભાવપોષણની અપેક્ષાએ દહેગામ સ્થિત નિ.લી.ગો. શ્રીકનૈયાપ્રભુના અનન્ય સેવક પ.ભ. છગનભાઈ પાસે સૌપ્રથમ આવ્યા. અહીં તેમના સત્સંગથી સાંકળચંદભાઈના ભક્તિ બીજનું વારિસિંચન થતું રહ્યું. પરંતુ તેમનું હૃદય કંઈક વિશેષ ઝંખતું હતું. અંતે દહેગામ ત્યજી વ્રજ પ્રતિ પ્રયાણ કર્યું.

શ્રીમદ્ ગોકુલમાં પ.ભ. મોહનભાઈ અને પ.ભ. મગનભાઈ - આ ઉભય ભગવદીય બંધુ બેલડીના સંગમાં ભાવપોષણ મળતું ગયું. હજુ અંતરાત્માનો અવાજ હરિદ્વાર જવા પ્રેરી રહ્યો હતો. પ.ભ. મોહનભાઈએ ઘણું સમજાવ્યા કે પ્રેમભક્તિની આ વ્રજભૂમિ છોડી અન્ય ક્યાંય જવાની જરૂર નથી. પરંતુ સાંકળચંદભાઈનું મન માન્યું નહિ અને છેવટે હરિદ્વાર પહોંચ્યા. રાત્રિએ ગંગાતટે શયન કર્યું. સાથમાં એક બિસ્તરો અને થોડું દ્રવ્ય હતું. હજુ લૌકિક આસક્તિ છૂટી ન હતી. પૂર્ણ ભગવદાસક્તિ અને દૃઢ આશ્રય થયો નહોતો. નિદ્રાધીન થતાં આ બધું ચોરાઈ ગયું. ચિંતાતુર અને વિહ્વળ બની ગયા. દૂર એક સંત પુરુષ ભગવદ્ ભજન કરી રહ્યા હતા. સાંકળચંદભાઈના ચિંતિત માનસને ત્વરિત પારખી જઈ, જાણ્યું કે આ કોઈ દૈવી જીવ છે, પરંતુ હજુ માયાસંબંધ છૂટ્યો નથી.

પાસે બોલાવીને સંતે કહ્યું : ‘‘આમ રડે છે શું કામ? અહીં તારું કોઈ સ્થાન નથી. તારું મૂળ સ્થાન તો વ્રજ છે. જલદીથી અહીંથી પાછો જા. ત્યાં તારા સર્વ મનોરથો પૂર્ણ થશે.’’ સાંકળચંદભાઈના હૃદયમાં એકદમ પ્રકાશ થયો અને જાણ્યું કે પ્રભુએ રહી સહી આસક્તિ અને અન્યાશ્રય દૂર કરવા માટે જ આ કૌતુક રચ્યું હશે, અને અહીં હરિદ્વાર સુધી દૂર મને લાવ્યા હશે. પુનઃ વ્રજમાં પાછા ફર્યા. શ્રીગોકુલમાં રહી ભગવદ્ સ્મરણમાં સમય વ્યતીત કરવા લાગ્યા. થોડોક સમય શ્રીરાજાઠાકોરના મંદિરમાં બહારની સેવા-ટહેલ પણ કરી, પરંતુ મન માન્યું નહિ. અંતે મૌનવ્રત ધારણ કરી, હૃદયમાં શ્રીયમુનાષ્ટકનો સતત પાઠ કરતાં કરતાં વ્રજભૂમિમાં વિચરણ કરવા લાગ્યા.

શ્રીયમુનાજીમાં ભક્તિભાવ અને દૃઢાશ્રય વધતો ગયો. હવે શ્રીયમુનાજીની કૃપાદૃષ્ટિનો પણ અનુભવ થવા લાગ્યો. ક્યારેક સ્વપ્નમાં શ્રીયમુનાજી દર્શન આપતાં, વ્રજમાં કયા સ્થળે કેટલું રહેવું વગેરે આજ્ઞા પણ કરતાં હતા. શ્રીયમુનાજીનું સાન્નિધ્ય અને કૃપાકટાક્ષની વિશેષ અનુભૂતિ થવા લાગી. અંતે શ્રીયમુનાજીની આજ્ઞાથી વલ્લભઘાટ ઉપર એક નાની કોટડીમાં અયાચકવૃત્તિથી રહેવાનો પ્રારંભ કર્યો. શ્રીયમુનાષ્ટકના સતત પાઠ અને આપશ્રીના ધ્યાનમાં એવા મગ્ન થઈ જતા કે દેહાનુસંધાન પણ ભૂલી જતા, શ્રીયમુનાજીના તટે ભગવદ્ લીલાનો અનુભવ પણ થતો હતો.

સં. ૨૦૨૦ ચૈત્ર વદ ૧૧ - શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવનો દિવસ હતો. રાત્રિનો સમય હતો. પોતાની કોટડીમાંથી સાંકળચંદભાઈ અચાનક બહાર આવી, કંઈક અલૌકિક પ્રેરણાથી શ્રીયમુનાષ્ટકનો પાઠ મનોમન કરતાં કરતાં, શ્રીયમુનાજીના તટ પરના એક વૃક્ષ પર ચઢી ગયા. શ્રીયમુના મહારાણીજીના સાક્ષાત દર્શન થતાં જ નાચી ઉઠ્યા અને દેહાનુસંધાન વિસરાઈ ગયું. બેશુદ્ધ બની વૃક્ષ પરથી શ્રીયમુનાજીની વાલુકામાં પડ્યા. બાહ્યદેહશુદ્ધિ

નહોતી પરંતુ અંતઃકરણ જાગૃત હતું. શ્રીયમુનાજીએ પ્રસન્ન થઈ કૃપાપૂર્ણ બની આજ્ઞા કરી -

"છ માસ પછી હું સ્વયં પધારીને પુષ્ટિમાર્ગીય સંન્યાસની દીક્ષા આપીશ. ત્યાંસુધી સતત મારું સ્મરણ કરતાં કરતાં વ્રજભૂમિમાં વિચરવું. પ્રથમ મહાવન નજીક રમણરેતીમાં ત્રણ દિવસ રહી, ત્યારપછી મથુરા વિશ્રામઘાટે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીએ દર્શન કરી શ્રીગિરિરાજજી-જતીપુરા જવું. શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવી. આસો વદ ૧ના દિને મુંડન કરાવી, એક શુદ્ધ ધોતીના બે ટુક કરી એક પહેરવું અને બીજું ઉપવસ્ત્ર તરીકે ઓઢવું. સામગ્રી, અક્ષત, કુમકુમ, પુષ્પમાળા, ત્રણ વસ્ત્ર - શ્યામ, લાલ અને લીલું લાવી રાખવાં. હું (શ્રીયમુનાજી) સ્વયં પધારીને પુષ્ટિમાર્ગીય સંન્યાસ દીક્ષાદંડ પણ પ્રદાન કરીશ. વૈષ્ણવોને મારા વચનની ખાત્રી કરાવવા આમંત્રણ આપવું." આમ આજ્ઞા કરી શ્રીયમુના મહારાણીજી અંતર્ધાન થયાં.

શ્રીયમુનાજીનાં દર્શન પછી સાંકળચંદભાઈના આંતરચક્ષુ ખૂલી ગયા. સઘળી આજ્ઞાઓ હૃદયમાં ધારણ કરી, દીક્ષાદિવસની પ્રતીક્ષા કરતા આર્તિયુક્ત અંતરથી પોતાની કોટડીમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા. અંતે આસો વદ ૧- શ્રીયમુનાજીએ કરેલ આજ્ઞાનુસારનો શુભ દિવસ આવી પહોંચ્યો. આશરે પચીસ જેટલા વૈષ્ણવો આતુરતા પૂર્વક કોટડીની બહાર આ અલૌકિક પ્રસંગનું દર્શન કરવા એકત્ર થયા હતા. કોટડીનું એક દ્વાર ખુલ્લું હતું અને બીજું બંધ હતું. ત્યાં તો એક તેજોમય પ્રકાશનું કિરણ કોટડીમાં પ્રવેશ કરતું હોય એમ સૌને ભાસ થયો. સાંકળચંદભાઈની સન્મુખ સાક્ષાત શ્રીયમુના મહારાણીજી પ્રગટ થયાં. સાંકળચંદભાઈએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, સિદ્ધ કરેલ પુષ્પમાળા ધરાવી, કુમકુમ તિલક કર્યું. શ્રીયમુનાજીએ પણ સ્વહસ્તથી કૃપા કરી સાંકળચંદભાઈના લલાટમાં તિલક કરી, સંન્યાસ દીક્ષા આપી તથા સંન્યાસદંડ ગ્રહણ કરાવી, આપશ્રી અંતર્ધાન થયા.

હવે સાંકળચંદભાઈ સંન્યાસદંડ ગ્રહણ કરી, અગાઉ શ્રીયમુનાજીએ કરેલ વિવિધ આજ્ઞાઓ અનુસાર વ્રજભૂમિમાં વિચરણ કરવાનો પ્રારંભ કર્યો. પ્રથમ મહાવન, રમણરેતી, વિશ્રામઘાટ - મથુરાજી થઈ અંતે શ્રીગિરિરાજજીમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીના બેઠકજી તથા શ્રીગિરિરાજ-મુખારવિંદના દર્શન-દંડવત્ પ્રણામ કરી, શ્રીગિરિરાજજીની પરિક્રમાનો પ્રારંભ કર્યો. પરિક્રમા દરમિયાન પૂંછરી પાસે ગિરિકંદરામાં અચાનક પ્રવેશ કરી દૂર સુધી ચાલ્યા ગયા. ત્યાં અતિ ઉજ્જવળ પ્રકાશના દર્શન થયાં. ત્યાં એક લપસણી શિલા નજરે પડી. શ્રીયમુનાજીએ આપેલ દંડની સહાયથી તે શિલા ઉપર ચઢી ગયા.

ત્યાં એક દ્વાર જણાયું. તેમાં પ્રવેશ કરી આગળ વધ્યા. ત્યાં તો અલૌકિક સુવર્ણમય ભૂમિ ઉપર એક રત્નજડિત પરમ રમણીય સિંહાસન જોયું. તેના દર્શન કરી ઘણો આનંદ અનુભવ્યો પરંતુ પ્રિયા-પ્રીતમનાં દર્શન ન થવાથી અત્યંત દુઃખ થયું અને રુદન કરવા લાગ્યા. એટલામાં જ એક અલૌકિક તેજોમય સખીના દર્શન થયાં અને સાંકળચંદભાઈને કહ્યું : "બાબા, રડો નહિ. તમારે હજુ વિલંબ છે. પ્રિયા-પ્રીતમના દર્શન અહીં નહિ થાય. હાલ તો શ્રીયમુનાજીની આજ્ઞાનું પાલન કરો. તમારો સઘળો મનોરથ શ્રીયમુનાજી પૂર્ણ કરશે. તમે નિશ્ચિત શ્રીયમુનાજીની કુંજમાં આવશો અને અમારી સાથે રહી અલૌકિક સુખ પ્રાપ્ત કરશો."

આટલું કહી સખી અંતર્ધાન થઈ ગઈ, લીલા આચ્છાદન થઈ અને સાંકળચંદભાઈ ગિરિકંદરામાંથી બહાર આવી, ભક્તસમાજને આ લીલાનુભવ સ્વમુખે કહ્યો. શ્રીગિરિરાજજીની પરિક્રમા પૂરી કરી વૃંદાવન આવ્યા. ત્યાંથી નાવમાં બેસી શ્રીયમુનાજી પાર કરી એકલા જ બચ્છવન તરફ પ્રયાણ કર્યું. સાથેના કેટલાક વૈષ્ણવો શ્રીયમુનાજીના તટે જ રોકાઈ ગયા. નાવ સામા કિનારે પહોંચી. ત્યાં તો અલૌકિક દિવ્ય પ્રકાશ પથરાઈ ગયો. જાણે શ્રીયમુનાજી સ્વાગત કરવા પધારી રહ્યાં ન હોય!

સાંકળચંદભાઈ આનંદવિભોર બની નાચતા હતા અને અશ્રુધારા વહી રહી હતી. શ્રીયમુનાષ્ટકના પાઠનું સતત સ્મરણ ચાલુ જ હતું. શ્રીયમુનાજીના તટે સાંકળચંદભાઈ જઈ રહ્યા હતા. સં. ૨૦૨૧ના કારતક વદ ૧૧ની વહેલી પરોઢમાં સદેહે નિત્યલીલામાં પ્રવેશ કરવાના હતા એવી ગુપ્ત માહિતી પ્રાપ્ત થઈ હતી. શ્રીયમુનાજીની કુંજમાં પ્રવેશ થવાનો સમય જેમ જેમ નિકટ આવતો ગયો તેમ તેમ સાંકળચંદભાઈના ભૌતિક દેહની સ્થિતિ બદલાતી ગઈ. ધીરે ધીરે બાળસ્વરૂપ બની શ્રીયમુનાજીના તટ ઉપર નાચી રહ્યા હતા. હૃદયમાં ભગવદ્ મિલનનો અનેરો આનંદ અને ઉત્સાહ હતો.

સૂર્યોદય પૂર્વે ૪-૨૦ કલાકે સાંકળચંદભાઈએ સદેહે લીલામાં પ્રવેશ કર્યો. તે સ્થળ ઉપર માત્ર તેમના બે ચરણાચિહ્નનો જ શ્રીયમુનાજીની વાલુકામાં અંકિત થયેલા શોભી રહ્યા હતા. શ્રીયમુનાજીએ આપેલ સંન્યાસદંડની રેખા પણ શ્રીયમુનાજીની રેણુમાં સ્પષ્ટ પડેલી જણાતી હતી. આ સિવાય અન્ય કોઈ ચિહ્ન નહોતું. વૈષ્ણવોએ આ મહાન ભગવદીયના ચરણચિહ્નની રેણુ મસ્તકે ચડાવી અને તેમાં ભાવપૂર્વક સૌ લોટ્યા. સાંપ્રત કલિકાલમાં આવો પ્રસંગ દુર્લભ જ હોય છે; છતાં ભગવદ્ કૃપાથી ઉપસ્થિત સૌ વૈષ્ણવોએ સાક્ષાત અનુભવ્યો હતો.

શ્રીયમુના મહારાણીજીના આવા પરમ કૃપાપાત્ર મહદ્ ભગવદ્ ભક્ત સાંકળચંદભાઈના ચરણોમાં નમનથી અતિરિક્ત જીવ કંઈ જ કરવા સમર્થ નથી.

■

સત્સંગ

- ગામમાં જ્યાં સત્સંગ થતો હોય, ત્યાં નિયમથી જવું અને પ્રેમથી સાંભળી, સમજવું.
- તદુપરાંત, ઘેર પણ કુટુંબના બધા સભ્યો સાથે બેસી રોજ અડધો કલાક પણ સત્સંગ કરવો.
- ગામમાં શ્રીવલ્લભકુળના બાળક પધારે, ત્યારે તેમનાં વચનામૃતોનો લાભ લેવો. મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ મેળવવો.
- ગામમાં વિદ્વાન શાસ્ત્રી કે વૈષ્ણવ આવે, તો તેમનાં પ્રવચન સાંભળવાં.
- ભણેલાં છીએ તેથી માર્ગીય પુસ્તકો વસાવવાં અને સ્વાધ્યાય (જાતે અભ્યાસ) કરવો.
- ટી.વી.નું વ્યસન છોડવું.

૭

વંદનીય વૈષ્ણવ

શ્રી પૂનમચંદ સાંકળચંદ દોશી (મોડાસા)

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ. મોડાસા

વિચાર, વાણી અને વર્તનની એકવાક્યતા એટલે પ.ભ. પૂનમચંદભાઈ.

નખશિખ ભક્તહૃદય અને પ્રભુ સમર્પિત જીવન એટલે પ.ભ. પૂનમચંદભાઈ.

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિવેક-ધૈર્ય અને આશ્રયનું જીવંત દૃષ્ટાંત એટલે પ.ભ. પૂનમચંદભાઈ.

ક્રોધનું ક્યારેય નામ-નિશાન નહિ. હાંસી-ઉપહાસમાં પણ કદી અસત્ય કે કટુવચન ઉચ્ચારે નહિ.

'ભાઈ'ના હુલામણા સંબોધનથી મોડાસાના વૈષ્ણવ સમાજના હૃદયમાં અદ્યાપિપર્યંત ચિરનિવાસ કરનાર પરમ ભગવદીય પૂનમચંદભાઈનો જન્મ વિ.સં. ૧૯૫૬ના ભાદરવા સુદ ૨ ના દિવસે મોડાસામાં એક સાધારણ વૈષ્ણવ પરિવારમાં થયો હતો. દોઢમાસની કુમળીવયે જ પિતૃછાયા ગુમાવેલી. પરિવારની આર્થિક સ્થિતિ અત્યંત નિર્બળ હતી. આમ છતાં માતૃચરણ ઝવેરબાએ હિંમત હાર્યા વિના એકના એક પુત્રનો ઉછેર પ્રેમથી કરવા માંડ્યો. તે સમયે મોડાસામાં હાઈસ્કૂલ નહોતી. એક બાળમિત્રના પિતાજીની સહાય અને પ્રેરણાથી મેટ્રિક સુધીનું શિક્ષણ અમદાવાદમાં રહી પ્રાપ્ત કર્યું. નોકરીની શોધમાં મુંબઈ ગયા. થોડોક સમય નોકરી કરી પરંતુ માતૃચરણના આગ્રહવશ બની મોડાસા પાછા ફર્યા અને મોડાસામાં પ્રારંભ થયેલ નવી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કારકીર્દિનો પ્રારંભ કર્યો. તેમની શિક્ષણપદ્ધતિ અતિ સુંદર તથા વિલક્ષણ હતી. ટ્યુશન જેવી બદીને તેમણે ક્યારેય પ્રોત્સાહન આપ્યું નહોતું. કોઈ વિદ્યાર્થી ઉપર ક્યારેય આવેશ કે દુર્ભાવ દાખવતા નહોતા. વિદ્યાર્થી ગૃહકાર્ય ન કરી લાવે તો લીમડાના પાન તેને ચવડાવતા અને સાથે સ્વયં ચાવતા. સ્વયં કાંતીને તૈયાર કરેલ ખાદીનાં વસ્ત્રો પહેરતા. આવા હતા સાદાઈપૂર્ણ, સ્વાશ્રયી જીવનના ઉચ્ચ આદર્શસમા પૂનમચંદભાઈ.

ઘણાં વર્ષો સુધી મોડાસાના ખડાયતા છાત્રાલયમાં ગૃહપતિ તરીકે સેવાઓ આપેલી. વિદ્યાર્થી અશિસ્ત આચરે તો તેના મુખમાં સુદર્શન ચૂર્ણ ભરી દેતા

અને કહેતા કે અપશબ્દ બોલનારનું મુખ અને અશિસ્ત આચરનાર ઈન્દ્રિયને શુદ્ધ કરવી જોઈએ; જેથી ફરીથી ભૂલ કરે નહિ. છાત્રાલયવાસી છાત્રોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને ચારિત્ર્ય ઘડતરમાં તેમણે આપેલ પિતાતુલ્ય યોગદાન આજે પણ સદા ચિરસ્મરણીય છે.

તેમનામાં પુષ્ટિસંસ્કારો બાલ્યવયથી જ વિદ્યમાન હતા. તેઓ પરંપરાથી ચતુર્થગૃહના સેવક હતા. સ્વરૂપસેવા બિરાજતી હતી. જીવનના શેષ વર્ષોમાં મરજાદ લઈ ભગવદ્ સેવા અને સ્મરણમાં સમય વ્યતીત કર્યો હતો.

નિત્ય વહેલી સવારે સાડા ત્રણની આસપાસ ઊઠતા અને રાત્રિના બાર વાગે સૂઈ જતા. રોજ સવારમાં ઘણા વૈષ્ણવો તેમને ભગવદ્ સ્મરણ કરવા આવતા હતા અને સૌને પૂનમચંદભાઈ પ્રેમથી જય જય શ્રીગોકુલેશ કહેતા. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી આદિના બેઠકજીઓમાં માનસિક દંડવત્ પ્રણામ કરતા તેમજ તેમના પરિચયમાં આવેલા ગામ-પરગામના વૈષ્ણવોનું મનમાં સ્મરણ કરી જય જયશ્રીગોકુલેશ પાઠવતા. શ્રીઠાકોરજીની સેવા-સામગ્રી સ્વયં સિદ્ધ કરતા અને પ્રેમથી પ્રભુને આરોગાવતા હતા. પ્રૌઢવયે શારીરિક પ્રતિકૂળતા હોવા છતાં ઉત્સવના દિવસે અધિક સામગ્રી સિદ્ધ કરી વૈષ્ણવોનું પ્રેમપૂર્વક સમાધાન પણ કરતા હતા. અનોસરમાં જપ, સંસ્કૃત સ્તોત્ર-પાઠ, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, શ્રીમદ્ ભાગવતના પાંચ ગીતો, શ્રીગુસાંઈજી કૃત નવ વિજ્ઞપ્તિઓ વગેરે નિત્ય ક્રમમાં હતા. સાંજે મંદિરમાં કીર્તન સેવા પણ કરતા હતા.

સળંગ પાંત્રીસ વર્ષોની એક નિષ્ઠાવાન અને આદર્શ શિક્ષક તરીકેની સેવાનિવૃત્તિ પછી, મોડાસાના મહિલા મંદિરમાં તેમના નિત્ય સત્સંગનો લાભ આપતા હતા. ૮૪-૨૫૨ વૈષ્ણવ વાર્તાપ્રસંગો, શિક્ષાપત્ર, વચનામૃતો વગેરે અતિ સરળ અને રસપ્રચુર શૈલીમાં પાન કરાવતા. પુષ્ટિમાર્ગીય સંસ્કૃત સ્તોત્રો, શ્રીમદ્ ભાગવતના વેણુગીત, ગોપીગીત, યુગલગીત વગેરે શુદ્ધ ઉચ્ચાર તથા અર્થ સહિત મહિલા મંદિરની અલ્પ શિક્ષિત અને નિરક્ષર બહેનોને કંઠસ્થ કરાવવામાં સહેજ પણ નિરુત્સાહી થયા વિના અને મનમાં ઉદ્વેગ કર્યા વિના એક આત્મીય તરીકે પૂનમચંદભાઈએ ભાવપૂર્વક કરેલો પરિશ્રમ સદા ચિરસ્મરણીય જ છે.

શ્રીઠાકોરજી વૈષ્ણવવાર્તાના વ્યસની છે અને ભગવદીયોનાં ચરિત્રોનું શ્રવણ કરવા ભગવદ્ મંડલીમાં સાક્ષાત પધારે છે. ''મંડલ મધ્ય બિરાજત ગિરિધર''- શ્રીહરિરાયજીના આ વચનો અનુસાર ભગવદ્ મંડલીને સાક્ષાત ભગવદ્ સ્વરૂપ જ જાણતા હતા. આથી તો કોઈ વૈષ્ણવ સહેજ વિલંબથી આવી ભગવદ્ મંડલી મધ્યે ક્યાંક બેસવા પ્રયત્ન કરે અથવા સત્સંગ દરમિયાન લૌકિક વાતો કરતા જણાય તો પૂનમચંદભાઈ કદી આવેશમય બનતા નહિ અથવા કદી કોઈને દુર્વચન પણ કહેતા નહિ પરંતુ પોતાના જ મુખ ઉપર બેચાર લપડાક મારતા. વૈષ્ણવના હૃદયને ઠેસ પહોંચે તેવું વર્તન મન, કર્મ કે વચનથી કદીયે કરતા નહિ. સ્વમાર્ગીય સિદ્ધાંતો સ્વઆચરણથી જ સૌને શીખવતા અને વૈષ્ણવી જીવન ઘડતરમાં આમ સદા પ્રયત્નશીલ રહેતા હતા. વિવિધ બેઠકજીઓમાં જઈ ઝારીજી-ચરણસ્પર્શનો લાભ પણ તેમણે લીધો હતો; તથા વ્રજ, ચંપારણ્ય, ચરણાટ આદિ અલૌકિક સ્થળોની યાત્રા પણ કરી હતી. વૈષ્ણવ સંઘ લઈ પગપાળા શ્રીનાથજી દર્શને પણ ગયા હતા. શ્રીમહાપ્રભુજીનો નામ મહિમા વધુને વધુ પ્રસરે તે માટે દર રવિવારે શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠનું આયોજન પણ કરતા.

ગો.વા. ચુનીકાકાના સાથ, સહકાર અને પ્રેરણાથી પુષ્ટિમાર્ગીય ધોળ-પદ-વધાઈ તેમજ શ્રીઠાકોરજીની લીલાભાવના રહસ્યભાવના વગેરે સમજાવતા ગોરસ ખંડ ૧ થી ૧૪ પ્રકાશિત કરી વૈષ્ણવ સમાજનું ભાવપોષણ કરવામાં તેમણે આપેલ અદ્વિતીય યોગદાન કદી પણ વિસરી શકાય તેમ નથી. શ્રીમહાપ્રભુજીના પુષ્ટિ સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર કાર્યમાં તેઓ સદા ઉત્સાહી રહેતા હતા. ગો.વા. મોહનલાલ વિ. ગાંધી, ગો.વા. પ્રો. જેઠાલાલ ગો. શાહ, ગો.વા. ચીમનલાલ વૈદ્ય વગેરે પુષ્ટિ વિદ્વાનોના સાથ સહકારમાં ''શુદ્ધાદ્વૈત સંસદ''નું સર્જન કરવામાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. પુષ્ટિમાર્ગીય સાહિત્ય પ્રકાશનનું પ્રૂફ રીડીંગનું કાર્ય ખૂબ પ્રેમપૂર્વક અને નિઃસ્વાર્થભાવે સદા કરતા હતા. પ.ભ. મોહનભાઈ ગાંધીના ગોલોકવાસ પછી શુદ્ધાદ્વૈત સંસદની મુખપત્રિકા 'અનુગ્રહ'ના તંત્રી તરીકે તેમણે માનદ્ સેવાઓ પણ આપી હતી. તેમણે પ્રગટ કરેલ પુષ્ટિ સાહિત્યમાં મુખ્યત્વે બસો બાવન વૈષ્ણવોની વાર્તા ખંડ ૧ થી ૩ (ત્રણ જન્મની લીલાભાવના સાથે),

શ્રીગોકુલનાથજી કૃત રહસ્યભાવના પર આધારિત સેવાસુધા, શ્રીસર્વોત્તમ સ્તોત્રના શ્રીમહાપ્રભુજીના એકસો ને આઠ નામો પર સ્વરચિત ધોળનો સંગ્રહ - શ્રીવલ્લભરસસુધા, શ્રીમદ્ ભાગવતના પાંચ ગીતો (સાર્થ), શ્રીગુસાંઈજી કૃત નવ વિજ્ઞપ્તિઓ (સાર્થ), વિરહગીતા, શ્રીવલ્લભગીત, શ્રીયમુનાષ્ટક, નવરત્ન, રાસપંચાધ્યાપી (વ્રજભાષા ટીકા) વગેરે છે.

વયવૃદ્ધિ સાથે શારીરિક સ્વાસ્થ્ય ક્રમશઃ પ્રતિકૂળ બનતું ગયું હતું. શ્રીવલ્લભના ચરણકમલોમાં દૃઢ વિશ્વાસ હતો. જે કંઈ બને છે તે સર્વ ભગવદ્ ઈચ્છાથી જ બને છે તેવું માનતા હતા. હૃદય નબળું પડી ગયું હતું. ક્યારેક છાતીમાં દુઃખાવો પણ થતો પરંતુ કોઈને કંઈપણ કહ્યા વિના દસ-પંદર મિનિટ આંખો બંધ કરીને ભગવદ્ નામસ્મરણ કરતા અને વળી પાછા પ્રવૃત્તિમય બનતા. જીવન પૂર્ણ થાય તે પહેલાં સામાજિક ઋણમાંથી પણ મુક્ત થવા પ્રયત્નશીલ હતા. અમદાવાદની વૈશ્ય સભામાં નિઃશુલ્ક રહીને વિદ્યાભ્યાસ કરેલો તેનો સમગ્ર ખર્ચ વ્યાજ સહિત ગણી મોકલી આપ્યો હતો. અનીતિનું દ્રવ્ય સ્વગૃહમાં આવે નહિ તેનું સદા ધ્યાન રાખતા અને સૌ પરિવારજનોને અવારનવાર સૂચન પણ કરતા. નીતિમય પવિત્ર જીવન જીવવાની શીખ હંમેશાં સૌને આપતા હતા.

ભૌતિક દેહ જ્યારે અતિ અશક્ત થયો ત્યારે સેવ્યસ્વરૂપને અશ્રુભીના નયને અને દુઃખી હૃદયથી ગુરુગૃહ શ્રીમદ્ ગોકુલમાં પધરાવ્યું. પ્રભુવિયોગમાં અન્નનો ત્યાગ કર્યો અને સૂકો-મેવો અને દૂધ લઈને શેષ જીવન ભગવદ્ વિરહમાં વ્યતીત કર્યું. પ્રભુવિરહમાં શ્રીગુસાંઈજી કૃત નવ વિજ્ઞપ્તિઓનું સદા રટણ કરતા હતા.

જીવનની સંધ્યાએ સં. ૨૦૩૨ના ભાદરવા સુદ ૧૨ વામન દ્વાદશીના દિવસે નરોડા શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ મોડાસાના વૈષ્ણવ ભાઈ-બહેનોના સંઘમાં ઝારીજી-ચરણસ્પર્શ કરવાનું આયોજન કરેલું. નિયમાનુસાર અગાઉના દિવસે વ્રત કરી, બીજા દિવસે નરોડા-બેઠકજીએ સવારે સાડા પાંચ વાગે સ્પેશીયલ બસમાં સૌને જવાનું હતું. પૂનમચંદભાઈ પણ નિત્યક્રમથી પરવારી, આશરે સવારના ૫-૪૫ કલાકે હાથમાં અપરસના વસ્ત્રોની થેલી લઈ ભગવદ્ સ્મરણ કરતા ઘેરથી નીકળ્યા. સૌ વૈષ્ણવ ભાઈ બહેનો સમયસર બસમાં ગોઠવાઈ ગયા

હતા, માત્ર ભાઈની રાહ જોવાતી હતી. સહેજ વિલંબ થવાથી પૂનમચંદભાઈ ઘેરથી ઉતાવળા ચાલીને આવી પહોંચ્યા અને કઈ બસમાં બેસવાનું છે એમ પૂછપરછ કરી; પરંતુ શ્રીમહાપ્રભુજીની નિજ ઇચ્છા કંઈ જુદી હતી. શ્રીમહાપ્રભુજીના ઝારીજી-ચરણસ્પર્શ કરવા નરોડા બેઠકજીએ જવામાં વિલંબ થયાનું વિરહદુઃખ અસહ્ય બન્યું અને હાથમાંથી થેલી મસ્તક નીચે મૂકીને બસના પગથિયા પાસે જ ભાઈ સૂઈ ગયા. સૌ વૈષ્ણવો આશ્ચર્યમાં પડી ગયા. કંઈ વિચાર કરે તે પહેલાં જ ભાઈનો અલૌકિક આત્મા શ્રીમહાપ્રભુજીના ઝારીજી-ચરણસ્પર્શ કરવા નરોડા બેઠકજીએ પહોંચી ગયો હતો. પૂનમચંદભાઈએ પ્રભુની નિત્યલીલામાં પ્રવેશ કર્યો. ભાઈના અંતિમ સંસ્કાર કરી, શુદ્ધ થઈ સૌ વૈષ્ણવ ભાઈબહેનો જ્યારે નરોડા બેઠકજીએ પહોંચ્યા, ત્યારે બેઠકજીના મુખીયાજીએ કોઈ એક પ્રૌઢવયના વૈષ્ણવ વહેલી સવારમાં ઝારીજી-ચરણસ્પર્શ કરવા આવ્યાના સમાચાર આપ્યા. આમ અલૌકિક દેહથી ભાઈનો મનોરથ પૂર્ણ થયાના સમાચાર સાંભળી સૌ વૈષ્ણવોએ આનંદ અનુભવ્યો.

શતશઃ વંદન આવા પરમ ભગવદીયને.

* * *

સેવાનું સ્વરૂપ

- **મિશ્રીની કટોરી ને ગુંજામાળા ધરી લેવાથી સેવા થઈ જતી નથી.**
- **તનુ વિત્તજા સેવાનું સ્વરૂપ સમજી, તે પ્રમાણે સેવા કરવી.**
- **સમગ્ર જીવનને સેવામય બનાવવું. અસમર્પિત છોડવું.**
- **શ્રીઠાકોરજીને પોતાના સ્વજન ગણી, સ્નેહ કરવો - તેમને સુખ થાય તેવું કરવું.**

૮

અનન્યતાનો આદર્શ

(શ્રી મોહનલાલ લાલજીભાઈ ગાંધી, મોડાસા)

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

ચતુર્થપીઠાધીશ્વર નિ. લી. ગો. શ્રીકનૈયા પ્રભુના અનન્ય સેવક અને આપશ્રીના પ્રેમપિંજરમાં પૂરાયેલા મત્ત મયૂર એટલે પ.ભ. મોહનભાઈ.

સ્વરૂપાસક્તિ, દઢ અનન્યાશ્રય અને સેવાસમર્પિત જીવનની સુવાસ પ્રસરાવતું પુષ્ટિ પુષ્પ એટલે પ.ભ. મોહનભાઈ.

સં. ૧૯૩૮ના આસો વદ અમાસ-દીપોત્સવીના દિને જન્મ થયો. તેમનું કુટુંબ પરંપરાથી ચતુર્થગૃહનું સેવક હતું. પિતા લાલજીભાઈ એક આદર્શ શિક્ષક અને વૈષ્ણવ હતા. આ સર્વ સંસ્કારો મોહનભાઈમાં ઉતર્યા હતા. પિતા અને ભાઈઓના પગલે ચાલી તેમણે પણ પ્રારંભમાં શિક્ષણ વ્યવસાય સ્વીકાર્યો. ધાર્મિક સાહિત્ય વાચનનો શોખ હતો. પુષ્ટિમાર્ગના મૂળ સંસ્કૃત, વ્રજભાષા અને ગુજરાતી ગ્રંથો ટીકા સહ વાંચતા.

ગો. શ્રીકનૈયા પ્રભુ વારંવાર ગુજરાતમાં પધારતા અને સંગીતમય રાસાદિ લીલાઓ દ્વારા વૈષ્ણવોને અલૌકિક સુખદાન કરતા હતા. આપશ્રીની ભગવદ્ લીલાની ગાઢ અસર મોહનભાઈ ઉપર થઈ અને આપશ્રીના ચરણકમલોમાં દિનપ્રતિદિન પ્રીતિ વધતી ગઈ. તેર વર્ષની ઉંમરે મોહનભાઈને આપશ્રીએ બ્રહ્મસંબંધનું દાન કર્યું અને તેઓ ગો. શ્રીકનૈયાપ્રભુના અનન્ય સેવક બન્યા. વિશેષમાં દહેગામવાળા પ.ભ. છગનભાઈનો સંગ પ્રાપ્ત થતાં મોહનભાઈનું ભાવપોષણ થતું ગયું અને અંતે મરજાદ લઈ ભગવદ્ સેવા-સ્મરણ પરાયણ જીવન જીવવાનો સંકલ્પ કર્યો. વ્યાવૃત્તિ ત્યજી સં. ૧૯૯૭માં મોડાસા આવીને રહ્યા.

ગો. શ્રીકનૈયાપ્રભુનો અનન્ય ભાવવાળો વૈષ્ણવ સમાજ વિશાળ હતો. મોહનભાઈએ સમાન ભાવ-વ્યસનવાળા વૈષ્ણવ સમાજને સુસંગઠિત કર્યો. તેમના લઘુબંધુ પ.ભ. મગનભાઈનો પણ સારો સાથ-સહકાર પ્રાપ્ત થયો. શ્રીગુરુદેવ ગો. શ્રીકનૈયાપ્રભુનો પ્રાગટ્યોત્સવ કારતક વદ ૧૧ અતિ ઉત્સાહ અને ભાવથી ઉજવવાનો પ્રારંભ કર્યો. આ પ્રસંગે ગામે ગામના વૈષ્ણવ સમાજને

પોતાના ઘેર આમંત્રણ પાઠવતા, પ્રસાદ લેવડાવતા અને પહેરામણી પણ કરતા. તેઓ એક સારા કવિ પણ હતા. આથી ગો. શ્રીકનૈયાપ્રભુના ધોળ-વધાઈ-પદ રચી વૈષ્ણવોને ગવડાવતા.

તેમના ભગવદીય ધર્મપત્ની પ.ભ. મહાલક્ષ્મીબેનનો અચાનક ગોલોકવાસ થતાં, તેમના બાળવિધવા બેન પ.ભ. નર્મદાબેનનો સાથ મળ્યો. પરિણામે સેવા પરાયણ જીવન પ્રતિબંધ રહિત અસ્ખલિત ચાલુ રહ્યું. શેષ જીવનમાં વ્રજવાસ કરવાની ઈચ્છા થતાં શ્રીમદ્ ગોકુલ વાસ કર્યો.

સ્વભાવે ઉદાર, પરોપકારી, નિઃસ્વાર્થી અને સરળ હતા. ગોકુલવાસ કર્યા પછી ગરીબ વ્રજવાસીઓ માટે દવાખાનાની સુવિધા ઉપલબ્ધ કરી હતી. ગટરનું ગંદુ પાણી શ્રીયમુનાજીમાં ભળે નહિ તે માટે તેમના ભાઈ પ.ભ. મગનભાઈ દ્વારા એક ફંડ તૈયાર કરી તે સમયની ઉત્તર પ્રાંતની સરકારને સોંપ્યું હતું. સત્કર્મોની અનેક પ્રવૃત્તિઓ ગુપ્તપણે કરતા. આમ છતાં અહંકાર કે પ્રસિદ્ધિનો અંશ પણ ક્યાંય પ્રગટ જોવા મળતો નહિ.

અનન્યાશ્રય સહિત એક સ્વરૂપનિષ્ઠા તેમના જીવનમાં અખંડ હતી. શ્રીગુરુદેવ ગો. શ્રીકનૈયાપ્રભુને જ તેઓ સર્વસ્વ માનતા હતા. પ્રગટ સ્વરૂપમાં જ એકરસ આસક્તિ હતી. સ્વગુરુદેવને જ પૂર્ણ પુરુષોત્તમ ભાવથી જાણતા હતા અને સેવતા હતા. શ્રીગુરુદેવ ગો. શ્રીકનૈયાપ્રભુની ચિત્રસેવા તેમના માથે બિરાજતી હતી. આમ છતાં તેમના જીવનમાં ક્યારે પણ અન્ય કોઈ ભગવદ્ સ્વરૂપ, ભગવદીય કે શ્રીવલ્લભવંશજ પ્રતિ અનાદરની ભાવના જોવા મળી નથી. તેમની સ્વરૂપાસક્તિ અને અનન્યતા શ્રીગોકુલેશપ્રભુના ભરરુચિ સેવકોના આદર્શથી તદ્દન ભિન્ન પ્રકારની હતી. શ્રીઠાકોરજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલેશપ્રભુ અને સ્વગુરુદેવમાં તેઓ અભેદ બુદ્ધિ ધરાવતા હતા. આમાંથી કોઈપણ એક સ્વરૂપ અથવા સર્વ સ્વરૂપોનું સેવન-સ્મરણ કરવા છતાં અનન્યતાને કોઈ બાધ આવતો નથી અને પુષ્ટિ ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે આવી ઉચ્ચતમ પુષ્ટિમાર્ગીય અનન્યતાની ભાવના સ્વગુરુદેવ ગો. શ્રીકનૈયા પ્રભુના જીવન અને પ્રાગટ્ય ઉત્સવનું વર્ણન કરતા તેમણે રચેલા ૧૫૧ કડીવાળા ધોળમાં નીચે પ્રમાણે પ્રગટ દેખાય છે -

શ્રીકૃષ્ણ સાથે શ્રીગુરુદેવ ગો. શ્રીકનૈયાપ્રભુને સરખાવતાં જણાવે છે કે

''ઉમગ્યો સિંધુ આનંદ શોભા સારી રે,
પેખી પૂરણ ગોકુલચંદ મહિમા ભારી રે.
સૌ નાચે ને ગીત ગાય શોભા સારી રે,
જય જય બોલો કનૈયાલાલ મહિમા ભારી રે.''

શ્રીમહાપ્રભુજી સાથે સરખાવતાં વર્ણવે છે કે -

''તે વિરહાત્મક સ્વરૂપ શોભા સારી રે,
મુખ્ય સ્વામિનીજી રૂપ મહિમા ભારી રે.
તે સ્વરૂપની સમતોલ શોભા સારી રે,
દર્શાવી લીલા અતોલ મહિમા ભારી રે.''

શ્રીગુસાંઈજી સાથે સ્વગુરુદેવને સરખાવતાં વર્ણવે છે કે -

''કર્તા પુષ્ટિ પંથ પ્રકાશ શોભા સારી રે,
શ્રીવિઠ્ઠલનાથ દયાલ મહિમા ભારી રે.
તે આનંદાત્મક સ્વરૂપ શોભા સારી રે,
શ્રીચંદ્રાવલીજી અનુપ મહિમા ભારી રે.
શ્રીસ્વરૂપની અભિન્ન શોભા સારી રે,
નામગુણ નથી કંઈ ભિન્ન મહિમા ભારી રે.''

શ્રીગોકુલેશપ્રભુ સાથે ગુરુદેવની સરખામણી કરતાં જણાવે છે કે -

''એ લીલા શ્રીગોકુલેશસાર શોભા સારી રે,
પ્રકટ શ્રીગોકુલેશ અવતાર મહિમા ભારી રે.''

પ્રાચીન અને અર્વાચીન સૌ ભગવદીયોની કૃપા જ આ માર્ગમાં કેવળ સાધન છે એમ આ સ્વરચિત ધોળના અંતમાં દૈન્યભાવે મોહનભાઈ જણાવે છે. સેવા અને સ્મરણ સાથે તેમનું એક ઉત્તમ ભક્તકવિ હૃદય પણ હતું. ગો. શ્રીકનૈયા પ્રભુના પ્રાગટ્યના અનેક ગુજરાતી ધોળ, વધાઈ, વ્રજભાષાના પદો વગેરે તેમણે રચ્યાં હતાં. પોતે પ્રભુની નિત્ય લીલામાંથી વિછૂરેલી એક સખી છે એવા સ્વાનુભવનું પ્રમાણ સ્વરચિત ધોળમાં નીચે પ્રમાણે આપે છે -

''આજકાલની છે નહિ ને મારે પૂર્વ જન્મની પ્રીત રે,
પોતાની જાણીને વહાલે, પાર ઉતારી રસની રીતે, સાંભળ સાહેલી.''

મોહનભાઈએ શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, ષોડશગ્રંથો વગેરેનો પદ્યમાં ભાવાનુવાદ કરીને પુષ્ટિસાહિત્યની ઉત્તમ સેવા કરી હતી. તેમણે રચેલું ગદ્ય-પદ્ય સાહિત્ય ''શ્રીવિઠ્ઠલેશ ધોળપદ ભાગ ૧-૨''માં પ્રકાશિત થયેલું છે.

આજીવન સેવા-સ્મરણમાં જીવન વ્યતીત કરી સં. ૨૦૧૪ના માગશર વદ ૯ના શ્રીગુસાંઈજીના પ્રાગટ્ય ઉત્સવના દિને ભૂતલ ત્યજી પ્રભુની નિત્યલીલામાં પહોંચ્યા.

આવા સ્વરૂપ નિષ્ઠ અને અનન્યાશ્રિત ભગવદીયના ચરણોમાં શતશઃ પ્રણામ.

◆

આપણાથી સેવાસ્મરણ આદિ જે બને તેને શ્રીપ્રભુ-શ્રીમહાપ્રભુની કૃપાનું ફળ માની, દીનતા રાખવી. તેનું કદિ અભિમાન કરવું નહિ.

સેવાસ્મરણનાં કાર્યો આપણે સ્વીકાર્યા છે, માટે પ્રેમથી કરવાં. બીજાને તેમાં સહયોગી બનવા સ્નેહથી સમજાવવાં, પણ ન માને તો તેમના પર ક્રોધ ન કરવો. તેઓ પ્રતિકૂળ બને તો તેમનાથી અલગ થવું. મૌન રાખવું.

સૌમાં પ્રભુ બિરાજે છે, એવો ભાવ રાખી કોઈનું દિલ દુભાય તેવાં કઠોર વચન ન કહેવાં.

બીજા દ્વારા કહેવાતાં કઠોર વચનો, પ્રભુએ આપેલી શિખામણ સમજી સ્વીકારવાં.

ઘરનાં સર્વ સ્વજનો પર વૈષ્ણવી ભાવ રાખવો.

૯

એક આદર્શ વૈષ્ણવ

(શ્રી ચુનીલાલ લાલજીભાઈ ગાંધી, મોડાસા)

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

અસ્ખલિત ભગવદ્ નામ, એકાંતિક ભક્તિ અને માનસી સેવામાં રત એટલે પ.ભ. ચુનીકાકા.

નિરભિમાની, નિષ્પ્રપંચી, નીતિપરાયણ, પરોપકારી અને પવિત્ર જીવનનો ઉચ્ચ આદર્શ એટલે પ.ભ. ચુનીકાકા.

વૈષ્ણવ બહેનોને પુષ્ટિ રસની વર્ષામાં સદા ભીંજવનાર, ભાવપોષણમાં જ અહર્નિશ તત્પર અને સદા સત્સંગમાં જ જીવન સમર્પિત કરનાર પ.ભ. ચુનીલાલ ગાંધીને સૌ કોઈ ‘કાકા’ના પ્રિય નામથી સંબોધતા હતા.

શ્રાવણ વદ ૪ના દિવસે મોડાસામાં એક વૈષ્ણવ પરિવારમાં તેમનો જન્મ થયો. પિતા એક આદર્શ શિક્ષક હતા. પ્રારંભમાં ચુનીકાકાએ પણ શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો હતો. આકસ્મિક ભગવદ્ ઈચ્છાથી ગૃહભંગ થતાં, શિક્ષકની નોકરીને તિલાંજલિ આપી, મોડાસામાં જ સ્થાયી રહેવા લાગ્યા. સાંસારિક અને લૌકિક નિવૃત્તિમય જીવન હોવા છતાં ધાર્મિક જીવન નિરંતર પ્રવૃત્તિશીલ હતું. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરનાર માટે નીતિપરાયણ ધાર્મિક જીવનની અનિવાર્યતા પર સદા ભાર મૂકતા હતા. શ્રીમહાપ્રભુજી અને પુષ્ટિમાર્ગમાં અચળ નિષ્ઠા હોવા છતાં ભગવદ્ દર્શનનું તેમનું દષ્ટિબિંદુ વ્યાપક હતું. સદા નિર્ભય, સત્યવક્તા અને મુદુભાષી હોવા છતાં પુષ્ટિસિદ્ધાંત વિરુદ્ધ વાતો કરનાર પ્રતિ ક્યારેક કઠોરભાષી પણ બનતા હતા. સાદગીપૂર્ણ અને સ્વાશ્રયી ધાર્મિક જીવનની સાથે આવશ્યક વ્યાવહારિક કાર્યો પણ કરતા હતા.

બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી, નિત્યકર્મથી પરવારી સ્તોત્રપાઠ-જપ આદિ કરતા. ભગવદ્ સેવા બિરાજતી નહોતી. પાકી મરજાદ પણ નહોતી. પરંપરાથી ચતુર્થગૃહના સેવક હતા. નિ.લી.ગો. શ્રીકનૈયાપ્રભુએ બ્રહ્મસંબંધનું દાન કર્યું હતું. વિવિધ કીર્તન-ધોળ-પદ ગાતા અને ભગવદ્ નામ અખંડ લેતા હતા. વિશેષ કરીને માનસી સેવામાં સંલગ્ન રહેતા હતા. એકાંતિક ભક્તિના અધિકારી હોઈ, તેમનો નિત્યક્રમ ખાસ પ્રગટ જણાતો નહિ.

નિરાધાર અને અલ્પ શિક્ષિત બહેનો ગૃહ ઉદ્યોગ દ્વારા જીવન નિર્વાહ કરી પગભર થઈ શકે તે આશયથી મહિલા મંદિરની સ્થાપના કરી હતી. સાથે સાથે ધાર્મિક શિક્ષણ દ્વારા સદાચારી અને પવિત્ર જીવન ઘડતર થાય તે માટે તેઓ મહિલા મંદિરમાં નિત્ય સત્સંગ પણ કરતા હતા. બપોરે ૨ થી ૬ સુધી મહિલા મંદિરમાં નિત્ય ઉપસ્થિત રહેતા અને નાના-મોટા સૌ બહેનોની સમસ્યાઓ શાંતિથી અને ધીરજથી સાંભળતા, આવશ્યક માર્ગદર્શન આપતા તેમજ પુષ્ટિમાર્ગીય સત્સંગ દ્વારા યથાર્થ જ્ઞાનબોધ પણ કરતા હતા. ૮૪-૨૫૨ વૈષ્ણવ વાર્તા-પ્રસંગો, શિક્ષાપત્ર, પ્રાચીન હસ્તલિખિત પ્રતો વગેરેમાંથી વાચન કરતા અને સૌ બહેનોના ભક્તિ ભાવનું વારિસિંચન કરતા.

તેમના સત્સંગના ફલ સ્વરૂપે શ્રીઠાકોરજીની વિવિધ લીલાના પ્રસંગો, રહસ્ય-ભાવના, લીલા ભાવના, ધોળ-કીર્તન-વધાઈ વગેરે સરળ અને રસમય શૈલીમાં સમજાવતા ગ્રંથો-ગોરસ ખંડ - ભાગ ૧ થી ૧૪ આવિર્ભાવ પામ્યા હતા. તદુપરાંત શ્રીપુરુષોત્તમસહસ્ર નામ સ્તોત્ર, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી વગેરે શ્રીમહાપ્રભુજી રચિત સંસ્કૃત સ્તોત્રો પણ શુદ્ધ ઉચ્ચારથી બહેનોને શીખવ્યા હતા. મહિલા મંદિરની બહેનો ઉપર તેમનો સ્નેહભાવ અને કૃપાદષ્ટિ વિશેષ હતી. વિશેષમાં નિત્ય રાત્રિના પણ તેમના ઘેર ભગવદ્ મંડલી થતી હતી. અનેક વૈષ્ણવો તેમના સત્સંગનો લાભ પામ્યા હતા. સત્સંગ એક માત્ર ભાવપોષણનું સાધન છે. દુ:સંગથી બચવાનો અન્ય કોઈ માર્ગ નથી એમ સદા કહેતા.

સદા ભગવદ્ નામથી પોષિત તેમનો દેહ વૃદ્ધાવસ્થાએ પણ નિરોગી અને સાત્ત્વિક હતો. કોઈ અસાધ્ય વ્યાધિનો પ્રવેશ થયો નહોતો. વૃદ્ધાવસ્થાના છેલ્લા બે વર્ષ સ્વપુત્રના ઘેર મુંબઈમાં પસાર કર્યા બાદ, અંતિમ દિવસોમાં વૈષ્ણવ બહેનોની દર્શન કરવાની ઈચ્છાને સ્વીકારી મોડાસા પાછા આવ્યા હતા. ભગવદ્ લીલામાં પ્રવેશ કરવાની અંતિમ ક્ષણોમાં સ્વમુખે કહ્યું હતું ‘‘ચાર ભગવદીયો મને લીલામાં લઈ જવા પધારવાના છે.’’ અંતિમ સમય નિકટ આવતાં કહ્યું ‘‘આ ચાર ભગવદીયોના મુખારવિંદના મને દર્શન પણ થઈ રહ્યાં છે.’’ આમ સ્વાનુભવ પ્રગટ જણાવી, ઉપસ્થિત વૈષ્ણવોને ભગવદ્ સ્મરણ કરી, કારતક વદ ૧૦ના પરોઢિયે નિકુંજનાયકની નિત્યલીલામાં પ્રવેશ કર્યો.

અખંડ ભગવદ્ નામથી રસાવિષ્ટ, સદા સત્સંગમય જીવન અને સત્સંગથી જ રસિકજનોનું ભાવપોષણ કરનાર એવા પરમ ભગવદીય ચુનીકાકા આજે પણ વૈષ્ણવ બહેનોના હૃદયમાં ચિરસ્મરણીય જ છે.

આવા મહાનુભાવ ભગવદીયના ચરણોમાં કોટિ વંદન.

■

૧૦

મહાનુભાવી મોટાભાઈ

(શ્રી છગનભાઈ રણછોડભાઈ મહેતા, દહેગામ)

લેખક : ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

'મોટાભાઈ'ના હુલામણા નામથી વૈષ્ણવ સમાજ અને વિશેષ કરીને ચતુર્થપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રી કનૈયાપ્રભુની સૃષ્ટિના સેવકો જેમને સંબોધે છે એવા અનન્ય કૃપાપાત્ર ભગવદીય એટલે શ્રી છગનભાઈ.

પ્રભાવશાળી વ્યક્તિત્વ, પુષ્ટ દેહ, શાંત-આનંદી સ્વભાવ અને મિલનસાર પ્રકૃતિ. સેવાપરાયણ એવં સમર્પિત જીવન એટલે શ્રી છગનભાઈ.

વિ.સં.૧૯૨૬ના મહા વદ ૧૨ના રોજ માલપુરમાં એક નાગર વૈષ્ણવ વણિક પરિવારમાં તેમનો જન્મ થયો હતો. માત્ર ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ પરંતુ બાલ્યવયથી પુષ્ટિ સાહિત્ય - વાચનનો શોખ હતો. પ્રાચીન હસ્તલિખિત સાહિત્ય શોધીને પ્રાપ્ત કરતા અને સ્વહસ્તે ઉતારો કરી લેતા. સ્મરણશક્તિ પણ અદ્ભુત હતી. ઘણાં ધોળ-પદ કંઠાગ્ર હતાં.

સં. ૧૯૪૯માં નિ.લી.ગો. શ્રીકનૈયાપ્રભુ શ્રીગોકુલથી માલપુર પધાર્યા ત્યારે આપશ્રીની કૃપાદૃષ્ટિ છગનભાઈ ઉપર પડી અને તે ક્ષણથી શ્રીકનૈયાપ્રભુએ છગનભાઈના હૃદયમાં નિવાસ કર્યો. આપશ્રીએ શરણે લઈ બ્રહ્મસંબંધનું દાન કર્યું અને છગનભાઈ પણ આપશ્રીના અનન્ય સ્વરૂપાસક્ત સેવક બન્યા. છગનભાઈના માથે શ્રીમુરલીમનોહરનું સ્વરૂપ, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીના પાદુકાજી બિરાજતા હતા.

શ્રીકનૈયાપ્રભુ જ્યારે ગુજરાતમાં પધારતા ત્યારે છગનભાઈને સાથે રાખીને પ્રવાસ કરતા હતા. માર્ગનું ગૂઢ રહસ્ય, ભાવભાવના, લીલાભાવના આદિ કૃપા કરીને સમજાવતા અને ક્યારેક ભગવદ્ લીલાનો અનુભવ પણ કરાવતા હતા. આપશ્રીની અમીભરેલ કૃપાદૃષ્ટિ છગનભાઈ ઉપર સદૈવ રહેતી હતી. વિરહાવસ્થામાં શ્રીકનૈયાપ્રભુ સાક્ષાત દર્શન પણ આપતા હતા.

માલપુર નાનું ગામ અને બધો જ સામાજિક અને વ્યવસાયિક સંબંધ અમદાવાદ સાથે હતો. આથી કેટલાક લૌકિક એવં અલૌકિક કારણોસર સં. ૧૯૬૨માં છગનભાઈએ માલપુર છોડી અમદાવાદ નજીક દહેગામ આવીને

રહેવાનું શરૂ કર્યું. વ્યાવૃતિ ખાસ હતી નહિ. બધો જ સમય ભગવદ્ સેવા-સત્સંગમાં વ્યતીત કરતા હતા.

નિ.લી.ગો. શ્રીકનૈયાપ્રભુએ નિત્યલીલા પ્રવેશના પાંચ દિવસ પહેલાં છગનભાઈને આજ્ઞા કરી હતી કે "તુમ દેશમેં જાઓ. તુમ્હે અભી દેર હે. તુમ્હારે સંગસે ઓર જીવ શરણ આવેગે." છગનભાઈ શ્રીગુરુઆજ્ઞાનું હાર્દ સમજી ગયા. આપશ્રી હવે નિત્યલીલામાં પધારવાના છે અને અંતિમ સમયે વિયોગનું દુઃખ અસહ્ય ન લાગે તે માટે આપશ્રી મને વિદાય કરવા ઈચ્છે છે. શ્રીગુરુવિયોગ સહન થાય તેમ નહોતો છતાં આજ્ઞા શિરોધાર્ય કરી અશ્રુભર્યા નયને, શ્રીગુરુ સ્વરૂપને હૃદયમાં પધરાવી ઘેર પાછા ફર્યા. દહેગામ આવ્યા બાદ શ્રીગુરુદેવ નિત્યલીલામાં પધાર્યાના સમાચાર મળ્યા. હૃદયમાં પારાવાર દુઃખ થયું પરંતુ શ્રીગુરુઆજ્ઞાનું સ્મરણ કરી ભગવદ્ સેવા અને સત્સંગમાં જીવન વ્યતીત કરવા માંડ્યું.

શ્રીહરિ-ગુરુ અને વૈષ્ણવ સેવામાં છગનભાઈ સદા ઓતપ્રોત રહેતા. અડધી રાત્રિએ આવનાર વૈષ્ણવનું પણ યથાશક્તિ સમાધાન કરતા અને પ્રેમથી સરભરા કરતા. ગો. શ્રીકનૈયાપ્રભુ સં. ૧૯૬૩માં નિત્યલીલામાં પધાર્યા બાદ આપશ્રીનો પ્રાગટ્યોત્સવ કારતક વદ ૧૧ના દિવસે ખૂબ જ ઉત્સાહ અને ભાવથી ઉજવવાનો છગનભાઈએ પ્રારંભ કર્યો. આ પ્રસંગે આપશ્રીના અનન્ય સેવકોને સ્નેહથી નિમંત્રણ પાઠવતા. આવનાર વૈષ્ણવોના ઉતારાની અને પ્રસાદની પણ સગવડ કરતા હતા. દશમની રાત્રિ કીર્તન-વધાઈમાં પસાર થતી. સમગ્ર રાત્રિ પ્રાગટ્યોત્સવના આગમની આનંદલહેરો ઉછળતી. રસિકજનો ભાવવિભોર બની આનંદ સાગરમાં રસમગ્ન બની જતા. એકાદશીના દિને સેવ્ય સ્વરૂપને કેસરસ્નાન-તિલક-આરતી અને અધિકાધિક વિવિધ સામગ્રી આરોગાવતા. સ્રય સમયના કીર્તન વધાઈ ગવાતાં તથા ઉત્સવદર્શન પછી સૌ વૈષ્ણવો મહાપ્રસાદ લેતા.

એક સમયે શ્રીકનૈયાપ્રભુના પ્રાગટ્યોત્સવના પ્રસંગે આશરે સવાસો જેટલા વૈષ્ણવોને છગનભાઈએ આમંત્ર્યા હતા. આકસ્મિક કાઠિયાવાડથી બીજા દોઢસો વૈષ્ણવોનો એક સંઘ આવી પહોંચ્યો. ભગવદ્ કૃપાથી એ જ મહાપ્રસાદમાંથી સર્વ વૈષ્ણવોનું સારી રીતે સમાધાન કર્યું. આમ છતાં મહાપ્રસાદ સહેજ પણ

ઘટ્યો નહિ. મહાપ્રસાદ કદી ઘટે જ નહિ તેની પ્રત્યક્ષ પ્રતીતિ ત્યાં ઉપસ્થિત સર્વ સમાજે અનુભવી.

પ.ભ. છગનભાઈને સૌ વૈષ્ણવો મહદ્ માનતા અને તેમનું ઘર 'મરજાદી મંદિર' તરીકે ઓળખાતું હતું. શ્રીકનૈયા પ્રભુના પાટોત્સવ સિવાય પણ અન્ય ઉત્સવો જેવાકે શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશપ્રભુનો મહાઉત્સવ, વિવાહ ઉત્સવ વગેરે મોટા પાયે ઉજવતા હતા. તે સમયે દહેગામ એક નાનું ગોકુલ બની જતું હતું. છગનભાઈના સંગથી ઘણા વૈષ્ણવોના જીવનપરિવર્તન થયા હતા તથા તેઓ વૈષ્ણવોના સ્વમાર્ગીય પ્રશ્નો તથા શંકાઓનું યથામતિ સમાધાન પણ કરતા હતા.

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ સેવાપરાયણ તેમજ આકાશવૃત્તિવાળા છગનભાઈના હૃદયનો ભાવ લૌકિક જીવોની સમજમાં આવવો કઠિન હતો. છગનભાઈ પ્રતિ મહદ્ભાવ કેટલાક વૈષ્ણવો ધરાવતા હતા. આ જોઈ ઈર્ષ્યાળુ વ્યક્તિઓએ ગો. શ્રીકનૈયાપ્રભુ સમક્ષ ફરિયાદ કરી. આ સાંભળી આપશ્રીએ આજ્ઞા કરી કે ''છગનભાઈ અમારા અંતરંગ સેવક છે. સદા ભગવદ્ સન્મુખતા એ જ તેમનો મહાન ગુણ છે. તેમની સન્મુખતા આગળ હજારો દોષો પણ ટકી શકે તેમ નથી. આવા ભગવદીયમાં દોષો સંભવી શકે જ નહિ. જે કંઈ છે એ અમારી નિજઇચ્છાનું જ કારણ છે. વૈષ્ણવમાં ભલે સહસ્ર ગુણો હોય પરંતુ ભગવદ્ સન્મુખતા નથી તો સર્વ કાંઈ વ્યર્થ છે.''

ગો. શ્રીકનૈયાપ્રભુના નિત્યલીલા પ્રવેશ પછી શ્રીમદ્ ગોકુલ ચતુર્થગૃહની ગાદી ઉપર પંચમ પીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ ગોદ પધાર્યા હતા. ફરીથી કેટલાક વૈષ્ણવોએ છગનભાઈ વિરુદ્ધ અઘટિત વાતો ગો. શ્રીવલ્લભલાલજીને કરી. છગનભાઈ જાણે નહિ તેમ આપશ્રી અચાનક દહેગામ પધાર્યા અને સ્વયં તપાસ કરી. છગનભાઈનો વૈષ્ણવો પ્રતિ અગાધ ભાવ, સેવા અને સત્સંગમય જીવન જોતાં આપશ્રી અતિ પ્રસન્ન થયા. આપશ્રીએ છગનભાઈ વિરુદ્ધ ફરિયાદ કરનાર વૈષ્ણવોને બોલાવી ઠપકો આપ્યો. ભગવદીયનું દોષદર્શન ન કરવાની તથા દીનતાપૂર્વક શુદ્ધ ભાવથી સત્સંગ કરવાની આજ્ઞા કરી. આવા ભગવદીય પ્રતિ ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ પણ ખૂબ જ આદરભાવ રાખતા હતા.

સં. ૧૯૯૩ના શ્રાવણ વદ પાંચમના દિને પ.ભ. છગનભાઈએ પ્રભુની નિત્યલીલામાં પ્રવેશ કર્યો. તેમના સુપુત્ર પ.ભ. મગનભાઈ પણ ગો. શ્રીકનૈયાપ્રભુના અતિ કૃપાપાત્ર અનન્ય સેવક હતા. પ્રાગટ્યોત્સવનો બધો જ ક્રમ પ.ભ. મગનભાઈએ યથાવત્ જાળવી રાખ્યો હતો. તેમના સંગથી પણ ઘણા જીવોનું ભાવપોષણ થયું હતું. ગો.વા. મોહનલાલ વિ. ગાંધી, ગો.વા. પ્રો. જેઠાલાલ ગો. શાહ, ગો.વા. દીનકિંકરભાઈ, ગો.વા. મોહનભાઈ લાલજીભાઈ ગાંધી, ગો.વા. ચુનીલાલ લાલજીભાઈ ગાંધી આદિ અનેક વૈષ્ણવો અવારનવાર દહેગામ આવતા હતા અને પ.ભ. છગનભાઈ તેમજ મગનભાઈની સેવા-સત્સંગનું સુખ પ્રાપ્ત કરતા હતા.

પ.ભ. છગનભાઈ ઉપર પ્રભુ અને ગુરુકૃપાની અસીમ વૃષ્ટિ વરસી હતી. આવા ભાગ્યવાન ભગવદીયના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

■

સેવા-સ્વધર્મ

શ્રીમહાપ્રભુજીના મતે સેવા સ્વધર્મ છે. પાર્ટટાઈમ ક્રિયા નથી.

સેવા ફળ મેળવવા, ભોગ ભોગવવા, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ મેળવવા માટે નથી.

સેવામા લૌકિક ચતુરાઈ અને પ્રપંચને સ્થાન ન હોય.

આપણા પોતાના તન-ધનથી આપણા ઘરમાં જ પ્રભુની સેવા કરવી.

સેવા પ્રભુના સુખ માટે કરવી, આપણા સુખ માટે નહિ.

સેવામાં સ્નેહ પાયાનો છે. મન પરોવવું અનિવાર્ય છે.

૧૧

પ્રકટ પ્રતાપ શ્રી ગિરિરાજજીનો

(મણીબેન જરીવાલા, સૂરત)

લેખક : શ્રી રમેશભાઈ પરીખ (મહેસાણા)

સુરતના જરીવાલા કુટુંબમાં મણીબેન નામનાં એક વૈષ્ણવ. વર્ષો સુધી કુટુંબ સાથે કાશીમાં રહે. પૂ.ગો. શ્રી ઈંદિરાબેટીજી જ્યારે વિદ્યાભ્યાસ માટે કાશી પધારેલાં ત્યારે મણીબેન ત્યાં તેમની ટહેલમાં રહ્યાં હતાં. ત્યારથી તેઓ આપની સાથે જ આજીવન રહ્યાં.

પૂ. બેટીજીના સેવ્ય સ્વરૂપ શ્રીગિરિરાજજી ઉપર તેમનો અનહદ ભાવ. તેઓ રાત દિવસ શ્રીગિરિરાજજીની સેવામાં જ તત્પર રહે. શ્રીગિરિરાજજી માટે દુધઘરની સુંદર સામગ્રીઓ સિદ્ધ કરે.

તેઓ પૂ. બેટીજીને પણ હંમેશાં દીનતાપૂર્વક વિનંતી કરે, ''આપ શ્રી ગિરિરાજબાવાને સાચા શૃંગાર જ અંગીકાર કરાવો.'' તેઓ આપની ચરણભેટ લઈ પોતાની પાસે સાચવી રાખે અને જરૂર પ્રમાણે શ્રીગિરિરાજબાવાના નવા, સાચા શૃંગાર તૈયાર કરાવવા માટે આપને આપે.

કોઈ દુ:ખી વૈષ્ણવ તેમની પાસે આવે ત્યારે તેઓ તેનું દુ:ખ જોઈ ન શકે. શ્રીગિરિરાજબાવાનું સ્મરણ કરી તેમની પ્રસાદી પુષ્પમાળાનો પ્રસાદી દોરો લઈ તે વૈષ્ણવને આપે અને પ્રેમથી સમજાવે કે તું શ્રીગિરિરાજબાવાનો આ પ્રસાદી દોરો તારા ગળામાં પહેરી રાખ. તેઓ કૃપાસાગર છે. તારાં સર્વ વિઘ્નો તેમની કૃપાથી દૂર થશે. તું તેમનામાં શ્રદ્ધા રાખ. તેમનું વચન શ્રીગિરિરાજબાવાની કૃપાથી સિદ્ધ પણ થાય. આમ, અનેકનાં દુ:ખ તેમની આડીથી શ્રીગિરિરાજબાવાએ નિવૃત્ત કર્યાના અનેક પ્રસંગો આજે પણ વડોદરાના વૈષ્ણવો સંભારે છે.

જન્માષ્ટમીનો દિવસ હતો. ઉત્સવ માટે ખૂબ ઉત્સાહથી તેમણે દુધઘરની સર્વ સામગ્રીઓ સિદ્ધ કરી હતી. શૃંગાર સમયે શ્રીગિરિરાજબાવાને તિલક થયું અને આરતી થઈ. ત્યારે તેમણે દંડવત કર્યાં અને તે જ વખતે શ્રીગિરિરાજબાવાએ તેમને પોતાની નિકુંજમાં બોલાવી લેવા માટે જાણે પોતાનો શ્રીહસ્ત લંબાવ્યો. દંડવત કરતાં તેઓ ઢળી પડ્યાં. પરંતુ હજી તેમનો શ્વાસ

ચાલુ હતો. તેમને બહારના ખંડમાં લઈ જઈ સુવાડ્યાં. પૂ. બેટીજીએ શ્રીગિરિરાજબાવાના પ્રસાદી કંકુનો તેમના કપાળમાં ચાંલ્લો કરી પોતાના કંઠની તુલસી માળા તેમને પહેરાવી કે તરત જ તેમની આંખો સદાને માટે મીંચાઈ ગઈ.

શ્રીગિરિરાજબાવાની આજીવન સેવા કર્યાનું આવું ઉત્તમ ફળ તેમને પ્રાપ્ત થયું.

■

ભગવદીયના ભાવ

ભગવદીયના ભાવ સૌને ભીંજવે રે લોલ,
દેવ-ઋષિથી એ અતિ મોટા રે લોલ,
એમની નહીં જગમાં કોઈ જોડ રે લોલ. (૧)

પ્રભુજી એમની પૂંઠે સદા ફરતા રે લોલ,
દેવ-દેવી સૌ એમને નમતા રે લોલ. (૨)

શ્રીવલ્લભવર એમનાથી રીઝતા રે લોલ,
ગીતાજી યે એમની સ્તુતિ કરતાં રે લોલ. (૩)

એમનાં નેત્રોમાં નટવર ઝળકે રે લોલ,
સેવાસ્મરણમાં એમનું મુખડું મલકે રે લોલ. (૪)

હરિ-ગુરુ-વૈષ્ણવને બહુ વ્હાલા રે લોલ,
એમની સેવાના મારે લેવા લ્હાવા રે લોલ. (૫)

એવા ભગવદીયનો દાસ મારે થાવું રે લોલ,
દમલાજી મારી આશ પૂરજો રે લોલ. (૬)

૧૨

ભક્તિનો પ્રભાવ

(સૂરા ભગત-ભેસાણ)

લેખક : શ્રી પ્રેમલાલ ગો. મેવચા

‘ભગત બાપા ! આપણા બૂટિયા ખેતર સુધી જરા આંટો આવી જાવ ને !’

‘ભાઈ! ખેતરે મારું શું કામ છે....? કામ હોય તો શામજીને તેડી જા.’ આમ કહીને સૂરા ભગત પ્રભુસ્મરણ કરવા લાગ્યા.

‘બાપા, શામજીભાઈ તો ખેતરે જ છે.’

‘તો પછી ?’

‘હું ખેતરમાં હળ હાંકતો’તો, ત્યાં અચાનક હળની કોશ કશાકને ભટકાણી! આડું કંઈક નડે છે....’

‘એટલા સારુ તું મને તેડવા આવ્યો છો ? જાને, બાપ! એક ચાસ પડતો મૂકીને હળ હાંકવા માંડ. એક ઓળ ન વવાય તો વાંધો નહીં. મારા વ્હાલાજીએ ઘણું ય આપ્યું છે ને હજી આપશે. વિશ્વાસ રાખ્ય. તું ખેતરે પહોંચી જઈ, જ્યાં કોશ ભટકાય છે, ઈ ચાસ પડતો મૂકીને હળ હાંકવા મંડી જા. મારે ખેતરે આવવું નથી.’ સૂરા ભગતે મા ગૃધઃકસ્યસ્વિદ્ધનમ્ (પોતાના કે પારકા, કોઈ પણ ધનની લાલચ ન રાખો)- એ ઉપનિષદ્વાક્યનું અવલંબન કરી ખેતરે જવાની પોતાની અનિચ્છા દર્શાવી.

પૂર્ણપુરુષોત્તમ પ્રભુનાં શ્રીચરણોથી અંકિત થયેલ સોરઠ ભૂમિમાં પવિત્ર રેવતાચલની છાયામાં જૂનાગઢથી ચૌદ માઈલ દૂર ઉબેણ નદીના કાંઠા ઉપર આવેલા ભેસાણ ગામમાં સૂરાભાઈ પોતાના કુટુંબ સાથે રહેતા હતા. એઓ જાતે દરજી વૈષ્ણવ અને શ્રીગોપેંદ્રજીના સેવક હતા. ભક્તિના રંગે રંગાયેલા હોવાથી કામધંધો કરતાં કરતાં પણ પ્રભુસ્મરણ કર્યા કરતા. આથી ગામનાં નાનાંમોટાં એમને ‘ભગત’ ઉપનામથી સંબોધતાં. ભેસાણ ગામ ભાયાતી ગરાસદારોનું હોઈ, દરબાર રાવત ખુમાણની હકૂમત તળે હતું. દરબારને પણ સૂરાભાઈની વૈષ્ણવતા પ્રત્યે માન હતું. દરબારે ખેતી માટે બે સાંતીની જમીન અધાટ વેચાણ આપી હોવાથી એઓ સાથી રાખીને ખેતી કરાવતા. પોતે દરજી કામ કરતા; મોટો પુત્ર શામજી ખેતીનું કામ કરતો, બાલગોપાલ પણ

ખેતીકામમાં મદદ કરતાં, સૂરાભાઈ જંજાળથી મુક્ત હતા; છતાં પેઢીમાં બેઠાં બેઠાં ઘરાકને સિલાઈકામ કરી આપતા. તે દિવસે ખેતરેથી આવીને સાથીએ ઉપરના સમાચાર આપ્યા, ત્યારે પેઢીમાં બેઠાં બેઠાં ઘરાકનાં કપડાં સીવતાં સીવતાં માનસિક ભગવત્સ્મરણ કરી રહ્યા હતા.

એમના જવાબથી બેઠેલાં માણસોને કુતૂહલ થયું ને તેઓ ભગતને કહેવા લાગ્યાં :

‘ભગત, હાલોની આપણે બધાય જોયીં તો ખરા કે શું છે? મનનો વે’મ તો ટળે....? અને ખેતર ક્યાં છેટું છે? પાદરમાં જ તો છે.’

સૌના આગ્રહને વશ થઈને સૂરા ભગત પેઢીમાંથી બહાર નીકળતા હતા, ત્યાં ગામના દરબાર આવી ચડ્યા ને ‘ભગત, જે ગોપાલ’ કહી ‘ક્યાં જાવ છો?’- એમ પૂછયું.

ભગત કહે : ‘બાપુ, બૂટીયે ખેતરેથી લખમણ તેડવા આવ્યો છે ને કિયે છે કે ખેતરમાં હળ હાંકતાં કોશને કાંક નડે છે.... તે બાપુ, તમેય હાલોને !’

દરબારે જવાબ આપ્યો : ‘ભલે, હાલો.’

દરબાર અને ચાર-પાંચ ખેડૂતોની સાથે સૂરાભાઈ ખેતરે આવી પહોંચ્યા. દરબારના કહેવાથી સાથે આવેલ ખેડૂતમાંથી એક જણે બળદની રાશ હાથમાં લઈ એને ચાલવા માટે ડચકારો કર્યો; પણ જોર કરવા છતાં બળદ આગળ વધી શક્યા નહીં ! બધાંને થયું : નક્કી હળની કોશને કોઈ પાણો-બાણો નડે છે! પછી હળ છોડી નાખ્યું અને જ્યાં નડતર જણાતું હતું, ત્યાં કોદાળીથી ખોદીને માટી દૂર કરી તો તે જગ્યાએ એક ચરુ (દેગડો) જોવામાં આવ્યો ! બધાંના કહેવાથી આજુબાજુ ખોદીને દેગડો બહાર કાઢ્યો. દેગડાનું મોઢું બંધ હતું, છતાં તેના વજન ઉપરથી બધાંએ કલ્પના કરી કે તેમાં ધન ઘણું હોવું જોઈએ. સૂરાભાઈની સામું જોઈને એક જણે કહ્યું :

‘ભગત ! તમે બહુજ ભાગ્યશાળી છો ! તમારી ભક્તિનું ફળ મળ્યું....! લ્યો, તમારે ઘેર પહોંચાડી દઈએ.’

પ્રત્યુતરમાં સૂરાભાઈએ કહ્યું : ‘ભાઈ, તમારું કહેવું ખરું છે. મારી ઉપર ભગવાનની ઘણી જ દયા છે. પણ આ દેગડો મારી કમાણીનો નથી, એટલે મારા ખપનો નથી. જમીનના ઘણી આ દરબાર છે, તો એમને સોંપી દ્યો.’

સૂરાભાઇનાં અનાસક્ત વચનોથી દરબાર અને ત્યાં ઉપસ્થિત બધાંના આશ્ચર્યની અવધિ થઇ ગઇ ! ધનને માટે માણસો કેટલાં વલખાં મારે છે! કેવાં ન કરવાનાં કામ કરે છે ? અને આ સૂરાભાઇની સામે સાક્ષાત લક્ષ્મીજી આવે છે, તો એની સામે પણ જોતા નથી ! કહે છે કે 'મારી કમાણીનું એ ધન નથી, મારા ખપનું નથી!' દરબારના હૃદય ઉપર સૂરાભાઇની નિર્લોભ વૃત્તિ અને અનાસક્ત દશાનો અત્યંત પ્રભાવ પડ્યો ! એમણે સૂરાભાઇની સામું જોતાં કહ્યું:

'ભગત, આ ખેતર મેં તમને માલિકી હક્કથી વેચાણ આપ્યું છે. માટે આ તમારી જમીન ગણાય. એમાંથી સોનું-રૂપું કે જરઝવેરાત જે નીકળે, તેના ધણી તમે જ છો. મારે એ ન ખપે !'

ભગત અને દરબાર વચ્ચે નિર્લોભ વૃત્તિનો સંવાદ ચાલે છે, ત્યાં એક માણસે ચરુ ઉપરથી માટી સાફ કરી, તો તેના કાંઠા ઉપર નાગરી લિપિમાં લખાયેલું નામ જોવામાં આવ્યું :

'દરબારશ્રી માણસિયાવાળા-ગામ મેંદરડા દેગડો નં. ૧ ખાંડિયો તાંબાનો પિતલના કડાવાળો !'

ભણેલા હતા, એમણે આ નામ વાંચી જોયું. બધાએ એકમત થઇને નિર્ણય કર્યો કે 'હવે આપણે મેંદરડા ખેપીઓ મોકલીને દરબાર હરસૂરવાળાને અહીં બોલાવી, એમના દાદા માણસિયાવાળાનો દેગડો એમને સોંપી દઇએ.'

તરત જ દરબારે ઓતા (ઉત્તમરામ) ગોરને બોલાવી, એને ચિઠ્ઠી લખી આપીને મેંદરડા રવાના કર્યા.

મેંદરડાના હરસૂરવાળા ચોવીસ ગામના ધણી હતા. એમની ધાક એટલી હતી કે કોઇ લૂંટારો કે હરામખોર એની પ્રજાને રંજાડી ન શકે ! ઓતા ગોર મેંદરડા પહોંચ્યા, ત્યારે દરબાર હરસૂરવાળા, ગઢની ચોપાટ (બેઠક) ઉપર ડાયરો ભરીને બેઠા હતા. અકીકની ખરલમાં અફીણ ઘૂંટાતું હતું અને બરણીમાંથી એનો કસૂંબલ રંગ પ્યાલીમાં ટપકતો હતો. ડાયરાના બંધાણીઓ એકબીજાને મુજરો ભરીને, આગ્રહ કરીને અમલ લેવડાવતા હતા. અમલનો રંગ ચડે તે માટે શૂરવીરની યાદ દેવડાવતા હતા : રંગ છે, બાપુને !' 'રંગ છે, આપના દાદાને!'

'રંગ છે, દેવળવાળાને ! 'રંગ છે, જેતાણાના ધણી ચાંપરાજવાળાને !' 'રંગ છે, બાપુ માણસિયાવાળાને !' કસૂંબાનો રંગ ચઢે એટલા માટે એક ગઢવી દરબારના પૂર્વજોને બિરદાવતો ચારણી શૌર્યગીત બોલી રહ્યો છે. બરાબર રંગ જામી રહ્યો છે, ત્યાં હજુરિયાએ ભેસાણથી આવેલા ઓતા ગોરના ખબર આપ્યા. દરબારે એમને માનપૂર્વક લઇ આવવા આજ્ઞા કરી. ઓતા ગોરે આવીને દરબારને અને ડાયરાને આશીર્વાદ આપીને ભેસાણ દરબારની ચિઠ્ઠી આપી. દરબારે કામદાર પાસે કાગળ વંચાવ્યો. કાગળની વિગત સાંભળીને બધા નવાઇ પામી ગયા ! 'મોટા બાપુ માણસિયાવાળાએ દાટેલ ધન ભેસાણની સીમમાં કેવી રીતે જાય !' આવી રીતે બધા અનેક તર્કવિતર્ક કરવા લાગ્યા.

દરબાર હરસૂરવાળાએ આ વાત ઉપર વિચાર કર્યા પછી નિર્ણય કરવાનું જણાવી, ઓતા ગોરના રાત્રિનિવાસની તથા જમવાની વ્યવસ્થા કરાવી. બીજે દિવસે સવારે રવાના થઇ ઓતા ગોરની સાથે સાંજ પહેલાં દરબાર હરસૂરવાળા ભેસાણ આવી ગયા. રાતે વાળુ-પાણી કરી મહેમાન સાથે દરબાર ચોપાટે બેઠા હતા. ગામમાંથી પાંચ-દશ પટેલિયા, ગોર, વેપારીઓ, કામદાર અને દરબારના બોલાવવાથી સૂરાભાઇ પણ આવ્યા હતા. થોડીકવાર અન્ય વાતચીત કર્યા પછી ભેસાણ દરબારે સૂરાભાઇના ખેતરમાંથી ચરુ નીકળ્યાની અને એના ઉપર માણસિયાવાળાનું નામ હોવાથી દરબાર હરસૂરવાળાને વાત કરી, ' આ તમારો માલ છે; તો તમે સંભાળી લો' એમ આગ્રહપૂર્વક કહ્યું.

દરબારગઢના એક ઓરડામાં પડેલા ચરુને તથા એના ઉપર લખેલ નામને વાંચી, દરબાર હરસૂરવાળા પાછા ડાયરામાં આવ્યા. એમણે પોતાનો નિર્ણય જણાવતાં કહ્યું :

'દેગડા ઉપર નામ-ઠામ જોતાં એ મારા મોટા બાપુના છે, તે નક્કી છે. મારા દાદાએ એને પોતાની જમીનમાં દાટ્યો હશે, પણ તમારી સીમમાંથી નીકળ્યો છે, એટલે હવે તમારો જ છે. જો આ માયા, મારા નસીબની હોત, તો અહીં તમારી પાસે આવત નહીં. માટે આ દેગડાના ધણી સૂરા ભગત છે, એમ હું માનું છું; કેમ કે તે એમના ખેતરમાંથી નીકળેલ છે.'

આમ ત્રણેય જણાને માયા પ્રત્યે મમતારહિત જોઇને ત્યાં આવેલ ગામનાં માણસોમાંથી એક પંચની નિમણૂક કરવામાં આવી. પંચે આપસમાં ચર્ચા

કરીને નિર્ણય આપ્યો કે બંને દરબારો વિવેકબુદ્ધિથી દેગડાની માયા ઉપરનો પોતાનો હક્ક જતો કરે છે, એ એમના મનની મોટાઇ છે. સૂરા ભગતની પણ એમાં લેશમાત્ર આસક્તિ નથી; તો અમે સર્વાનુમતે એવો નિર્ણય આપીએ છીએ કે આ દેગડામાંથી જે કાંઇ દ્રવ્ય નીકળે એને સૂરા ભગત, ભગવાન અર્થે વાપરે. એઓ જે ધરમનું કામ આરંભે તેમાં દરબાર અને ગામના માણસો સાથ-સહકાર આપશે. આમ થવાથી દ્રવ્યની સાર્થકતા થશે અને ગામની શોભા વધશે.'

'પંચ કહે સો પરમેશ્વર' કહી સૂરાભાઇએ પંચનો નિર્ણય માન્ય રાખ્યો. બીજે જ દિવસે સૂરાભાઇ જૂનાગઢ ગયા અને દેસાઇ મથુરાદાસ તથા દ્વારકાદાસને બનેલી વાત વિગતવાર સંભળાવીને વિનંતી કરી :

'દેસાઇ! તમે શ્રીઠાકોરજીના કૃપાપાત્ર છો. તો આ ધન ભગવદ્‌વિનિયોગમાં આવે એવો રસ્તો બતાવો.'

મથુરાદાસ દેસાઇએ તરત જ પોતાના ભત્રીજા વિનોદરાય, હરિરાય અને રામરાયને તથા નારણ ભટ્ટને પોતાને ઘેર બોલાવ્યા. ચર્ચા વિચારણા પછી, બધાએ એકમત થઇને મહામંડપમાં દ્રવ્યનો વિનિયોગ કરવાનો પોતાનો વિચાર જણાવ્યો. સૂરાભાઇએ ભગવદીયોની વાતને વધાવી લીધી. મહામંડપની તિથિનો નિર્ધાર કરવા માટે ઉપલેટાથી કૃષ્ણ ભટ્ટને, ધોરાજીથી જીવનદાસને, માંગરોળથી રણછોડ પંડ્યાને, સૂત્રેજથી ઓઝા સૂરજીને, લાખણકાથી મોરારદાસને, રાજકોટથી પદમાકરને તથા કુતિયાણા, પોરબંદર, વાંસાવડના પ્રમુખ વૈષ્ણવોને તેમજ રાજગરને ભેસાણ પધારવા માટે વિનંતીપત્ર મોકલી દીધા.

નિમંત્રણ કરેલા બધા ગામના ભગવદીયો ફાગણ વદી ૫ ના દિને ભેસાણ આવી પહોંચ્યા. સર્વ ભગવદીયોની આજ્ઞાનુસાર સં.૧૭૫૪ના ચૈત્ર સુદી ૧૪ મંગળવારના પરમ પવિત્ર દિવસે મહામંડપનો નિર્ધાર કર્યો અને ફાગણ વદી ૬ ના દિવસે માર્ગની પ્રણાલિકા પ્રમાણે બ્રાહ્મણ વૈષ્ણવ ખીમજી રાજગરાના હસ્તે મંગલ મુહૂર્તમાં શ્રીમદ્‌ગોકુળમાં પત્રિકા લખવાનો પ્રારંભ થયો.

મહામંડપરૂપ આધિદૈવિક યજ્ઞની દીક્ષા લીધા પછી ઘરબાર, માલમિલકત, ખેતરવાડી, પૈસો ટકો વગેરે મોહક વસ્તુમાંથી 'હું-મારું'ની ભાવના દૂર કરી, પોતાનું ધણીપદ તજી દઇને સૂરાભાઇ અષ્ટપ્રહર પ્રભુસ્મરણમાં લીન બની ગયા. મંડપ અંગેનું તમામ કાર્ય વૈષ્ણવોને સોંપી દીધું. મંડપની કુંકુમ પત્રિકા લખાઇ ત્યારથી જ, સૂરાભાઇના ઘરનાં સ્ત્રીજનોએ ઘરના ઉંબરા, આંગણા અને ચોકમાં કુંકુમ-હળદરના સાથિયા પૂરવા માંડ્યા. ટોડલે આસોપાલવનાં તોરણો બંધાયાં અને મંગલ ગીતો, ધોળ ગવાવા લાગ્યાં. સામગ્રીની પૂરતી તૈયારી થઇ ગઇ. ગિરના માલધારીઓ પાસેથી ઉત્તમ પ્રકારનું તૂપ (ઘી) ખરીદી લીધું.

સામૈયાને દિવસે (ચૈત્ર સુદી ૧૩ના દિવસે) વૈષ્ણવોનાં યૂથનાં યૂથ ભેસાણ ગામના પાદરમાં આવી પહોંચ્યાં.

વૈષ્ણવ સમુદાય એકત્રિત થયો. સૂરાભાઇના આંગણામાં ઉપસ્થિત મંડપ નીચેથી સામૈયું સાબદું થયું. મંગલ કલશ ભરીને ઘરની કુળવધૂએ તે મુખ્ય કલશને પોતાના મસ્તક ઉપર પધરાવ્યો. અન્ય વૈષ્ણવ બહેનોએ પણ પોતપોતાના મસ્તક ઉપર કલશ પધરાવ્યા અને મંગલ ગીત-વાદ્યો સાથે સામૈયું ગામના પાદરમાં આવ્યું. સૂરાભાઇએ આગંતુક વૈષ્ણવ મંડળને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી 'જય ગોપાલ' કર્યા. અરસપરસ ભેટ્યાં. આ ભાવવાહી દૃશ્ય નીરખતાં વૈષ્ણવોનાં નેત્રોમાંથી હર્ષાશ્રુઓ વહેવા લાગ્યાં! 'આવોને અતિ બડભાગિયા રે, મળી જોવાને જઇએ....'એ સામૈયાનું કીર્તન બોલતાં મંડળીના વૈષ્ણવો આવેશમાં આવી ગયા. ભેસાણ ગામ, વૈષ્ણવોની ચરણરજથી પવિત્ર થયું. જયનાદથી ગગન ગુંજી ઊઠ્યું. મધ્યરાત્રિ પછી સામૈયું મંડપ નીચે આવી પહોંચ્યું. તરત જ પ્રસાદ લેવાનો હેલો પડ્યો.

વૈષ્ણવોની પંક્તિઓ પ્રસાદ લેવા બેસી ગઇ. બધાની પાતળમાં ભેળું ભાત પીરસાઇ ગયું. સુરાભાઇએ બધા વૈષ્ણવોની પાતળમાં દૃષ્ટિ કરી તો એમને લાગ્યું કે હજી કોઇની પાતળમાં તૂપ ધરાયું નથી. થોડી વાર વાટ જોઇને એઓ ભંડારામાં આવ્યા તો પીરસવાવાળા વૈષ્ણવો ટોળે વળીને કાંઇક ચર્ચા કરી રહ્યા હોવાનું એમને જણાયું. પાસે આવીને એમણે વિનયપૂર્વક કહ્યું :

'મારા વહાલા ! ચર્ચા પછી કરજો. ઝટ વૈષ્ણવોની પાતળમાં તૂપ ધરવા મંડો.'

સૂરાભાઇનાં વચનો સાંભળીને બધા પરિવેષ્ટાઓ એક-બીજાની સામું જોવા લાગ્યા. સૂરાભાઇને લાગ્યું કે તેમને કાંઇક કહેવું છે, પણ કહી શકતા નથી; એટલે એમણે પૂછ્યું :

‘કેમ....? કાંઇ મૂંઝવણ છે, મારા વહાલા ! ઝટ ચોખવટ કરો. વૈષ્ણવો પાતાળ ઉપર બેસી રહ્યા છે.’

તેમાંના એક વૈષ્ણવે સૂરાભાઇની નજીક આવીને કહ્યું : ‘ભગત ! પ્રભુના દરબારમાં કાંઇ મૂંઝવણ હોય જ નહીં. પણ....’ બોલતાં બોલતાં વૈષ્ણવ થંભી ગયા!

‘પણ....! શું....? ઝટ વાત કરો.’

‘તૂપ ઘટે એમ લાગે છે.’

‘તો શું કરવું ?’ સૂરાભાઇએ વૈષ્ણવોનો અભિપ્રાય માગ્યો.

‘અટાણે બીજું તો શું થાય ? પણ તૂપ ધરવાવાળાએ જરા સમજી-વિચારીને ધરવું.’

‘એટલે કે સંકોચ કરીને ધરવું-એમને ?’

‘હા. તો જ બધી પાતળને પહોંચી વળાય.... આપણી પાસે જેટલું તૂપ છે. તે અટાણે ખીચડી ખેલમાં પણ માંડ પૂરું થાય તેમ છે! અને હજી તો આવતી કાલના મધ ખેલની સામગ્રી કરવી બાકી છે.’

‘હવે સમજ્યો.... પણ મારા વહાલા, એમાં મૂંઝાવાનું હોય ? ઇ તો ધણીનું કામ ધણી જ ઉકેલશે. તમે તમારે જરાય સંકોચ રાખ્યા વિના તાંબડીની ધારે તૂપ ધરવા મંડો ! મારા વહાલાજીને જરાય પરિશ્રમ ન પડે એમ ધરાઇને મહાપ્રસાદ લેવડાવો. જાઓ, ઝટ કરો. જો જો હોં, હાથ સંકોરશો મા. તૂપની ધાર અખંડ રાખજો ! પ્રભુ ગોપાલ....’

આમ કહીને સૂરાભાઇ એક એકાંત ખૂણામાં બેસી ગયા અને અષ્ટાક્ષરનો જપ કરવા લાગ્યા.

સૂરાભાઇએ તો બધું પ્રભુચરણોમાં સમર્પણ કરી દીધું હતું, એટલે એમને કશી ચિંતા નહોતી; પણ અનન્યતાથી ચિંતન કરવાવાળાના યોગ-ક્ષેમનો નિર્વાહ કરવાવાળા પરમ કૃપાળુ પ્રભુ, ભક્ત માટે સદૈવ જાગૃત જ હોય છે. બ્રાહ્મમુહૂર્ત થવા આવ્યું હતું. વૈષ્ણવોની ત્રીજી પંગત પ્રસાદ લેવા બેસતી હતી, ત્યાં એક વૈષ્ણવે આવીને સૂરાભાઇને કહ્યું :

‘ભગત ! એક વેપારી તૂપ લઇને આવ્યો છે. આપણે લઇ લેશું ?’

તૂપનું નામ સાંભળતાં જ સૂરાભાઇ રોમાંચિત થઇ ગયા ! હર્ષાવેશમાં એઓ બોલી ઊઠ્યા :

‘તૂપ આવ્યું છે ? વાહ, મારા વહાલા !’

આમ કહીને સૂરાભાઇ ચાર-પાંચ વૈષ્ણવની સાથે ફળિયામાં આવી પહોંચ્યા. વેપારીની પાસે જઇને પૂછ્યું :

‘બહુ જ ટાણાસર આવી પહોંચ્યા, મારા વહાલા!....કેટલું છે? શા ભાવે આપશો ?’

વેપારીએ સૂરાભાઇની સામું જોઇને કહ્યું : ‘ભગત ! આ કૂપી બે મણના માપની છે. તમે રાખી લ્યો. અને ભાવ તો જે ચાલતો હોય તે આપજો. અત્યારે આનંદથી તમારો પ્રસંગ ઉકેલો. હું સવારે આવીને હિસાબ લઇ જઇશ. અને જુઓ : કૂપીમાંથી જેમ જોઇએ, તેમ વાસણમાં કાઢતા જજો. એને ઊંધી ન વાળશો.’ સૂરાભાઇ એમને કાંઇક કહેવા જાય છે, તે પહેલાં તો વેપારી ચાલતા જ થઇ ગયા !

ઘીની કૂપી સામું જાતાં સૂરાભાઇનું હૃદય નાચી ઊઠ્યું ! જે વસ્તુની જરૂર હતી, તે પ્રભુએ સામે ચાલીને પૂરી પાડી! એમણે વૈષ્ણવોને કહ્યું :

‘લ્યો, મારા વહાલા ! તૂપને ભંડારમાં પધરાવી, ઇચ્છાનુસાર શ્રીઠાકોરજીને અંગીકાર કરાવો.’

વૈષ્ણવોએ મુક્ત મને તૂપનો ઉપયોગ કર્યો ! મધખેલની સામગ્રીમાં પણ વાપર્યું. બધું કાર્ય પૂર્ણ થયા પછી ‘કૂપીમાં હજી કેટલું છે?’- એમ મનમાં વિચારીને જોયું તો તે સંપૂર્ણ ભરેલી જ જોવામાં આવી ! આ વાત કર્ણોપકર્ણ વૈષ્ણવોમાં ફેલાઇ. સૂરાભાઇની સાથે બધાએ આવીને કૂપીનાં દર્શન કર્યાં. મુખ સુધી તૂપથી ભરેલી કૂપી જોતાં એમના આશ્ચર્યનો પાર ન રહ્યો! આ શું !....ખીચડીખેલમાં અને મધખેલની સામગ્રીમાં ખૂબ વાપરવા છતાં ઘી તો હજી એટલું ને એટલું જ છે !

સૂરાભાઇને ઘીના વેપારીનું સ્મરણ થતાં એમણે વૈષ્ણવોને કહ્યું : ‘ભાઇ આપણું તો કામ થઇ ગયું ! હવે ઘીના વેપારીને બોલાવો તો ખરા ! એની કૂપી અને હિસાબ આપી દઇએ !’

બધાએ ગામમાં અને આસપાસમાં શોધ કરી, પણ એવા કોઇ વેપારી મળ્યા નહીં, તેમ કોઇએ તે વિષે કાંઇ સમાચાર પણ ન આપ્યા ! એમણે આવીને વૈષ્ણવો વચ્ચે બેઠેલા સૂરાભાઇને સમાચાર આપ્યા કે ‘બધે તપાસ

કરવા છતાં એ વેપારી જોવામાં આવ્યા નથી, તેમ કોઇને એ વિષે કાંઇ જાણ પણ નથી, કોઇ એમને ઓળખતું પણ નથી !'

'આપણે ઓળખાવીએ તો ઓળખે ને ?' એક વૈષ્ણવે કહ્યું.

'કેવી રીતે ?' વૈષ્ણવોએ એમની સામું જોઇને પૂછ્યું.

શ્રીગોપેંદ્રજી જેવો ભીનો વાન, મોટાં અણિયાળાં નેત્રો, મૂછ પણ એવી જ અને અણસાર....' એ વૈષ્ણવ વાક્ય પૂરું કરે તે પહેલાં જ સૂરાભાઇ ભાવાવેશમાં બોલી ઊઠ્યા :

'વાહ, મારા વહાલા! ધન્ય છે, તમને!... પણ 'અણસારવાળા' કયો મા. ઈ તો સાક્ષાત્ પોતે જ-ઠાકર-હતા !' આમ કહેતાં સૂરાભાઇ મૂર્છાગત થઇ ઢળી પડ્યા.

પછી તો ગામનાં બધાં માણસો, ઘીની એ પવિત્ર કૂપીનાં દર્શન કરી, ભગતની અને એમની ભક્તિની સરાહના કરી ગયાં !

■

સેવા અને સ્વાર્થ

આપણા સ્વાર્થને પોષવા સેવા ન કરવી.

સેવા આજીવિકા કમાવાનું સાધન નથી, સેવાને ધંધો ન બનાવીએ.

આપણી સેવાનું જાહેરમાં પ્રદર્શન ન કરીએ.

બીજાના પૈસા લઈને સેવા ન કરાય. પૈસા આપીને બીજા પાસે સેવા ન કરાવાય.

આપણા ઠાકોરજી બીજા લોકોને દર્શન કરાવવા માટે નથી.

સેવાનું પ્રદર્શન ન થાય.

૧૩

કૃપાસાગર શ્રીયમુનાજી

(વ્રજદાસ અને વલ્લભદાસ)

લેખક - જાદવજી ખેરાજભાઈ (સુરત)

'શ્રીકૃષ્ણઃ શરણં મમ,''શ્રીકૃષ્ણઃ શરણં મમ.' એ મંત્રના ઉચ્ચાર સાથે નેત્રોમાં ચોધાર અશ્રુઓ, પશ્ચાત્તાપના અગ્નિમાંથી પ્રકટ થતો ઉષ્ણ નિશ્વાસ અને ધરતી ફાટી પડે તો સમાઇ જવાની તૈયારી એવી ઉગ્ર ગ્લાનિ સાથે વ્રજદાસ અભૂતપૂર્વ અકળામણ અનુભવી રહ્યો હતો.

પ.ભ. વલ્લભદાસભાઇ આ સમયે અચાનક ત્યાં આવી ચડ્યા, અને વ્રજદાસની આવી દશા જોઇને આશ્ચર્યચકિત બની ઉભા રહી ગયા. વ્રજદાસને વલ્લભદાસના આગમનની ખબર ન પડી એટલે એનું ધ્યાન ખેંચવા માટે વલ્લભદાસે જયશ્રીકૃષ્ણ કહ્યા.

વ્રજદાસ વિહ્વળ દશામાંથી જાગૃત થયો. પોતાના પિતાના પરમ મિત્ર વલ્લભદાસને આવેલા જોઇને એકદમ ઊભો થઇ તેમનાં ચરણમાં પડી ગયો. નેત્રમાં જલપ્રવાહ શરૂ થયો. અશ્રુજળથી જાણે ભગવદીયનાં ચરણોનો અભિષેક કરી રહ્યો ન હોય !

વલ્લભદાસનાં નેત્રો પણ સજળ બન્યાં. એમણે વ્રજદાસને ઊભો કરી, હૈયાસરસો ચાંપી, આવી વિહ્વળતાનું કારણ પૂછ્યું. વલ્લભદાસના સાંનિધ્યથી વ્રજદાસને પણ કંઇક શાંતિ થઇ. કારણ 'બિનુ હરિ કૃપા મિલહિ નહીં સંતા.'

વ્રજદાસે રુદન સાથે અસ્ફુટ શબ્દોમાં કહેવાનું શરૂ કર્યું : 'વડીલ ! આપ તો જાણો જ છો કે મારા માતાપિતા પરમ ભગવદીય હતાં. સંસારમાં રહેવા છતાં સંસારથી વિરક્ત હતાં. હરિ-ગુરુ-વૈષ્ણવની સેવા એ જ એમના જીવનનો આનંદ હતો.

આવા પરમ ભગવદીયને ત્યાં મારા જેવો કુલાંગાર ઉત્પન્ન થયો. નાની વયમાં તો હું પણ પરમ ભાવિક હતો. બ્રહ્મસંબંધ લીધા પછી હું પિતાની આજ્ઞા મુજબ સેવા-સત્સંગ-સ્મરણમાં તત્પર રહેતો. પરંતુ મોટો થયો, અભ્યાસમાં જોડાયો, અને કોલેજમાં દાખલ થયા પછી દુઃસંગમાં પડી જવાથી મારું જીવન બરબાદ થઇ ગયું. સેવા સત્સંગ બધું જ છૂટી ગયું. એટલું જ નહીં

પરંતુ માતાપિતાને હરેક પ્રકારથી ત્રાસ આપવા લાગ્યો. ઘરમાં પણ અનાચાર ફેલાવી દીધો. વડીલોને વિહ્‌વળ કરી મૂક્યા. મને સુધારવા માટે એમણે અનેક પ્રયત્નો કરી જોયા; પરંતુ હું સુધર્યો નહીં. ખોટે રસ્તે ખરચવા માટે પૈસા બાબત માતા-પિતાને ખૂબ પરેશાન કરતો હતો, પરંતુ મારી ઇચ્છા મુજબ પૈસા મળતા નહીં હોવાથી મને અસંતોષ રહેતો હતો. એટલે એક દિવસ લાગ જોઇને ત્રણ-ચાર હજારના સોનાના દાગીના, જે કબાટમાં હતા, તે લઇને નાસી ગયો. કલકત્તા ગયો. ત્યાં છૂટથી પૈસા ઉડાડવા લાગ્યો. પોલીસ પાછળ પડી ગઇ એટલે મુંબઇ ભાગી આવ્યો. થોડા પૈસા બચ્યા હતા તે મુંબઇમાં પૂરા થઇ ગયા. આટલા દિવસો સુધી હું ક્યાં હતો તે ખબર પણ મેં મારા પિતાજીને આપ્યા ન હતા.

મહાપતિત હોવા છતાં પણ મારા ઉપર શ્રીનાથજીની કૃપા થવાની હશે એટલે એક વખત હું મોટા મંદિરમાં જઇ ચડ્યો. પ્રભુનાં દર્શન કર્યાં, મહારાજશ્રીનું પ્રવચન સાંભળ્યું. પ્રસંગ દશમ સ્કંધનો હતો. પૂરું યાદ નથી, પરંતુ કંસને માર્યા પછી શ્રીકૃષ્ણ-બલદેવ શ્રીવસુદેવ-દેવકીજી પાસે જઇ તેમની ક્ષમા માગતાં કહે છે કે : ‘કંસના ભયથી અમે વ્રજમાં રહેતા હોવાથી આપને અમારી બાળવયનું સુખ મળ્યું નથી....વગેરે.

ખરેખર તો શ્રીઠાકોરજીએ ગુરુદેવ દ્વારા મારો હાથ પકડ્યો હતો. બાંય ગ્રહ્યાની લાજ શ્રીઠાકોરજી રાખતા જ આવ્યા છે. એટલે પ્રવચન સાંભળ્યા પછી મને મારાં દુષ્કર્મો બદલ ખૂબ જ પસ્તાવો થવા લાગ્યો. એટલે હું દોડીને અહીં આવ્યો. માતા-પિતાના ચરણમાં પડી ક્ષમા માગવાની તીવ્ર અભિલાષા હતી, પરંતુ અફસોસ ! મારા જેવા દુર્ભાગીના ભાગ્યમાં એ સુયોગ પણ સરજાયો નહીં હોય, એટલે અહીં આવ્યા પછી ખબર મળ્યા કે મારાં માતાપિતા મારી ચિંતામાં વિહ્‌વળ બની પરલોક સિધાવ્યાં હતાં. મારા જેવા કુપુત્રના પાપથી એ મહાન ભગવદીય જીવો પણ મારામાં વાસના રહી જવાથી ભગવદ્પ્રાપ્તિ કરી શક્યાં નથી. એમની દુર્ગતિનું નિમિત્ત હું બન્યો, એ કરતાં તો હું જન્મથી જ મૃત્યુ પામ્યો હોત તો આવા ઘોર પાતકથી તો બચી જાત !

‘પરંતુ તારાં માતા-પિતા તો પરમ ભગવદીય હતાં. એમની દુર્ગતિ હોય જ નહીં.’ વલ્લભદાસે આશ્વાસન આપતાં કહ્યું.

‘ના વડીલ, મારાં માતા-પિતાનો જીવ સતત મારામાં રહેલો હોવાથી મારી ચિંતામાં એમણે દેહત્યાગ કર્યો હશે, તો પછી એમને ભગવદ્પ્રાપ્તિ ક્યાંથી થાય? ગઇ રાત્રે મારાં માતા-પિતાએ સ્વપ્નામાં આવીને મને કહ્યું કે ‘દીકરા, તેં અમને ખૂબ દુઃખી કર્યાં છે. તારા પરિતાપમાં અમે અશાંત બની ભટકી રહ્યાં છીએ. હવે તું કોઇ એવો પ્રયાસ કર કે જેથી અમે આ દુર્ગતિમાંથી મુક્ત બની ભગવદ્લીલામાં પ્રાપ્ત થઇ શકીએ.’

આ પ્રમાણે મને સ્વપ્નામાં અનુભવ થયો છે. તો વડીલ ! આપને મારી વિનંતી છે કે આપ કૃપા કરી મને સહાયતા કરો. મારાં માતા-પિતાની મુક્તિ અર્થે મારે શ્રીમદ્ભાગવત સપ્તાહનું આયોજન કરવું છે કે જેથી મારા વડીલોને ભગવદ્પ્રાપ્તિ થાય.

વલ્લભદાસ થોડી વાર વિચારમગ્ન રહ્યા. ત્યાર પછી તેમણે વ્રજદાસને જણાવ્યું : ‘બેટા, તું ચિંતા કરીશ નહીં. શ્રીઠાકોરજી સહુ સારું કરશે. તારા પિતા મારા પરમ સ્નેહી હતા, તેથી તેમના પ્રત્યે મારી પણ કંઇક ફરજ છે. તારે ભાગવત સપ્તાહ કરવી હશે તો તે વ્યવસ્થા પણ થઇ શકશે; પરંતુ આપણા સંપ્રદાયમાં એક બીજી પણ વ્યવસ્થા છે, તે સંભાળ.’

‘શ્રીયમુનાજી પરમ કૃપાળુ છે, અધમ ઉદ્ધારિણી છે. એને શરણે જનાર સર્વથા સનાથ બને છે શ્રીયમુનાજીની કૃપાથી સમસ્ત અમંગળ નાશ પામે છે. શ્રીયમુનાજી ‘શરણ પ્રતિપાળ ગોપાલ રતિવર્ધિની’ છે. એટલે શ્રીયમુનાજી તો વૈષ્ણવોનાં ભાગ્યવિધાતા છે. એમના પ્રતાપ બળનું વર્ણન કરવાની શક્તિ તો સહસ્ત્રમુખ શેષજીમાં પણ નથી. પણ હવે મારી વાત સાંભળ : આપણે શ્રીગુરુદેવની આજ્ઞા લઇ શ્રીયમુનાજીના પાઠનું આયોજન કરીએ. તેનો ક્રમ નીચે મુજબ છે:

‘‘૪૧ વૈષ્ણવો આપણા આ મોટા ઓરડામાં અપરસમાં નહાઇ, શ્રીયમુનાજીનાં ૪૧ પદનો ૪૧ વખત પાઠ કરે. એટલે કે એકતાલીસ વખત એકતાલીસ પાઠ કરે. લગભગ પાંચ છ વાગે પાઠ પૂર્ણ થશે, તે દરમ્યાન શ્રીઠાકોરજીને સામગ્રી આરોગાવીએ. ભગવદીયો તથા અન્ય વૈષ્ણવોને લેવડાવીએ.

‘‘શ્રીગુરુદેવને પધરાવી તપેલી આરોગાવવી અને રાત્રે માળા પહેરામણીનો પ્રસંગ ઊજવી શ્રીયમુનાજી વાંટવા, અને તારા માતા પિતાના જયશ્રીકૃષ્ણ

બોલાવવા, એટલે મને તો સંપૂર્ણ શ્રદ્ધા છે કે તારા માતા-પિતાને અવશ્ય ભગવદ્‌લીલાની પ્રાપ્તિ થશે. સંપ્રદાયમાં આ એક અલૌકિક સાધન છે.''

વલ્લભદાસભાઇની વાત સ્વીકારી, વ્રજદાસે શ્રીયમુનાજીનો મનોરથ કર્યો. સૌ વૈષ્ણવોએ મળીને એકતાલીસ વખત શ્રીયમુનાજીનાં ૪૧ પદ ગાયાં. ૧૦૮ વખત શ્રીયમુનાષ્ટકના પાઠ કર્યા. વ્રજદાસે પોતાના સેવ્ય પ્રભુને વિવિધ સામગ્રીઓ અંગીકાર કરાવી, વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. રાતે શ્રીગુરુદેવ પધાર્યા. માળા પહેરામણીનો મનોરથ થયો. વ્રજદાસે સૌ વૈષ્ણવોને તેનાં માતા-પિતા વતી ત્રણ વખત જયશ્રીકૃષ્ણ કર્યા, ત્યારે અંતરિક્ષમાંથી અવાજ આવ્યો : શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી અમારો વાસના-મોક્ષ થયો છે. અમે ગોલોકધામ તરફ જઇએ છીએ. વ્રજદાસ બેટા ! સેવા-સ્મરણમાં અધિક ચિત્ત રાખજે.''

■

દૃઢ વિશ્વાસ

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપણા સ્વામી, આપણે તેમનાં દાસ.

તેમના સિવાય બીજાના આશરે જવું, બીજા પાસે માગવું, બીજા પાસેથી કંઈપણ મેળવવાની આશા રાખવી, બીજાનો ભરોસો કરવો તે અન્યાશ્રય.

ભક્તને પોતાના ઈષ્ટમાં દૃઢ આશ્રય જરૂરી છે.

ભક્તે ભગવાનમાં વિશ્વાસ રાખી, ભગવાન પાસે પણ કશું માગવું નહિ.

૧૪

નિકુંજનાયકના અદ્‌ભુત અનુભવો

(નવલબેન)

લેખક - શ્રી વ્રજરત્નદાસ ચી. પરીખ

(કૃષ્ણગઢ નિવાસી સરલાબેને કહેલા પોતાના અનુભવના પ્રસંગો)

કચ્છ-માંડવીનાં હતાં એ ભગવદીય નવલબહેન. શ્રીનાથદ્વારામાં નિવાસ કરીને રહેલાં, લાલ દરવાજા પાસે નાથુ ભંડારીના મકાનનો નીચલો ભાગ એમણે ભાડે રાખેલો.

મકાનમાલિક નાથુભાઇ સહકુટુંબ ઉપરના ભાગમાં રહે. પત્નીનું નામ જીજીબાઇ. બંને લૌકિકવત્ જીવન જીવતાં; ધર્મમાં શ્રદ્ધા નહીં.

નવલબહેન ઉપર ક્રમેક્રમે શ્રીજીની કૃપા વધતી ગઇ. ઘરમાં શ્રીઠાકોરજી બિરાજે, ભોગ ધરે, ભગવદ્‌વાર્તા અને ગુણગાનમાં મગ્ન રહે. શ્રીજીના મંદિરે દર્શને જાય, સેવામાં જાય, વિવિધ મનોરથો કરાવે. એવી આસક્તિ શ્રીજીમાં લાગી ગઇ હતી.

એ સારાં સાધનસંપન્ન હતાં. એક વખત તો એમણે શ્રીજીનો છપ્પનભોગ કરાવેલો. પાછળથી બીજા છપ્પનભોગ માટે રકમ આપેલી; પણ તે તેમની હયાતીમાં ન થયો.

શ્રીજી એમને અનુભવો જતાવતા. ઘેર પધારીને એમને દર્શન આપતા; મહદ્ ભાગ્ય !

નવલબહેનની આ વાત ત્યાં પ્રસરતી થઇ. એમના અલૌકિક સામર્થ્ય વિષે અનેક વૈષ્ણવો જાણતા થયા. કોઇ કોઇ યાત્રાળુઓ પણ એમની વાત જાણીને એમના પરિચયમાં આવવા લાગ્યા.

એક વખત બા, બાપુજી અને હું શ્રીજીનાં દર્શનાર્થે શ્રીનાથદ્વારા ગયેલાં. મણિબાઇની ધર્મશાળામાં મુકામ હતો. બાજુની રૂમમાં મુંબઇનાં એક વૈષ્ણવ કાશીબહેન અગાઉ આવીને ઊતરેલાં. વખત મળે ત્યારે અમે સૌ સાથે બેસીને વાતો કરતાં.

એક દિવસ કાશીબહેને કહ્યું : 'હું નવલબહેનને ત્યાં જાઉં છું, તમારે આવવું છે ?'

બાએ (વિજયાબહેને) એમનો પરિચય પૂછયો. કાશીબહેને કહ્યું : 'તમે જોશો ત્યારે સમજાશે. એ તો મહાન ભગવદીય છે. શ્રીનાથજી એમને ઘેર પધારીને સાક્ષાત્ દર્શન આપે છે. જાત-જાતના અનુભવો કરાવે છે. તેઓ ભગવદ્‌વાર્તા અને ધોળ-કીર્તનનાં પણ ભારે રસિયાં છે.'

બા અને બાપુજી (અમીચંદભાઇ) એમની સાથે નવલબેનને ઘેર ગયાં. એમની એવી રીત હતી કે આવનારને બહાર ઓસરીમાં બેસાડે અને પોતે અંદર સેવા-સ્મરણમાં વ્યસ્ત હોય. સમય મળે ત્યારે બહાર આવીને જયશ્રીકૃષ્ણ કહી જાય.

બા-બાપુજીને એમણે ભગવત્સ્મરણ કર્યાં અને કહ્યું કે હવે કાલે સવારે આવજો. બીજે દિવસે ગયાં. ત્યારે પણ બહાર બેસાડ્યાં. થોડીવારે હાથમાં પ્રસાદ લઇને નવલબહેન બહાર આવ્યાં. બંને જણને પ્રસાદ આપ્યો અને કહ્યું : 'આજે સૂતી વખતે આ પ્રસાદ લેજો. રાતમાં તમને શ્રીજીનો કંઇ અનુભવ થાય તો મને કાલે આવીને કહેજો.'

નવલબહેનની આ એક ખાસ રીત હતી. આવનારની એ આ રીતે પરીક્ષા કરતાં. અધિકારી જીવ હોય તો અનુભવ થતો અને એને જ પોતાને ત્યાં આવવા દેતાં. અનુભવ ન થાય તેનું આવવાનું બંધ!

રાત્રે એ પ્રસાદ અમે ત્રણે જણે લીધો. અમને સૌને રાતમાં શ્રીજીનાં દર્શન થયાં. કંઇ કંઇ આજ્ઞા પણ થઈ. બીજે દિવસે જઇને અમારો દરેકનો અનુભવ નવલબહેનને કહ્યો. એ રાજી થયાં. અમને અંદર લઇ ગયાં. સામે દીવાલમાં એક ગોખલો હતો. અમે જોયું કે ગોખલો ખાલી છે, પણ થોડી જ વારમાં અમને એમાં શ્રીજીનાં દર્શન થવા લાગ્યાં. અમારા આશ્ચર્યનો પાર નહોતો.

પછી તો અમે રોજ રોજ ત્યાં જવા લાગ્યાં. ઘણો સમય એમને ઘેર જ ગાળતાં. જે સેવા ટહેલ બતાવે તે અમે કરતાં. જળ ભરી લાવવું, પાનનાં બીડાં બાંધવા વગેરે સેવા અમને તેઓ આપતાં.

જતી વખતે એ પ્રસાદ આપતાં, સૂતી વખતે એ પ્રસાદ લઇએ એટલે રાતમાં અચૂક શ્રીજીના અનુભવો થાય. આવું દરરોજ થવા લાગ્યું.

એમનો જલઘરિયો હતો, એને પણ અનુભવો થતા. બંસીલાલ કરીને એક ભાવુક વૈષ્ણવ એમને ત્યાં આવતા; બહારનું કામકાજ કરી આપતા. એમને

પણ અનુભવો થતા. નવાઇની વાત તો એ હતી કે દરેકને એક સાથે એકસરખો અનુભવ થાય. એકબીજાને કહીએ ત્યારે સાંભળીને આશ્ચર્ય થતું.

કોઇ દિવસ શ્રીજી આજ્ઞા કરે કે કાલે નવલબહેનને ત્યાં અમુક વસ્તુ પધરાવો. અમુક સામગ્રી બનાવો. અમે એ પ્રમાણે કરીએ. નવલબહેન પણ જાણતાં જ હોય કે કોની શી આજ્ઞા થઇ છે ! શ્રીજીનાં મંદિરમાં દર્શને જઇએ ત્યાં પણ પ્રભુ ખૂબ જ હસતા આનંદમય સ્વરૂપે દર્શન આપતા.

પછી મારે (સરલાબહેનને) તો 'કૃષ્ણગઢ' આવવાનું થયું. બા-બાપુજી ત્યાં રહ્યાં. ત્રણેક મહિના રહ્યાં હશે, ખૂબ જ આનંદ આવ્યો. આવતી વખતે નવલબહેને એમની સાથે ઘણો પ્રસાદ મોકલ્યો.

રાત્રે પ્રસાદ લઇને અમે સૂતાં. રાતભર મને એમ જ થવા કર્યું કે શ્રીજી પધાર્યા છે અને ઘરમાં ખેલી રહ્યા છે !

કેટલાક દિવસ સુધી અમે સૌ એમાંથી પ્રસાદ લઇને સૂઇ જઇએ. સૌને કંઇ ને કંઇ અનુભવ થતો રહે. એ વાતો પત્રમાં લખીને અમે નવલબહેનને મોકલતાં. પ્રસાદ જ્યાં સુધી ચાલ્યો ત્યાં સુધી એવો ને એવો તાજો ! એ પૂરો થયો ને અનુભવો બંધ થયાં.

★ ★ ★

કેટલાક સમય પછી અમે બધાં ફરીથી શ્રીનાથજી જવા ઊપડ્યાં. ધર્મશાળામાં ઊતર્યાં. તૈયાર થઇને નવલબહેનને ઘેર ગયાં. બહેને દરવાજો ખોલ્યો. એમને જોતાં જ અમે ઘડીભર થંભી ગયાં. તેજના અંબાર જેવું એમનું સ્વરૂપ દેખાયું. અમોને અંદર લઇ ગયાં. ત્યાં પહેલાંની જેમ જ ખાલી ગોખલામાં શ્રીજીનાં દર્શન થયાં.

નવલબહેન નાની તપેલીઓમાં થોડી થોડી રસોઇ બનાવતાં. પણ જરૂર પડે ત્યારે એમાંથી અનેક વૈષ્ણવોને પ્રસાદ લેવડાવતાં. એ પણ અમે જોયું.

દરરોજ સવાર-સાંજ અમે જતાં. સવારે ચ્હા આપે. એમાંય અલૌકિક સ્વાદ! એવો સ્વાદ બીજે ક્યાંય જોયો નથી. એ પોતે પોતાના અનુભવની વાત તો ખાસ કહેતાં ન હતાં. પણ અંગત સંબંધવાળા ભગવદીય પાસેથી કંઇ કંઇ જાણવા મળતું.

નવલબહેન રાત્રે સામગ્રીઓ બનાવતાં. પણ કેવી રીતે? શ્રીનાથજી છડી લઇને એમની સામે બિરાજે; પોતે આજ્ઞા કરે કે 'આ બનાવ, આવી રીતે બનાવ'- એ પ્રમાણે એ બનાવતાં.

એક વખત એક પ્રસંગ બની ગયો. શ્રીજીએ આજ્ઞા કરી કે મારે તારા હાથનો બાજરીનો રોટલો આરોગવો છે; બનાવજે. પણ ઘરમાં બાજરી નહોતી. હોય પણ ક્યાંથી ? એ દિવસોમાં શ્રીનાથદ્વારામાં બાજરી બિલકુલ મળતી નહોતી.

નવલબહેને બંસીલાલને વાત કરી : 'ગમે તેમ કરીને બાજરી લાવી આપો. બંસીલાલ ગયા બજારમાં. જુએ તો એક નવી ખુલેલી અનાજની દુકાન હતી. દુકાનમાં બીજાં અનાજ સાથે બાજરીની ગુણોની ગુણો પણ ભરેલી હતી. જરૂર હતી એટલી બાજરી બંસીલાલે લીધી, પૈસા આપ્યા. બાજરી લાવીને નવલબહેનને આપી. અને પછી પોતાના ઘેર જવા એ જ રસ્તે પાછા ફર્યા. જુએ છે તો એ જગાએ અનાજની દુકાન જ નહીં ! બાજુવાળાને પૂછયું તો કહે : 'કંઇ સપનું આવ્યું કે શું ? અહીં વળી અનાજની દુકાન હતી જ ક્યાં ?'- બંસીલાલે પોતે જ આ અનુભવની વાત અમને કહેલી.

બીજો એક એવો જ પ્રસંગ બનેલો. એક વખત શ્રીનાથજી સાડીઓ લઇને નવલબહેન પાસે પધાર્યા : 'આ લે, હું તારા માટે સામેની દુકાનમાંથી લાવ્યો છું.'

નવલબહેન કહે : 'બાવા ! આમ રાત્રે છાનીમાની કોઇની દુકાનમાંથી મફતની સાડીઓ લેવાય ?' શ્રીજી કહે : 'એ તો હું કાલે પૈસા આપી આવીશ.'

બીજે દિવસે છોકરાનું રૂપ લઇને શ્રીજી દુકાને પધાર્યા. દુકાનદારને કહે : 'સામે નવલબહેન રહે છે તે તમારી દુકાનમાંથી સાડીઓ લઇ ગયાં છે. તેના પૈસા આપવા મને મોકલ્યો છે.'- પૈસા આપીને છોકરો જતો રહ્યો.

દુકાનદારે જોયું કે એ બાઇ સાડીઓ લેવા આવી નથી, અને દુકાનમાંથી સાડીઓ ઓછી થઇ નથી ! તો આ બધું શું ? એણે નવલબહેનને ત્યાં તપાસ કરી અને આ અવનવી વાત જાહેરમાં આવી ગઇ.

(અહીં કહી લઉં કે નવલબહેનને નવી નવી સાડીઓ પહેરવાનો બહુ શોખ હતો. પહેરેલી સાડીઓ વ્રજવાસીને કે વૈષ્ણવને આપી દેતાં. એ ઘણાં સાધનસંપન્ન હતાં.)

વળી, જેના પર તેમની કૃપાદષ્ટિ થતી તેને લીલાનું સ્વરૂપ પણ નવલબહેન કહેતાં.

અમારી સાથે વાતો કરતાં હોય ત્યારે અમુક વાત કહેતાં કહેતાં અટકી જાય. પૂછીએ તો કહે : 'નહીં કહું, શ્રીજી ના કહે છે.' નિરંતર એમને શ્રીજીનાં દર્શન થયા કરતાં. એવી અતુલિત કૃપા !

મારી બા(વિજયાબહેન) ને એક વાર એવું બન્યું કે ધર્મશાળામાં એક બાળક આવ્યો. બાને કહે : 'ચાલો, તમને મંદિરે દર્શન કરવા લઇ જાઉં. મને નવલબહેને મોકલ્યો છે.'- એ હાથ પકડીને લઇ ગયો. આવા તો અનેક પ્રસંગો બન્યા હશે, જે જાણવામાં આવ્યા અને સ્મરણમાં રહ્યા તે લખ્યા છે.

કેટલાક દિવસ રહીને અમે પાછાં 'કૃષ્ણગઢ' આવ્યાં.

* * *

વળી કેટલાક સમય પછી પાછાં શ્રીનાથદ્વારા ગયાં. બહેનને ઘેર ગયાં. ત્યાં ઘણી ધમાલ હતી. એક ભાવવાળા વૈષ્ણવ મનુભાઇને શ્રીજીને આજ્ઞા કરેલી કે તું નવલબહેનના ઘરમાં જ લગ્ન કર. ઈન્દુબહેન સાથે લગ્ન થવાનાં હતાં. એ ગોખલાની સન્મુખમાં જ, લૌકિક વિધિ વિના એમનાં લગ્ન થયાં. વૈષ્ણવોએ ગીતો ગાયાં. અલૌકિક આનંદ આવ્યો. તે વખતે સામગ્રી એમને ઘેર નહોતી બનતી. એમનાં માસીબા 'પ્રાણકોર' સામગ્રી પોતાને ઘેર બનાવીને લઇ આવતાં. અમે બધાં સુંદર ફૂલની માળાઓ વગેરે બનાવીને લઇ જતાં. એ બધું ધરાતું. દિવસમાં ઘણો સમય અમે એમને ઘેર જ ગાળતાં. દર્શન વગેરેમાં ઘણો આનંદ આવતો.

પાછાં સાંજે ચાર વાગે સૌ ત્યાં ભેગાં થઇએ. ઘણાં વૈષ્ણવો આવતાં. નવલબહેન એક બાજુ બેસે. અમે સૌ ફરતાં બેસી જઇએ. એ પ્રસંગો કહે, ધોળકીર્તન ગવરાવે. અમને એવો આવેશ આવી જાય કે પ્રેમમાં મગ્ન બની જઇએ. ઊભાં થઇને નાચવા-રાસ લેવા મંડી જઇએ. એ આવેશની તો વાત જ શી કરવી !

સત્સંગ કરવાનો ચારથી છનો સમય હતો; પરંતુ ઘણી વાર આનંદમાં રાતના આઠ પણ વાગી જતા. મારે રસોઇ બનાવવાની હોવાથી મુકામે આવું.

કોઇ વાર સવારે નવલબહેનને ઘેર જઇએ. એ ઊઠ્યાં હોય; અમને કહે : 'શ્રીજીના મંદિરમાં જાઓ, દર્શન કરજો. આજે શ્રીજીબાવાએ આવા વાઘા અને શૃંગાર ધરેલા હશે !' અને એવા જ શૃંગાર ત્યાં ધરેલા હોય ! ઘેર બેઠાં એમને દર્શન થયા કરતાં.

આ વખતે અમે લગભગ બે મહિના સુધી, આવો આનંદ લીધો.

'અગાઉ ભગવદીયો થઈ ગયા, હવે આ જમાનામાં નથી' એવી માન્યતા કોઈ સેવતું હોય તો તે ભ્રમ છે. નિકુંજનાયક શ્રીનાથજી અનેક ભગવદીયોને અનેક પ્રકારના અનુભવો, આધુનિક સમયમાં પણ કરાવી રહ્યા છે, એનું જવલંત દૃષ્ટાંત આપણને આ પ્રસંગમાં પ્રાપ્ત થાય છે.

■

સઘરી બાત બિગારી

મૂરખ સઘરી બાત બિગારી ।
નર તન પાય હરિ નહીં સેવૈ, જનની ભારે મારી ॥ ૧ ॥
ગર્ભવાસમેં દુઃખ પાવત જબ, તબ સમર્યા ગિરિધારી ।
યહ સંકટ તેં જબહી નિકસૌં, તબ ભજૌં મુરારી ॥ ૨ ॥
બહારિ આય કે કહા કરત હૈ, સો તૂ સોચ બિચારી ।
ભૂલ ગયો માયા કે આગે, હાર્યો સબ હી જુવારી ॥ ૩ ॥
ધન દોલત ઔર કુટુંબ કબીલો, પુત્ર મિત્ર અરુ નારી ।
યે સબ કી જંજાલ ફસ્યો તૂ, પેહેલી બાત બિસારી ॥ ૪ ॥
ચેત તૂ અબ હી સમૌ હૈ, અંતકાલ હૈ ભારી ।
'દાસ'કી બિનતી, હરિ કી સેવા કરિ ઉતર ભવ પારી ॥ ૫ ॥

ભાવાર્થ :

હે મૂર્ખ, તેં બધી વાત બગાડી નાખી છે. માણસ દેહ પામીને શ્રીહરિને સેવ્યા નહીં. તારી માતાને નવ માસ ભારે મારી (૧)

ગર્ભમાં જ્યારે તને ઘણું દુઃખ પડ્યું, ત્યારે તે શ્રીઠાકોરજીને યાદ કરી, આજીજી કરી કે આ સંકટમાંથી હું બહાર નીકળીશ, ત્યારે હું મુરારિ શ્રીકૃષ્ણને ભજીશ. (૨)

પરંતુ જન્મ લીધા પછી, માયાને લઈને તારું વચન તું ભૂલી ગયો. બહાર આવીને તેં શું કર્યું તે યાદ કર. તું સંસારસુખનો જુગાર રમતો રહ્યો. તેમાં બધું હારી ગયો. (૩)

ધનદોલત, કુટુંબકબીલો, પુત્ર-મિત્ર-પત્નીની જંજાળમાં તું પૂરો ફસાઈ ગયો. શ્રીઠાકોરજીને આપેલું વચન વિસરી ગયો. (૪)

હજી સમય છે. ચેતી જા. અંતકાળ બહુ ભારે છે. દાસની વિનંતી સ્વીકારી, શ્રીહરિની સેવા કરી, ભવપાર કર. (૫)

૧૫

આજે પણ આશકરણજી છે

હરસુખભાઈ અને લલિતાબેન

- શ્રીરમેશભાઈ વિ. પરીખ, મહેસાણા

સૌરાષ્ટ્રનું એક મોટું શહેર. શહેરનું અને વૈષ્ણવનું સાચું નામ નહીં આપું. તે શહેરમાં એક વૈષ્ણવ રહે. તેમનું નામ હરસુખલાલ. ગર્ભશ્રીમંત કુટુંબ. પરિવારમાં આઠ માણસો અને તેમની ચાકરીમાં બાર નોકરો. રાજસી વૈભવ. બહુ બહોળો ધંધો. સમાજમાં ઘણી ઊંચી પ્રતિષ્ઠા. કામકાજ પણ એટલું મોટું રહે. વાત કરવાની પણ ફુરસદ ન મળે. નિરાંત તો હોય જ નહિ.

મોટી ઉંમરે તેઓ વૈષ્ણવ થયા. વડીલોના ઘણા આગ્રહ પછી બ્રહ્મસંબંધ લેવા તૈયાર થયા. બ્રહ્મસંબંધ લેતાં પહેલાં તેમણે પૂજ્ય મહારાજશ્રીને પૂછયું : 'બ્રહ્મસંબંધ શું છે ? તે લઇને શું કરવાનું ?'

મહારાજશ્રીએ બ્રહ્મસંબંધની સમજ આપી. વાત ગળે ઊતરી. બ્રહ્મસંબંધ લીધું. મહારાજશ્રીએ તેમને શ્રીનાથજીનું નાનકડું સુંદર સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું. તેમણે નક્કી કર્યું કે શ્રીઠાકોરજીને ભોગ ધરીને જ લેવું. તેમણે સખડી ભોગની આજ્ઞા પણ માગી લીધી.

તેમનાં પત્નીનું નામ લલિતાબેન. તેઓ સેવાભાવવાળાં હતાં. પતિ સેવામાં તત્પર થતાં, તેઓ રાજી થયાં. પણ મનમાં રાજસી ભાવ હતો, એટલે તેમણે સૂચન કર્યું કે 'સામગ્રી કરવા એક ભીતરિયો રાખી લઇએ તો ?'

'લલિતા, સેવા આપણા શરીરથી કરવાની છે, નોકર-ચાકર પાસે કરાવવાની નથી. આપણાથી જેટલું બને એટલું જ કરવું. તેં કદી આપણાં સંતાનોને આયા પાસે ઉછેરાવ્યાં નથી, તો શ્રીઠાકોરજીને આપણે જાતે કેમ ન સેવીએ ? આપણાં એવાં ભાગ્ય ક્યાંથી કે શ્રીઠાકોરજીને આપણે હાથે સામગ્રી બનાવી આરોગાવીએ?'

હરસુખભાઇ અને લલિતાબેન સવાર-સાંજ સેવા પહોંચવા લાગ્યાં. હરસુખભાઇનું આખું જીવન બદલાઇ ગયું. તેમણે પેઢી ઉપર મહેતાજીને સૂચના આપી દીધી કે ગમે તેવું કામ હોય, પણ ઘેર ટેલિફોન કરવાનો નહિ. ઘરમાં પણ માણસોને સૂચના આપી દીધી કે સેવામાં હોઉં, ત્યારે કોઇનો પણ

ટેલિફોન આવે તો મને કહેવાનું નહિ. તેઓ દરરોજ બપોરે સેવા પહોંચી બાર વાગે જ પેઢી ઉપર જાય. સાંજે ચાર વાગે એટલે પેઢીએથી ઘેર આવવા નીકળે.

થોડા જ મહિનાઓમાં તેમણે બધી સામાજિક સંસ્થાઓમાંથી અને ટ્રસ્ટોમાંથી રાજીનામાં આપી દીધાં. જાહેર જીવનમાંથી સાવ અળગા થઇ ગયા. સવાર-સાંજ સેવા. રાતે સત્સંગ. એ જ એમનું જીવન.

સવારે ચાર વાગે સ્નાન કરી, બે કલાક જપપાઠ કરે. સવારે છ વાગે સેવા શરૂ કરે. બપોરે અગિયાર વાગે રાજભોગ આરતી થાય. સાંજે પણ પાંચ વાગે ઉત્થાપન થાય. રાતે આઠ વાગે શયન થાય. રાત્રે નવથી દસ સત્સંગ કરે અને પછી પતિપત્ની સૂઇ જાય.

ઘર- કારોબારમાંથી પણ તેમણે બધું ધ્યાન ધીમે ધીમે ખેંચી લીધું. સંતાનોને પણ સેવામાં પલોટયાં. હવે તેમનું ગૃહસ્થ-જીવન સંપૂર્ણ સેવામય બન્યું છે. આજે સાઇઠ વર્ષ વટાવ્યા પછી પણ તેઓ સેવામાં એટલા જ સ્ફૂર્તિવાળા અને પ્રસન્નચિત્ત છે.

તેઓ હમેશાં સૌને એક જ વાત સમજાવે છે કે જે સુખ સેવામાં છે તે બીજા કશામાં નથી. ઠાકોરજીએ પૈસો આપ્યો છે, બધી સગવડો આપી છે, તંદુરસ્તી આપી છે, તો તે બધાથી શ્રીઠાકોરજીને કેમ લાડ ન લડાવવાં ? મોટી ઉંમરે વૈષ્ણવ થયો, તેથી મને અફસોસ એટલો જ છે કે મારાં શરૂઆતનાં વર્ષો વેડફાઇ ગયાં.

કેટલાક એમને આજે પણ પૂછે છે : 'હરસુખભાઇ, જાહેર જીવનમાંથી અળગા થઇ ગયા, એની કોઇ તકલીફ પડતી નથી ? મન કદી તે તરફ ઉછાળા મારતું નથી ?'

તેઓ હસતાં હસતાં કહે છે, 'જાકો મન લાગ્યો ગોપાલસોં, તાહી ઔર કૈસે ભાવે હો ?'

શ્રીવલ્લભના માર્ગમાં આજે પણ શ્રીઆશકરણજીના અંશરૂપ આવા ભગવદીયો છે.

■

૧૬

પ્રમેયબળની પરિસીમા

લેખક : જાદવભાઈ ખેરાજભાઈ (સુરત)

(નોંધઃ સંવત ૨૦૩૨ના કારતક માસમાં શ્રીનાથજીનાં ધજાજી પાટણ(ગુજરાત) પધાર્યાં હતાં. તે પ્રસંગે સુરતથી પૂ. ગોસ્વામીશ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી પાટણ પધાર્યા હતા. તેમની સાથે પ.ભ. શ્રી નાગરદાસભાઇ બાંભણિયા પણ ગયા હતા. ત્યારે નાગરદાસભાઈ પાસે એક વૈષ્ણવે પોતાની નજર સામે બનેલા એક અલૌકિક પ્રસંગનું જે વર્ણન કર્યું હતું. તે નીચે મુજબ છે.)

અમારું પ્લેન ભારત આવવા માટે રવાના થયું. મારી બાજુમાં ગુજરાતના વતની એક જૈન ગૃહસ્થ બેઠા હતા. તેમની પાસે એક કરંડિયો હતો. કરંડિયામાં શું છે ? એમ મારા પ્રશ્ન ઉપરથી તેમણે જણાવ્યું કે 'આ કરંડિયામાં સફરજન છે. અમેરિકામાં બહુ જ સરસ સફરજન થાય છે. ભારતમાં એવાં થતાં નથી, એટલે એક કરંડિયો સાથે લઇ આવ્યો છું.'

પ્લેન વિદ્યુતવેગથી ઊડી રહ્યું હતું. અમે ઝોકે ચઢ્યા. લગભગ અડધો કલાક થયો હશે, ત્યાં તે જૈન ગૃહસ્થે મને ઢંઢોળીને જગાડ્યો અને કહ્યું, ''હમણાં મને સ્વપ્નમાં એક વિચિત્ર અનુભવ થયો છે. મારી સમક્ષ તમારા ધર્મના એક દેવ આવ્યા હતા. તેમનો ડાબો હસ્ત ઊંચો હતો અને જમણો હસ્ત કટિપ્રદેશ પર હતો. છ-સાત વર્ષના બાળક જેવા જણાતા હતા. તેમણે મને મંદમંદ હસતાં કહ્યું : 'તારી પાસે જે સફરજન છે, તે મારા મંદિરમાં પહોંચાડજે. એ મને ખૂબ પસંદ પડ્યાં છે.' ત્યારે મેં પૂછ્યું કે 'તમે કોણ છો ?' ત્યારે તેમણે જણાવ્યું, 'મારું નામ 'શ્રીનાથજી' છે. હું રાજસ્થાનમાં શ્રીનાથદ્વારામાં રહું છું. ઉદયપુરથી ત્યાં જઇ શકાય છે.' આટલું કહીને તે તો અદૃશ્ય થઇ ગયા. ભાઇ, તમે આ બાબતમાં કંઇ જાણો છો ? હું તો જૈનધર્મી છું. અમેરિકામાં લાંબા સમયના વસવાટથી મારા જૈન ધર્મનો પણ મને પૂરતો અનુભવ નથી, તો તમારા દેવની માહિતી મને ક્યાંથી હોય ?''

ત્યારે મેં તેમને કહ્યું, 'હા, રાજસ્થાનમાં શ્રીનાથદ્વારા શહેર છે. ત્યાં શ્રીનાથજી બિરાજે છે. હું એ ધર્મમાં માનું છું; પરંતુ હું પણ વિદેશમાં વસતો હોવાથી મનેય પૂરતું જ્ઞાન નથી. પણ અમારા એ દેવ મહાન પ્રતાપી છે. તમે એમની આજ્ઞા મુજબ સફરજન નાથદ્વારા અવશ્ય પહોંચાડજો. બીજું કાર્ય પછી કરજો. તમારા ઉપર અમારા શ્રીનાથજીની મહાન કૃપા થઇ જણાય છે. એમની આજ્ઞાનું પાલન કરવાથી તમારું અવશ્ય કલ્યાણ થશે.' તે ગૃહસ્થે મારા સૂચનને કબૂલ રાખ્યું.

પ્રભુની અપાર દયા અને અલૌકિક લીલાનો પાર કોણ પામી શકે છે ? આ જૈન ગૃહસ્થ દૈવી જીવ હશે; પરંતુ તે પરદેશમાં રહેતો હોવાથી અને જૈનધર્મી હોવાથી અલૌકિક પુષ્ટિમાર્ગમાં એનો પ્રવેશ થાય, એવી તો કોઇ શક્યતા જ ન હતી. એટલે આવા જીવને માટે પ્રભુ સ્વયં પ્રમેયબળથી કૃપા વિચારીને કોઇ પણ પ્રકારે પ્રેરણા કરે; ત્યારે જ એ જીવનું કાર્ય સિદ્ધ થાય.

આપણા આ કૃપામાર્ગમાં તો પ્રભુ આવી કૃપા કરતા જ આવ્યા છે. એના માટે જ તો શ્રીવલ્લભપ્રભુ અને એમના વંશજો ભૂતળ પર પ્રગટ થાય છે ને! શ્રીગોપાલદાસજીએ પણ ગાયું છે કે 'નિ:સાધન જન હિત કરવા, શ્રીનાથ-વિઠ્ઠલ આવિયા.'

મજકુર જૈન ગૃહસ્થને શ્રીનાથજીએ તંદ્રાવસ્થામાં આ પ્રમાણે આજ્ઞા તો કરી, પરંતુ તેને વિશેષ શ્રદ્ધા અને તાપ ઉત્પન્ન થાય તેના માટે શ્રીનાથજીએ બીજું કૌતુક કર્યું. થોડો સમય પસાર થયો હશે, એવામાં પ્લેનમાં કાંઇક બગાડ થયો. એટલે એ ખામી દૂર કરવા પ્લેનના માણસો બેબાકળા બની પ્રયત્ન કરવા લાગ્યા. ઘણો પ્રયત્ન કરવા છતાં પણ પ્લેનમાંનો ખોટકો સુધારી શક્યા નહીં, એટલે લાચારીથી તેમણે પેસેન્જરોને જણાવ્યું કે 'હવે પ્લેન બચી શકે તેમ નથી. અમારા તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આપણે હવે બચી શકવાના નથી! સહુ પોતાના ઇષ્ટદેવને યાદ કરો. જીવન-મરણ હવે એના હાથમાં છે.' આટલું કહ્યા પછી ફરજ તરીકે પ્લેન-દુરસ્તીનું કાર્ય તેમણે ફરી ચાલું કર્યું.

આ સાંભળી પેસેન્જરોમાં હાહાકાર મચી ગયો. મૃત્યુનું ભયંકર સ્વરૂપ સહુની સમક્ષ ખડું થઇ ગયું. રોકકળ મચી ગઇ. પેલા જૈન ગૃહસ્થ પણ ગદ્ગદ વાણીથી શ્રીનાથજીનાં ચરણોમાં પ્રણિપાત કરતા હોય તેમ કહેવા લાગ્યા :

'વહાલા શ્રીજી ! આપે મને જિંદગીમાં પહેલીવાર દર્શન આપ્યાં અને સફરજન મંદિરમાં પહોંચાડવા આજ્ઞા કરી; પરંતુ આ આફતમાંથી તો બચી શકાય તેમ નથી. અત્યારે તો મારી સમક્ષ યમદૂત ખડા છે. તેના કાળપાશમાંથી મુક્ત થયા સિવાય આપની સમક્ષ હું કેવી રીતે આવી શકીશ? મારા નાથ ! આપે મારા ઉપર અતિ કૃપા કરીને સફરજન માટે આજ્ઞા કરી છે, છતાં તેનો વિનિયોગ નહીં થાય ? આ સફરજન પણ શું મારી સાથે જ માટીમાં માટી થઇને મળી જશે ? સર્વસમર્થ મારા નાથ, આપે શું વિચાર્યું છે? આપને માટે શું અશક્ય છે, પ્રભુ! પછી તો જેવી આપની ઇચ્છા ! મન-કર્મ-વચનથી હું તો આપને શરણે છું.' આટલું કહીને એ ગૃહસ્થ છૂટે મોંએ રડી પડ્યા.

આપણા નિકુંજનાયકની નિ:સાધન જીવો માટેની તો આ પ્રતિજ્ઞા છે કે સામે ચાલીને હું ભક્તનો બનું છું, ત્યાર પછી જ ભક્ત મારો બને છે. અને સ્વભાવથી દુષ્ટ એવા જીવ પાસે સાધન પણ શું છે! ત્યાર પછી તો 'ન મે ભક્ત: પ્રણશ્યતિ' આ પ્રતિજ્ઞા તો શ્રીનાથજી કદી ભૂલતા જ નથી. બલિહારી!

અને માત્ર પાંચ જ મિનિટ થઇ હશે, એટલામાં પ્લેનમાં જે ખોટકો હતો તે દુરસ્ત થઇ ગયો. મૃત્યુનો ઓથાર દૂર થયો. પેસેન્જરોમાં આનંદની ઊર્મિઓ પ્રગટ થઇ.

પેલા ગૃહસ્થને જાણે શ્રીનાથજી સાથેની યુગ-યુગની ઓળખાણ તાજી થઇ હોય તેવું લાગવા માંડ્યું. તેણે પોતાના નિશ્ચય મને જણાવ્યો : 'ભાઇ, હું મુંબઇ ઊતરીને સીધો ત્યાંથી બીજા પ્લેનમાં ઉદયપુર પહોંચીશ. ત્યાંથી મારા પ્રાણદાતા શ્રીનાથજીનાં દર્શન કરવા નાથદ્વારા જઇશ અને તમારે પણ મારી સાથે આવવું પડશે. હું તદ્દન અજાણ્યો છું.'

શ્રીજીના પ્રતાપ-બળનો આવો પ્રગટ પ્રભાવ જોયા પછી હું તે વાતનો ઇન્કાર કરી શક્યો નહીં. શેરડીની પાછળ એરડીને પણ પાણી મળે છે, એમ મારા પ્રત્યે પણ શ્રીનાથજીએ કૃપા વિચારી હશે એમ સમજી, હું પણ સાથે જવા સહમત થયો. આવા એક દૈવી જીવની આડીથી પ્લેનમાં મુસાફરી કરતા અનેક જીવો મૃત્યુથી બચી ગયા.

◆

૧૭

ભક્ત ગુણગાન

(તાદૃશી વૈષ્ણવ ભાણજી બાપા અને તેમનો પરિવાર)

પોરબંદર પાસે આવેલ શ્રીનગરમાં ભાણજી બાપા રહેતા હતા. તેઓ ગૃહસ્થી હતા. રાણા સાહેબ પાસેથી ખેતી માટે જમીન લઇ, તેમાં ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા. ગાયો ઉપર તેમને પારાવાર પ્રેમ હતો. તેમનો એક નિયમ એવો હતો કે, દર વર્ષે જે ખેતરમાં સારો પાક થયો હોય, તેમાં ગાયોના ધણને ચરવા માટે મૂકવાનું ગોવાળને કહેતા. ગાયોને ચરતી જોઇને તેઓ રાજી થતા.

ભાણજી બાપા આખો દિવસ ભજન કર્યા કરતા. તેઓ ઘણીવાર ગામને દરવાજે બેસતા. ત્યાંથી કોઇ મજૂર નીકળે તો તેને જેટલી મજૂરી મળતી હોય તેટલી નક્કી કરીને પોતાને ઘેર લઇ જતા. પછી મજૂરના હાથમાં માળા આપી, તેને અષ્ટાક્ષરનો જપ કરવા બેસાડતા. સાંજ પડે એટલે ઠરાવેલી મજૂરીની રકમ ચૂકવીને રજા આપતા.

શ્રીનગરમાં પોતાની વાડીમાં તેમણે એક વાવ ખોદાવેલી. જે હાલ 'ભાણવાવ' નામે ઓળખાય છે. તેઓ હંમેશાં આ વાવે જતા અને ત્યાં અપરસમાં સ્નાન કરી શ્રી ઠાકોરજીને ભોગ ધરતા. વાવે જતા ત્યારે ગામનાં છોકરાંઓને પોતાની સાથે લઇ જતા. પછી બધા છોકરાંઓને વાવ પાસે બેસાડીને ભગવદ્‌ભજન કરતા અને ત્યાર પછી છોકરાંઓને પ્રસાદ વાંટતા. આ રીતે સેવા કરી, આનંદ અને ભાવાવેશમાં ભગવદ્‌ભજન કરી, બધા છોકરાંઓ સાથે ગામમાં આવતા.

શ્રીનગરમાં એક મેરની બાઇ રહેતી. તે કેવળ સંસારી હોવાથી ધર્મ બાબતમાં કાંઇ સમજતી નહીં. ઉલટું, ભાણજી બાપાની ઠેકડી કરતાં કહેતી :

'વરે, ભાણજી મા'રાજ ! તારો ઠાકર તો કોક દી બતાવ્ય ! કેવોક છે, તારો ઠાકર ?'

ભાણજીબાપા વાવે સેવા કરતા હોય, ત્યારે કોઇવાર ત્યાંથી તે નીકળતી, ત્યારે મેરની બોલીમાં ઉપર મુજબ કહેતી. ભાણજી બાપા તેની વાત સાંભળીને હસતા.

એક દિવસે તે બાઇ પોતાની વાડીમાં પાણી વાળતી હતી, ત્યારે શ્રીઠાકોરજી પાંચ-છ વર્ષના બાળકનું મનોહારી સ્વરૂપ ધારણ કરીને તેની પાસે આવી ઊભા રહ્યા ! બાઇ તો રૂપાળું બાળક જોઇને મોહ પામી ગઇ અને વહાલથી તેડી દુઃખણાં લેવા માટે દોડી ! ત્યાં તો બાળક રૂપે શ્રી ઠાકોરજી આગળ અને બાઇ પાછળ ! આમ દોડતા દોડતા શ્રી ઠાકોરજી, ભાણજી બાપા સેવા કરતા હતા, ત્યાં પધારીને અંતર્ધાન થઇ ગયા ! બાઇ ઢગલો થઇને ત્યાં પડી ગઇ ! તેને ખાતરી થઇ કે મને દર્શન આપનાર બીજું કોઇ નહીં, પણ ભાણજી મા'રાજના ઠાકર જ હતા. ત્યારથી તે બાઇ, ભાણજીબાપાનું બહુ જ માન રાખતી.

એક દિવસે ભાણજીબાપા પોરબંદર આવ્યા. ઉત્થાપનનો સમય હોવાથી તેઓ શ્રી ગોપીનાથજીની હવેલીએ દર્શન કરવા ગયા. શેરડીની મોસમ હોવાથી શેરડી સિદ્ધ કરીને નિજમંદિરમાં મોકલાવી. શ્રીમદનમોહનલાલજી, ભાણજી બાપાની સેવાથી પ્રસન્ન થયા અને મહારાજશ્રીને જણાવ્યું કે 'ભાણજી બાપાની સિદ્ધ કરેલી શેરડી મને બહુ જ પ્રિય છે.' ત્યાર પછી ભગવદાજ્ઞાથી શેરડીના સમયમાં મહારાજશ્રી ભાણજી બાપાને ખાસ બોલાવતા અને તેમની પાસે જ શેરડીની સેવા કરાવતા.

એક વખતે રાજ સાથે ભાણજી બાપાને કાંઇ વાંધો પડતાં તેઓ શ્રીનગર છોડીને વાડોત્રા ગામે રહેવા ગયા હતા. પોતાના નિયમ પ્રમાણે વાડોત્રા ગામમાં પણ મીણસાર નદીને સામે કાંઠે શ્રીઠાકોરજીને ભોગ ધરવા માટે વાડીમાં જતા. તે વખતે ગામના ૨૦-૨૫ નાનાં નાનાં છોકરાંઓને પણ સાથે લઇ જતા. ત્યાં છોકરાંઓ પાસે ભગવન્નામ લેવડાવી તેમને પ્રસાદ વહેંચીને રાજી કરતા. એક દિવસે તેઓ છોકરાંઓને લઇને મીણસાર નદીને સામે કાંઠે ગયેલા, તે પછી નદીમાં ઘોડાપુર આવી ગયું. છોકરાંઓના મા-બાપોની ચિંતાનો પાર ન રહ્યો. કોઇ કહે : ''મારો એકનો એક દીકરો ભાણજી બાપાની હાર્યે ગયો છે.'' આ રીતે સૌ કહેવા લાગ્યા અને ભાણજી બાપાના આવા ભાવલાવેડા માટે મનફાવે તેમ બોલવા લાગ્યા. સામે કાંઠે ભોગ ધરવાનો અને પ્રસાદ લેવાનો કાર્યક્રમ પૂરો કરીને ભાણજી બાપા, છોકરાંઓને લઇને ગામમાં આવવા રવાના થયા. નદીમાં પુર જોઇને તેમણે છોકરાંઓને પૂછ્યું : ''છોકરાંઓ, હવે શું કરીશું ?'' છોકરાંઓ કહે : ''બાપા ! તમે જેમ કહો તેમ અમે કરીએ.'' ભાણજી બાપા તો અષ્ટાક્ષરનું

સ્મરણ કરતા નદીમાં ઉતર્યા. છોકરાંઓ પણ બાપાની સાથે પાણીમાં ઉતર્યા. સામે કાંઠે ઉભેલાં છોકરાંઓના મા-બાપો અને બીજા માણસો રોકકળ કરતાં કહેવા લાગ્યાં : 'એ હમણાં ઉતરો મા; જોખમ છે.' પણ થોડી વારમાં તો ભાણજી બાપા તથા બધાં છોકરાઓ, એવા ઘોડાપુરમાંથી બચી જઇને નિર્વિઘ્ને કાંઠે આવી ગયા ! બધાં આશ્ચર્ય સાથે આનંદ પામ્યાં.

ભાણજી બાપા ભગવન્નામ લેતાં લેતાં શ્રી....ના ચરણારવિંદમાં પહોંચી ગયા હતા. પણ તેમનાં ધર્મપત્ની માનુબાઇને એક વાતનો અફસોસ રહી ગયો કે, 'આવા મોટા ભગવદીય હોવા છતાં એમને જમુનાપાન ન થયા !' તે વખતે રેલગાડીનું સાધન નહોતું. વૈષ્ણવો પગે ચાલીને વ્રજયાત્રા કરવા જતા. ભાણજી બાપા પહોંચી ગયા પછી તેમના જાણીતા એક વૈષ્ણવ યાત્રા કરવા વ્રજમાં ગયા હતા. તેમને ભાણજી બાપા મળ્યા અને હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કરતાં પૂછયું: 'તમે ઘેર જાઓ ત્યારે મારું એક સંપેતરૂં લેતા જશો ?' વૈષ્ણવે કહ્યું : ઘણી ખુશીથી. તમારા જેવા ભગવદીયની એટલી ટહેલ ક્યાંથી ?' ભાણજી બાપાએ એક તુલસીની માળા તેમના હાથમાં મૂકતાં કહ્યું કે'મારે ઘેર જઇ, મારી ઘરવાળીને આ સ્મરણમાળા આપજો ને કહેજો કે, મને અહીં શ્રી....નાં ચરણકમલમાં બહુ જ આનંદ છે. મારી ફિકર કરશો મા.' તે વૈષ્ણવની પાસેથી આ સમાચાર સાંભળતાં માનુબાઇના ચિત્તમાં ઘણી જ શાંતિ થઇ. પછી જીવ્યા ત્યાં સુધી, વ્રજમાંથી આવેલી તે માળા લઈ તેમણે ભગવત્સ્મરણ કર્યું.

ભાણજી બાપાને ચાર દીકરા હતા. સૌથી મોટા દીકરાનું નામ ભગવાનદાસ હતું. તેમણે હંમેશને માટે ગુલાલકુંડ ઉપર નિવાસ કરેલો. હાલ ગુલાલકુંડ ઉપર જે મકાન છે, તેમણે તે બંધાવેલું છે. ભગવાનદાસને પણ ભગવત્સાક્ષાત્કાર હતો.

એક વખતે એક વૈષ્ણવે ગુલાલકુંડ ઉપર મનોરથ કર્યો હતો. મનોરથમાં બધા વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો, પણ ભગવાનદાસે ન લીધો. ભગવાનદાસ જાણતા હતા કે મનોરથીની સંપત્તિ આસુરી છે. અને આસુરી સંપત્તિથી લાવેલી સામગ્રી કે વસ્તુ શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી. ભગવાનદાસે પ્રસાદ ન લીધો, ત્યારે ઘણાને ખરાબ લાગેલું; પણ પ્રસાદ લેનાર વૈષ્ણવો જ્યારે પોતપોતાને સ્થાને ગયા અને તેમને ઝાડા-ઉલ્ટી થયાં ત્યારે સૌ કોઇને

ભગવાનદાસનાં વચનો સાચાં લાગ્યાં ! આમ ભગવદ્ ભજનનાં પ્રતાપબળથી તેઓ આસુરી સત્તાના ઉપદ્રવમાંથી બચી ગયા. ભગવાનદાસે ભગવદ્ભજન કરતાં કરતાં વ્રજમાં જ દેહ છોડ્યો હતો.

ભાણજી બાપાના સૌથી નાના દીકરાનું નામ માધવદાસ હતું. નાનપણમાં ઘેરથી છાનામાના ભાગી જઇ, પોરબંદરથી શ્રી દ્વારકાનાથજી મહારાજની આજ્ઞા લઇને જમુનાપાન કરવા વ્રજમાં ગયેલા. ત્યાં તેમણે મોટાભાઇ ભગવાનદાસના સત્સંગથી મરજાદ લીધી હતી. મરજાદ લીધા પછી તેઓ ઘેર આવ્યા અને અમર ગામની હવેલીમાં રહી શ્રી...ની સેવા કરવા લાગ્યા. અમર ગામનો દરબાર મુસલમાન હતો; છતાં પણ ભગવદીય માધવદાસ સાથે તેને સારો મેળ હતો. દરબારે અમરની હવેલી માટે કપાસના એક ભાર વજને અઢી શેર કાલાં અને ખળાં દીઠ એક માપ અનાજનો લાગો બાંધી આપ્યો હતો.

માધવદાસના મોઢેથી ભગવાનનું નામ તથા ધર્મ સંબંધી વાતો સાંભળવામાં દરબારને અત્યંત આનંદ થતો. તેઓ દરબારની પાસે સંપ્રદાયની રહસ્યવાર્તા કોઇ વાર ન કરતા; પણ વાતમાંને વાતમાં ભક્તકવિ દયારામભાઇનાં પદો ગાતાં અને તેનો ભાવ દરબારને સમજાવતા. 'સાચા સગા સમર શ્રીગિરિધર, કોઇ સમે નવ ચુકે' આ પદ ગાતા અને ભાવ સમજાવતા, ત્યારે સાંભળનાર મુગ્ધ થઇ જતા.

માધવદાસ હવેલીમાં જ રહેતા અને નિત્ય વૈષ્ણવોને ત્યાં ચુપટી લેવા નીકળતા. અમર ગામમાં રાઘવ કરીને એક કણબી રહેતો. તે પરમ વૈષ્ણવ હતો અને માધવદાસનો સત્સંગી હતો. તેનું કુટુંબ મોટું અને કમાનાર તે એક જ હોવાથી માંડમાંડ ગુજરાન ચલાવતો. એક દિવસે માધવદાસ તેના ડહેલામાં ચુપટી અર્થે જતા હતા, ત્યાં રોકકળ સાંભળીને ઉભા રહ્યા. એક વૈષ્ણવને પૂછતાં તેણે સમાચાર આપ્યા કે 'રાઘવ શ્રી....ના ચરણ પામ્યો છે.' સમાચાર સાંભળતાં માધવદાસ ભાઇના અંતરમાં ભગવત્પ્રેરણા થતાં તેઓ પાછા ફરવાને બદલે રાઘવના ઘેર ગયા. અને તેના દેહ પાસે બેસી ભગવતસ્મરણ કરતાં કરતાં તેના મોઢામાં ચરણામૃત મૂકયું. ચરણામૃત ચમત્કારિક અસર થઇ અને રાઘવ આળસ મરડીને બેઠો થયો ! બધાંને હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કર્યા. રોકકળને સ્થાને આનંદ આનંદ વ્યાપી ગયો.

એક વખતે દાન એકાદશીને દિવસે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવા માટે માધવદાસે પેંડા બનાવ્યા. અને અમરથી ત્રણ ગાઉ દૂર આવેલા વરવાળા ગામમાં વાલજીભાઇ નામે એક નિષ્કિંચન મરજાદી રહેતા, તેમના શ્રી ઠાકોરજીને આ પેંડાની સામગ્રી આરોગાવવાનો મનોરથ કર્યો. પરંતુ વરવાળા ગામે પેંડાની સામગ્રી પહોંચાડી શકે એવું કોઇ મળ્યું નહીં. આખો દિવસ આ પ્રકારના વિરહમાં માધવદાસે કાઢ્યો. આ બાજુ વરવાળામાં વાલજીભાઇ અપરસ કરીને શ્રી ઠાકોરજીને ઉત્થાપન કરાવવા માટે મંદિરમાં ગયા તો શ્રી ઠાકોરજીની પાસે પેંડાનો દુનો જોયો. આજે પેંડાની સામગ્રી કરી નથી ને શ્રીઠાકોરજી પાસે ક્યાંથી ? તેમને બહુજ આશ્ચર્ય થયું. વાલજીભાઇને આસપાસમાં પૂછવાનું ઠેકાણું એકમાત્ર માધવદાસ. આજની બાબત માટે તેમણે માધવદાસને પૂછવાનો નિશ્ચય કર્યો. શ્રી ઠાકોરજીની સેવા પહોંચીને તેઓ અમર તરફ રવાના થયા. હવેલીએ પહોંચ્યા ત્યારે માધવદાસ ભગવદ્વાર્તા કરતા હતા. વાલજીભાઇએ જય શ્રીકૃષ્ણ કર્યા. માધવદાસે સામા જય શ્રીકૃષ્ણ કરતાં કહ્યું : 'વાલજીભાઇ ! આજ તો આખો દિવસ તમારા શ્રી....ને પેંડા આરોગાવવાનો મનોરથ કર્યો, પણ કોઇ રીતે મેળ પડ્યો નહીં.' માધવદાસની વાત સાંભળી વાલજીભાઇ ભાવગદ્ગદ્ બની ગયા અને સાથે લાવેલ પેંડાનો દુનો માધવદાસભાઇની સન્મુખ ધરી દીધો.' જોયું તો પોતાના જ સિદ્ધ કરેલા પેંડા ! વાહ ! ભક્તમનોરથપૂરક શ્રીઠાકોરજી ! ધન્ય છે !

એક દિવસે માધવદાસે પોતાને હાથે ઘઉંનો પોંક સિદ્ધ કર્યો અને શ્રી ઠાકોરજીને આરોગાવવા માટે પોરબંદર આવ્યા. શ્રીગોપીનાથજીની હવેલીએ અને શ્રીદ્વારકાનાથજીની હવેલીએ બંને નિધિસ્વરૂપોને આરોગાવવા માટે પોંક ભીતર પધરાવ્યો. શ્રી રણછોડજીની હવેલીએ પણ પોંક પધરાવ્યો. શ્રીગોપીનાથજીની અને શ્રી દ્વારકાનાથજીની હવેલીમાં તો બધા મુખિયા ભીતરિયા માધવદાસ મરજાદીને ઓળખતા, પણ શ્રી રણછોડજીમાં એવી ઓળખાણ નહોતી. તેથી શ્રી રણછોડજીમાં જ્યારે પોંક આવ્યો, ત્યારે ત્યાંના ભંડારીજીને શંકા થઇ કે 'મેંડ વગરનો હશે તો !' એમ વિચારીને તેનો વિનિયોગ ન કરાવતાં ભંડારમાં અલગ રાખી મૂક્યો. આ વખતે મહારાજશ્રી ત્યાં બિરાજતા હતા. આપશ્રી જ્યારે ઉત્થાપન કરવા મંદિરમાં પધાર્યા, ત્યારે શ્રી રણછોડજી (શ્રીઠાકોરજી)ની પાસે પોંકનો દુનો જોયો. એઓશ્રી તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા ! બહાર પધારી, ભંડારીજીને બોલાવીને પૂછ્યું કે 'આજે કોઇ વૈષ્ણવ પોંક પધરાવી ગયેલ છે ?' ત્યારે ભંડારીજીએ કહ્યું : 'કૃપાનાથ ! એક વૈષ્ણવ પોંક પધરાવી ગયેલ છે. પણ તે મેંડ વગરનો અશુદ્ધ હશે, એમ માનીને મેં ભંડારમાં અલગ રાખેલ છે.' મહારાજશ્રીએ આજ્ઞા કરી કે, 'તે લઇ આવો તો.' ભંડારમાં જઇ પાછા આવીને તેમણે વિનંતી કરી. 'જે, જે, પોંક તો ત્યાં નથી ! હજી થોડીવાર પહેલાં જ મેં ભંડારમાં મૂક્યો હતો !' મહારાજશ્રીએ ભીતરથી લાવેલ પોંકનો દુનો તેમને બતાવ્યો તો બધાયના આશ્ચર્યની અવધિ થઇ ગઇ ! પછી મહારાજશ્રીએ મંદિરના પરિકરોને સૂચના આપી કે, 'વૈષ્ણવની સામગ્રી આવે, એટલે તરત જ બધી ચોખવટ કરી લેવી અને વિના વિલંબે શ્રી....ને અંગીકાર કરાવવી.'

એક વાર માધવદાસને ભગવદ્આજ્ઞા થઇ કે,''મને નદીના જલમાં હિંડોરા ઝુલાવો.'' ત્યારથી તેઓ જીવ્યા ત્યાં સુધી હિંડોરાના સમયમાં અમુક દિવસો સુધી નદીની ઊંડી પાટમાં હિંડોરો રોપીને તેમાં શ્રી.... ને ઝુલાવતા. ઘઉંના લોટની ગોળી કરીને નાખતા, તેથી હિંડોરાની આસપાસ માછલાં તે ખાવા માટે કૂદાકૂદ સાથે ગેલ કરતાં. તે સાથે શ્રી જમુનાજીના ભાવના હિંડોરા બોલાતા. આવા તેઓ ભાવિક હતા.

માધવદાસને પોરબંદરમાં શ્રીગોપીનાથજીની હવેલીનો બહુજ આગ્રહ. તેથી તેઓ પવિત્રા એકાદશી ઉપર અને ઉત્સવના દિવસોમાં જરૂર ને જરૂર પોરબંદર જતા. પોરબંદરમાં તેઓ ખીમજીભાઇ ભાટિયાને ત્યાં મુકામ કરતા. જ્યારે અમરમાં તેમનો દેહ છૂટ્યો, ત્યારે ખીમજી ભાટિયાને શ્રીગોપીનાથજીની હવેલીમાં તેમણે ભગવત્સ્મરણ કરેલાં. ખીમજીભાઇએ તેમને દર્શન કરવા માટે જતા જોયા, પણ પાછા નીકળતા જોયા નહીં ! આ રીતે તેઓ ભગવદ્ ચરણારવિંદને પ્રાપ્ત થયા હતા.

◆

૧૮

વિરલ વિભૂતિ શતાયુ કાવેરીબા

(પૂ. કાવેરીબા-મદ્રાસ)

મહાનગરી ચેન્નાઇ (મદ્રાસ) માં નિવાસ કરતા પૂજ્ય કાવેરીબા એક વિરલ વૈષ્ણવ છે. જેમને ૮૪ વૈષ્ણવમાંના શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળાનાં પુત્રી રૂક્ષ્મણીબાઇ કહીએ તો કોઇ અતિશયોકિત નથી.

તેમનો જન્મ દશા ખડાયતા જ્ઞાતિમાં ભાદરવા વદ અમાસ તા.૨૩-૯-૧૯૦૦ના રોજ ચેન્નાઇ નગરીમાં થયો હતો. તેમના પિતાનું નામ બાલકૃષ્ણદાસ અને માતાનું નામ રૂક્ષ્મણીબેન હતું. તેમના પૂર્વજો મછલીપટ્ટમ બંદરના મૂળ નિવાસી હતા તેથી તેમની અટક બંદરવાલા પડેલી. મછલીપટ્ટમમાં તેમના પૂર્વજોને ત્યાં પુષ્ટિમાર્ગને અનુરૂપ ગૃહમંદિર હતું, જેમાં રાજસી ઠાઠપૂર્વકની અષ્ટયામ સેવાનો પ્રકાર હતો. સમગ્ર પરિવાર વૈષ્ણવી સંસ્કારવાળો અને પુષ્ટિમાર્ગીય ષષ્ઠ પીઠ સૂરતના ઘરનો સેવક હતો. સુરત ઘરના આચાર્યશ્રી વારંવાર દક્ષિણમાં પધારે ત્યારે ખાસ એમને ત્યાં જ મુકામ કરી બિરાજતા. નિ.લી.ગો. શ્રી યદુનાથજી મહારાજશ્રીની પરિવાર ઉપર પૂર્ણ કૃપા હતી. ઘરમાં વિશાળ ગૌશાળા હતી. આ પરિવાર તરફથી નિ.લી.પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીને (પૂ.દાદાજીને) પૂનામાં એક વિશાળ મંદિર શ્રીપ્રભુને ઉપયોગી તમામ સાજ-સાહિત્ય સહિત ભેટ કરવામાં આવ્યું હતું. સૂરતના મંદિરમાં પણ રત્નજડિત ગાદીના પટ્ટા તેમજ જડાવ સાજ તેમજ વિવિધ પ્રકારનું સાહિત્ય શ્રીબાલકૃષ્ણ પ્રભુને ભેટ કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર પરિવાર હરિ-ગુરુ-વૈષ્ણવ સેવા પરાયણ હતો.

આ પરિવાર કાળક્રમે ભગવદ્ઇચ્છાથી મછલીપટ્ટનમથી ચૈન્નાઇ આવી ચૈન્નાઇ નગરીમાં સ્થાયી થયો. પરિવારના પરમ આરાધ્ય શ્રીબાલકૃષ્ણજી પણ પરિવાર સાથે ચેન્નાઇ પધાર્યા. અહીં કાવેરીબાનો જન્મ થયો. નાનપણથી જ વડીલોએ તેમનામાં પુષ્ટિમાર્ગીય - વૈષ્ણવતાના સંસ્કારો સીંચ્યા.

તે સમયે બાળ લગ્નોનો રિવાજ હોવાથી નવ વર્ષની અલ્પ આયુમાં તેમનાં લગ્ન કરી દેવામાં આવ્યાં; પણ સાસરે વળાવેલાં નહિ. ભગવદ્ ઇચ્છા કંઇક જુદી જ હતી. પોતાના જીવને અંગીકાર કરી આત્મીય બનાવવો હતો. તેથી ૧૧ વર્ષની વયે તેમના પતિ હરિશરણ થયા. કાવેરીબા સંસારની માયાજાળમાંથી મુક્ત બન્યાં. શ્રીપ્રભુને જ પોતાના પતિ અને પુત્ર માની અલૌકિક પંથના અનુગામી બન્યાં.

તેમની બાલ્યાવસ્થામાં જ પૂ. દાદાજી મહારાજે તેમને બ્રહ્મસંબંધ દીક્ષા આપી હતી. ૧૨ વર્ષની ઉંમરે તેમણે પૂ.દાદાજીને પોતાને મર્યાદ આપવા આગ્રહભરી વિનંતી કરી. શ્રીદાદાજી મહારાજે કરેલી સંપૂર્ણ કસોટીમાંથી પાર ઉતર્યાં. પૂ. શ્રીદાદાજીએ તેમને મર્યાદ (મરજાદ-પુષ્ટિમાર્ગીય સંન્યાસ) આપી. શ્રીબાલકૃષ્ણ પ્રભુને પોતાને માથે પધરાવી સેવાનો આરંભ કર્યો અને આજ સુધી તેઓ લાલાને નિત્ય નૌતમ લાડ લડાવી રીઝવી રહ્યાં છે.

શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં ખપી જવું એ જ એમનો જીવનમંત્ર છે. સો વર્ષની પુખ્ત ઉંમરે પણ એ પુષ્ટિમાર્ગીય મેંડ મર્યાદાના ચુસ્ત આગ્રહી અને આચારપરાયણ છે. સેવાનું દરેક કાર્ય કોઇને ભરોંસે ન મૂકી જાતે જ કરે છે. ત્રણ વખત તેમણે વ્રજ ચોર્યાસી કોસની લીલી પરિક્રમા કરી છે. ભારતવર્ષના લગભગ તમામ તીર્થો તથા બેઠકજીઓની યાત્રા તેમણે કરી છે.

ચેન્નાઇની શ્રીમદનમોહન પ્રભુની હવેલીમાં ફૂલઘર તેમ જ દૂધઘરની સેવામાં મુખ્ય ભૂમિકા તેમણે ભજવેલી છે. નિ.લી. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રી તેમજ તેમના પરિવારની સંપૂર્ણ કૃપા અને માર્ગદર્શન તેમને મળેલાં છે. ચેન્નાઇ પધારતા લગભગ તમામ શ્રીવલ્લભવંશજ પૂ. શ્રીઆચાર્યચરણો એમને ત્યાં પધારે જ છે. વૈષ્ણવોની અવરજવર પણ એમને ત્યાં થતી જ રહે છે. એમનું ઘર જાણે શ્રીમદ્ ગોકુળ હોય તેવી અનુભૂતિ સ્હેજે થઇ જાય છે.

આજે સો વર્ષની ઉંમરે પણ કાવેરીબા અષ્ટયામ સેવાનો પ્રકાર સાચવી લાલાને લાડ લડાવે છે. દરેક ઉત્સવો ઉજવે છે. મનોરથો મનાવે છે. વૈષ્ણવોને પ્રસાદ લેવડાવે છે. પ્રભુ કોઇવાર કસોટી કરી પ્રતિકૂળ વાતાવરણ સર્જે તો પણ તેમણે સેવા પ્રણાલિકામાં કદી બાંધછોડ કરી નથી. ખૂબ મિતભાષી, સરળ સ્વભાવના, સ્નેહાળ અને સ્વાવલંબી છે. પ્રભુસેવાનું દરેક કાર્ય જાતે કરવામાં તેમને અનહદ આનંદ આવે છે.

ચેન્નાઈમાં થતા પ્રત્યેક સત્સંગમાં તેમજ શ્રીવલ્લભકુળના વચનામૃતોમાં આજે પણ અચૂક હાજરી આપે છે. વિવેક, ધૈર્ય અને આશ્રયનું મૂર્તિમંત સ્વરૂપ જોવું હોય તો કાવેરીબામાં તે જોવા મળે છે. શ્રીઠાકોરજીને વિવિધ પ્રકારની સામગ્રીઓ અંગીકાર કરાવે છે. તેઓ પોતે અત્યંત સાદું અને તપસ્યાપૂર્ણ જીવન જીવે છે પરંતુ વૈષ્ણવોને અતિ પ્રસન્નતાથી, અનેક મનુહાર કરીને અનેકવિધ સામગ્રીઓનો પ્રસાદ લેવડાવે ત્યારે જ તેમને સંતોષ થાય છે.

એમના માતુશ્રીના ગોલોકવાસ પછી એમનાં ભોજાઇ પ્રભાવતીબેન સેવામાં સહાયક થયાં. તેમણે પણ તન-મન-ધનથી બાની સાથે રહી શ્રીપ્રભુની સેવા કરી. આજે સોરઠીયા જ્ઞાતિના શ્રીમંજુલાબેન ભગત ગુરુદેવની આજ્ઞાથી તેમને સેવામાં સહાયક બનીને રહ્યાં છે. શ્રીબાલકૃષ્ણપ્રભુ અતિ આનંદપૂર્વક પૂર્ણાનંદનું દાન બાને કરી રહ્યાં છે. સૂરતના ઘરના તમામ પૂ. આચાર્યબાલકોની કૃપા આજે પણ બા ઉપર અતુલિત છે. બાને તેઓ વારંવાર યાદ કરે છે. શ્રીપ્રભુ કેટલીક વાર સીધી યા આડકતરી રીતે સાનુભાવ જતાવી કૃપા કરે છે પણ બા આ વાત સદા ગુપ્ત રાખે છે. કોઇને જણાવતાં નથી.

તા. ૨૨-૫-૨૦૦૦ના રોજ તેમના શતાબ્દિ પ્રસંગે તેમનાં જ્ઞાતિજનોએ, અને પૂ.ગો.બાલકોએ તેમને શાલ, ઉપરણા ઓઢાડી તેમનું સન્માન કરી આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

તા. ૨૭-૯-૨૦૦૦ના રોજ શતાબ્દિ પૂર્તિને દિવસે બાને ત્યાં છાકલીલાનો સુંદર મનોરથ થયો હતો. અનેક વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવામાં આવ્યો હતો. તે પ્રસંગે પૂ. શ્રી ગીતાવહુજી મહારાજ, પૂ.શ્રી ઈન્દુબેટીજી તેમજ પૂ.ગો. શ્રીઅજયકુમારજી મહારાજશ્રીએ પધારી શ્રીપ્રભુની આરતી કરી હતી. વૈષ્ણવોને અનેરો આનંદ આવ્યો હતો.

આવા ભગવદીયોનાં દર્શન આધુનિક વૈષ્ણવો માટે પ્રેરક બળ બની રહે છે. એમનાં ચરિત્રો અને જીવનપ્રસંગો, એમની ટેક અને દ્રઢતા, એમની સેવા અને સદાચાર ભક્તિમાર્ગમાં આપણી શ્રદ્ધા દ્રઢ કરે છે. શ્રીવલ્લભનો માર્ગ સનાતન છે. આજે પણ ૮૪-૨૫૨ ભગવદીયો ભૂતળ ઉપર બિરાજે છે. એ વાતનો અહેસાસ કરાવે છે.

આવા ભગવદીય કાવેરીબાને કોટિ કોટિ વંદન. ■

૧૯

આં.પુ.વૈ.પરિષદના સંગઠનમંત્રી

(શ્રી ચીમનભાઇ શેઠ, કપડવંજ)

‘ પ્રેમસે બોલો-જયશ્રીકૃષ્ણ’ નો નારો વલ્લભીય સૃષ્ટિમાં ગજાવનાર શ્રી ચીમનભાઇ શેઠને કોણ નથી જાણતું ? પુષ્ટિસંપ્રદાય અર્થે ભેખ લઇ, સતત પરિશ્રમ ઊઠાવી, પોતાની જાતની પણ પરવા કર્યા વગર ચીમનભાઇએ પરિષદના સંગઠન મંત્રી તરીકે સંપ્રદાયમાં સંગઠનનું અનોખું કાર્ય કર્યું છે. તેમના હૃદયમાં માનવસેવાની અને વૈષ્ણવતાની જ્યોત જલતી હતી. તેઓ દીન-દુઃખીઓનાં આંસુ જોઇ શકતા ન હતા. જ્યાં જ્યાં સંકટ દેખાય ત્યાં દોડીને પહોંચી જતા અને શક્ય તેટલી મદદ પહોંચાડવા પ્રયત્ન કરતા.

તેમનું મૂળ વતન સંખેડા-દશા પોરવાડ જ્ઞાતિના. ૧૯૨૮ની સાલમાં જન્મ. પિતા માણેકચંદ અને માતા રેવાબા. સંખેડામાં પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ લીધું. ત્યારપછી ઉચ્ચશિક્ષણ માટે વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં જોડાયા. તેમનું શૈશવ રમતિયાળ હતું પરંતુ યૌવન સંઘર્ષમય વીત્યું. એમ.એસ.યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. કપડવંજમાં ઈતિહાસના પ્રોફેસર તરીકે નીમાયા. કપડવંજ તેમની કર્મભૂમિ બની. ૨૫ વર્ષ સુધી પ્રોફેસર તરીકે ઉત્તમ સેવા આપી અહીંથી જ નિવૃત થયા.

આ સમય દરમ્યાન તેમણે ગુજરાત યુનિવર્સિટીની સેનેટના સભ્ય, વિશ્વહિંદુ પરિષદના કાર્યકર તથા આર.એસ.એસ.ના એક અદના સૈનિક તરીકે સંનિષ્ઠ સેવાઓ આપી. ગોવા મુક્તિ સંગ્રામના યોધ્ધા બન્યા. ધીરે ધીરે સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ તરફ વળ્યા. પુષ્ટિરંગે રંગાયા અને પરિષદની પ્રવૃત્તિઓ સંભાળી.

નિ.લી.પૂ.ગો. શ્રી પ્રથમેશજીની પ્રેરણા અને આશીર્વાદના સથવારે ગુજરાતમાં વૈષ્ણવ પરિષદને જીવંત બનાવવાનો સંકલ્પ કરી છેલ્લા દાયકામાં તેમણે પરિષદની ૧૦૦ કરતાં પણ વધુ શાખાઓને કાર્યરત કરી. પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર-પ્રસાર અને સંગઠન, સંરક્ષણ, સંવર્ધન માટે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું. આ સમય દરમ્યાન પરિષદના બે મોટાં અધિવેશનોનું તેમણે આયોજન કર્યું. અનેક આચાર્યવર્યો તેમજ વિદ્વાનોની પાવન ઉપસ્થિતિમાં

વડોદરામાં અને નડિયાદમાં યોજાયેલા અધિવેશનોમાં હજારો વૈષ્ણવોએ હાજરી આપી. પુષ્ટિમાર્ગના અને પરિષદના ઈતિહાસમાં આ બંને વિરાટ અધિવેશનો સિમાચિહ્નો બની રહેશે.

'ભક્તિવર્ધિની' દ્વારા અનેક ગામોના પ્રવાસ કરી, વૈષ્ણવોનો સંપર્ક કરી સંગઠનના પ્રયાસો કર્યા. પરિષદના મંચ ઉપર અનેક આચાર્યવર્યોના અધ્યક્ષસ્થાને ધાર્મિક શિબિરો, સત્સંગના કાર્યક્રમો, સંમેલનો યોજ્યા. પરિષદના પ્રચાર-પ્રસાર માટે ૨૫ જેટલા ગ્રંથોનું પ્રકાશન કર્યું. જેમાં 'પુષ્ટિ સ્વાધ્યાય', 'વલ્લભગીતા' નિત્ય દર્શન-નિત્ય ચિંતન, શુધ્ધાદ્વૈત ચિંતન, પુષ્ટિમાર્ગીય ક્વીઝ વગેરે નોંધપાત્ર છે.

ગુજરાતમાં અનાવૃષ્ટિને કારણે ઊભી થયેલી દુષ્કાળની પરિસ્થિતિમાં મૂંગા પશુઓ માટે 'શ્રીવલ્લભ નીરણ કેન્દ્રો' શરૂ કરી ગૌસેવાનું ઉત્તમ કાર્ય કર્યું. દુષ્કાળ, ધરતીકંપ, પૂર કે પ્લેગ જેવા પ્રસંગોએ માનવસેવાના કાર્યોમાં તેઓ સદા અગ્રેસર રહ્યા.

પરિષદની પ્રત્યેક પ્રવૃત્તિનો પ્રાણ ચીમનભાઇ બની રહ્યા. કથળતા જતા સ્વાસ્થ્યને લક્ષમાં લીધા વિના દોડતા રહ્યા. ડૉકટરો અને પરિષદના પદાધિકારીઓ કહેતા હતા : 'ચીમનભાઇ હવે થોડો આરામ કરો. પરિષદને તમારી સેવાઓની ખૂબ જરૂર છે.' પણ આરામ કરે તો ચીમનભાઇ શાના? જીંદગીમાં છેલ્લા શ્વાસ સુધી સતત દોડતા જ રહ્યા. મૃત્યુના થોડાક કલાકો પહેલાં જ વડોદરાની પરિષદની રેસકોર્સશાખાની અંતિમ મુલાકાત લીધી. ધૂપસળી જેવું જીવન જીવી, સેવા, સ્નેહ અને સમર્પણની સુવાસ પ્રસરાવી જનાર આ કર્મવીર, ધર્મવીર યોધ્ધાને વૈષ્ણવ સમાજે ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી.

પુષ્ટિમાર્ગના હે પ્રહરી !
શ્રીવલ્લભી વિચારધારા વહેતી કરી તમે,
પુષ્ટિનો પરિમલ ચોપાસ પ્રસાર્યો તમે,
પ્રેમસે બોલો જયશ્રીકૃષ્ણ નાદ ગુંજતો કર્યો તમે,
વ્યક્તિ હતા, વિરાટ બની માનવતા મહેકાવી તમે.

◆

૨૦

"હા વારી ઈન વલ્લભીયન પર"

(શ્રી મુકુન્દભાઇ ત્રિવેદી, વડોદરા)

લેખક - શ્રી હરિવદન એમ. પરીખ (વડોદરા)

પૂ.પા.નિ.લી.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી)ના અનન્ય કૃપાપાત્ર સેવક, પ.ભ. શ્રી મુકુન્દભાઈ ત્રિવેદીના નામથી વડોદરાનો વૈષ્ણવ સમાજ ભાગ્યેજ અજાણ હશે. તેઓ 'ભઈ'ના હુલામણા નામે ઓળખાતા.

બાલ્યાવસ્થાથી જ કુટુંબના પુષ્ટિ સંપ્રદાયના સંસ્કારથી રંગાયેલા અને આજીવન ભગવદ્ સેવામાં પ્રવૃત એવા શ્રી મુકુન્દભાઇ બાલકૃષ્ણ ત્રિવેદીનો જન્મ તા. ૯-૮-'૧૮ ના રોજ - ઠકરાણી ત્રીજના શુભદિને પેટલાદના વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.

તેમના પિતાશ્રી વ્યવસાય અર્થે અમદાવાદમાં વસતા હોઇ ત્યાં રાયપુરમાં શ્રી દ્વારકાધીશ મંદિરમાં પ્રતિદિન કીર્તન સેવામાં જતા તથા માતૃશ્રી કીકીબેન પણ આ મંદિરમાં ફૂલઘરની નિત્ય સેવા કરતા. પેટલાદમાં દાદા શ્રીવ્રજલાલભાઈ અને કાકા શ્રીમન્મથભાઈ શ્રી પુરૂષોત્તમલાલજીની બેઠકમાં શ્રી લાલજી અને શ્રી દાદાજીની રાગ, ભોગ, શૃંગાર સહ અષ્ટપ્રહરની સેવા કરતા હતા. અહીં વર્ષભર પ્રત્યેક ઉત્સવો ધામધૂમથી ઉજવાતા. મુકુન્દભાઇ બાળપણથી જન્માષ્ટમી, હિંડોળા, દિવાળી, અન્નકૂટ, પ્રબોધિની, ડોલ જેવા ઉત્સવોએ પેટલાદ આવતા અને બધી સેવામાં તત્પર રહેતા. બાલ્યવયથી જ આમ તેમને પુષ્ટિસંપ્રદાયના આચાર વિચાર, શૃંગાર, સામગ્રી, કીર્તન, સેવાની રીત, ભાવભાવનાના સંસ્કારો વડીલો પાસેથી મળ્યા જે તેમણે જીવનભર દીપાવ્યા હતા.

શ્રી મુકુન્દભાઇને અમદાવાદમાં શ્રી દ્વારકાધીશ પ્રભુ સન્મુખ પરમ પૂજ્ય ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (કાંકરોલી) પાસેથી બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયા હતા.

અમદાવાદમાં જ તેમણે શાળા-કોલેજનો અભ્યાસ કર્યો અને ૧૯૩૯માં મુંબઇ યુનિ. ની બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત વિષય સાથે ઉત્તમ માર્ક મેળવી, પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઇ સંખ્યાબંધ પારિતોષિકો અને ચંદ્રકો મેળવ્યા.

ઉત્તમ શૈક્ષણિક કારકિર્દીને કારણે તેમને આગળ ઉચ્ચ અભ્યાસ માટે ઉમદા તકો હોવા છતાં તેમણે શ્રી ઠાકોરજીની સેવા અને કુટુંબ પ્રત્યેની પોતાની ફરજને અગત્યનાં ગણ્યાં. પિતાનું નબળું સ્વાસ્થ્ય જોતાં તેમણે પોતાની જવાબદારી સમજી આર્થિક ઉપાર્જન માટે શરૂઆતમાં અમદાવાદની કાપડ મીલમાં નોકરી લીધી. અભ્યાસકાળ દરમિયાન જ તેમણે એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી લીધી હતી જે એમને આ નોકરીના દિવસો દરમિયાન ઉપયોગી બની.

વડોદરામાં સારાભાઇ કેમીકલ્સની સ્થાપના થતાં શરૂઆતથી જ તેમાં મુકુન્દભાઇ ઉચ્ચ હોદ્દા પર નિમાયા અને છેક નિવૃત થયા ત્યાં સુધી લગભગ ૩૩ વર્ષ ઉપરાંતના સમયગાળા દરમિયાન ત્યાં વિવિધ ઉચ્ચ અને અગત્યના હોદ્દાઓ તેમણે શોભાવ્યા. આ વર્ષો દરમિયાન તેમણે પરદેશગમન પણ કર્યું.

વ્યવસાયાર્થે વડોદરામાં સ્થાયી થયા, છતાં પેટલાદની બેઠકે પ્રત્યેક ઉત્સવોમાં અચૂક જતા અને સેવા આપતા રહેતા હતા.

પ.ભ. શ્રી. મુકુન્દભાઇ માટે શ્રી ઠાકોરજીની સેવા એજ જીવન હતું. અને તેથી તેમનું આરોગ્ય જળવાયું ત્યાં સુધી ભગવદ્સેવા કરતા રહ્યા. વડોદરામાં શ્રી કલ્યાણરાયજી મંદિરમાં એઓ નિયમિતપણે સાંજે પોતે શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા અને મધુર કંઠ ધરાવતા હોવાથી પ્રભુને રીઝવવાની કીર્તન સેવા કરતા રહ્યા. એમણે શ્રી ઠાકોરજી, શ્રી વલ્લભકુળ અને ગુરુઘર કાંકરોલી સિવાય અન્યત્ર ક્યાંય કીર્તન નહીં કરવાની ટેક રાખેલી અને આજીવન નીભાવી. શાસ્ત્રીય રાગથી અને પૂર્ણ ભક્તિભાવથી થતાં એમનાં કીર્તનો ગોસ્વામી બાળકો તથા ભાવિક વૈષ્ણવોનાં હૃદયને સ્પર્શી જતાં. આજે પણ વડોદરાના વૈષ્ણવો એમની મધુર કંઠથી કરેલી કીર્તન સેવા અને સત્સંગને યાદ કરે છે.

કીર્તન સેવાથી પ્રસન્ન થયેલાં, પૂજ્યપાદ શ્રી કૃષ્ણાવતી વહુજી મહારાજે એમને ગૃહસેવા માટે શ્રી કલ્યાણરાયજીની ચિત્રસેવા પધરાવી આપી હતી. આ સેવા સાથે પુષ્ટિમાર્ગીય સાહિત્યનું વાચન અને તત્સબંધી લેખન એ એમની અગત્યની પ્રવૃત્તિ રહી હતી.

તેઓ સેવા, સ્મરણ અને સત્સંગમાં તથા પોતાની ગૃહસેવામાં સદા પ્રવૃત રહેતા. તેમના શ્રી ગુરુદેવ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ભક્તિભાવથી ભાવવિભોર બની સંસ્કૃતમાં ‘નામસ્તોત્ર’ની રચના કરી. અને તે પછી પૂ.પા.ગો.

શ્રી વ્રજેશકુમારજીની આજ્ઞાથી આપશ્રીએ રચેલા શ્રી દ્વારકેશાષ્ટક અને શ્રી કલ્યાણરાયાષ્ટકનો છંદોબદ્ધ સમશ્લોકી અનુવાદ કર્યો. વળી ષોડશગ્રંથોનું અંગ્રેજી ભાષામાં વિવરણ લખવાની ગુરુઆજ્ઞા થતાં તેમણે તેમ કરીને એ દ્વારા પુષ્ટિમાર્ગની અજોડ સેવા કરી. શ્રી ગુરુદેવના અસીમ કૃપાદાનથી જ વિદ્વત્તા છતાં એમની દીનતા અદ્ભુત હતી.

વડોદરામાં ‘વ્રજવાસ’માં એમના નિવાસસ્થાને રોજ રાત્રે ભગવદ્ વાર્તા થતી. જેમાં તેઓ શ્રીમદ્ ભાગવતજી, ચોર્યાસી તથા બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ, શિક્ષાપાત્ર, ભક્તિપોષણ, ભક્ત કવિ દયારામભાઇની કાવ્ય રચનાઓ, સર્વોત્તમજી વગેરેનું વાચન કરતા અને તેનાં રહસ્યોની ચર્ચા, સિદ્ધાંતોનું અવગાહન, વલ્લભ કુળના બાળકોના પ્રસંગો તેમજ કીર્તનોના ગૂઢ ભાવ સરળ શૈલીમાં સમજાવતા અને તેનો લાભ આજુબાજુ રહેતા વૈષ્ણવો લેતા હતા. તેમનાં ધર્મપત્ની કુંજલત્તાબેને સરળ હૃદયથી સેવા પરાયણ બની, પ્રસન્નવદને વૈષ્ણવોની આગતાસ્વાગતા કરી, સેવામાં સતત સાથ આપી એક સાચા અર્ધાંગિની તરીકે જીવનને ધન્ય બનાવ્યું છે.

શ્રી મુકુન્દભાઇ પર શ્રી ગુરુદેવની જેમ જ કાંકરોલી ઘરનાં સર્વ પૂ.ગો. બાલકો કૃપા રાખતા. પૂ.પા. શ્રી વિઠ્ઠલનાથજી, પૂ.પા.શ્રી વ્રજેશકુમારજી, પૂ.પા.શ્રી વાગીશકુમારજી પૂ. પા. શ્રી દ્વારકેશલાલજી, પૂ.પા. શ્રી પરાગરાજા, પૂ. પા. શ્રી શિશિરકુમારજી તથા વહુજી-બેટીજી સહિત સર્વકોઇ કૃપા રાખતા હતા.

રાજનગરના નિ.લી. ગોસ્વામી શ્રી નટવરગોપાલજી એમના સેવાભાવથી અતિ પ્રસન્ન રહેતા અને આજ્ઞા કરતા કે ‘આ મુકુન્દ તો પુષ્ટિમાર્ગનું રત્ન છે.’ આપશ્રી “હું મારા બાળપણમાં હાર્મોનિયમ પર ભૈરવ રાગ આ મુકુન્દના ખોળામાં બેસીને એની પાસેથી શીખ્યો હતો.’ એમ કહી એમનું ગૌરવ કરતા હતા. અમરેલીના પૂ.પા.નિ.લી.ગો.શ્રી વિઠ્ઠલનાથજી (વિઠુબાવા) મુંબઇ જતાં આવતાં વડોદરામાં મુકુન્દભાઇને ત્યાં મુકામ કરતા હતા. સુરતના પૂજ્યપાદ શ્રી દ્રુમિલબાવા, પૂ.પા.શ્રી યોગેશબાવા પણ કૃપાકરી અવારનવાર તેમને ત્યાં પધારતા અને દર્શન, ચરણસ્પર્શ આપી માર્ગીય વચનામૃતનો લાભ આપતા હતા. શ્રી હરિ, ગુરુ, વૈષ્ણવની સેવાથી આમ “વ્રજવાસ” સદા ગુંજતું રહેતું હતું. એમણે આમ એક આદરણીય વૈષ્ણવ જીવન જીવી જાણ્યું.

છેલ્લાં ત્રણેક વર્ષથી, જ્યારથી તેમના લઘુબંધુ દમનભાઇ અને પછી મત્સ્યેન્દ્રભાઇ અચાનક શ્રી શરણ થયા ત્યારથી તે ભાંગી પડ્યા હતા. તેમની તબિયત નાદુરસ્ત થવા છતાં તે સેવામાં અચૂકપણે નહાતા અને સેવા શૃંગાર કરતા. સેવામાં એકાગ્ર થઇને શ્રી...ને એ શૃંગાર તો એવા કરતા કે એ શૃંગાર વિજય કરવાનું કોઇને મન ન થાય. સામગ્રીમાં પણ એવા નિષ્ણાત કે રસોઇ કરતી બહેનોને ય શરમાવે. મુકુન્દભાઇ આમ એક સાચા સર્વસમર્પિત નિષ્ઠાવાન વૈષ્ણવ હતા.

પાછળના દિવસોમાં તેમની તબિયત વધુ બગડતાં અને બિલકુલ અશક્ત થઇ જતાં તેમણે પેટલાદથી પધારેલા શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપને વડોદરામાં જ રહેતા તેમના સૌથી નાનાભાઇ મૃગાંકભાઇ તથા તેમના પુત્ર અજયને માથે પધરાવી આપ્યા, તથા શ્રી કલ્યાણરાયજીની ચિત્રસેવા તેમના સ્વગૃહે પૂ.પા.શ્રી દ્વારકેશબાવાને ત્યાં પધરાવી. અંતિમ દિવસોમાં શ્રી ગુરૂદેવના ચરણારવિન્દને ઝારી, ચરણસ્પર્શ તથા ભોગ ધરીને માનસીમાં મગ્ન રહેતા અને પોતાની ડાયરીમાં નિત્યની શૃંગાર પ્રણાલિ અનુસાર શ્રીનું શૃંગાર સહિતનું સ્વરૂપ ચીતરતા અને ચરણસ્પર્શ કરતા રહેતા.

પ.ભ. શ્રી મુકુન્દભાઇએ આમ છેક બાલ્યકાળથી માંડીને જીવનભર સેવાને જ પોતાનું જીવન માન્યું હતું. અને ભૂતળ પર જે સેવા કરી તેના ફલ સ્વરૂપે ગુરૂવાર તા. ૨૪-૧-'૯૭ ને પોષ સુદ પૂનમના પવિત્ર દિવસે વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગે 'સદા રાસ રાસેશ્વરી' એ પંક્તિના રટણ સાથે પ્રભુસ્મરણ કરતાં આનંદથી આ ભૌતિક દેહનો ત્યાગ કરી પ્રભુના ચરણારવિંદને પ્રાપ્ત થયા.

■

૨૧

સાર્થક જીવન

(ચંદનબેન પન્નાલાલ પરીખ, પાટણ)

લેખક : ડૉ. પીયૂષ પરીખ (ભરૂચ) અને નીતા પરીખ

તેઓ મારાં દાદી થાય. તેમનો જન્મ કડીમાં થયેલો. પિતા શ્રી ચીમનલાલ અને માતા અમથીબા દ્વારા પુષ્ટિધર્મનું સિંચન તથા ભાવનું પોષણ થતું રહ્યું. ઘરમાં સેવા બિરાજતી હતી તેથી સન્મુખ રહેતા થયાં. કડી શ્રી ગોપાલલાલજીના મંદિરમાં પણ સેવાનું સુખ મળતું.

બાર વર્ષની નાની ઉંમરે પાટણમાં લગ્ન થયાં. પતિનું નામ શ્રી પન્નાલાલ પરીખ. અહીં પણ પુષ્ટિધર્મના સંસ્કારો વારસામાં હતા. શ્રી પન્નાલાલ દાદાના દાદાજીના સમયથી તેમને ત્યાં અષ્ટપ્રહરની સેવાનો પ્રકાર હતો. ૨૫ વર્ષની નાની ઉંમરમાં જ વિધવા થયાં. ચાર બાળકોને લઇને કડી પિયરમાં આવ્યાં. અહીં ઘરકામ સાથે ભગવન્નામ, ગુણાનુવાદ ચાલુ જ રહેતા. ઘરના ઠાકોરજી સન્મુખ થવું, સત્સંગ કરવો, શ્રી ગોપાલલાલજી ના મંદિરે ઝાંખી કરવી, સેવામાં હાથપવિત્ર કરવા આવું ભગવદીય જીવન જીવતાં.

પુત્રો મોટા થયા. પાટણ આવ્યાં. બ્રહ્મસંબંધ કાંકરોલી નરેશ પૂ. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ દ્વારા પામ્યા હતાં. સેવ્ય સ્વરૂપ શ્રીનાથજીના ચિત્રજી, જે આજે આણંદ શ્રી ચંદ્રકાન્ત કાકાને ત્યાં બિરાજે છે, તેમની શરીરે સાથ આપ્યો ત્યાં સુધી શ્રીવલ્લભની મેડ અનુસાર સેવા કરી. કૂવાઓનાં પાણી ઉપલબ્ધ હતાં, ત્યાં સુધી તે જ જળનો ઉપયોગ કર્યો. અહીં પણ આદર્શ વૈષ્ણવી જીવન જીવ્યાં. બ્રહ્મમુહૂર્તમાં ઊઠે. શ્રીઠાકોરજીની સેવાની તૈયારી કરતાં જાય, ધોળકીર્તનો બોલતાં જાય. વલ્લભાખ્યાન અચૂક બોલે. બધું જ કંઠસ્થ. કીર્તનો પણ કંઠસ્થ. તેના ભાવો પણ સુંદર સમજાવે. અમારામાં એવા સંસ્કારો સિંચ્યા કે અમે નાના હતા ત્યારે ભીતર સ્નાન કરી, ધોતી બંડી પહેરી, કૂવામાંથી જળની ગાગરો ખભે મૂકી શ્રી ઠાકોરજી માટે લાવતા. કોઇ જાતનો સંકોચ કે શરમ લાગતા નહીં.

રાત્રે અમને ૮૪-૨૫૨ વૈષ્ણવોના પ્રસંગો કહેતાં. એકવાર રાત્રે સત્સંગ ચાલતો હતો ત્યાં મને સુગંધનો અનુભવ થયો. મેં કહ્યું 'બા, આ સુગંધ કેવી?

ત્યારે તેમણે કહ્યું : ‘‘પોતાના ગુણગાન સાંભળી જરૂર પ્રભુ પધાર્યા છે. આપણે રોજ સત્સંગમાં સિંહાસન પધરાવીએ છીએ તે એજ ભાવથી કે પ્રભુ પધારે અને તેમનાં ગુણગાન સાંભળે.’

હિંડોળાના દિવસો હતા. શ્રી ઠાકોરજીને રોજ હિંડોળે ઝૂલાવે. ઘરના સભ્યોને પણ ભીતર સ્નાન કરાવી સેવામાં સન્મુખ કરે. શ્રીઠાકોરજીને હિંડોળે ઝૂલાવરાવે. મારા પિતાજીને દુકાનેથી આવતાં મોડું થાય તેથી તે શ્રી ઠાકોરજીને હિંડોળે ઝૂલાવી ન શકે. ચંદનબાને ખૂબ જ ઇચ્છા રહે કે એકવાર પણ પિતાશ્રી વહેલા આવે અને શ્રી ઠાકોરજીને હિંડોળે ઝૂલાવે. પિતાશ્રી નકકી કર્યા મુજબ વહેલા આવ્યા. તે દિવસે વરસાદ ખૂબ હતો અને ઘરના ઈલે. મેઈન ફયુજમાં ભડાકો થયો મોટો સ્પાર્ક થયો. લાઈટો ગઈ. મેં કહ્યું બા ફયુજ ગયો. લાઈટો નહિ આવે. પૂ. બાએ કહ્યું : ‘‘આજે શ્રી ઠાકોરજીને તારા પિતાશ્રીને હાથે હિંડોળે ઝૂલવું છે. લાઈટો આવશે જ. ને ખરેખર લાઈટો આવી. પિતાશ્રીએ શ્રી ઠાકોરજીને ઝૂલાવ્યા. શ્રી ઠાકોરજી પોઢ્યા પછી પાછી લાઈટો જતી રહી. સવારે પાવર હાઉસના કર્મચારીને બોલાવ્યો. ફયુજ ઊડી ગયેલો. તે નવો નાખ્યો. આજે પણ મને આશ્ચર્ય થાય છે કે ફયુજ વગર લાઈટો થઈ કેવી રીતે?

હું ભરૂચ આવ્યો. પૂ. ચંદનબા પણ એકવાર આવેલા. તે સમયમાં એક વ્રજવાસી ઘરે પધાર્યા. સત્સંગ માટે રાત્રે ઘરે આવે. તે વ્રજવાસી ઘણી જગ્યાએ ફરતા ફરતા ભરૂચ આવેલા. સત્સંગમાં તેમણે પુષ્ટિમાર્ગને લગતા ઘણા પ્રશ્નો અમને પૂછેલા. બધા તો અત્યારે મને યાદ નથી. એક પ્રશ્ન યાદ રહ્યો છે. ‘‘દશેરામાં દશ માટ જ કેમ?’’ ચંદનબાએ તરત જ જવાબ આપેલો. નવધા ભક્તિ અને દશમી પ્રેમલક્ષણાના ભાવથી અને દસ પ્રકારના વ્રજભક્તોના ભાવથી. વ્રજવાસીએ કહેલું. ‘માઈ, આવો જવાબ કોઈની પાસેથી નથી મળ્યો. અને વ્રજવાસી બાને પગે લાગેલા.

ચંદનબાને અન્યાશ્રયની ગંધ પણ ગમતી નહિ. મારા જન્માક્ષરમાં હું ડૉક્ટર બનું તેવા ગ્રહો ન હતા. આથી મને મેડિકલમાં એડમિશન મળે તે માટે મારા કુટુંબીઓ મને નડતા ગ્રહની વીંટી પહેરવા કહે અને ગ્રહશાંત કરવાના મંત્રો બોલવા માટે કહે. ચંદનબાએ બધાંને રોકેલા અને મને કહ્યું કે માત્ર શ્રી યમુનાષ્ટક અને નવરત્ન બોલતો રહે. પ્રભુ તારું ભલું જેમાં હશે તેમ કરશે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. ‘નિજેચ્છાતઃ કરિષ્યતિ’ પ્રભુ કૃપાથી અને ચંદન બાના આશિષથી હું ડૉકટર બન્યો. મને થયું. ‘નિજેચ્છાતઃ કરિષ્યતિ’ એટલે ભગવાન પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે તે તો એક ભાવ. પણ મને એમ લાગે છે કે પ્રભુ નિજ જનોની (અહીં ચંદનબાની) ઇચ્છા પ્રમાણે કરે છે.

ચંદનબાનું શરીર ધીરેધીરે અસ્વસ્થ થતું ગયું. મારાં પૂ.કાકી - તેમનાં નાનાં પુત્રવધૂ - વિનોદીનીબેન તેમને સેવામાં સહાયક થયાં. તેઓ પણ ચંદનબાની જેમ શ્રીપ્રભુ પ્રત્યે પૂર્ણ અનુરાગવાળાં, આચાર વિચારના આગ્રહી, હરિ-ગુરુ-વૈષ્ણવ સેવા-પરાયણ. ખૂબ ભાવથી, ભાગ્ય માનીને શ્રીની ટહેલ કરે. જીવનમાં તેમને પણ શ્રીપ્રભુએ એવા અનુભવો કરાવ્યા કે પ્રભુ પ્રત્યેની તેમની શ્રદ્ધા અને ભાવ દૃઢ થતાં ગયાં.-

પૂ. કાકાને બેંકની સર્વિસ. દર ત્રણ-ચાર વર્ષે બદલી થાય. સેવામાં કૂવાના જળનો આગ્રહ તેથી જે ગામમાં બદલી થાય ત્યાં સૌથી પહેલા કૂવાની શોધ કરે. એકવાર દાહોદ બદલી થઈ. ત્યાં તપાસ કરતાં ખબર પડી કે ઘરથી ઘણે દૂર, ચણતર વિનાનો અવાવરુ કૂવો છે. ત્યાં જવાનો રસ્તો પણ કાચો છે; પરંતુ વિનોદિનીબેને હાર માન્યા વગર કૂવાને સાફસૂફ કરાવ્યો. કૂવામાં ચૂનો નખાવ્યો. ઝારીજીનું જળ પધરાવ્યું. કૂવાનું જળ વાપરવા લાયક શુદ્ધ બનાવ્યું. દરરોજ કાચા રસ્તે પંદર મિનિટ ચાલી જાતે જળ ભરી લાવી કૂવાના જળની ટેક પ્રભુકૃપાએ તેમણે સાચવી.

વિનોદિનીબેનને પ્રભુને વિવિધ સામગ્રીઓ આરોગાવવામાં ખૂબ આનંદ આવે. ખૂબ હોંશથી સુંદર સામગ્રી સિદ્ધ કરે. રાત્રે બે ત્રણ વાગે ઊઠી જાય. ન કોઈ થાક કે ન કંટાળો. પોતાના શ્રીઠાકોરજીના સુખ માટે કદી પાછી પાની ન કરે. ઘેર આવેલા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાનો અતિ આગ્રહ. દરેક ઉત્સવે પણ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવે.

એકવાર પૂ. કાકાની બદલી કાલોલ થયેલી. ત્યાં દોલોત્સવ મનાવ્યો. શ્રીપ્રભુને ફગવા, દૂધગર, અનસખડી, સખડીની ખૂબ સામગ્રીઓ સિદ્ધ કરી આરોગાવી, ભોગ સરાવ્યા પછી વિનોદિનીબેન કહે : ‘બા, હવેથી આપણે સામગ્રીઓ થોડી આરોગાવવી. આટલો બધો પ્રસાદ કેવી રીતે અવેરીશું?’ આ બાબત વધુ ચર્ચા થાય તે પહેલાં ઘેર અચાનક વીસથી પચીસ વૈષ્ણવો

આવ્યાં. બધાંએ સાથે મળીને હોળીના રસિયા ગાયા. હીંચ હમચી લીધી. ખૂબ આનંદ મનાવ્યો. ઘરમાં જે પ્રસાદ હતો તે સૌએ પ્રેમથી લીધો. એવું લાગ્યું કે હજુ વધારે પ્રસાદ હોત તો સારું હતું. તે દિવસથી બંનેએ નક્કી કર્યું કે પ્રભુને કદી ઓછું આરોગાવવાનો વિચાર ન કરવો.

વિનોદિનીબેન પોતાના શ્રીપ્રભુના વસ્ત્ર, શૃંગાર વગેરે બધું પણ જાતે જ બનાવે. એટલું જ નહિ પણ પાગ, કુલ્હે, વસ્ત્રો વગેરે બનાવીને અન્ય વૈષ્ણવોને પણ આપે. કદી તેમના હાથ નવરા ન હોય. કંઈને કંઈ સેવાકાર્ય ચાલુ જ હોય. ઘરગૃહસ્થીની જવાબદારી સાથે શ્રીપ્રભુની સેવાનું કાર્ય પણ સહજ રીતે કરે જાય.

એકવાર સાંજે પવન સાથે ખૂબ વરસાદ તૂટી પડ્યો. વાદળોના ગડગડાટ અને વીજળીના ચમકારા સાથે વરસાદનું જોરદાર તોફાન શરૂ થઈ ગયું. તે વખતે ચંદનબા તેમના પાંચ વર્ષના નાના પૌત્ર સાથે ઘરમાં એકલાં હતાં. અન્ય સૌ બહાર ગયેલાં. શ્રીપ્રભુના સેવાના રૂમમાં ચાર બારીઓ હતી. ચંદનબાની તબિયત તે સમયે ખૂબ અસ્વસ્થ હતી. અપરસ કરીને રૂમમાં જઈ બારીઓ બંધ કરી શકે તેમ ન હતાં. પથારીમાં સૂતાં સૂતાં ખૂબ ચિંતા કરવા લાગ્યાં. રડતાં જાય અને બોલતાં જાય : 'મારા ઠાકોરજીને બીક લાગતી હશે. વીજળીના આટલા કડાકા થાય છે ને વાદળોના ગડગડાટ થાય છે. હું શું કરું? નાના પૌત્રને કહે : તારાં મમ્મી ક્યારે આવશે? ક્યારે નહાશે અને બારીઓ બંધ કરશે? એટલામાં બધાં વરસાદમાં પલળતાં આવી ગયાં. વિનોદિનીબેન તરત સેવાના રૂમમાં દોડ્યાં. અંદર જઈને જુએ છે તો રૂમની બધી જ બારીઓ બંધ હતી. અરે, બધી બારીની સ્ટોપરો પણ વસાયેલી હતી અને રૂમમાં વરસાદની જરાય વાછટ પણ આવી ન હતી. સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો.

આજથી લગભગ તેર વર્ષ પહેલાં વિનોદિનીબેનના મોટા પુત્ર પારુલને કિડનીની ગંભીર બિમારી આવી. લાંબી ટ્રીટમેન્ટ દરમ્યાન પ્રભુએ અનેકવાર આ બંને ભગવદીયોને નચિંત રહેવાના સંકેતો આપેલા. એકવાર ઓપરેશન માટે હોસ્પિટલ જતાં પહેલાં પારુલ સોફા ઉપર બેઠેલો. અચાનક દિવાલ ઉપર બિરાજતા મહારાણીમાના ચિત્રજીને ધરેલું પવિત્રું તેના માથા ઉપર એ રીતે આવી ગયું કે જાણે મહારાણીમાએ આશીર્વાદ આપી સૌને ચિંતામુક્ત

બનવા જણાવ્યું. પૂ. શ્રી વલ્લભકુલે પણ અનેક આશીર્વાદ આપી, પોતાનું ચરણોદક આપી તેની રક્ષા માટે ખૂબ શ્રમ લીધેલો. ઘરનાં સૌને કહેલું : 'ડૉક્ટર જે કહે તે ટ્રીટમેન્ટ નિર્ભય બનીને કરાવો. પ્રભુકૃપાથી તમારા દીકરાનો વાળ પણ વાંકો થશે નહિ.' આવા આશીર્વાદને પ્રતાપે પારુલે સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી. ચંદનબા અને વિનોદિનીબેન તથા ઘરનાં સૌને આ પ્રસંગ પછી પ્રભુ ઉપરની આસ્થા અને દઢતા વધતી ગઈ. પ્રભુ પોતાના ભક્તોની કસોટી કરે છે અને પાર પણ તેઓ જ ઉતારે છે.

ચંદનબા છેલ્લા દિવસોમાં આણંદ હતા. હું મળવા ગયેલો. નાદુરસ્ત તબિયત પણ સતત ભગવદ્ ચિંતન મનન ચાલુ જ. તે વખતે સાંજ થવા આવેલી. મને કહે જો શ્રી ઠાકોરજી ગાયો ચરાવીને ઘરે પધારે છે. પણ મારું ભાગ્ય ક્યાંકે મને દર્શન થાય. આમ છેલ્લા શ્વાસ સુધી ભગવદ્ અનુસંધાન રહ્યું હતું. ૮૯ વર્ષની વયે લીલામાં પ્રાપ્ત થયાં ત્યાં સુધી પુત્રવધુ વિનોદિનીબેન તેમને સેવામાં સંપૂર્ણ સહાયક બન્યાં અને શ્રી પ્રભુએ ઘરમાં બિરાજી સેવા અંગીકાર કરી. ત્યારબાદ પણ વિનોદીનીબેને સેવાનો સંપૂર્ણ પ્રકાર જાળવ્યો. વિનોદિનીબેનના અચાનક ગોલોકવાસ પછી આજે પણ પ્રભુ તેમના ઘરમાં બિરાજી સેવા અંગીકાર કરી રહ્યા છે.

આજે ચંદનબા ભૌતિક દેહથી અહીં નથી પણ મને માર્ગીય જ્ઞાન અને સંસ્કાર તથા આચારથી સમૃદ્ધ કર્યો છે, તે માટે સદાય હું તેમનો ઋણી રહીશ.

ચંદનબાના જીવનને જોઉ છું ત્યારે શ્રી દયારામભાઈનો એક મંત્રાવળો સ્મરણમાં આવે છે.

અન્યાશ્રય, અસમર્પિત એ બે મોટા દુસ્તર રોગ
સર્વ વસ્તુ શ્રી નાથને અર્પી, ઉચ્છિષ્ટ કરવો ભોગ
ભોગ કરવો હરિભક્તની સંગે
એકજ શ્રીકૃષ્ણ સેવવા રંગે
દઢ આશ્રય ગુરુદેવનો ધરવો
ગોવત્સ-પદવત્ ભવદધિ તરવો.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

■

૨૨

સાચું વૈષ્ણવી જીવન

પ.ભ. મંગુબેન નાનાલાલ પરીખ (પાટણ)

લેખક : ડૉ. પીયૂષ પરીખ (ભરૂચ)

મહેસાણા જિલ્લાનું પાટણ શહેર ગુજરાત રાજ્યમાં અનોખું સ્થાન ધરાવે છે. મૂર્ધન્ય લેખક શ્રી ક.મા.મુનશીજી 'પાટણની પ્રભુતા' થી આકર્ષાયા છે. અહીંની ભૂમિમાં ઐતિહાસિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક એવી ઘણી ઘટનાઓ ધરબાઈને રહી છે.

પાંચસો વર્ષ પૂર્વે અખંડભૂમંડલાચાર્ય શ્રી વલ્લભચાર્યજીએ આ ભૂમિને સનાથ કરેલી. કૃતાર્થ થયેલી આ ભૂમિ પર ઘણાં પ્રાતઃસ્મરણીય પુષ્ટિભક્તરત્નો પ્રકટ્યાં છે. પૂ. મંગુબા પણ આ રત્નો પૈકીનાં એક હતાં.

કડીના વૈષ્ણવ કુટુંબમાં તેમનો જન્મ થયો. પિતાશ્રી ચીમનલાલ તથા માતા અમથીબાએ નાનપણથી જ તેમનામાં વૈષ્ણવી સંસ્કાર સીંચેલા. ઘરમાં અષ્ટયામ સેવા હતી. આ સાથે કડીના શ્રીગોપાલલાલજીના મંદિરમાં ફૂલઘરની સેવા, કીર્તનની સેવા એ આ કુટુંબનો નિત્યક્રમ હતો.

નાની ઉંમરમાં જ લગ્ન થયાં. પાટણ આવ્યાં. તેમના પતિ શ્રી નાનાલાલજી આપણા સૌના લાડીલા પ.ભ. શ્રી રમેશભાઈ પરીખના દાદાજીના સગા ભાઈ થાય. રાજનગરવાળા પૂ.પાદ ગો. શ્રી મધુસૂદનલાલજી મહારાજશ્રી દ્વારા બ્રહ્મસંબંધ પામ્યાં. તેમનું સેવ્ય સ્વરૂપ શ્રી નવનીતપ્રિયજી. પાકી મરજાદ લઈ સેવા શરૂ કરી. ગમે તેવી પરિસ્થિતિ આવી હશે. પણ જીવનભર મરજાદ અને ટેક નિભાવ્યા.

શ્રીવલ્લભના સિદ્ધાંતોને આચરણમાં મૂકનાર જીવો ઉપર શ્રીઠાકોરજી જલ્દી કૃપા કરીને અનુભવ જતાવે છે. ૮૪-૨૫૨ પ્રસંગો તેનાં પ્રમાણ છે. પૂ. મંગુબાને પણ સાનુભવ હતો. તેમના જીવનકાળ દરમ્યાન ઘટેલી અને આપણને પ્રેરણા મળે તેવી કેટલીક ઘટનાઓની ઝાંખી કરીએ.

પૂ. મંગુબાનો જીવનકાળ મુખ્યતઃ પાટણ, કડી અને તેમના પુત્ર ડૉ. નટવરકાકા જે સ્થળે એ નોકરી કરતા તે જગ્યાઓએ વ્યતીત થયો છે.

૧. મંગુબા માટે પ્રભુ ભક્તેચ્છાપૂરક બન્યા :

લગ્ન પછી પૂ. મંગુબા તેમના પરિવાર સાથે પાટણ રહેતાં હતાં. સેવ્ય સ્વરૂપ શ્રી નવનીતપ્રિયજીને લાડ લડાવવામાં કોઈ કચાશ રાખતા ન હતાં. એકવાર લાલનને સુંદર સામગ્રી અંગીકાર કરાવવાની ઈચ્છા થઈ. ઘરમાં તે વખતે ઘી ન હતું. નોકરી માટે જતા પતિને તાકીદ કરી.''શ્રી લાલનને અવેર થાય છે. જલ્દીથી ઘી લાવી આપો.'' તલાટીની નોકરી બજાવતા પતિ આ વાત ભૂલી ગયા. આ બાજુ અવેર થતી હતી. ઘરે એવું બીજુ કોઈ નહિ જે જલ્દી ઘી લાવી આપે. શ્રી લાલનને ઘરે એકલા મૂકીને બહાર પણ કેમ જવાય? પૂ. મંગુબાની આર્તિ તાપ વધતા જતા હતા. ત્યાં તો..... એક નાનો છોકરો આવ્યો. હાથમાં એક તાંબાનો લોટો. તેમાં ઘી ભરેલું હતું. મંગુબા લોટો લઈ અંદર ગયા. ઘી ખાલી કરીને લોટો લઈને બહાર આવ્યા. આવેલો છોકરો ત્યાં ન હતો. મોડી સાંજે પતિ પાછા આવ્યા અને કહ્યું : 'ઘી મોકલવાનું હું આજે ભૂલી ગયો.' મંગુબા વિચારવા લાગ્યા. શું પ્રભુએ શ્રમ લીધો ! આ ઘટના પછી મંગુબાને બે બાબતનો રંજ રહ્યો. પ્રભુને શ્રમ થયો તેનો અને પેલા છોકરાને નૈન ભરીને નીરખી ના શક્યા તેનો. શ્રી નવનીતપ્રિયજી હાલમાં તેમના પૌત્રવધુ ભારતીબેન દ્વારા સેવાય છે.

૨. ગુરૂઘર માટે ન્યોછાવર કરવાની તત્પરતા :

ગુરૂઘરમાં પ્રસ્તાવ હોય કે વધાઈ હોય જે બની આવે તે ભેટ અચૂક કરતા. પૂ.પાદ.ગો. શ્રી વ્રજરાયજી મહારાજને ત્યાં લાલનું પ્રાગટ્ય થયું. વધૈયાએ જેવી આ વધામણી આપી કે તરત ગળામાં પહેરેલી સોનાની કંઠી વધૈયાને આપી દીધી.

૩. હરિ તેરી લીલાકી સુધી આવે :

મંગુબા કડી હતાં ત્યારનો આ પ્રસંગ છે. તેમનાં નાનાં બહેન ચંદનબા તે વખતે કડી જ હતાં. કોઈક લૌકિક કારણથી ચંદનબા વહેલી પરોઢના પાટણ જવા નીકળતાં હતાં. મંગુબાને ભગવત્ સ્મરણ કરવા તે જે ઓરડામાં સૂતાં હતાં તેની નજીક આવીને જયશ્રીકૃષ્ણ કહ્યા. ઓરડામાંથી મંગુબાનો પ્રત્યુતર ન મળ્યો. આથી ઓરડો ખોલીને બત્તી કરીને જોયું તો મંગુબા તો બેહોશ અવસ્થામાં હતા. ઘરનાં બધા ભેગાં થયાં. તેમને ઢંઢોળ્યાં. અરે! પગના તળિયે ટાંકણીઓ પણ મારી - મંગુબા ન હાલ્યાં. ડૉક્ટરો આવ્યા. કંઈજ નિદાન ન કરી શક્યા. તેમની તબિયત લથડતી હતી. પણ મ્હોંમાંથી અસ્પષ્ટ રીતે ભગવદ્ ગુણગાન સતત ચાલુ હતું.

આવું ત્રણ દિવસ રહ્યું. ડૉક્ટરોએ જીવનની આશા છોડી દીધી. જમીન પર છાણ લીંપીને તેમને ચોકે લીધા. કડીના વૈષ્ણવો છેલ્લા ભગવત્ સ્મરણ કરવા આવતા હતા. તેમાં એક તાદશી વૈષ્ણવ આવ્યા. શ્રીસોમનાથ કુબેરદાસ સૈડવા એમનું નામ. તેમણે ત્રણવાર મંગુબાને જયશ્રીકૃષ્ણ કહ્યા. અને બધાંના આશ્ચર્ય વચ્ચે મંગુબાએ આંખો ખોલી. ધીમે ધીમે સાજા પણ થયાં. આ પ્રસંગ પછી આશરે પાંત્રીસ વર્ષ સુધી તેમણે શ્રીનવનીતપ્રિયજીને લાડ લડાવ્યા.

૪. શ્રી મહાપ્રભુજીની મેડના અત્યંત આગ્રહી :

મંગુબાના ભાણી પૂ. મંજૂલા ફોઇ તથા ભાણેજ જમાઇ સ્વ. શ્રી રસિકલાલ શાહ તે દિવસોમાં જામનગર પાસે આવેલ સિક્કાનગરમાં રહેતાં હતાં. તે દરિયા કાંઠે આવેલું છે. પૂ. મંજૂલા ફોઇની તબિયત સારી ન હતી. તેથી તેમની સુશ્રુષાનું મિષ કરી વિચાર્યું : 'મારા શ્રીનવનીતપ્રિયજીને પણ આ રીતે દરિયાકિનારે ફરવા મળશે' શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે વૈદિકત્વં લૌકિકત્વં, કાપટ્યાત્તેષુ નાન્યથા - પુષ્ટિમાર્ગીય જીવોમાં વૈદિકપણું અને લૌકિકપણું દેખાવની રીતથી છે. અહીં આવીને પણ કૂવાના જળની ટેક નિભાવી. ઘરથી બે ફર્લાંગ દૂર ચણતર વિનાનો કૂવો હતો. બે ઘડા જળ જાતે જ ભરીને લાવે. એકવાર જળ ભરીને ઘરે આવ્યાં. પરસાળમાં સ્નાન માટે જળની પવાલી હતી. ત્યાં સ્નાન કરવા ગયાં અને જોયું કે પવાલીનું ઢાંકણ કોઇક પ્રાણીએ બગાડ્યું હતું. તેમણે તે સાફ કર્યું અને સ્નાન કરવા દરિયા કિનારે ગયાં. દરિયો ઘરથી અડધો કિ.મી. દૂર હતો. આ સમગ્ર પ્રસંગ દરમ્યાન તે જરા પણ વ્યગ્ર કે ઉગ્ર થયાં ન હતાં. સદાય તેમના મુખ પર રમતું સહજ હાસ્ય એ વખતે પણ હતું.

૫. અનન્ય ભક્તેષુ જ્ઞાપિત આશય :

મંગુબાના પુત્ર ડૉ. નટવરકાકા ચરાડા ગામમાં સરકારી ડૉક્ટર હતા. મંગુબા ત્યાં પણ રહેલા. એક રાતે પ્રભુએ તેમને સ્વપ્નમાં જણાવ્યું 'હું તારા ઘરના માળિયા પર છું. તું મને બહાર કાઢ. બીજી સવારે મંગુબા પાટણ આવ્યાં. સેવાના રૂમનું માળિયું સાફસૂફ કરાવ્યું તો, સાચે જ માળિયા ઉપરથી શ્રીવિઠ્ઠલનાથજીનું નાનકડું સ્વરૂપ મળી આવ્યું, જે આજે પણ તેમના વંશમાં સેવાઈ રહ્યું છે.

૬. પ્રભુ માગીને આરોગતા :

ચરાડામાં એકવાર તેમના બહેન પૂ. ચંદનબા તેમના ઠાકોરજીને પધરાવીને રહેવા આવ્યાં. કડીથી ભાઈના ઠાકોરજી પણ પધરાવ્યા. બધાં સ્વરૂપોને અન્નકૂટ ધર્યો હતો. મંગુબાને શ્રીગિરિરાજજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી "તું મને ઝાંપીજીમાંથી બહાર પધરાવવાનું ચૂકી ગઈ છે. હું અન્નકૂટ નથી આરોગ્યો!" મંગુબાએ ફરીથી સામગ્રી સિદ્ધ કરી અને અન્નકૂટ આરોગાવ્યો.

૭. ગુરુ અને ગુરુપુત્રને એક જ ગણતા :

"મંગુબાના ભાણેજ શ્રીચંદ્રકાન્તકાકા દેવગઢબારિયામાં બરોડા બેંકમાં મેનેજર હતા. ત્યારે તેઓ ત્યાં પણ થોડો વખત રહેલાં. આ વખતે તેમના ગુરુપુત્ર પૂ.ગો.શ્રી વ્રજરાયજી મહારાજ ત્યાં પધાર્યા હતા. તબિયતને લીધે મંગુબા ચાલતા જવું ન ફાવે તેથી સાયકલ પાછળની કેરિયર પર બેસી જાય. કોઈપણ જાતની લોકલાજ વગર ગામના રસ્તાઓ પર થઈ અચૂક મહારાજશ્રીને દંડવત્ પ્રણામ કરવા રોજ જાય. સાથે દૂધગરની સામગ્રી, ફૂલનાં માળાજી લેતાં જાય અને મહારાજશ્રીને અંગીકાર કરાવે. આવા ભગવદીય ડોસીને જોઈ ગામના લોકો આશ્ચર્ય પામતા.

૮. માનસીમાં શ્રીગોપાલલાલજીને આરોગવા વિનવ્યા ને પ્રભુ આરોગ્યા :

કડીમાં શ્રીગોપાલલાલજીના પાટોત્સવ વખતે એકવાર મંગુબા ત્યાં હતા. ઘરે પ્રભુને સામગ્રી ધરી. પછી ઘરમાં સૌને પ્રસાદ આપ્યો. તેમનાં ભત્રીજા વહુ માલતી કાકીએ કહ્યું "આવો અલૌકિક સ્વાદ કદી આવ્યો નથી." મંગુબાએ કહ્યું : 'સ્વાદ આવેજ ને? આજ શ્રીગોપાલલાજીને અહીં પધારી સામગ્રી આરોગવા મેં વિનવ્યા હતા. શ્રીગોપાલલાલજી પધાર્યા અને આરોગ્યા.'

મંગુબા મારા દાદી ચંદનબાનાં બહેન થાય. આથી પ્રભુકૃપાએ હું પણ તેમના સંબંધવાળો થયો જે મારું સૌભાગ્ય છે. મારી બાલ્યાવસ્થામાં તે અમારા ઘરે પણ રહેતા. ત્યારે તો મેં તેમના ભૌતિક દેહની વૃદ્ધાવસ્થા, તેમની ખાંસી અને શ્વાસની તકલીફ જોઈ છે. મારી ચંચળ અવસ્થાને લીધે તેમનો અને મારા દાદીનો થતો સત્સંગ મને યાદ નથી પણ ભગવત્ તેજથી શોભતું તેમનું પ્રસન્નતા સહજ હાસ્ય સભર મુખ હું કદી નહિ વિસરું.

ઉપરના પ્રસંગો મને તેમના પૌત્ર ભાઈ શરદ જે હાલ અમદાવાદ બેંકમાં છે. તેમના ભાણેજ શ્રીચંદ્રકાન્તકાકા હાલ આણંદ છે. તેમના બે ભાણી પૂ. મંજૂલાફોઈ તથા પૂ.વનુફોઈ જે હાલ વડોદરા છે અને મારા પિતાશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા છે. તેમનો હૃદયપૂર્વક આભારી છું કારણ તે બધાની કાનીથી આ ભક્તરત્નનું જીવન અવગાહિત કરી શક્યો.

■

૨૩

સદા વ્રજનાથ ઇન સંગ ડોલે

શ્રી જુગલકિશોરજી બર્મન - કલકત્તા

લેખક : શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ (વડોદરા)

કલક્તા શહેરની આ વાત છે. એક વિશાળ હવેલીમાં લગ્ન ધામધૂમ ચાલી રહી છે. એક ગર્ભશ્રીમંત કુટુંબની એકની એક દીકરીનાં લગ્ન છે. જાન આવી ગઇ છે. વરરાજા તોરણે આવી ઊભા છે. એમનો સત્કાર કરનાર કન્યાના માતા-પિતાની રાહ જોઇ રહ્યા છે. પરંતુ કન્યાના પિતા તો પોતાના સાંવરીયા-લાલની લીલાઓના ચિંતનમાં રસમય થઇ બેઠા છે. તેમને એટલું પણ યાદ નથી કે આજે દીકરીનાં લગ્ન છે. જાન બારણે આવીને ઊભી છે. સગાંવહાલાં-ઓએ આવીને વારંવાર કહ્યું : 'જગુભૈયા, દુલ્હા દરવાજે પૈ ખડા હૈ. ઉસકી અગવાની કો ચલિયે. દેર હો રહી હૈ !' ત્યારે એમને કંઇક ખ્યાલ આવ્યો અને ઊઠીને ચાલ્યા. પ્રભુની જેમના ઉપર અસીમ કૃપા થાય છે એમને જ આવી ભાવમય સ્થિતિ પ્રાપ્ત થાય છે. પ્રભુ જેને પોતાનો માને છે એને જ જગત ભૂલાવે છે. પોતાના ચિંતનમાં મગ્ન બનાવે છે. આવા વિરલાઓ જ પોતાની જાતને ભૂલીને 'એને' પામી શકે છે.

આ વિરલ વ્યક્તિનું નામ હતું જુગલકિશોર બર્મન(વર=શ્રેષ્ઠ, મન=મન) એ મન જ શ્રેષ્ઠ છે જે સદા સૌથી શ્રેષ્ઠમાં (પ્રભુમાં) લાગેલું રહે છે. ઘરમાં અને વૈષ્ણવ સમાજમાં તેઓ જગુભૈયા અથવા જગુબાબુના નામથી પરિચિત હતા. એમના વિશે પૂછતાં જવાબ મળ્યો : ભલા, એ ભગવદીયની ભાવ ગહેરાઇઓમાં ડૂબકી મારવાનું સાહસ કોણ કરી શકે ? એ તો સદા ભગવદ્ રસમાં નિમગ્ન રહેનાર છે. એમની આસક્તિ પ્રભુમાં જ છે. પ્રભુની વિવિધ લીલાઓ અને વ્રજભક્તો, મનોરથો વગેરેના દિવ્ય ધ્યાનમાં સદાય તેઓ એ રીતે રહે છે કે જાણે એ બધાં એમની નિકટ જ હોય ! એમના જેવા ભગવદીય માટે જ શ્રી હરિરાયજીએ કહ્યુ છે: 'નિશદિના પ્રાણપતિ આય હિયમેં બસે, જોઇ ગાવે સુજસ, ભાગ્ય તિનકે.'

કલકતામાં રાજાબાબુના નામે પ્રખ્યાત કુટુંબમાં તેમનો જન્મ થયો. વડીલોએ ધાર્મિક સંસ્કારોનું સારી રીતે સિંચન કરેલું. કોલેજ સુધીનો અભ્યાસ કર્યો; પણ મન પ્રભુના ચરણોમાં સદાય રમ્યા કરે. કુટુંબની માલિકીનું એક મંદિર કલક્તામાં હાવડાબ્રીજ પાસે રાજાકતરામાં આવેલું છે. સાંવરીયાલાલજીના મંદિર નામે તે ઓળખાય. ભારતભરમાં આ એક જ મંદિર એવું છે જ્યાં કોઇપણ વૈષ્ણવની રોકડ કે સામગ્રીના રૂપમાં કોઇ ભેટ લેવાતી નથી. મંદિર વિશાળ છે. ગૌશાળા છે. ચોવીસે કલાક ત્યાં મોર રહે છે. થોડા વર્ષો પહેલાં ત્યાં એક એવો મોર હતો જે એકાદશીના દિવસે અન્ન ન લેતો. એકાદશી કરતો. મંદિરમાં સાંવરીયાલાલજીનું મનોહર સ્વરૂપ બિરાજે છે. જગુબાબુના ભાઇ કાકુબાબુએ સુંદર સેવા કરી મંદિરનો સેવાપ્રકાર ખૂબ સુંદર રીતે ચલાવ્યો હતો. ત્યાં રોજ સવારે છ વાગે જગુબાબુ પહોંચી જતા. સ્નાન કરી મંગળા આરતી કરે. શૃંગાર કરે. સાંવરીયા-લાલજી સાથે શ્રી સ્વામિનીજી પણ બિરાજે. એક દિવસ મને કહે : 'સામાન્ય રીતે બહેનો કેટલી રીતે સાડી પહેરે?' મેં કહ્યું : 'બે રીતે. ગુજરાતી ઢબે અને બંગાળી ઢબે.' તેઓ કહે : 'હું મારા પ્રભુના સ્વામિનીજીને ૩૨ રીતે સાડી ધરું છું.' શૃંગાર ધરે ત્યારે પ્રભુના સ્વરૂપમાં એકધ્યાન થઇ જાય. રાજભોગ સુધી સેવા પહોંચી , અનોસર કરી ઘેર આવી પોતાના ઘરના શ્રી...ને ધરેલો પ્રસાદ લે. મંદિર માટે કુટુંબે ટ્રસ્ટ બનાવેલું તેથી ટ્રસ્ટની માલિકીનો પ્રસાદ ન લે. એક પડિયામાં થોડો છેનો(પનીર) પ્રસાદ તરીકે લઇ આવે. મંદિરમાં શ્રીઠાકોરજીની સામગ્રીની શુદ્ધતા અને પ્રસાદનો સ્વાદ અવર્ણનીય હોય.

ઉત્સવના દિવસે સાંજે મંદિરમાં અપરસ કરે. બાકીના દિવસોમાં પ્રભુની સન્મુખ બેસી હાર્મોનિયમ સાથે મધુર સ્વરે કીર્તન કરી પ્રભુને રીઝવે. તેમના કોકિલ કંઠે ગવાતાં અષ્ટસખાના કીર્તનો તો બસ જાણે સાંભળ્યા જ કરીએ. ત્યાંથી ખસવાનું મન ન થાય.

શયન પછી મંદિરમાં સત્સંગ થાય. જગુબાબુ નાનપણથી જ સત્સંગમાં જોડાયેલા. મોડી રાત સુધી વૈષ્ણવો સાથે બેસે. ભગવદ્ ગુણગાન કરે. વલ્લભની તેમના ઉપર એવી કૃપા થયેલી કે સત્સંગમાં આવનાર વૈષ્ણવના મનની વાત જાણી લેતા. કોણે આજે શું સામગ્રી કરી, સામગ્રીમાં શું ભૂલ થઇ, સામગ્રી કેટલી સુંદર બની, શૃંગાર કેવા ધર્યા, કીર્તનો કેવાં અને કયાં ગાયાં વગેરે હૃદયની અનેક વાતો સત્સંગ દ્વારા કહેતા અને વૈષ્ણવોની મૂંઝવણ ઉકેલી આપતા. પરિણામે સત્સંગમાં આવનાર કોઇ વૈષ્ણવ એક દિવસ માટે પણ

સત્સંગ કદી ચૂકતા નહિ. સાંવરેલાલજી તેમને ક્ષણે ક્ષણે અનુભવ જતાવતા અને તેઓ વાણી દ્વારા વૈષ્ણવોને જણાવતા. તેમનો એક શબ્દ પણ જેના હૃદયમાં ઉતરી જાય તેનું ચિત્ત સદા શ્રીઠાકોરજીમાં રત રહે તેવી કૃપા કરતા.

એમને શ્રીઠાકોરજીને ખેલના દિવસોમાં રંગોથી ખેલાવવાનો ખૂબ ઉમંગ, રાજભોગના દર્શન ૧૧ વાગે ખૂલે પણ દરરોજ દોઢ થી બે વાગ્યા સુધી પ્રભુને ખેલાવે. દરરોજ સફેદ નવી પિછવાઇ આવે. તેના ઉપર પીચકારીથી અને હાથથી સુંદર રીતે રંગોથી ખેલાવી વૃંદાવન, નંદગામ, બરસાના, શ્રીયમુનાજી, શ્રી ગિરિરાજજી, શ્રીમદ્ ગોકુલ વગેરેની ચિત્રકારી કરે. દરરોજ અવનવી ડિઝાઇન બનાવે. સુંદર રંગો પૂરે. ખેલાવતા હોય ત્યારે તેઓ શ્રીઠાકોરજી સાથે ઘણીવાર એકમેક બની જતા.

એક દિવસ આ રીતે તેઓ પ્રભુને ખેલાવતા હતા. સારો એવો સમય ખેલાવવામાં લીધો હતો. પિછવાઇ ઉપર કોઇ સિધ્ધહસ્ત ચિત્રકારે દોર્યું હોય તેવું સુંદર દશ્ય સર્જાયું હતું. હવે સિંહાસન ઉપર અનેક પ્રકારની કુંજ નિકુંજો રંગોથી બનાવી રહ્યા હતા. વાંકા વળીને ખેલાવતા હતા ત્યારે આજે પ્રભુની ઇચ્છા પોતાના ભક્તને રંગવાની થઇ. શ્રીઠાકોરજીએ ધીરે રહીને ચરણારવિંદથી રંગોનો થાળ ખસેડ્યો. આખો થાળ જગુબાબુની ઉપર. આખું મોઢું એવું રંગાઇ ગયું કે આંખો પણ ન ખૂલે. પગથી માથા સુધી આખા રંગાઇ ગયા. શ્રીજીનો આવો તેમના ઉપર પ્રેમ !

તેઓ અનેકવાર નાથદ્વારા અને વ્રજમાં વૈષ્ણવો સાથે જતા. એકવાર તેઓ જતિપુરા ગયા હતા. તેમના એક અંતરંગ વૈષ્ણવ ગોકુલ આવ્યા. તેમને ખબર પડી કે જગુબાબુ જતિપુરા આવેલા છે. તેઓ જતિપુરા આવવા નીકળ્યા. રસ્તામાં એક મંદિર આવ્યું. ત્યાં શ્રીવલ્લભકુળના બાળકો બિરાજતા હતા. વૈષ્ણવ ત્યાં દર્શન-ચરણસ્પર્શ કરવા ગયા. પૂ. મહારાજશ્રીએ તેમને ચરણસ્પર્શ ન કરવા દીધા. બીજા અનેક વૈષ્ણવોએ ચરણસ્પર્શ કર્યા. આ વૈષ્ણવને ખૂબ દુઃખ થયું : 'મારો કયો અપરાધ થયો હશે કે મને આપશ્રીએ ચરણસ્પર્શ ન આપ્યા?'

વિચારમાંને વિચારમાં તેઓ જતિપુરા પહોંચ્યા. જગુબાબુ સુરભિકુંડ ઉપર બેસી વૈષ્ણવો સાથે સત્સંગ કરી રહ્યા હતા. પ્રભુની વ્રજલીલાઓનું ચિંતન ચાલતું હતું. સત્સંગ કરી ત્યાંથી નીકળતા હતા અને સામે જ ગિરિરાજજીની તળેટીમાં આ વૈષ્ણવને તેમનો ભેટો થઈ ગયો. બંને પરસ્પર પ્રેમથી ભેટયા. પણ આવનાર વૈષ્ણવ રડી પડ્યા. હૈયું ભરાઇ આવ્યું. કંઇ બોલી શક્યા નહિ. ત્યાં તો હૃદયની વાત જાણી ગયા. વૈષ્ણવને સમજાવ્યું : જીવ ભેદ રાખે પણ પ્રભુ ક્યાંય ભેદ રાખતા નથી. ચાલ મારી સાથે. શ્રીગિરિરાજજી પાસે લઇ જઇ શ્રીગિરિરાજજીના ચરણસ્પર્શ પોતે કરી એ વૈષ્ણવને પણ કરાવ્યાં. આવેલ વૈષ્ણવનું હૃદય શીતલ થયું. મનમાંથી દુઃખ દૂર થયું.

રાગ-ભોગ-શૃંગાર ત્રણેનો તેમને ખૂબ શોખ. ચિત્રકામ, કીર્તનો ગાવાં, પ્રભુ માટે નિત્ય નવી નવી વસ્તુઓ લાવવી. ફૂલમંડળી, હિંડોળા ભરવા, વગેરે તેમની પ્રિય પ્રવૃત્તિઓ. બધી કલાનો ઉપયોગ શ્રીઠાકોરજી માટે જ કરે.

પાછલી અવસ્થામાં શરીર અશક્ત બન્યું. પરંતુ તેમનું આત્મબળ અદ્‌ભુત હતું. છેલ્લા સાત-આઠ મહિના માત્ર દૂધ જ લઇ શકતા. તે પણ કેટલીક વાર તો ઉલટી થઇને નીકળી જતું. છતાં પ્રભુની કૃપાથી તેમને ખૂબ સામર્થ્ય પ્રાપ્ત થયું હતું. જે કોઇ વૈષ્ણવ આવે તેની સાથે સૂતાં-સૂતાં પણ ભગવદ્ લીલાઓની ચર્ચા કરતા. યાદશક્તિ ખૂબ સારી. સૌને ભગવદ્ સેવા સંબંધી વાતો પૂછયા કરે. સાંવરીયાલાલ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને શ્રીયમુનાજીના સ્વરૂપ અને લીલાના ચિંતનમાં જ મગ્ન રહેતા. છેલ્લા ૨ માસ પથારીવશ રહ્યા ત્યારે પણ યેનકેન પ્રકારેણ બે સીડી ઉતરી દરરોજ શ્રીઠાકોરજીને સન્મુખ થવા મંદિરમા અચૂક આવતા. તેમણે ભૌતિક જગતમાંથી વિદાય લીધી તેના થોડા દિવસો પહેલાં જ સૂરતથી પૂ.ગો. શ્રી બાલુરાજાજી કલકત્તા પધાર્યા હતા. આપશ્રીને મંદિરમાં પધરાવી શ્રીસાંવરીયાલાલજીને છોટો મનોરથ અંગીકાર કરાવ્યો. આવું ધન્ય જીવન જીવી સંવત ૨૦૫૬ ના મહા વદ પાંચમના રોજ શ્રીજીચરણોને પ્રાપ્ત થયા.

તેમની પાછળ તેમનાં પત્ની છે. તેઓ પણ પ્રભુના ખૂબ કૃપાપાત્ર ભગવદીય છે. ઘેર આવતા વૈષ્ણવોનું અતિ પ્રેમથી સમાધાન કરે છે. સાંવરીયાલાલની સેવા ભક્તિભાવથી કરી રહ્યાં છે. એક પુત્રી છે જે અમેરિકા રહે છે. તેમના ભાઇઓ અને કાકાના દીકરાઓ ખૂબ સુંદર રીતે મંદિરનો વહીવટ કરી સેવાપ્રકાર સંભાળી રહ્યા છે. એક આદર્શ મંદિર એટલે સાંવરીયાલાલજીનું મંદિર-કલકત્તાના મારવાડી વૈષ્ણવોને સાંવરીયાલાલજીમાં ખૂબ પ્રેમભાવ છે. ■

૨૪

આદર્શ મુખીયાજી

મુખીયાજી વીરજીભાઇ ભગત

- શ્રી જીવણલાલ પરીખ (અમદાવાદ)

મારું મૂળ વતન ખંભાત. ખંભાતમાં કપાસીપોળમાં શ્રીનવનીતપ્રિયાજીનું મંદિર છે, તેની બાજુમાં જ અમારું ઘર. ત્યાં મુખીયાજી વિરજીભાઇ ભગત શ્રીનવનીતપ્રિયાજીની સેવા કરે. ખૂબ પ્રેમથી સેવા કરનાર એ મુખીયાજી સાથે અમારે ઘર જેવો સંબંધ થઇ ગયેલો. એમને કોઇપણ ચીજવસ્તુની જરૂર પડે તો અમારા ઘેરથી મંગાવી લે. મારા પિતાજીના ફોઇ નિયમિત મંદિરે ફૂલઘરની સેવામાં જતાં. એમની સાથે હું પણ નાનપણથી નિયમિત ગ્વાલમાં દર્શન કરવા જતો.

નાનપણનો એક પ્રસંગ મને યાદ છે. એક વાર કોઇ કારણસર હું મોડો પડ્યો અને દર્શન બંધ થઇ ગયાં. હું રડવા બેઠો ત્યારે મુખીયાજીએ દ્વાર ખોલીને મને દર્શન કરવા કહ્યું. શ્રીઠાકોરજીને રાજભોગમાં પધરાવ્યા હતા તેથી સિંહાસન ખાલી હતું. મેં કહ્યું. 'શ્રીઠાકોરજી ક્યાં છે ? દર્શન તો થતાં નથી !' મારું રડવાનું ચાલુ જ રહ્યું. ત્યાર પછી કોઇવાર હું મોડો પડું તો મુખીયાજી ટેરો પકડીને ઊભા રહે અને મારી રાહ જુએ. વૈષ્ણવો ઉપર પણ તેમનો આવો પ્રેમ હતો.

પછીથી હું અમદાવાદ રહેવા ગયો; પણ જ્યારે જ્યારે ખંભાત જાઉં ત્યારે તેમને મળવા અચૂક જાઉં. 'ભાઇ કેમ છો ?' એટલું જ પૂછીને પાછા તેઓ પોતાના સેવાકાર્યમાં લાગી જાય. ખૂબ દિલથી સેવા કરે. ખૂબ પવિત્ર જીવન જીવે. કોઇ લૌકિક આસક્તિ રાખે નહિ. મંદિરના કારભારીનો સ્વભાવ દુર્વાસા મુનિ જેવો. કોઇવાર મુખીયાજી સાથે ઝગડે પણ ખરા; પણ મુખીયાજી મનમાં કંઇ રાખે નહિ.

ખંભાતની અમારી નાતમાં એવો રિવાજ કે જ્યારે કોઇનાં લગ્ન હોય ત્યારે વર-કન્યા માટે મંદિર તરફથી ઉપરણો અને ઘાટડી મુખીયાજી ઓઢાડે. કારભારીની પૌત્રીના લગ્નમાં મુખીયાજીએ આ રીતે ઘાટડી-ઉપરણો મંદિર તરફથી અને વધારામાં એક ઘાટડી ઉપરણો પોતાના તરફથી પણ ઓઢાડી આશીર્વાદ આપેલા. આ પૌત્રીને સમય જતાં એક દીકરો થયો. થોડા દિવસોમાં એ દીકરો ગુજરી ગયો. મુખીયાજીને દીકરો આવ્યો છે તેની ખબર પણ દીકરો ગુજરી ગયો તે વાતની ખબર નહિ. તેઓ તો શ્રીઠાકોરજીનો પ્રસાદી ગદલ લઇ તેને ત્યાં આપી આવ્યા. પૌત્રી કહે : 'દાદા, મુખીયાજી ગદલ આપી ગયા પણ દીકરો તો છે નહિ. ' દાદા કહે : 'ધીરજ રાખ, મુખીયાજીના આશીર્વાદ મળ્યા છે તો જરૂર બીજો પુત્ર થશે.' અને તે આશીર્વાદ ફળ્યા પણ ખરા.

સમય જતાં મુખીયાજીની અવસ્થા થઇ. આંખોનું તેજ ઓછું થયું. બરોબર દેખાય નહિ પણ શ્રીપ્રભુને શૃંગાર બરોબર કરે. એક વૈષ્ણવે પૂછ્યું : 'મુખીયાજી, તમને આંખે દેખાતું નથી તો શૃંગાર કેવી રીતે કરો છો ? મુખીયાજી કહે : 'ભાઇ, શ્રીનવનીતપ્રિયાજી મારો હાથ પકડી શૃંગાર કરાવે છે. હું તો શું કરું ?' આવી દીનતાથી તેઓ સેવા કરતા. એકવાર પંચામૃતનો સમય હતો. પોરબંદરવાળા પૂ. ગોવિંદલાલજી મહારાજશ્રી પધાર્યા હતા. મુખીયાજી પંચામૃતની સામગ્રી ઓળખી શકે નહિ. પૂ. મહારાજશ્રી હાથ પકડી તેમની પાસે સામગ્રી શંખમાં પધરાવતા ગયા અને પંચામૃત કરાવતા ગયા. આવી કૃપા પૂ. બાલકો તેમના ઉપર રાખતા. સૌરાષ્ટ્રના રિવાજ મુજબ તેમને 'બાપા' કહી બોલાવતા.

તેઓ કદી બીજા કોઇ દેવનાં દર્શને ન જતા. અન્યાશ્રય કદી ન કરતા અને અસમર્પિત પણ કદી ન લેતા. પોતાના શ્રીનવનીતપ્રિયાજીને છોડીને કદી શ્રીનાથજી પણ ગયા ન હતા. આંખની તકલીફના કારણે ખૂબ વૃધ્ધ થયા પછી લગભગ ૮૫ વર્ષની ઉંમરે મંદિરમાંથી નિવૃત થયા. કારભારીને બોલાવી સર્વ ચીજવસ્તુઓની સાથે સાતસો તોલા ચાંદી પણ આપી. કહે : શ્રીઠાકોરજીના જરીનાં વસ્ત્રો અને સાજ જૂના થઇ જાય ત્યારે બદલાય. તે બધાં એકઠાં કરી રાખેલા તેની આ ચાંદી છે. કેવી પ્રમાણિકતા !

નિવૃત થયા પછી મંદિરની બહાર રહેતા. દરરોજ દર્શને આવે ત્યારે શ્રીપ્રભુનાં ઝારીજીનું જળ અને રાજભોગનાં તુલસીપત્ર માત્ર લેતાં. બીજી કોઇ વસ્તુ લેવાની તેમણે ના પાડેલી. મંદિરમાંથી છૂટા થવા બદલ દુઃખ ન કરતા પણ કહેતા 'શ્રીઠાકોરજી તો હૃદયમાં બિરાજે છે.' તેઓ બહુ ભણેલા નહિ, સ્વમાર્ગીય ગ્રંથોનું વાચન પણ કરેલું નહિ છતાં માર્ગના સિધ્ધાંતો બરોબર જાણે અને તેનું આચરણ પણ કરે.

તેમના ગોલોકવાસ બાદ છ મહિને મુંબઇમાં વસવાટ કરતા ખંભાતના એક વૈષ્ણવ શ્રીનાથજી ગયેલા. થોડા દિવસો પછી તેઓ ખંભાંત આવ્યા ત્યારે કારભારીને પૂછ્યું : 'વીરજીબાપાએ મુખીયાજીની નોકરી છોડી દીધી છે ? મેં તેમને શ્રીનાથજીની સેવામાં જોયા હતા.' કારભારીને આશ્ચર્ય થયું અને આનંદ પણ. શ્રીનવનીતપ્રિયાજીની પૂર્ણપ્રેમથી સેવા કરનારને શ્રીજીબાવાએ પોતાની સેવામાં બોલાવી લીધા હતા!

■

૨૫

જીવન જો ઐસો બની આવે

(મરજાદી વૈષ્ણવ લક્ષ્મીમા કંસારા, કાલાવડ-શીતલા)

લેખક : મનસુખલાલ હીરજી (કાલાવડ-શીતલા)

થોડાં વર્ષો પહેલાંનો પ્રસંગ છે. કાલાવડમાં પુરુષોત્તમ અદા કરીને એક વૈષ્ણવ રહે. એક વખત તેઓ જામનગર પૂ.મહારાજશ્રીને દંડવત કરવા ગયા. પૂજયશ્રીએ સ્વાભાવિક વાતચીતમાં પૂછ્યું : 'તમારે ત્યાં કેટલાં બાળકો છે?' પુરુષોત્તમ અદાને ત્યાં કોઇ સંતાન નહિ. તેમણે બે હાથ જોડી દીનતાથી કહ્યું : 'મહારાજ, મારે ત્યાં હજુ સુધી કોઇ સંતાન નથી.' આપશ્રીએ કૃપા કરી નવનીતલાલનું સ્વરૂપ પુષ્ટ કરી પધરાવી આપ્યું. આજ્ઞા કરી : 'આ સ્વરૂપની સેવા પુત્ર માનીને કરજો.'

આપશ્રીની કૃપાથી સમય જતાં એક દીકરો અને એક દીકરી તેમને ત્યાં થયાં. દીકરાનું નામ પ્રાગજી રાખ્યું. પ્રાગજી અદાને પાંચ દીકરા થયા. શ્રીજીબાવાની કૃપાથી ખૂબ સમૃધ્ધિ પણ આવી. તેમનું ઘર કંસારાની હવેલી તરીકે જાણીતું થયું.

ઘેર નવનીતલાલની સેવા લાડકોડથી થાય. પાકી મરજાદ પણ કુટુંબના રિવાજ પ્રમાણે દીકરાનું લગ્ન થાય ત્યારે છેડાછેડી છોડવા કુળદેવીને ત્યાં જાય. તેમના એક દીકરા સુંદરદાસના લગ્ન લક્ષ્મીબેન સાથે થયાં ત્યારે પ્રભુએ તેમનો આ અન્યાશ્રય પણ છોડાવ્યો.

બન્યું એવું કે બધાં ગાડાંમાં બેસી સતીમાતાના મંદિરે જવા નીકળ્યાં. વૈશાખ મહિનો. સખત ગરમીના દિવસો. રસ્તામાં નદી આવી. અચાનક નદીમાં ખૂબ પૂર આવ્યું. પ્રભુની લીલા અકળ છે. વૈશાખ મહિનામાં વગર વરસાદે નદીમાં પૂર આવ્યું. ગાડાં મંદિર સુધી પહોંચી શક્યાં નહિ. કાલાવડ પાછા આવ્યાં. ઘેર આવી શ્રીપ્રભુને દંડવત કરી છેડાછેડી છોડ્યાં. સૌને શ્રીઠાકોરજીમાં પૂર્ણ શ્રધ્ધા એટલે સૌએ કહ્યું : 'પ્રભુ જે કરે તે સારા માટે જ કરે.'

આ લક્ષ્મીબેન પ્રભુની સેવા પૂર્ણ પ્રેમથી કરે. જ્યારે ઘરની મિલકતના પાંચ ભાગ પડ્યા ત્યારે શ્રીઠાકોરજીની સેવા સુંદરદાસ અને લક્ષ્મીમાએ લીધી. તેમના નાના ભાઇ કહે : 'શ્રીઠાકોરજીની સેવા મારે પધરાવવી છે.' લક્ષ્મીમા કહે : 'ભાઇ, તમે અપરિણિત છો. તમારા એકલાથી સેવા બનશે નહિ. શ્રીઠાકોરજીની ચીજ-વસ્તુઓ જે ભાગમાં આવી છે તે તમે લઇ જાઓ. હું ફક્ત શ્રીઠાકોરજી પધરાવીશ.' બધી ચીજવસ્તુઓ દિયરને આપી દીધી. પોતે શ્રીઠાકોરજીને પધરાવી પ્રેમથી સેવા કરવા લાગ્યા.

ધીરે ધીરે શ્રીઠાકોરજી માટે સિંહાસન, પલના, નાવ, રથ, હિંડોળા બધું વસાવ્યું. સેવાથી પહોંચી સત્સંગ કરે. તેમના સંગથી ઘણા વૈષ્ણવોએ મરજાદ લઇ સેવા શરૂ કરી. કદી લૌકિક પંચાત ન કરે. નવરાશના સમયે ૮૪/ ૨૫૨ ના પ્રસંગો વાંચે. હસ્તલિખિત કીર્તનના પુસ્તકોમાંથી ધોળ-કીર્તન ગાય.

એકવાર સુંદરદાસને ત્યાં હરિદાસ નામના વૈષ્ણવ આવ્યા. તેમના ઘેર રહ્યા. તેમની પાસે શ્રીગિરિરાજજી બિરાજતા હતા. તેમને ભોગ ધરીને તેઓ પ્રસાદ લેતા. છ મહિના ઘરના મેડા ઉપર રહી તેમણે શ્રીગિરિરાજજીની સેવા કરી. તેમણે જોયું કે લક્ષ્મીમા બરોબર પુષ્ટિમાર્ગની મેંડ પ્રમાણે સેવા કરે છે એટલે એક દિવસ કહે : 'મારે જામનગર બેઠકજીએ દર્શન કરવા જવું છે. મારા ઠાકોરજી તમારા ઠાકોરજી સાથે ભલે બિરાજે.' લક્ષ્મીમાને ઘણો આનંદ થયો.

બીજા દિવસે હરિદાસ, સુંદરદાસ અને હીરજી હેમરાજ ભાટીયા ત્રણે જણ જામનગર ગયા. ત્યાં બધાંએ બેઠકજીમાં દર્શન કર્યાં. પછી અચાનક હરિદાસ ક્યાંક ગુમ થઇ ગયા. ઘણી શોધ કરી પણ તેમનો પત્તો ક્યાંય લાગ્યો નહિ. બંને જણે પાછા આવી લક્ષ્મીમાને વાત કરી. લક્ષ્મીમાના ઠાકોરજી સાથે તેમના શ્રીગિરિરાજજી આનંદથી બિરાજ્યા અને લક્ષ્મીમાએ પ્રેમથી તેમની સેવા કરી.

થોડા સમય પછી સુંદરદાસનો ગોલોકવાસ થઇ ગયો. લક્ષ્મીમાને માથે કુટુંબનો સર્વ ભાર આવ્યો. તેમના મોટા દીકરા બાબુભાઇ વ્રજમાં ચાલ્યા ગયા અને ત્યાં વિરક્ત જીવન ગાળવા લાગ્યા. પારકા કામ કરીને પણ લક્ષ્મીમાએ પ્રભુની સેવા ચાલુ રાખી. ઘેર કોઇ વૈષ્ણવ અચાનક આવી ચડે તો તેમને પ્રસાદ લેવડાવે. પોતે મગફળી ખાઇને ચલાવી લે. નાના દીકરા કરસનભાઇ લગ્ન કરીને મુંબઇમાં સ્થિર થયા.

તેમના આગ્રહથી લક્ષ્મીમા મુંબઇ જવા રાજી થયાં. મુંબઇ જતાં રસ્તામાં અમદાવાદ ઉતર્યાં. તેમના ગુરુદેવ પૂ.ગો. શ્રી મધુસૂદનલાલજીને દંડવત કરવા

ગયાં. આપશ્રીએ આજ્ઞા કરી : કરસન, માજીને મુંબઇ લઇ જાય છે પણ જો તેમને ન ફાવે તો કાલાવાડ મોકલી દેજે.’ સૌ આજ્ઞા લઇ મુંબઇ આવ્યાં.

ત્યાં પ્રભુની સેવાનો ક્રમ ચાલુ રહ્યો. કરસનભાઇએ પણ પાકી મરજાદ લીધી. સુંદર કીર્તન કરે. સેવા કરે. અંત સમય સુધી લક્ષ્મીમાનો સેવા અને સત્સંગનો ક્રમ ચાલ્યો. અંતિમ દિવસોમાં જ્યારે તેઓ ખૂબ બિમાર હતાં ત્યારે સુરતવાળા પૂ.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજશ્રી મુંબઇ પધારેલા. કરસનભાઇ દંડવત કરવા ગયા. આપશ્રીએ આજ્ઞા કરી : ‘તારી બા બિમાર છે. કાંઇ લીધું નહિ હોય. આ અધરામૃત લઇ જા. તેમને લેવડાવજે.’ આપશ્રીએ કૃપા કરી આપેલું અધરામૃત થોડું લીધું. કૃપાનો અપૂર્વ અનુભવ થયો. બીજા દિવસે પ્રભુના ધામમાં પહોંચી ગયાં. તેમના કાલાવાડના મકાનમાં તેમની યાદમાં મંડાણ શરૂ કર્યું. આજે પણ કરસનભાઇ તેમના શ્રીઠાકોરજીની સેવા આનંદથી કરી રહ્યા છે.

◆

શ્રીમહાપ્રભુજી **‘પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ’** ગ્રંથમાં પુષ્ટિજીવોનો - વૈષ્ણવોનો - પરિચય આપતાં આજ્ઞા કરે છે : **“વૈષ્ણવત્વં હિ સહજમ્”**. વૈષ્ણવતા ચોક્કસ સહજ છે, લોહીનો ગુણ છે. વૈષ્ણવતા પ્રભુએ આપેલું દાન છે. વિદ્યાભ્યાસથી, તપથી, ધનથી, સત્તાથી, શક્તિથી વૈષ્ણવતા ખરીદી શકાતી નથી. જેમ હેત ન હાટ વેચાય, તેમ વૈષ્ણવતા પણ વેચાતી મળતી નથી. એ તો વિભુએ દીધેલો વારસો છે. હજારો જન્મોનાં પુણ્યોનું ફળ છે. પારસમણિથી યે મહા મૂલ્યવાન છે. આવી અલૌકિક વૈષ્ણવતાનું સ્વરૂપ આપણે વિચાર્યું.

આ વૈષ્ણવતા શ્રીવલ્લભની કૃપાથી, ગ્રંથોના સત્સંગથી અને સાચા ભગવદીયોના સંગથી વિકસે છે. વૈષ્ણવતાના વિકાસ માટે આ ત્રણ બાબતો અનિવાર્ય છે. જે શ્રીવલ્લભની આજ્ઞાઓને દૃઢતાથી જીવે છે, એના પર શ્રીવલ્લભની સો ટકા કૃપા થાય છે. જે શ્રીવલ્લભે બતાવેલા માર્ગથી વિપરીત માર્ગે ચાલે છે, તેમના તરફ શ્રીવલ્લભ અપ્રસન્ન રહે છે. વૈષ્ણવ થયા પછી યે આપણે વૈષ્ણવ બન્યા નથી, એનું આ જ કારણ છે.

૨૬

અષ્ટાક્ષરમંત્ર અને વ્રજરજનો પ્રતાપ

(લક્ષ્મીબેન, મોરબી)

લેખક : શ્રી રસિકદાસ સંપટ - મોરબી

મોરબીમાં એક ભાટીયા વૈષ્ણવ. પુરુષોત્તમદાસ તેમનું નામ. સૌ તેમને ભાઇજીબાપાથી ઓળખે. તેમનાં પત્ની દૂધીબેન તથા નાનાભાઇ-ભાભી, લક્ષ્મીદાસ અને લક્ષ્મીબેન. સૌને પાકી મરજાદ. ઘેર શ્રીનવનીતપ્રિયાજી અને શ્રીગિરિરાજજી બિરાજે. પ્રેમથી સેવા કરે.

એકવાર આ ચારે જણ લીલી વ્રજપરિક્રમા કરવા ગયાં. પરિક્રમાં દરમ્યાન લક્ષ્મીબેનને અટકાવ આવ્યો. આવા સમયે પાલમાં તો સૂવાય નહિ એટલે તેઓ રાત્રે પાલથી થોડે દૂર ખુલ્લી જગ્યામાં સૂતાં હતાં. ભરનિદ્રામાં હતાં અને અચાનક ત્યાંથી પસાર થતા એક સર્પે તેમને પગ ઉપર દંશ દીધો. પીડા થવાથી જાગી ગયાં. સર્પને દૂર જતો જોઇ પરિસ્થિતિ પામી ગયાં.

‘જરાપણ ગભરાયા વગર બાજુમાંથી વ્રજરજ લઇ દંશ ઉપર ઘસવા લાગ્યાં. સાથે સાથે અષ્ટાક્ષર મંત્રનો જપ પણ શરૂ કરી દીધો. ઘણા સમય સુધી આ રીતે અષ્ટાક્ષરનો જપ અને વ્રજરજ ઘસવાનું ચાલુ રાખ્યું. મનમાં કે ચહેરા ઉપર ભયની કે ડરની કોઇ નિશાની નહિ. સાપ કરડ્યો છે એવું જાણવા છતાં કોઇ બૂમાબૂમ કરી નહિ કે પાલમાંથી કોઇને જગાડ્યા નહિ. કોઇ દવા લેવાનો વિચાર સુધ્ધાં ન આવ્યો. પોતાના સેવ્ય શ્રીપ્રભુ ઉપર અડગ વિશ્વાસ રાખી, શાંતચિત્તે, અષ્ટાક્ષર જપતાં રહ્યાં. વ્રજરજનો મહિમા જાણે તેથી સવારે બધાં જાગ્યાં ત્યાં સુધી વ્રજરજ ઘસતાં રહ્યાં. સર્પનું ઝેર ઉતરી ગયું.

સવારે દૂધીબેનને સર્વ હકીકત જણાવી. તેઓ કહે : ‘ગાંડી થા મા. સાપ કરડ્યો હોત તો તું આવી જીવતીજાગતી બેઠી હોત ખરી?’

‘જુઓ, આ સર્પદંશની નિશાની.’ લક્ષ્મીબેને પગ ઉપરનો દંશ બતાવ્યો. દૂધીબેનને આશ્ચર્ય થયું. લક્ષ્મીદાસભાઇને વાત કરી. તેમણે કહ્યું : ‘ચાલો, ડૉકટરને બતાવી દઇએ.’ લક્ષ્મીબેન કહે : ‘હવે ઝેરની કોઇ અસર નથી. વળી, મારે યાત્રામાં ડૉકટરને બતાવી આભડછેટ કરવી નથી.’ લક્ષ્મીદાસભાઇએ કહ્યુંઃ ‘પ્રભુ તો પરમ કૃપાળુ છે. હંમેશાં જીવનું રક્ષણ કરે છે. પરંતુ જીવ

સ્વભાવથી દુષ્ટ છે એટલે પ્રભુમાં વિશ્વાસ રાખતો નથી અને પ્રભુથી દૂર ભાગે છે. ધન્ય છે તને. તેં આવા આપદ્ સમયે તારું મન પ્રભુ સાથે જોડી દીધું અને પ્રભુએ તારું રક્ષણ કર્યું. વ્રજરજ રૂપી અમોઘ ઔષધથી સાપનું ઝેર ઉતાર્યું.'

'મેં પ્રભુને પરિશ્રમ આપ્યો છે. તેથી મને પાંચ દિવસ થાય તે પછી શ્રીગિરિરાજજીની ક્ષમા માગી તેમને પાંચશેર દૂધથી અભિષેક કરાવીશું.' લક્ષ્મીબેનને પોતાના દુ:ખ કરતાં પ્રભુના પરિશ્રમનું દુ:ખ વધારે હતું.

ધન્ય છે આવાં લક્ષ્મીબેનને !

મન રે તૂ ભૂલ્યો જનમ ગઁવાવૈ ।
ખબર ન પરી તો કો સિર પર કાલ મઁડરાવૈ ॥૧॥
ખાનપાન અટક્યો નિસિવાસર જિભ્યા લાડ લડાવૈ ।
ગૃહસુખ દેખિ ફિરત ફૂલ્યો સો, સુપને મન ભટકાવૈ ॥૨॥
કૈ તૂ છાઁડિ જાયગો ઈનકો, કૈ તોહિ યહી છૂડાવૈ ।
જ્યોં તોતા સેવર પર બૈઠ્યો, હાથ કછૂ નહીં આવૈ ॥૩॥
મેરી મેરી કરત બાવરે આયુષ વૃથા ગુમાવૈ ।
હરિ હી તૂ બિસારી વિષયસુખ વિષ્ટા ચિત્ત મન ભાવૈ ॥૪॥
ગિરિધરલાલ સકલ સુખદાતા, સુનિ પુરાણ સબ ગાવૈ ।
'સૂરદાસ' વલ્લભ ઉર અપને ચરણકમલ ચિત્ત લાવૈ ॥૫॥

ભાવાર્થ :

હે મન, તું ભૂલ કરી તારો જન્મ વેડફી રહ્યો છે. તને ખબર નથી કે તારા માથે કાલનું ચક્ર ઘૂમી રહ્યું છે. (૧)

રાતદિવસ તું ખાનપાનમાં ગુલતાન રહી, જીભને લાડ લડાવે છે. તારા ઘરનાં સુખને જોઈ ફૂલ્યો ફરે છે અને સ્વપ્નાંઓમાં મન ભટકતું રાખે છે. (૨)

પરંતુ એક દિવસ ક્યાં તો તું તેમને છોડીને જઈશ અથવા તેઓ તને છોડીને જશે. કપાસના છોડ પર બેઠેલા પોપટનું પેટ ક્યારેય ભરાતું નથી. (૩)

હે મૂર્ખ, તું મારું મારું કરતાં જિંદગી નકામી ગુમાવી રહ્યો છે. શ્રીહરિને ભૂલી, વિષ્ટા સમાન વિષયસુખમાં મન ડૂબાડે છે. (૪)

યાદ રાખ કે સર્વ સુખદાતા શ્રીગિરિધરલાલ છે. બધાં પુરાણો એ જ વાત કહે છે. માટે શ્રીવલ્લભની આજ્ઞાઓ સમજી, તેમનાં ચરણકમળમાં ચિત્ત રાખી, તે આજ્ઞા મુજબ જીવ.

૨૭

જે પીડ પરાઇ જાણે રે

(ગોરધનભાઈ પરીખ, કડી)

લેખક - શ્રી બાબુભાઈ નાયક અને કિરણબેન શાહ (કડી)

કડીના એક પરમ આદરણીય વૈષ્ણવ શ્રી ગોરધનભાઇ પરીખ ૧૩ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરી ગોલોકધામ સિધાવી ગયા, ત્યારે કડીના વૈષ્ણવ સમાજ તથા અન્ય જનોને થયું.' પીડ પરાઇ જાણનાર' એક વૈષ્ણવને આપણે ગુમાવ્યા છે.

ગોરધનભાઇનો જન્મ કડીના વૈષ્ણવ કુટુંબમાં થયેલો. પૂ.ગો.શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી) પાસેથી તેમણે બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરેલી. કડીમાં બિરાજમાન સૌ પૂ.ગો. બાળકોના તેઓ કૃપાપાત્ર હતા.

ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં એક વિરકતની જેમ પ્રભુચિંતનમાં સતત મગ્ન રહેતા. સ્વપુરુષાર્થથી પ્રાપ્ત કરેલી સંપત્તિનો ઉપયોગ ભગવદ્ કાર્યોમાં અને અન્યને મદદરૂપ થવામાં કરતા. 'ત્યાગીને ભોગવ' એ સૂત્ર તેમના રોમરોમમાં વણાઇ ગયું હતું. શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિનીમાં કરેલી આજ્ઞા ' ગૃહે સ્થિત્વા સ્વધર્મત:' નું. તેમણે અક્ષરશ: પાલન કર્યું હતું. પ્રાપ્તં સેવેત નિર્મમ: ' સિદ્ધાંત પ્રમાણેનું અનુકરણીય આચરણ તેમનું હતું.

આં.પુ.વૈ.પરિષદ થી માંડી ગામ પરગામની નાનામાં નાની સંસ્થાને પણ તેઓ મદદ કરતા. તેમને આંગણે આવેલું કોઇ ખાલી હાથે જતું નહિ. ગરીબ વૈષ્ણવને દવા માટે મદદ કરે તો ગરીબ વિદ્યાર્થીને અભ્યાસ માટે મદદ કરે. જમણા હાથે કરેલું દાન ડાબો હાથ પણ જાણે નહિ તે રીતે મદદ કરે. છતાં કહે : 'હું ક્યાં કોઇને આપું છું ? વ્યક્તિ કે સંસ્થા તેના ભાગ્યનું લઇ જાય છે. આપવાવાળો તો ઉપર બેઠો છે.' તેમનાં ધર્મપત્ની સુરેખાબેનનો પણ આ બાબતમાં પૂર્ણ સહકાર તેમને મળે.

પોતાના સેવ્ય શ્રીપ્રભુની સેવામાં રોજ અચૂક પહોંચે. અસ્વસ્થ તબિયત હોય તો પણ પ્રભુના શૃંગાર તો કરે જ. પ્રભુને લાડ લડાવી અલૌકિક સુખ મેળવે. દર વર્ષે વ્રજ પરિક્રમાના સમયે ૮-૧૦ દિવસ માટે પણ વ્રજમાં જતિપુરા જાય અને ત્યાં સેવા અને દર્શનનો આનંદ લે.

સૌની સાથે સ્નેહભર્યા અને વિનય-વિવેકપૂર્ણ વર્તાવ રાખનાર ગોરધનભાઇની સેવાનિષ્ઠા, ભગવદ્ભાવ, વૈષ્ણવો પ્રત્યેનો પ્રેમ અને સેવાનાં કાર્યોને આજે ય સૌ યાદ કરે છે.

૨૮

એક વિરલ વિભૂતિ

શ્રીદ્વારકાદાસભાઈ પરીખ (પાટણ)

(સંકલન : શ્રીબાલકૃષ્ણ પી. પરીખ, વડોદરા)

પુષ્ટિમાર્ગીય વ્રજસાહિત્યના અઠંગ અભ્યાસી, સંશોધક, અનુવાદક અને લેખક શ્રીદ્વારકાદાસભાઈ સંપ્રદાયની એક વિરલ વિભૂતિ હતા. તેઓ અ.ભા.પુ.વૈ. પરિષદના પ્રચારમંત્રી તથા 'વલ્લભીયસુધા' ત્રૈમાસિકના સંપાદક હોવાની સાથે એક તાદશી ભગવદીય હતા.

તેમનો જન્મ ઉત્તર ગુજરાતના ઐતિહાસિક શહેર પાટણમાં ઈ.સ. ૧૯૦૯માં થયો હતો. પિતાશ્રી પુરુષોત્તમદાસ અને માતુશ્રી મણિબેને તેમનામાં બાળપણથી સાંપ્રદાયિક સંસ્કારોનું સિંચન કરેલું. દાદીમા જીવકોરબા પાસેથી પણ ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો મળેલા. પાટણમાં શ્રીચીમનભાઈ માસ્તર દરરોજ મંદિરમાં ભગવદ્ વાર્તા કરે. ત્યાં નિત્ય સાંજે તેઓ જતા. શ્રીવ્રજરત્નદાસ પરીખ તેમના સમવયસ્ક હતા. તેમની મિત્રતાનો પણ સારો એવો પ્રભાવ તેમના ઉપર રહ્યો. આ બધાથી તેમનામાં ભગવદ્ ભાવની વૃદ્ધિ થતી ગઈ અને સંસાર તરફ વૈરાગ્ય જાગવા લાગ્યો.

તેમણે મેટ્રીક સુધી અભ્યાસ કરેલો. તે સમયના રિવાજ પ્રમાણે ૧૫ વર્ષની નાની ઉંમરે તેમનાં લગ્ન થઈ ગયેલાં. એકવાર તેમના પૂ. ગુરુદેવ કાંકરોલી નરેશ પૂ.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી પાટણ પધાર્યા ત્યારે આપશ્રીના ચરણોમાં તેમને એવી આસક્તિ થઈ ગઈ કે ઘરમાં કોઈને ય પૂછયા વગર પૂ. મહારાજશ્રી સાથે કાંકરોલી ચાલ્યા ગયા.

થોડાં વર્ષો પછી પાછા પાટણ આવ્યા. ત્યારે તેમની માતાનો સ્વર્ગવાસ થઈ ગયો હતો, તેથી પત્ની સરસ્વતીબેનને સાથે લઈ ફરીથી વ્રજમાં ચાલ્યા ગયા. ત્યાં બંને જણ જતિપુરામાં રહ્યાં. ત્યાં તેમને અનેક ભગવદીયોનો સંગ થયો. શરૂઆતમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં વૃક્ષોને જલ પાવાની સેવા કરી. ત્યાં શ્રીગિરિરાજજીનો દિવ્ય અનુભવ થતાં આખું જીવન જ જાણે પલટાઈ ગયું. તેમનું મન નંદનંદનમાં લાગી ગયું.

અહીં તેમને એક ભગવદીય પ.ભ. યદુનાથદાસજીનો સંગ થયો. તેમની પ્રેરણાથી શ્રીગિરિરાજ ઉપરની નાગફણી - જે વૈષ્ણવોને અને શ્રીગિરિરાજજીને અડચણરૂપ હતી - તે કાઢી નવાં વૃક્ષો રોપવાની પ્રવૃત્તિ આરંભી સ્વાશ્રયથી અને ધનિકોની સેવાથકી આ ઉપદ્રવ દૂર કરવાની અજોડ સેવા તેમણે કરી. અહીં સરસ્વતીબેનની તબિયત બગડી. તેઓ ફરી પાછા પાટણ આવ્યા. અહીં સરસ્વતીબેન હરિશરણ થયાં.

યુવાન વય હતી છતાં તેઓ સર્વ કુટુંબ-સ્નેહીજનોનો ત્યાગ કરી ફરી પાછા કાંકરોલી આવ્યા. પછી તો હંમેશા કાંકરોલી અને વ્રજમાં જ રહ્યા. વ્રજવાસીના વેશમાં જ જીવ્યા. બાંધી દડીનું ઘાટીલું શરીર, ગોળાકાર, લાલાશથી ભરેલું વદન અને ધોતી, બંડી, તિલક ધારણ કરેલો વૈષ્ણવી વેશ એમને વ્રજવાસી તરીકે જ ઓળખાવતાં હતાં. કાંકરોલીમાં ફક્ત એક કામળાથી જ ચલાવતા તેથી સૌ તેમને 'મહાત્મા' કહેતા.

કાંકરોલીમાં પૂ.પા.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીની છત્રછાયામાં, આપશ્રીના માર્ગદર્શન નીચે કાંકરોલી વિદ્યાવિભાગના વિપુલ ગ્રંથાલયમાંથી અનેક પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કર્યો. એ ગ્રંથોનું સંશોધન, અનુવાદ કર્યા. ધનિક વૈષ્ણવો પાસેથી દ્રવ્યસહાય મેળવી એ સાંપ્રદાયિક ગ્રંથોનું પ્રકાશન કરી ખૂબ મોટી સેવા કરી.

કાંકરોલીથી પ્રસિદ્ધ થતા 'દિવ્યાદર્શ'માં પોતાના સંશોધન વિષયક લેખો તેઓ લખતા. આ ઉપરાંત 'શુદ્ધાદ્વૈત', 'ભક્તિમાર્તંડ', 'વૈશ્વાનર', 'સત્સંગ', 'વલ્લભીયસુધા' વગેરે માસિકોમાં પણ તેમના લેખો પ્રકાશિત થતા.

તેમનામાં ઐતિહાસિક સંશોધનની શક્તિ ગજબ હતી. આપણા પ્રાચીન વાર્તાસાહિત્યને કેટલાક વિદ્વાનો અપ્રમાણભૂત ગણતા ત્યારે તેમણે એ વિષયનું સંશોધન કરીને તેમના ભ્રમને દૂર કર્યો. આ ભ્રમનિવારણનું કાર્ય કરનાર તેઓ સૌ પહેલા હતા. ૮૪-૨૫૨ વૈષ્ણવોનું વાર્તાસાહિત્ય ત્રણ જન્મના ભાવ સાથેનું ખૂબ પરિશ્રમ વેઠીને તેમણે વૈષ્ણવો સમક્ષ મૂક્યું. ધાર્મિક જ નહિ પણ સાહિત્યિક દૃષ્ટિએ પણ વ્રજભાષામાં આ વાર્તાસાહિત્યને અતિ સન્માનનીય બનાવવાનો તેમણે પ્રયાસ કર્યો.

જન્મે ગુજરાતી હોવા છતાં વ્રજભાષા તેઓ ખૂબ સરસ રીતે બોલી, લખી, વાંચી શકતા. વ્રજભાષા પ્રત્યે તેમને ખૂબ આદર હતો. વ્રજભાષાના

ઉત્થાન, ગ્રંથોના સંશોધન અને પ્રકાશન, ઐતિહાસિક શંકાઓનું નિવારણ કરતા લેખો માટે તેમણે જીવનના છેલ્લાં ૩૫ વર્ષ અથાગ પ્રયત્ન કરી વ્રજભાષાના અગ્રગણ્ય વિદ્વાન તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું.

વ્રજભાષાનું અગાધ જ્ઞાન ધરાવતા હોવા ઉપરાંત તેઓ સાંપ્રદાયિક સાહિત્યના પ્રકાંડ પંડિત પણ હતા. બે ત્રણ અભ્યાસુઓને વિશ્વવિદ્યાલયની ડૉક્ટરેટની પદવી માટેના પુષ્ટિમાર્ગીય નિબંધો (Thesis) તૈયાર કરવામાં પૂર્ણ સહયોગ આપી તેમણે એ અભ્યાસુઓને વિશ્વવિદ્યાલયની પદવી પણ અપાવી હતી.

'વલ્લભીય સુધા' માસિકનું સંપાદન તેઓ કેટલીક વાર તો ત્રણેક દિવસમાં જ કરી લેતા. ગ્રંથલેખન માટે કોઈ કોઈ વાર દિવસના સતત ૧૮ કલાક સુધી પરિશ્રમ કરતા. અનેક સાંપ્રદયિક ગ્રંથોનો અભ્યાસ કરી તેના સારરૂપ લેખો 'વલ્લભીય સુધા'માં પ્રકાશિત કરી વૈષ્ણવોને અને હિંદીભાષીઓને વલ્લભીય સાહિત્યનો પરિચય કરાવવાનું મહત્વનું કાર્ય તેમણે કર્યું. ભગવદ્ કૃપા અને શ્રીગુરુદેવની કૃપાથી પ્રાપ્ત થયેલી આ સંશોધન શક્તિ અને વિદ્વત્તાએ તેમને સ્વભાવથી અહંકારી નહિ પણ કોમળ અને સેવાપરાયણ બનાવ્યા.

તેમના પ્રકાશિત ગ્રંથોમાં પ્રાચીન વાર્તા રહસ્ય (ભાગ-૧-૨-૩), શ્રીહરિરાયજીનું જીવનચરિત્ર, સ્વરૂપનિર્ણય, શ્રીવિઠ્ઠલેશ ચરિત્રામૃત, ૮૪ વૈષ્ણવની વાર્તા - ત્રણ જન્મની લીલાભાવના વાળી; સૂરનિર્ણય; ૨૫૨ વૈષ્ણવની વાર્તા (૩ ખંડ); અષ્ટસખાનકી વાર્તા; પુષ્ટિમાર્ગ (નિબંધ); શ્રીભટ્ટ પદાવલી; ઋટ્ઋતુ વાર્તા; નિજવાર્તા - ઘરૂવાર્તા; ભાવભાવના, અન્યાશ્રય અને અસમર્પિત ત્યાગ, પરમાનંદ સાગર વગેરે મુખ્ય છે. જીવનના અંતિમ વર્ષોમાં શ્રીસર્વોત્તમજીની સચિત્ર ટીકા પ્રકટ કરવા માટે તૈયારી કરી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક ગોલોકવાસથી તે કાર્ય અપૂર્ણ રહ્યું. પૂ.પા.ગો. શ્રી વ્રજભૂષણ લાલજી મહારાજશ્રીએ ખૂબ શ્રમ લઈ તે કાર્ય પૂર્ણ કર્યું અને ગ્રંથ પ્રકાશિત કર્યો. આજ સુધી તેની અનેક આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

તેમનું આવું જ એક પ્રશંસનીય કાર્ય હતું વ્રજના ઘણા ઐતિહાસિક સ્થળોના જિર્ણોદ્ધારનું. ચંદ્ર સરોવર ઉપર સૂરદાસજીની પ્રતિમા પધરાવવાનું કાર્ય તેમને જ આભારી છે. વ્રજમાં ઘણે સ્થળે તેઓ વિચરણ કરતા પરંતુ ખાસ કરીને સુરભીકુંડ ઉપર રહેતા. વ્રજમાં રહી તે જપપાઠ, કીર્તન, વાચન, લેખન વગેરે કરતા.

અ.ભ.પુ.વૈ. પરિષદના તેઓ પ્રાણ હતા. ૫૦ વર્ષથી સુષુપ્ત પરિષદને તેમણે જગાવી હતી. અનેક શહેરોમાં પરિષદના અધિવેશનો તેમના મંત્રીપદે ભરાયા હતા. અનેક ઠરાવો થયા હતા. તેને કાર્યાન્વિત કરવા તેમણે ઘણા પ્રયત્નો કરેલા.

સંપ્રદાયના પૂ.ગો. બાલકો સાથે તેમને ગાઢ પરિચય અને સંબંધ હતો. સૌ તેમના ઉપર કૃપા વર્ષા કરતા. વખતો વખત સૂચન પણ કરતા, તેમના પ્રકાશિત થયેલા ગ્રંથોની સરાહના પણ કરતા.

ભગવદ્ ગુણગાન અને સાહિત્યની સેવામાં જ તેમણે જીવનની સાર્થકતા માની હતી. સાદું સરળ જીવન જીવતા અને નિષ્કામભાવે સંપ્રદાયની સેવા કરતા.

વારંવાર વડોદરા પણ આવતા. વડોદરા હોય ત્યારે નિત્ય ભગવદ્ મંડળીમાં સુંદર રીતે ચર્ચા કરી સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવતા. વડોદરાના ઘણા વૈષ્ણવો તેમનો લાભ લેતાં.

તા. ૧૯-૪-૬૧ના રોજ અચાનક હૃદયરોગનો હુમલો આવતાં વડોદરામાં શ્રીકલ્યાણરાયજી મંદિરના પાછળના ભાગમાં આવેલા શ્રીરમણભાઈને ઘેર હરિશરણ થયા. ભૂતળ ઉપરથી એક ભગવદીય રત્ને વિદાય લીધી એમ સૌને લાગ્યું.

આવી વિરલ વિભૂતિને આપણા શતશઃ પ્રણામ.

■

૨૯

રસેશ્વરનો રસથાળના માર્ગદર્શક

(ગોપાળદાસ મોતીલાલ શાહ)

મુકુંદ જી. શાહ (સુરત)

સૂરતમાં એક પરમ ભગવદીય બેન થઈ ગયાં. સહુ તેમને 'નાનીબહેન'ના નામે ઓળખે. તેઓ યુવાન વયે વિધવા થયેલાં. પાસે સંપત્તિ ઘણી. બધી સંપત્તિ પ્રભુને લાડ લડાવવામાં વાપરતા. પ્રભુ માટે સાચાં સોના, મોતી, હીરાનાં આભૂષણો ઘડાવ્યાં હતાં. તેમનું ઘર વૈષ્ણવો માટે અતિથિશાળા જેવું હતું. અડધી રાતે પણ વૈષ્ણવો પોતાનું ઘર માનીને આવતા. સહુનો પ્રેમથી ત્યાં સત્કાર થતો. સૌ તેમનાં ઘરને 'માજીનું ઘર' કહેતાં.

તેમના જીવનનો એક પ્રસંગ બહુ જાણીતો છે. તેમના ઘેર આવેલા એક વૈષ્ણવે શ્રીઠાકોરજીનાં થોડાંક આભૂષણો પોતાના ઠાકોરજી માટે ચોરી લીધેલાં ત્યારે એ વૈષ્ણવને માથે ચોરીનું આળ મૂકવાને બદલે પોતાને ત્યાં રાખી તે વૈષ્ણવના માપના સર્વ આભૂષણો સિદ્ધ કરાવી આપેલાં. આવાં ઉદારચરિત નાનીબહેનને ત્યાં એમના પછી પણ એમની સંપત્તિનું ટ્રસ્ટ કરી વૈષ્ણવોના મુકામ, પ્રસાદ વગેરેની વ્યવસ્થા ચાલુ રાખવામાં આવી. જે સેવાભાવી વૈષ્ણવોએ અહીં રહી આગંતુક અતિથિ વૈષ્ણવોની સેવાની વ્યવસ્થા સંભાળી તેમાંના એક હતા પ.ભ. શ્રીગોપાળભાઈ શાહ.

તેમનો જન્મ ભાવનગરમાં ઈ.સ. ૧૯૧૪માં માતા સંતોકબેનની કૂખે થયેલો. પ્રાથમિક શિક્ષણ ચીખલીમાં લીધેલું. ફક્ત પાંચ ધોરણ સુધી જ અભ્યાસ કરી શકેલા. બાળપણથી ઘરમાં થતી શ્રીબાલકૃષ્ણલાલજી અને શ્રીગિરિરાજજીની પુષ્ટિમાર્ગીય પ્રણાલીની સેવાના સંસ્કારો મળેલા. પૂ.ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (મથુરા) પાસેથી તેમણે બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરેલી.

પંદર વર્ષની ઉંમરે સુરત આવ્યા. નાની ઉંમરે જ પાકી મરજાદ લીધેલી. પોતાના સેવ્ય શ્રીપ્રભુને સાથે પધરાવીને આવેલા. નાની માસીને ત્યાં રહ્યા. શ્રી...ની ટહેલ ઉપરાંત બહારની ખરીદી, વૈષ્ણવોની આગતા-સ્વાગતા, હિસાબકિતાબ વગેરે સંભાળવા લાગ્યા. પછી તો અહીં જ રહી ગયા. ધીરે ધીરે અહીંની વ્યવસ્થા સંભાળનાર વૈષ્ણવો હરિશરણ થતા ગયા. ઈ.સ. ૧૯૬૮ પછી તો તેઓ સાવ એકલા પડી ગયા. છતાં પણ ખૂબ ભાવપૂર્વક ઈ.સ. ૧૯૯૨ની પહેલી સપ્ટેમ્બરે ગોલોકવાસી થયા ત્યાં સુધી - જીવનના અંત સુધી શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં રત રહ્યા.

નિ.લી.પૂ.ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (પૂ.દાદાજી)ના તેઓ અનન્ય કૃપાપાત્ર હતા. આપશ્રીએ તેમને ષષ્ઠનિધિ શ્રીબાલકૃષ્ણલાલજી પ્રભુ સન્મુખ કીર્તન કરવા માટે આજ્ઞા આપેલી. દરરોજ સવારે ૪ વાગે ઊઠી, નિત્યક્રમમાંથી પરવારી, ગૃહ સેવાની કેટલીક પૂર્વતૈયારી કરી મોટા મંદિરે પહોંચી જતા. પોતાના મધુર કંઠથી, ખૂબ ભાવપૂર્વક જગાવવાના, કલેઉના અને મંગળાસન્મુખના કીર્તન કરી પ્રભુને રીઝવતા. આ સેવા તેમણે પોતાનું ભાગ્ય માનીને જીવનભર નિઃસ્વાર્થ ભાવે કરી.

એક વાર શીતકાલમાં તેઓ વહેલી સવારે મંદિરે જવા નીકળેલા. રસ્તામાં અંધારું હતું. પાછળથી દોડી આવીને એક ગાયે તેમને શિંગડું મારી ઉછાળ્યા. બેત્રણ ગુલાંટ ખાઈ ગયા; પણ જાણે ચમત્કાર થયો. કોઈએ એમને ઝીલી લીધા હોય તેવું લાગ્યું. નીચે પડ્યા પણ એક ઉઝરડો સરખો પણ પડ્યો નહિ. સુખરૂપ ચાલીને મંદિરે પહોંચી ગયા. શ્રીબાલકૃષ્ણલાલજીની કૃપાના આવા અનુભવો તેમને જીવનભર થયેલા પણ તેઓની દૃઢ માન્યતા કે પ્રભુની કૃપાના અનુભવો કોઈને કહેવાય નહિ તેથી તેઓ કોઈને જણાવતા નહિ.

કીર્તનસેવા કરી રાગથી પ્રભુને રીઝવી મંદિરેથી પાછા ફરતાં પોતાના સેવ્ય શ્રીપ્રભુ માટે ટોકરી, પાન, ફૂલ, મેવો વગેરે ખરીદી ઘેર આવતા. સેવામાં નહાઈ શ્રીપ્રભુ માટે સામગ્રી સિદ્ધ કરતા. મંગળાથી રાજભોગ સુધીની સેવા, શૃંગાર વગેરે પણ કરતા. દૂધઘર, સખડી, અનસખડીની બધી જ સામગ્રીઓ સિદ્ધ કરવામાં તેઓ નિપુણ હતા. સુરતથી પ્રકાશિત થયેલું પુસ્તક 'રસેશ્વરનો રસથાળ' માટે વિવિધ સામગ્રીઓ સિદ્ધ કરવાની વિશિષ્ટ રીતોનું માર્ગદર્શન આપીને આ પુસ્તકના પ્રકાશનમાં તેમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે. પ્રભુ સુખાર્થે તેમણે કરેલો આ પ્રયાસ વૈષ્ણવોને પોતાના ઘરમાં, પોતાના પ્રાણપ્રેષ્ઠ માટે વિવિધ સામગ્રીઓ સિદ્ધ કરવામાં ઘણો ઉપયોગી સાબિત થયો છે.

દૂધગરની સામગ્રીઓ તેઓ એટલી સુંદર સિદ્ધ કરતા કે પૂ. મહારાજશ્રીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજી પ્રભુ માટે મોટા મંદિરમાં દૂધગરની સામગ્રીઓ સિદ્ધ કરવાની આજ્ઞા આપેલી. આ સેવા પણ જીવનભર કરી તેઓ ધન્ય થયા.

વિશેષ કૃપા તો ત્યારે થઈ જ્યારે શ્રીબાલકૃષ્ણપ્રભુ નાથદ્વારા પધાર્યા હતા. તે સમયે તેઓ પોતાના હાથે સિદ્ધ કરેલી દૂધગરની સામગ્રી શ્રીજીબાવાને આરોગાવવાનો લાભ લઈ શક્યા હતા.

તેઓ મક્કમ અને દઢ મનોબળવાળા હતા. પુષ્ટિ સિદ્ધાંતોને દઢતાથી વળગી રહેતા. લૌકિકથી હંમેશા દૂર રહેતા. સેવાના કાર્યોમાં મોટી ઉંમરે પણ ક્યારે ય થાકતા ન હતા. ભઠ્ઠી સામે બેસીને કોઈકવાર તો ૧૬ થી ૧૮ કલાક સુધી સતત સામગ્રીઓ સિદ્ધ કરતા રહેતા. એ સામગ્રીઓ પ્રભુ પૂર્ણપ્રેમથી અંગીકાર કરતા. પૂ.ગો. બાળકો અને વૈષ્ણવો તેની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા. આમ રાગ, ભોગ અને શૃંગારથી પ્રભુને પ્રસન્ન કરી તેમના કૃપાપાત્ર બન્યા હતા.

નાની ઉંમરે પાકી મરજાદ લઈ જીવનભર તેને નભાવી. એકવાર તેમને બહારગામ જવાનું થયેલું. મુસાફરી માટે જરૂરી જળ-દૂધગરનો પ્રસાદ વગેરે લઈને નીકળેલા પણ મુસાફરી લંબાઈ અને જળ વગેરે ખલાસ થઈ ગયાં. રસ્તામાં ક્યાંય કૂવાના જળનો કે પ્રસાદનો મેળ ન પડ્યો ત્યારે ત્રણ દિવસ સુધી જલપાન કર્યા વગર ચલાવ્યું. પોતાનું કાર્ય પૂર્ણ કરી ઘરે પરત આવીને શ્રી...ના ઝારીચરણસ્પર્શ કરીને પછી જ જલપાન કર્યું. આવી ટેક પ્રભુએ જ નભાવી.

આખું જીવન ખૂબ નિયમિત અને સ્વાવલંબી બનીને જીવ્યા. અનુકૂળ પત્ની મળી ન હોવા છતાં ખૂબ મક્કમતાથી, એકલા હાથે પણ પોતાના કોઈ કાર્યમાં કચાશ ન રાખી. પ્રભુની ઇચ્છાને સર્વોપરી માનીને તમામ સંજોગોમાં અડગ રહ્યા. લગ્ન અને સંતાનો મોટી ઉંમરે થવાના કારણે જીવનભર ઘણો સંઘર્ષ વેઠ્યો. ઘણો શ્રમ કર્યો. શ્રીવલ્લભકુળ અને વૈષ્ણવોની સેવા કરી તેમના કૃપાપાત્ર બનીને રહ્યા.

બંને સમયની સેવાના અનોસરના સમયે ગ્રંથોનું વાચન, કીર્તનનો અભ્યાસ અને રાત્રે વૈષ્ણવો સાથે નિયમિત સત્સંગ કરતા. અવારનવાર અનેક વૈષ્ણવો અહીં આવતા રહેતા. તે સૌનું જલ-પ્રસાદથી સ્વાગત કરતા. તેમને ઘેરથી કદી કોઈ વૈષ્ણવ પ્રસાદ લીધા વગર જતા નહિ. કોઈવાર વધારે વૈષ્ણવો આવી જાય તો પોતે પ્રસાદ ન લે પણ વૈષ્ણવોને પ્રેમથી પ્રસાદ લેવડાવે એવો તેમનો નિયમ રહ્યો. માજીના ઘરની મંડાણની વ્યવસ્થા તેમના થકી વર્ષો સુધી સુંદર રીતે ચાલતી રહી.

રસેશ્વર પ્રભુને રીઝવવા રસભરી રાગ અને ભોગની સેવા જીવનની છેલ્લી ક્ષણ સુધી કરી અને વૈષ્ણવોની પણ તન-મન-ધનથી સેવા કરી જેઓ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવના કૃપાપાત્ર બન્યા તેવા શ્રીગોપાળભાઈને શતશઃ વંદન.

■

આપણાથી સેવાસ્મરણ આદિ જે બને તેને શ્રીપ્રભુ-શ્રીમહાપ્રભુની કૃપાનું ફળ માની, દીનતા રાખવી. તેનું કદિ અભિમાન કરવું નહિ.

સેવાસ્મરણનાં કાર્યો આપણે સ્વીકાર્યા છે, માટે પ્રેમથી કરવાં. બીજાને તેમાં સહયોગી બનવા સ્નેહથી સમજાવવાં, પણ ન માને તો તેમના પર ક્રોધ ન કરવો. તેઓ પ્રતિકૂળ બને તો તેમનાથી અલગ થવું. મૌન રાખવું.

સૌમાં પ્રભુ બિરાજે છે, એવો ભાવ રાખી કોઈનું દિલ દુભાય તેવાં કઠોર વચન ન કહેવાં.

બીજા દ્વારા કહેવાતાં કઠોર વચનો, પ્રભુએ આપેલી શિખામણ સમજી સ્વીકારવાં.

ઘરનાં સર્વ સ્વજનો પર વૈષ્ણવી ભાવ રાખવો.

30

સંપ્રદાયનો સંનિષ્ઠ સેવક

ભારતેન્દુ હરિશ્ચંદ્રજી

લેખક : રમેશભાઈ પરીખ (મહેસાણા)

સંપ્રદાયના ઈતિહાસનું પ્રત્યેક પાન સુવર્ણ અક્ષરોથી અંકિત છે, સંપ્રદાયની ગાથા ગૌરવભરી છે. એના આચાર્યવર્યોએ સંપ્રદાયના દિવ્ય તેજને જાળવ્યું છે, તો એના સંનિષ્ઠ સેવકોએ એ તેજને પ્રસરાવ્યું છે. એના ઈતિહાસની અચરજભરી વાતો આજે આપણા માટે પ્રેરક છે, માર્ગદર્શક છે, પ્રોત્સાહક છે.

ઈશુની ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં કાશીમાં શ્રીહરિશ્ચંદ્રજી નામના, શ્રીવલ્લભના કૃપાપાત્ર વૈષ્ણવ થયા; જેઓ વૈષ્ણવ સમાજમાં જ નહીં, પરંતુ સારાયે ભારતવર્ષમાં ભારતેન્દુ હરિશ્ચંદ્રના નામે તેમના સમયમાં જ સુપ્રસિદ્ધ થયા હતા. તેમણે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે ઘણું મોટું પ્રદાન કર્યું છે. આજે પણ સૌ કાશીવાસીઓ તેમને યાદ કરે છે.

આવા શ્રીહરિશ્ચંદ્રજીએ તેમના કાશીમાં આવેલા નિવાસસ્થાન 'ભારતેન્દુ ભવન'માં વિ. સં. ૧૯૩૦ના શ્રાવણ માસમાં એક બુધવારના દિવસે 'તદીય સમાજ'ની સ્થાપના કરી હતી. જેમ બંગાળમાં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરે બ્રહ્મ સમાજની સ્થાપના કરી હતી, તેમ વૈષ્ણવજનહિતાય અને વૈષ્ણવજનસુખાય શ્રીહરિશ્ચંદ્રજીએ તદીય સમાજની સ્થાપના કરી. તે સમયમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ભારત પર હકુમત હતી. હિંદુ સમાજના કલંક જેવા શિશુવધ, સતીપ્રથા અને ઠગોની પરેશાની દૂર કરવા અંગ્રેજ સરકારે સહાય કરી હતી. તે સમયમાં પવિત્ર કાશીનગરીમાં લગભગ દરેક કહેવાતા ખાનદાની હિંદુ ઘરમાં શરાબનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. ધર્મ આવી વિકૃત્તિઓથી સમાજને કેવી રીતે બચાવી શકે, તેનું સતત ચિંતન કરીને તેમણે કુરીતિઓ દૂર કરવા માટે તદીય સમાજની સ્થાપના કરી અને તેઓ પોતે આ સમાજના પ્રથમ 'અનન્ય વૈષ્ણવવીર' બન્યા. ઈ.સ. ૧૮૭૩ની ૨૨મી જાન્યુઆરીએ તેમણે એક પ્રતિજ્ઞાપત્ર તૈયાર કર્યો હતો. તે નીચે પ્રમાણે હતો :

૧. અમે કેવળ પ્રેમમય ભગવાન શ્રીરાધિકારમણની સેવા કરીશું.

૨. મોટામાં મોટી આપત્તિમાં પણ અન્યાશ્રય નહીં જ કરીએ.

૩. અમે ભગવાન પાસે કોઈપણ ઇચ્છાના હેતુથી પ્રાર્થના નહીં કરીએ અને કોઈ અન્ય દેવતા પાસે કોઈ પ્રકારની કામના નહીં રાખીએ.

૪. યુગલ સ્વરૂપમાં અમે ભેદદષ્ટિથી નહીં જોઈએ.

૫. વૈષ્ણવમાં અમે જાતિ-બુદ્ધિ નહીં રાખીએ.

૬. અમે બધા વૈષ્ણવાચાર્યોમાંથી એક ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીશું; પરંતુ બીજા આચાર્યોના મત-વિષયમાં કદાપિ નિંદા કે ખંડન કરીશું નહીં.

૭. કોઈ પણ પ્રકારની હિંસા કે માંસભક્ષણ નહીં કરીએ.

૮. કોઈ પણ પ્રકારની માદક વસ્તુ ક્યારે પણ ખાઈશું અથવા પીશું નહીં.

૯. શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીભાગવતને સત્ય શાસ્ત્ર માનીને તેમનું નિત્ય મનન અને અનુશીલન કરીશું.

૧૦. મહાપ્રસાદમાં અન્ન બુદ્ધિ નહીં રાખીએ.

૧૧. અમે મરણ સુધી પોતાના પ્રભુ અને આચાર્યશ્રી પર દૃઢ વિશ્વાસ રાખીને, શુદ્ધ ભક્તિને ફેલાવવાના ઉપાય કરીશું.

૧૨. વૈષ્ણવમાર્ગથી જે વિરુદ્ધ નહીં હોય એવાં જ કર્મ કરીશું. આ માર્ગથી વિરુદ્ધ શ્રોત, સ્માર્ત અથવા લૌકિક કોઈ કર્મ નહીં કરીએ.

૧૩. યથાશક્તિ સત્ય, પવિત્રતા, દયા વગેરેનું હમેશાં પાલન કરીશું.

૧૪. જે કોઈ વાતનું રહસ્ય પ્રગટ કરવા જેવું નહીં હોય તે અન-અધિકારી પાસે કહીશું નહીં અને એવા કોઈ વિવાદમાં નહીં પડીએ, જેનાથી આસ્તિકતાને હાનિ થાય.

૧૫. અમે ગળામાં તુલસીની માળા અને પીત વસ્ત્ર ધારણ કરીશું.

૧૬. જો ઉપર લખેલા નિયમોનો અમે ભંગ કરીએ તો જે અપરાધ થશે તે અમે તદીય સમાજની સામે કહીશું (સ્વીકારીશું), તેની ક્ષમા માગીશું અને થયેલી ભૂલ પર ઘૃણા કરીશું.

આ પ્રતિજ્ઞાપત્ર પર ભારતેન્દુ શ્રીહરિશ્ચંદ્રજીના હસ્તાક્ષર છે. તેમના સમકાલીન પંડિત બેચન તિવારી, પંડિત બ્રહ્મદત્ત, ચિંતામણિ, દામોદર શર્મા શુકદેવ, નારાયણરાવ, માણિક્યલાલ જોષીના સાક્ષી તરીકે હસ્તાક્ષર છે. શ્રીહરિશ્ચંદ્રજી પોતાના આ કઠોર વ્રતમાંથી ક્યારે ય ડગ્યા ન હતા. આ પ્રતિજ્ઞાપત્રની નીચે પ્રભુને વિનંતી કરતું એક વાક્ય પણ તેમણે લખેલું છે - ‘મેં આ લખ્યું છે, છતાં, તેની લાજ તમારે હાથ છે.’

આ તદીય સમાજના સભ્ય બનવા માટે વૈષ્ણવ હોવું અને આસ્તિક હોવું તો જરૂરી હતું જ; પરંતુ સાથે સાથે તદીય સમાજના એક સભ્યની ભલામણ પર જરૂરી હતી. દર બુધવારે તદીય સમાજીની બેઠક ભારતેન્દુ ભવનમાં થતી અને તેમાં પ્રભુના ગુણાનુવાદ અને ગ્રંથોનો સત્સંગ થતો.

ઈ.સ. ૧૮૭૭માં દિલ્હી દરબાર ભરાયો હતો ત્યારે ગૌરક્ષા આંદોલનની કલ્પના પણ કોઈના મનમાં ન હતી. એ સમયે તદીય સમાજ દ્વારા શ્રીહરિશ્ચંદ્રજીએ ૯૦,૦૦૦ વ્યક્તિઓના હસ્તાક્ષરવાળો એક પ્રાર્થનાપત્ર પ્રિન્સ ઑફ વેલ્સને મોકલ્યો હતો, જેમાં ગોવંશ રક્ષા માટેનો તત્કાલ આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં તેમણે ‘ગૌ મહિમા’ નામનો ગ્રંથ પણ રચ્યો હતો. તદીય સમાજ દ્વારા ‘ભગવદ્-ભક્તિતોષણી’ નામની પત્રિકા પણ પ્રકાશિત થતી હતી.

આજે પણ શ્રીહરિશ્ચંદ્રજીનો આ પ્રતિજ્ઞાપત્ર તેમના વંશવારસો પાસે કાશીમાં સુરક્ષિત છે.

આજના સમયમાં પણ આપણે શ્રીહરિશ્ચંદ્રજી પાસેથી પ્રેરણા લઈને આવી પ્રતિજ્ઞા કરવી જોઈએ એમ નથી લાગતું? શ્રીભારતેન્દુ હરિશ્ચંદ્રજીને વૈષ્ણવ સમાજ કદી પણ ભૂલી શકશે નહીં.

■

૩૧

આવવા દો આફતોને

માણેકબા

લેખક : રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા)

મધ્ય ગુજરાતના એક જાણીતા શહેરમાં માણેકબા નામનાં એક વૈષ્ણવ માજી રહે છે. તેમના પુષ્ટિ જીવનની શરૂઆત આજથી પાંત્રીસ વર્ષ પહેલાં થયેલી. સગામાં કે જ્ઞાતિમાં કોઈ વૈષ્ણવ નહીં; આથી તેમને પુષ્ટિમાર્ગનું કોઈ પોષણ નહીં. તેમનું લૌકિક જીવન કરુણતાઓથી ભર્યુભાદર્યું.

પતિની નાની-શી દુકાન. અતિશય જૂજ આવકમાં ત્રણ દીકરી અને એક દીકરાને ઉછેરવાનાં. ત્રણમાંથી બે દીકરીઓ જન્મજાત મૂંગી. પતિ-પત્નીની ચિંતાનો પાર નહીં. દરમ્યાન એક ભગવદીયનો ભેટો થઈ ગયો! માણેકબાએ તેમના સંગથી બ્રહ્મસંબંધ લીધું. તેમના પગલે આખા કુટુંબે પણ બ્રહ્મસંબંધ લીધું. ભગવદીયનો સતત સંગ મળ્યો, તેથી તેમનામાં દઢતા અને આત્મવિશ્વાસ આવ્યાં. માણેકબાએ લૌકિક ચિંતાઓ ખંખેરી નાખી. મનને ભગવદ્ સ્મરણ અને સત્સંગમાં પરોવ્યું.

જેનું અલૌકિક સુધારવું છે, તેના લૌકિકને ઠાકોરજી વધુ કઠિન બનાવે છે. ઘરની ફિકરમાં એક રાતે માણેકબાના પતિએ તેમનું જીવન ટૂંકાવી દીધું. પાંચ માણસના કુટુંબની જવાબદારી નિર્ધન માણેકબાના માથે આવી. તેમણે શ્રીવલ્લભનો દઢ આશરો ન છોડ્યો. બે દીકરીઓને પરણાવી. ત્યાં નાનો દીકરો અસાધ્ય બિમારીમાં સપડાયો અને હરિશરણ થયો. છતાં માણેકબા જેમનું નામ. જ્યારે જુઓ ત્યારે મુખમાં વલ્લભનામ! વલ્લભનો જ દઢ આશરો. ભક્તિની મસ્તીમાં હસતા મોંએ જીવનની કરુણતાઓ જીરવ્યા કરે. ક્યારેય ફરિયાદનો એક શબ્દ નહીં, દુ:ખનું છાનુંય ડૂસકું નહીં! નિસાસાનો શ્વાસ પણ નહીં! મહામહેનતે ત્રીજા નંબરની દીકરીને પણ પરણાવી. તેમને થોડી હાશ ખાવાનો સમય આવ્યો, ત્યાં નાની દીકરી ત્યક્તા બની માવતરમાં પાછી આવી. બાકીની બે દીકરીઓના પતિ બે વર્ષના ગાળામાં જ રોગના ભોગ બની દુનિયા છોડી ગયા. વિધવા દીકરીઓએ પણ પિયરમાં પાછો પગ મૂક્યો! નજર સામે ત્રણ ત્રણ દુ:ખી દીકરીઓ! પણ માણેકબાના વિશ્વાસમાં ઊની આંચ નહીં.

કરુણતા પણ હવે માણેકબાથી હારીને બેસી ગઈ છે. માણેકબા પાસે આવવાનો તે પસ્તાવો કરે છે. ત્યારે સિત્તેર વર્ષનાં માણેકબાના મુખ પર આજેય એ જ હાસ્ય છે. તેમનાં શિથિલ અંગોમાં ભક્તિની અલૌકિક શક્તિ છે. તેમની આંખોમાં વલ્લભ-નિષ્ઠાની ચમક છે. તેમનું રોમ રોમ રટે છે :

આવવા દો આફતોને,
અમને ના એમની તમા છે;
વલ્લભ અમારે શિર ગાજે છે,
અમારી એ મતા છે.

લાખ લાખ વંદન, એ માણેક જેવાં માણેકબાને!

◆

હે શ્રીવલ્લભ, તમે સદા મારા મનમાં બિરાજો. હું બીજા કોઈ ધર્મકર્મમાં સમજતો નથી. જેવો છું, તેવો તમારો છું.

દાન, વ્રત વગેરે કરવાથી કંઈ વળતું નથી. તેનાથી પુષ્ટિભકિત મળતી નથી. તમારા કૃપાકટાક્ષની વૃષ્ટિથી જ શ્રીહરિમાં આસકિત થાય છે.

મેં મારા મનમાં નિશ્ચય કરી લીધો છે કે આ જગતમાં તમારા સિવાય બીજું કોઈ તત્ત્વ નથી. તમે શ્રીહરિના મુખારવિંદ અગ્નિ સ્વરૂપ, આનંદનિધિ છો એમ વેદે તમારાં વખાણ કર્યાં છે.

ભટકી ભટકીને હું હાર્યો છું. હાય હાય કરતો રહ્યો છું. તમે મારો હાથ પકડો. ખરાબ કે સારો જેવો છું, તેવો તમારો છું. તમારા ચરણારવિંદની છત્રછાયામાં મને રાખો.

૩૨

મને શ્રીનાથજીબાવાનાં દર્શન કરાવો.

પ્રેમબાઈ

લેખક : શશાંક

'આ દેરી શાની છે?'

કચ્છ જિલ્લામાં આવેલ ભૂજ શહેરમાં સરપટના નાકે આવતાં ત્યાં ઊભેલી એક દેરી જોઈને એક યાત્રાળુ રાહદારીને પૂછે છે.

'અરે, એ તો અમારાં પ્રેમબાઈમાની દેરી છે!'

'પ્રેમબાઈમા કોણ?'

'પ્રેમબાઈમાનું નામ નથી જાણતા? એમનું નામ તો મલક આખામાં છતું છે. પ્રેમબાઈમા તો અમારા કચ્છનાં મીરાંબાઈ છે, મીરાંબાઈ!'

'એમ? માંડીને વાત કરશો? આવોને, આ બંધ દુકાનના ઓટલે બે ઘડી બેસીએ.'

'હા, હા. મૂળ તો એ સિંધ હૈદરાબાદનાં વતની. પણ એ ધરતીમાં એમનું મન ના ઠર્યું, એટલે જિંદગીનાં છેલ્લાં વર્ષો અહીં જ રહી ગયાં. એમનું દૂધ તો સીદીનું-હબસીનું; પણ નાનપણથી જ એમને શ્રીજીબાવાની રઢ લાગેલી.'

'શી વાત કરો છો? સીદી ને શ્રીનાથજી બાવાની રઢ! કંઈક સમજાય એવું કહો ને?'

રાહદારી થોડી વાર આંખો મીંચીને ભૂતકાળમાં ખોવાઈ ગયા. એમની નજર સામે જાણે પ્રેમબાઈના જીવનનાં દશ્યો એક પછી એક પસાર થઈ રહ્યાં હતાં! થોડી વાર પછી તેમણે આંખો ઉઘાડી અને વાતનો અધૂરો દોર આગળ સાંધ્યો.

'સિંધ હૈદરાબાદમાં એક વૈષ્ણવ દંપતી રહે. ઘરમાં શ્રીનાથજીબાવાની સેવા. શ્રીનાથજીબાવાની કૃપાથી આ દંપતીને કોઈ વાતનું દુઃખ ન મળે. તેમનાં વેપારવણજ પણ સારાં ચાલે.

શેઠની હવેલીની પાછળ એક નાનકડું ફળીવાળું ઘર. એમાં એક સીદી પતિ પત્ની રહે. સાથે પતિની એક નાની ઓરમાન બહેન પણ રહે. એ છોકરીનું નામ હતું હલીમા. યુવાન પતિપત્ની ઓરમાન બહેન ઉપર રોજ

જુલ્મોની ઝડી વરસાવે. જોનારની આંખમાંથીયે લોહીનાં આંસુ પડે એવો હલીમા ઉપર ત્રાસ ગુજારે. દયાળુ આડોશીપાડોશી સમજાવવા જાય તો ‘અમારા ઘરમાં ડખલ કરવી નહીં’ એમ કહી એમની સાથે કજિયો કરે. એમને કાઢી મૂકે.

એક દિવસ હલીમાની ભાભીના મનમાં કાળરાક્ષસ આવીને વસ્યો. તેણે ક્રોધમાંને ક્રોધમાં નાનકડી હલીમાના બે પગ ઝાલી ધોબી જેમ પથ્થર ઉપર કપડું પછાડે તેમ આંગણામાં પડેલા પથ્થર ઉપર હલીમાને પછાડી. હલીમાનું માથું ફૂટી ગયું. તે લોહીના આબોચિયામાં થોડીવાર તરફડી અને પછી શાન્ત થઈ ગઈ. તેના વહેતા લોહી પર માખીઓ બણબણવા લાગી.

બરાબર એ જ વખતે પડોશમાં રહેતા વૈષ્ણવ શેઠનાં પત્ની અગાશીમાં કપડાં સૂકવવા ચઢેલાં. એમણે હલીમાને જોઈ. દોડતાં નીચે આવીને શેઠને વાત કરી. બંને પેલાં સીદી પતિપત્નીની ડેલીએ પહોચ્યાં. સીદીની પત્નીનો ક્રોધ હજી શમ્યો ન હતો. એણે તો કહી દીધું : ‘તમને આ છોકરીની બહુ દયા આવતી હોય તો લઈ જાઓ તમારા ઘેર, એ સામે પડી.’

વિચારવાનો વખત નહોતો. છોકરીના શરીરમાં જીવવાનો એકેય ધબકારો અનુભવાતો ન હતો. શેઠશેઠાણીએ તરત જ હલીમાને ઉપડાવી પોતાના ઘેર પહોંચતી કરી. તેને પલંગમાં સુવડાવી. શેઠે કહ્યું : ‘ભાગ્યવાન, છોકરીને લાવ્યાં તો ખરાં, પણ બચે એમ નથી લાગતું!’

શેઠાણી તેમના ઠાકોરજીના મંદિરમાં દોડ્યાં. ઠાકોરજીનું ઝારીનું પ્રસાદી જળ લઈ આવ્યાં. ચમચી વતી તે જળ હલીમાના મોંઢામાં મૂક્યું અને તેના આખા શરીરે છાંટ્યું. ડૉક્ટરને બોલાવી પાટાપીંડી કર્યાં. છોકરી હજી બેભાન જ પડી હતી. શેઠ અને શેઠાણી શ્રીનાથજીબાવાનું સ્મરણ કરતાં કરતાં ત્યાં જ સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે ઊઠીને શેઠાણીએ જોયું તો છોકરીના માથા પરનો પાટો ખસી ગયો હતો અને બધા ઘા રુઝાઈ ગયા હતા. બંનેને ઘણું આશ્ચર્ય થયું. આને શ્રીનાથજીબાવાની કૃપા માની.

થોડા દિવસમાં તો હલીમા હરતી-ફરતી થઈ ગઈ. શેઠ-શેઠાણીને પણ તેના પર કુદરતી વહાલ આવ્યું. તે ત્યાં જ ઊછરવા લાગી. શેઠ-શેઠાણીના સંગથી હલીમાને શ્રીનાથજીબાવામાં સ્નેહ જાગ્યો. તેની કાલીઘેલી ભાષામાં

છોકરાંને ભેગાં કરી, તે શ્રીનાથજીની ધૂન બોલાવે. નાના નાના હાથથી તાલીઓ પાડે. રમતો પણ ભગવાનની જ રમે. શેઠાણી શેઠને કહેતાં : ‘હું જરૂર આ છોકરીની પૂર્વજન્મમાં માતા હોઈશ. તેથી જ ભગવાને એને આપણે આશરે મોકલી છે!’

હલીમા પાંચ વર્ષની થઈ તેને નિશાળે બેસાડી. પણ તે રોજ એક જ રઢ લેતી : ‘મારે ભણવું નથી, મારે તો શ્રીજીબાવાનાં ભજન શીખવાં છે!’ તે ભણી નહીં. એને વાંચતાં પણ આવડ્યું નહીં. પરંતુ આશ્ચર્યની વાત હતી કે તે છાપેલાં અને લખેલાં ભજન કડકડાટ વાંચી જતી અને મીઠા અવાજે ગાતી.

એક દિવસ પરોઢિયે હલીમા જાગી ગઈ. જાગીને ડુસ્કે ડુસ્કે રડવા લાગી. શેઠાણીએ પૂછયું : ‘દીકરી, શું થયું? કેમ રડે છે?’

‘બા, મને સપનામાં શ્રીજીબાવાએ દર્શન આપ્યાં. હાથ ઊંચો કરી મને કહ્યું: ‘હલીમા મારી પાસે આવ, મારા મંદિરમાં આવ, મારાં દર્શન કરવા આવ.’ બા, મારે શ્રીજીબાવાનાં દર્શન કરવાં છે.’

શેઠાણીએ શેઠને વાત કહી. બંને જણ વિચાર કરવા લાગ્યાં : ‘હલીમાની આડીથી આપણને પણ શ્રીનાથજીબાવાનાં દર્શન થશે. નાથદ્વારા તો જઈએ, પરંતુ આ છોકરી તો સીદી છે, મુસલમાન છે! એને મંદિરમાં કેમ લઈ જવાશે?’ ખૂબ વિચાર કરતાં શેઠે રસ્તો શોધ્યો : આપણે નાથદ્વારા જઈએ તો ખરાં જ. ત્યાં હલીમાને સમજાવી, બહારથી શ્રીનાથજીના ચિત્રજીનાં દર્શન કરાવી લઈશું.’

શ્રીનાથજી જવાનું નક્કી થયું તે જાણી હલીમાના આનંદનો પાર ન રહ્યો. તે આખો દિવસ નાચે, કૂદે, તાલીઓ પાડે, ગાય અને શ્રીનાથજીના નામનું રટણ કર્યા કરે.

હલીમાને લઈને શેઠ-શેઠાણી નાથદ્વારા આવ્યાં. શ્રીનાથજીના મંદિરના ગોવર્ધન ચોકમાં તેને બેસાડી શેઠે કહ્યું : ‘હલીમા, તું અહીં બેસ. આપણા સામાનનું ધ્યાન રાખજે. પહેલાં અમે દર્શન કરી આવીએ; પછી તને કરાવીશું.’ આમ કહી, શેઠ-શેઠાણી સૂરજપોળ તરફ જવા પીઠ વાળી ચાલ્યાં. એટલામાં તો હલીમાએ તેમની પણ આગળ દોટ મૂકી. શેઠે મહામુશ્કેલીએ તેને પકડી. હલીમા પોક મૂકીને રડવા લાગી. માણસો ભેગાં થઈ ગયાં. વાત તિલકાયત મહારાજશ્રી સુધી પહોંચી. તેઓ પણ ગોવર્ધન ચોકમાં પધાર્યા. શેઠ-શેઠાણીએ બધો ખુલાસો કર્યો.

મહારાજશ્રીએ હલીમાની આંખોમાં શ્રીનાથજી પ્રત્યેનો પ્રેમ જોયો. ભાવવિભોર બની આપે આજ્ઞા કરી : 'બેટા, રડીશ નહીં. શ્રીજીબાવા તને જરૂર દર્શન આપશે પણ હું કહું તેમ તારે કરવું પડશે. આજે તને દર્શન નહીં થાય. આજે તારે ઉપવાસ કરવાનો. કાલે હું તને દર્શન કરાવીશ.'

'મને શ્રીજીબાવાનાં દર્શન થતાં હોય તો આખી જિંદગી અન્નજળ હરામ કરી દઉં.'

'ધન્ય છે તારી લગનીને. તને જરૂર શ્રીજીબાવાનાં દર્શન થશે.'

બીજા દિવસે મહારાજશ્રીએ હલીમાને ગોવર્ધન ચોકમાં કંઠી આપી, અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપી. તે દિવસે ગ્રહણ હતું. આપશ્રીએ તેને મંદિરમાં લઈ જવાની આજ્ઞા આપી. હલીમા શેઠ-શેઠાણી સાથે જ જગમોહનમાં ગઈ. ત્યાંથી તેને શ્રીનાથજીનાં દર્શન થતાં તે ભાન ભૂલી શ્રીનાથજીનાં ચરણોમાં આળોટવા લાગી. મહારાજશ્રીએ તેને પૂછ્યું : 'બોલ દીકરી, હવે બીજું કંઈ જોઈએ છે?'

'હા મહારાજ! જો આપવું જ હોય તો મને ગાયો ચરાવતા ભગવાનની સેવા આપો.' મહારાજશ્રીએ તેને શ્રીમદનમોહનલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું અને આજ્ઞા કરી : 'દીકરી, તું સાક્ષાત્ પ્રભુપ્રેમની મૂર્તિ છે. પ્રભુએ તારા પ્રેમને સ્વીકાર્યો છે, માટે આજથી તારું નામ હું પ્રેમબાઈ પાડું છું.'

સમય સરતો રહ્યો. પ્રેમબાઈની ઉંમર ચૌદ-પંદર વર્ષની થઈ. શેઠ-શેઠાણી એના લગ્નની ચિંતા કરવા લાગ્યાં. પ્રેમબાઈને એની જાણ થતાં તેમણે કહ્યું : 'બા, બાપુજી, મારી ચિંતા તમે ન કરશો. હું તો મદન મોહનલાલને પરણી ચૂકી છું. એક ભવમાં મારાથી બે ભવ નહીં થાય.' પ્રેમબાઈ રાતદિવસ શ્રીઠાકોરજીની સેવા અને કીર્તનમાં તલ્લીન રહેવા લાગ્યાં.

શેઠાણીનું પિયર ભૂજ શહેરમાં હતું. એક દિવસ તેમના સગા-સંબંધીના ત્યાં લગ્ન પ્રસંગે તેમને ભૂજ જવાનું થયું. પ્રેમબાઈ પણ સાથે ગયાં. લગ્ન પ્રસંગ પતી ગયો. પાછા જવાની તૈયારી થઈ. ત્યારે પ્રેમબાઈ કહે : 'બા, બાપુજી, કોણ જાણે કેમ મારું મન આ ધરતી પર ઠર્યું છે. મારા મદન મોહનલાલજીને અહીં જ બિરાજવાનું મન છે. એટલે હવે હું અહીં જ રહીશ.'

'પણ દીકરી, તું તો એકલી છે!'

'બાપુજી, આમ કેમ કહો છો? હું ક્યાં એકલી છું? મારી સાથે મારા સ્વામી મદન મોહનલાલ બિરાજે છે! તમે એમ માનજો કે દીકરીને સાસરે વળાવી છે.'

શેઠ-શેઠાણીએ ઘણો આગ્રહ કર્યો, પણ પ્રેમબાઈ એકનાં બે ન થયાં. શેઠે કહ્યું : 'બેટા, તને રહેવા માટે અહીં ઘર બનાવી આપું. તેમાં તારા ઠાકોરજીનું મંદિર કરી આપું.'

'બાપુજી, મારે મકાન અને મંદિરને શું કરવાં છે? ધન-દોલતની ઉપાધિ શીદને વેઢારવી? હું તો ભાડાની ઓરડીમાં રહીશ. મારા લાલા તો ગોકુલના ગોપાળ છે.'

પ્રેમબાઈએ શેઠ પાસેથી એક પાઈ પણ લીધી નહીં. આ જ સરપટના નાકે એક ઓરડી ભાડે રાખી. ત્યાં તેઓ તેમના ઠાકોરજીની સેવા કરવાં લાગ્યાં. થોડા દિવસમાં આજુબાજુમાં રહેતી બાઈઓ તેમની ઓરડીએ સત્સંગમાં આવતી થઈ. પ્રેમબાઈ રાતે ગામનાં દળણાં દળતાં. તેમાંથી જે મળે તેની કાચી સામગ્રી લાવી, સિદ્ધ કરી, પ્રભુને ભોગ ધરતાં. આંગણે આવેલા અતિથિને જમાડતાં, ગાયોને ખવડાવતાં અને પછી વધેલો પ્રસાદ પોતે લેતાં. ક્યારેક ક્યારેક તો તેમને બે-ત્રણ દિવસના નકોરડા ઉપવાસ થતા.

પ્રેમબાઈની ભક્તિની સુવાસ રાજમહેલ સુધી પહોંચી. મહારાણીએ પ્રેમબાઈને રાજમહેલમાં બોલાવ્યાં. તેમણે પ્રેમબાઈને દરબારગઢમાં મંદિર બનાવી આપવાનું કહ્યું. તેમણે પ્રેમબાઈને જોઈએ તે માગવાનું કહ્યું. પ્રેમબાઈએ હાથ જોડીને કહ્યું : 'જેના માથે ત્રિભુવનનો નાથ બિરાજતો હોય તેને શાની ખોટ રહે? માગું છું તમારો પ્રેમ. બીજું મારે કંઈ ન ખપે.'

પ્રેમબાઈના સત્સંગમાં સ્ત્રી-પુરુષ સૌ આવવા લાગ્યાં. પ્રેમબાઈની પ્રભુદર્શનની ઘેલછા દિવસે દિવસે વધતી ચાલી. અને એક ધન્ય રાત્રે શ્રીબાલકૃષ્ણ સ્વરૂપે સાક્ષાત્ પ્રભુ તેમના ખોળામાં ખેલી રહ્યા. પ્રેમબાઈ ધન્ય બની ગયાં. હવે પ્રેમબાઈને રોજ પ્રભુ સાક્ષાત્ દર્શન આપવા લાગ્યા, માગી માગીને આરોગવા લાગ્યા, પ્રેમબાઈ પાસે લાડ કરવા લાગ્યા. પ્રભુ બાળહઠ કરી, પ્રેમબાઈ પાસે ચીજવસ્તુ માગે. સવાર પડે ત્યાં કોઈ ને કોઈ મનુષ્ય તે વસ્તુ લઈને પ્રેમબાઈની ઓરડીએ આવી પહોંચે. આમ કરતાં કરતાં પ્રેમબાઈ વૃદ્ધ થયાં.

એક દિવસ શ્રીમદનમોહનલાલે આજ્ઞા કરી : 'પ્રેમ, ચાલ હવે મારી નિજલીલામાં. હું પોતે તને લેવા આવીશ. તું તૈયાર રહેજે.' પ્રેમબાઈએ પોતાના ભાવિકોને પોતાની વિદાયનો દિવસ અને સમય કહ્યો. ગોલોકવાસ પછીની વ્યવસ્થા પણ સૌને સમજાવી દીધી અને કહ્યું : 'આ ઓરડી પાસે જ મારી નાનકડી સમાધિ ચણજો.' ગામના કેટલાક લોકોએ તેનો વિરોધ કર્યો. વાત કચ્છના રાજા સુધી પહોંચી. પ્રેમબાઈની ભક્તિથી પ્રભાવિત થયેલા રાજાએ ઠાવકાઈથી લોકોને કહ્યું : 'કશો વાંધો નહીં, પ્રેમબાઈની સમાધિ મારા મહેલના ચોકમાં થશે.' લોકો શરમાઈ ગયા.

પ્રેમબાઈએ કહ્યું હતું : 'મને સમાધિ આપો તે પછી ચોથે દિવસે જયશ્રીકૃષ્ણ કહેજો. સમાધિમાંથી હોંકારો મળે તો વાત સાચી માનજો.' એજ પ્રમાણે બન્યું. ચોથે દિવસે ભક્તજનોનો મેળો પ્રેમબાઈની સમાધિ પાસે લાગ્યો. સૌએ હાથ જોડીને કહ્યું : 'પ્રેમબાઈમા, જયશ્રીકૃષ્ણ!' સમાધિમાંથી પ્રેમબાઈનો હોંકારો સંભળાયો : 'જયશ્રીકૃષ્ણ, જયશ્રીકૃષ્ણ, જયશ્રીકૃષ્ણ.'

આ દેરીમાં પોઢેલાં એ જ અમારાં પ્રેમબાઈમા!

રાહદારીએ વાત પૂરી કરતાં કહ્યું : 'પ્રેમબાઈમા મરે નહીં મારા બાપ, એ તો હાજરાહજૂર છે.'

'કેટલાં વર્ષ થયાં પ્રેમબાઈને?'

'બહુ ઝાઝાં વર્ષ નથી થયાં, હોં. દોઢસો-પોણા બસો વર્ષ પહેલાંની જ આ વાત છે.'

'પ્રેમબાઈના ઠાકોરજી ક્યાં બિરાજે છે?'

'ચાલો, લઈ જાઉં તેમનાં દર્શન કરવા. પંચહાટડીમાં હવેલી છે, ત્યાં તેમના ઠાકોરજી મદનમોહનલાલ બિરાજે છે.' બંનેએ હવેલી તરફ પગ ઉપાડ્યા.

■

33

સદા આનંદમાં રહીએ રે

કીર્તનીયા પીતાંબરદાસ માવજી

ભગવાનદાસ પીતાંબરદાસ , મનસુખલાલ હીરજી (કાલાવડ)

શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ કહે રે મન મેરે ।
કોટિ જન્મ કષ્ટ પાપ છીનમેં જાય તેરે ॥૧॥
જગત બાવરોં કે સંગ બાવરોં ક્યો હોય રે ।
કહત હૈ ગોવિંદ સદા આનંદમેં રહીએ ॥૨॥

ગોવિંદસ્વામીનું આ પદ જીવનમાં ઉતારીને અષ્ટાક્ષરમંત્ર, શ્રીયમુનાષ્ટક, શ્રીયમુનાજીનાં ૪૧ પદ, વલ્લભાખ્યાન, અષ્ટસખાનાં કીર્તનો વગેરેનું નિરંતર અષ્ટપ્રહર રટણ કરનારા પ.ભ. શ્રી પીતાંબર અદાના નામથી કાલાવડના અને સૌરાષ્ટ્રના વૈષ્ણવો ભાગ્યે જ અજાણ હશે.

કુંભનદાસની જેમ મોટું કુટુંબ અને આર્થિક સ્થિતિ સાધારણ; પણ કોઈ ચિંતા વગર જીવનમાં પ્રભુનામ લીધું અને લેવડાવ્યું. કાલાવડની શ્રીબાલકૃષ્ણ-લાલજી હવેલી ટ્રસ્ટના આજીવન પ્રમુખ રહ્યા. વૈષ્ણવી ધોતી-બંડી અને વ્રજવાસી ટોપાના પહેરવેશમાં હવેલીમાં આઠે સમાના દર્શનમાં કીર્તનસેવા અચૂક કરે. ખૂબ ભાવથી કીર્તન ગાઈ પ્રભુને રીઝવે. દરેક ઉત્સવ અને મનોરથના દિવસે પણ કીર્તનની રમઝટ બોલાવે. કીર્તન સેવા અને કીર્તન શૈલી નાનપણથી જ હસ્તગત કરેલી. ગામ-પરગામ ક્યાંય પણ કીર્તન સમાજ-મનોરથ સાંભળે તો અચૂક પહોંચી જ જાય!

ઘરની અને અન્ય લૌકિક વ્યવહારની સર્વ ઉપાધિઓ પત્ની અને અન્ય કુટુંબીજનોને સોંપી દીધેલી. તેમનાં પત્ની શાંતાબહેન વ્યવહારકુશળ તેમજ સેવામાં ઘણા સહાયક હતાં.

વ્રજયાત્રા, લીલીપરિક્રમા માટે વારંવાર જાય. વ્રજમાં અને નાથદ્વારા તેઓ કેટલીવાર ગયા હતા તે તો તેમને પોતાને પણ યાદ ન હતું. વરસમાં બેચાર વખત તો ખરું જ. જે દીકરો યાત્રાએ જાય તે તેમને તો લઈ જ જાય. વ્રજમાં જતિપુરા, મથુરા, ગોકુલ તેમજ નાથદ્વારા બધે જ એમની કીર્તનની

સુવાસ ફેલાયેલી. નાથદ્વારા તો એમનું અલૌકિક વતન બની ગયેલું. ત્યાં શ્રીમથુરાદાસ બાવા એમનાં આત્મીય બની ગયેલાં. બંને જણ સત્સંગ કરતા ત્યારે સમયનું વિસ્મરણ થઈ જતું.

એકવાર તેમના પુત્રપરિવાર સાથે નાથદ્વારા જઈ રહ્યા હતા. બસમાં તેમની તબીયત અચાનક બગડી ગઈ. પેરાલીસીસનો હુમલો આવી ગયો. તેમને અને પરિવારજનોને શ્રીજીબાવા ઉપર દઢ વિશ્વાસ. શ્રીજીબાવા સૌ સારું કરશે એવી ભાવના રાખી નાથદ્વારા પહોંચ્યા. મથુરાદાસજીને ખબર મળતાં ધર્મશાળા ઉપર આવ્યા. બંને ભગવદીયોએ બધું દુઃખ ભૂલીને સત્સંગ કર્યો. જતાં જતાં મથુરાદાસજી કહે : ‘પીતાંબર, તું જરાયે ચિંતા કરીશ નહિ. તારો બધો રોગ ત્રણ દિવસમાં જતો રહેશે અને તું દોડતો શ્રીજીબાવાના ચરણોમાં જશે.’ બન્યું પણ એમજ. ત્રીજા દિવસે પીતાંબર અદા દોડતા પ્રભુના મંદિરમાં શ્રીજીની સન્મુખ પહોંચી ગયા. રોગ ગાયબ થઈ ગયો!’ દઢ ઈન ચરણન કેરો ભરોંસો’ રોજ ગાયું અને દઢ ભરોંસો રાખી પણ બતાવ્યો.

દયારામભાઈએ ગાયું છે ‘તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો.’ એ ઉક્તિને પણ તેમણે ચરિતાર્થ કરી. એમના સંગે ઘણા વૈષ્ણવો પુષ્ટિમાર્ગમાં દઢ આશ્રયી બનેલા.

કુટુંબનો વ્યવસાય સોની કામનો. તેઓ પણ સોની કામ કરે. તેઓ કહેતાઃ ‘મારાથી બહુ સારા ઘાટ બને નહિ. ગામમાં મારાથી બીજા ઘણા હોશિયાર સોની હતા જેઓ દાગીનાના સુંદર ઘાટ બનાવે. પરંતુ મારી પાસે ઘરેણાં બનાવનાર મારા ઘાટનાં ખૂબ વખાણ કરે. મને ત્યારે આશ્ચર્ય થાય, પણ મનમાં થાય કે શ્રીજીબાવાની કેવી કૃપા છે!

જીવનના ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરે તેમને ખૂબજ આર્થિક સંકડામણ અનુભવવી પડેલી; પરંતુ સાચું સોનું કસોટીમાંથી પાર ઉતરે જ એ ન્યાયે, આર્થિક વિપત્તિને ગણકાર્યા વિના પ્રભુના સાચા સેવક અને કીર્તનીયા બનીને તે મુશ્કેલીમાંથી પણ પાર ઉતર્યા. હાલ તેમનો પાંચ દીકરા અને ૪ દીકરીઓનો વિશાળ પરિવાર ખૂબ સુખી, સંપત્તિવાન અને પુષ્ટિમાર્ગની સેવા પ્રણાલીમાં શ્રદ્ધા રાખી તેને અનુસરનારો છે.

પૂ.ગો. શ્રી વ્રજભૂષણજી મહારાજશ્રી (જામનગર), શ્રીત્રિકમરાયજી મહારાજશ્રી (કોટા) શ્રીવલ્લભરાયજી મહારાજશ્રી (રાજકોટ) વગેરે ગો. વલ્લભકુળનાં બાળકો તેમજ તેમના પૂ. ગુરુદેવ શ્રીગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર)ની તેમના ઉપર ઘણી કૃપા હતી. આપશ્રી કાલાવડના કોઈપણ વૈષ્ણવને જુએ એટલે તરત જ પૂછે : ‘પીતાંબર અદા કેમ છે?’ આવી કૃપા સૌ રાખતા.

કાલાવાડની હવેલીમાં ત્યારે આવક ખૂબ ઓછી. એકવાર બાજુના ગામ વાવડીમાં પૂ.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી પધાર્યા છે તેવી ખબર મળતાં ગામના પાંચસાત વૈષ્ણવોને લઈ પહોંચી ગયા. આપશ્રીને વિનંતી કરીઃ ‘કૃપાનાથ, એક વિનંતી છે. હવેલીમાં આવક કંઈ નથી. આપ આજ્ઞા આપો તો ભાગવત સપ્તાહ કરીએ અને જે આવક થાય તે હવેલીમાં વાપરીએ.’

આપશ્રીએ કહ્યું : ‘ભાગવતની આવક ઠાકોરજીમાં ન વપરાય.’ વૈષ્ણવો પાસેથી રકમ લઈ બેંકમાં મૂકી તેના વ્યાજમાંથી દર વર્ષે મનોરથો કરવા તેવું નક્કી થયું. આ રીતે ઘણી સેવા એકત્ર કરી તેમણે હવેલીમાં સારી એવી આવક થાય તેવા પ્રયત્નો કર્યા. આજે ય કાલાવાડના વૈષ્ણવો તે માટે તેમને યાદ કરે છે.

ગામમાં કોઈ વ્રજવાસી આવે, સંપ્રદાયના કાર્ય માટે કોઈ ફાળો કરવાનો હોય કે સેવાનું કોઈ પણ કાર્ય હોય તો પ્રેમથી સામે ચાલીને કરે. તેઓનાં પગલાં થાય ત્યારે ગામનો કોઈ વૈષ્ણવ મોઢું ન બગાડે. કોઈ વૈષ્ણવને કોઈ વસ્તુની જરૂર છે એમ લાગે તો સામે ચાલીને જઈને આપી આવે. ગામના વૈષ્ણવો પણ તેમના કાર્યમાં તન-મન-ધનથી સહકાર આપે.

સંવત ૨૦૩૩માં જેઠ સુદ ત્રીજની આસપાસ રાજકોટ એમની નાની દીકરીને ઘેર માલા પહેરામણીના અલૌકિક ઉત્સવમાં ગયેલા. મનોરથમાં

રાત્રે ખૂબ આનંદથી કીર્તન કર્યાં. બધાં વૈષ્ણવોને મળ્યા. બીજા દિવસે તબીયત બગડી. સમગ્ર કુટુંબ એકત્ર થઈ ગયું. વિશાળ કુટુંબની હાજરીમાં સતત યમુનાષ્ટકના પાઠ કરતા કરતા અગિયારસના દિવસે હરિશરણ થયા. તેઓ તો ભગવદ્ ચરણારવિંદમાં પહોંચ્યા પરંતુ કાલાવડના વૈષ્ણવ પરિવારોમાં તેમની મોટી ખોટ પડી ગઈ.

■

સંગઠન

મોતી સુંદર હોય છે પણ મોતીની માળા તેથી વધુ સુંદર હોય છે. મોતી દોરામાં સારી રીતે પરોવાય તો તે પોતાની અને પહેરનારની - બંનેની શોભા વધારે છે. સોનામાં જડાયેલાં મોતીનાં આભૂષણ કે હાર એથી પણ વધુ સુંદર લાગે છે. આ બધાનું કારણ મોતીનું સંગઠન છે.

વૈષ્ણવતા દિવ્ય છે. તેને વરેલો વૈષ્ણવ સાચા મોતી જેવો છે. આવા વૈષ્ણવોનું સોના જેવા સંપ્રદાયમાં સંગઠન થાય તો વૈષ્ણવની શોભા વધે અને સંપ્રદાયની પણ શોભા વધે.

- રમેશભાઈ પરીખ

૩૪

સંપ્રદાયના એક વિદ્વાન

વાડીલાલ નગીનદાસ શાહ

પુષ્ટિ સંપ્રદાયના અનેક વિદ્વાનોએ સંપ્રદાયના પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનું સંશોધન, મુદ્રણ અને અનુવાદ કરીને સંપ્રદાયની નામસેવામાં પોતાનું મોટું યોગદાન આપ્યું છે. તેમાંના એક હતા શ્રી વાડીભાઈ શાહ.

મુંબઈમાં તેમનો વસવાટ. પ્રો. મગનલાલ શાસ્ત્રીજી મુંબઈ જતા ત્યારે વાડીભાઈને ઘેર મુકામ રાખતા. ત્યાં દરરોજ રાત્રે શ્રીસુબોધિનીજીનું વાચન થતું.

તેઓ સ્વભાવે શાંત અને ગંભીર હતા. શ્રીપ્રભુની નામસેવા અને સ્વરૂપસેવા બંનેમાં સક્રિય હતા. શ્રીમહાપ્રભુજી ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :

સેવામાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।
યાવજ્જજીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ॥

જે જીવની સેવામાં અને કથામાં અથવા બંનેમાં દઢ આસક્તિ હશે તેના ભાવનો કદી નાશ નહિ થાય. શ્રીવાડીભાઈ આ આજ્ઞાને પોતાના જીવનમાં બરોબર ઉતારી તે સમયના ભણેલા વૈષ્ણવો માટે પોતે સ્વયં એક ઉદાહરણ બની રહ્યા હતા.

તેમની પ્રવૃત્તિ વકીલાતની હતી. આ વ્યવસાયમાં પણ તેઓ હંમેશા સત્ય અને પ્રામાણિકતાને વળગી રહેતા. તેમની રહેણી કરણી સાદી અને આડમ્બર વિનાની હતી. આ બધાને કારણે કોર્ટમાં વકીલો અને ન્યાયાધીશો ઉપર તેમનો પ્રભાવ સારો પડતો. તે સમયે બીજા વકીલો કોટ-પેન્ટ વગેરે પહેરી અપ-ટુ-ડેટ થઈ કોર્ટમાં જતા ત્યારે તેઓ પોતાના સાદા પોષાકમાં - પાટણની પાઘડી, ધોતી અને કાળો ઝભ્ભો પહેરી કોર્ટમાં જઈ કેસ ચલાવતા. તેમના કપાળમાં તિલક તો હંમેશ શોભતું જ હોય.

તેઓ મોટા વકીલ અને એક વિદ્વાન હોવા છતાં સુંદર, સાત્વિક વૈષ્ણવી જીવન જીવતા. સવારથી પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની સેવામાં પહોંચતા.

પ્રસાદ લઈ ૧૧-૧૨ વાગે કોર્ટમાં જતા. ત્યાં કેસનું કામ પૂર્ણ કરી ૩-૪ વાગે પરત આવી પાછા શ્રીઠાકોરજીની સેવામાં પહોંચી જતા. રાત્રે પ્રસાદ લઈ, શ્રીસુબોધિનીજીનું વાચન કરી મોડેથી સૂતા.

એમની એક વાત ખાસ ઉલ્લેખનીય છે. વાડીભાઈ જ્યારે કોર્ટમાં જતા ત્યારે પ્રભુની પ્રસાદી પાનની બીડી એક ચાંદીની ડબીમાં પોતાની સાથે લઈ જતા. પોતાને ખાવા માટે નહિ. તેઓ તો પોતે ઘેરથી નીકળ્યા પછી બહાર કંઈ પણ ખાતા પીતા નહિ પરંતુ સાથે લાવેલી પ્રસાદી પાનની બીડીઓ કોર્ટમાં વકીલોને આપતા. તે માટે તેમનો નિયમ એવો કે જે 'જયશ્રીકૃષ્ણ' બોલે તેને જ બીડી મળે. માત્ર વકીલોને જ આપે એવું પણ નહિ. કોર્ટનો પટાવાળો પણ જયશ્રીકૃષ્ણ બોલી એમની પાસેથી પાનની બીડી હોંશથી લઈ જાય.

તે સમયે જ્યારે પણ વિદ્વાન શાસ્ત્રીઓ અને ગ્રેજ્યુએટોનો વાદ-વિવાદ જેવો પ્રસંગ ઊભો થતો ત્યારે વાડીભાઈ હંમેશા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિશુદ્ધ પુષ્ટિ સિદ્ધાંતોને જ વળગી રહેતા. સંપ્રદાયનું સાહિત્ય પ્રકાશિત અનુવાદિત કરનારા વિદ્વાનો સાથે હંમેશા સહકાર સાધી ગ્રંથોનો અનુવાદ કરવાના સ્તુત્ય પ્રયત્નો કરતા. શ્રીવાડીભાઈની આ પ્રવૃત્તિ માટે વૈષ્ણવ સમાજ તેમનો ઉપકૃત છે.

તેમને સંપ્રદાયના વિકાસ માટે મોટી તમન્ના હતી. સંપ્રદાયની તેમની સેવા નક્કર અને વિવિધ પ્રકારની હતી. હરિ-ગુરુ-વૈષ્ણવ પ્રત્યે વિવેકપૂર્ણ ભાવ - શ્રદ્ધા રાખી કાર્ય કરતા. સંપ્રદાયના કેટલાયે પ્રશ્નોને શાંત કરવવા માટે તેમના ચક્રો હંમેશા ગતિમાન રહેતા. 'પુષ્ટિ ભક્તિ સુધા' અને 'વેણુનાદ' જેવા માસિકોમાં સંસ્કૃત ગ્રંથોના તેમને કરેલા અનુવાદો, નોંધો, સ્વતંત્ર લેખો વગેરે પ્રગટ થતા. તેમની ભાવના એવી હતી કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનો ઘેર ઘેર પ્રચાર થાય. અશ્રદ્ધા શ્રદ્ધામાં પરિણમે. દુરાચાર સદાચારમાં ફેરવાઈ જાય. દરેક વૈષ્ણવ અને આચાર્યકુળ પોતપોતાના કર્તવ્યને સમજી તેને વળગી રહે. તેમની ભવ્ય અભિલાષા હતી કે પુષ્ટિમાર્ગની વિજય વૈજયંતી હિમાલયના શિખરથી ઊડતી સારાયે સંસારમાં ફેલાય.

વૃદ્ધાવસ્થાએ પહોંચવા છતાં પણ તેમની સંપ્રદાયના વિકાસ માટેની તમન્ના લેશ પણ ઓછી થઈ નહતી. પુષ્ટિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે સંસારમાં

રહેવા છતાં નિર્લેપ, નિસ્પૃહ, ભગવત્સેવાપરાયણ, ત્યાગી જીવન ગાળી રહ્યા હતા. તેમની સંપ્રદાયની સેવાની સુવર્ણ જયંતી પ્રસંગે તા. ૨૧-૯-૫૨ના રોજ મુંબઈની પુષ્ટિમાર્ગીય સંસ્થાઓએ તેમનું બહુમાન કરેલું. તે માટે એક સુંદર સમારોહ પૂ.ગો. શ્રી દીક્ષિતજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને થયેલો. આ પ્રસંગે અનેક વિદ્વાનો અને પૂ. ગો. આચાર્યચરણોએ તેમને આશીર્વાદ આપી તેમની સેવાઓને બિરદાવેલી. તેમને સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવેલા. સૌએ તેમને ત્યાગમૂર્તિ કહી નવાજેલા.

આવા વિદ્વાનો પોતાની પાછળ એવા કાર્યકુસુમો મૂકી જાય છે કે કદી કરમાતા નથી અને તેની મહેક વર્ષો સુધી સંસારમાં ફેલાતી રહે છે. શ્રીવાડીભાઈના કાર્યોને આજેય વિદ્વાનો યાદ કરે છે.

■

◆ ◆ ◆

શ્રીવલ્લભ સદા બસો મન મેરે ।
ધરમ કરમ કછુ નહીં સમઝત, જૈસે તૈસે તેરે ॥૧॥
દાનવ્રતાદિક તેં કછુ નહીં હોત, પુષ્ટિ કી ભકિત ।
તિહારી કૃપા કટાક્ષ વૃષ્ટિ તેં હોત, હરિ આસકિત ॥૨॥
તુમ બિન તત્ત્વ કછુ નહીં જગમેં, યહ નિશ્ચે મન કીનો ।
શ્રી હરિ વદન અનલ આનંદ નિધિ, વેદ વખાને કીનો ॥૩॥
ભટક ભટક હૌં હાર્યો હા હા કરૌં, પકરો મેરી બાંહિ ।
બૂરો ભલો 'હરિદાસ' તિહારો, રાખૌ ચરનન છાંહિ ॥૪॥

◆ ◆ ◆

૩૫

પુષ્ટિ સંપ્રદાયમાં વિદ્વાનોનું યોગદાન

- ગો.શ્રી શ્યામ મનોહરજી (મથુરા-પોરબંદર-જામનગર)

(૧) શ્રીમૂલચંદ્ર તેલીવાલા :

એમણે અનેક અપ્રકાશિત અનુપલબ્ધ-દુર્લભ ગ્રંથોના ગુજરાતીમાં અનુવાદ કરી, પ્રકાશિત કરી પુષ્ટિ સંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન આપ્યું છે. શ્રીમહાપ્રભુજીના પ્રાચીન ગ્રંથોનું ટીકાઓ સહિત પ્રકાશન કરીને પુષ્ટિસંપ્રદાયને એ ગ્રંથો સુલભ કરી આપીને ભગીરથ કાર્ય કર્યું છે. ખરેખર શ્રી મૂલચંદ્ર તેલીવાલાનું નામ પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાશે. શ્રીમૂલચંદ્ર તેલીવાલાનું પુષ્ટિસંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન છે.

(૨) શ્રી ધીરજલાલ સાંકળીયા :

તેમનું પણ અમૂલ્ય યોગદાન પુષ્ટિસંપ્રદાયને પ્રાપ્ત થયું છે. અનેક અપ્રકાશિત-અનુપલબ્ધ પ્રાચીન સાંપ્રદાયિક ગ્રંથોનું પુનઃ પ્રકાશન તથા અનુવાદ કરી એમણે પુષ્ટિસંપ્રદાયની મહાન સાહિત્ય સેવા કરી છે. શ્રી ધીરજલાલ સાંકળીયાનું પુષ્ટિસંપ્રદાયને અમૂલ્ય યોગદાન છે.

(૩) પ્રો. મગનલાલ શાસ્ત્રી :

એમણે પણ વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો કરી, લેખો લખી, પુસ્તકો લખી પુષ્ટિ-સંપ્રદાયને મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

(૪) શ્રી વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી :

એમણે અનેક સાંપ્રદાયિક પત્રિકાઓનું સંપાદન કરી પત્રકારત્વ ક્ષેત્રે અપૂર્વ લોકપ્રિયતા, ચાહના પ્રાપ્ત કરી હતી. નીડર પત્રકાર, નિર્ભય લેખક અને સંપાદક તરીકે અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી હતી. પુષ્ટિસંપ્રદાયને સક્રિય યોગદાન આપ્યું હતું.

(૫) શ્રી હરિકૃષ્ણ વીરજી શાસ્ત્રી :

પરિષદ સંદેશના તંત્રી તથા શુધ્ધાદ્વૈતવેદાન્તના ગંભીર વિદ્વાન શ્રી શાસ્ત્રીજીનું પુષ્ટિસંપ્રદાયને નોંધપાત્ર યોગદાન છે.

(૬) શ્રી ચીમનલાલ હરિશંકર શાસ્ત્રી (સૂરત) :

પુષ્ટિ કલ્પતરૂ(માસિક) ના તંત્રી, સાંપ્રદાયિક અનેક પુસ્તકોના લેખક, સંપાદક, પત્રકાર, તંત્રી શ્રી ચીમનલાલ હરિશંકર શાસ્ત્રીનું સંપ્રદાયને અમૂલ્ય યોગદાન છે.

(૭) શ્રી પ્રેમલાલ ગો. મેવચા :

''ભક્તિપ્રિય'' વૈશ્વાનરના તંત્રી- લેખક- કવિ-પત્રકાર -વાર્તાકાર-સંશોધક શ્રી મેવચાનું પણ પુષ્ટિ સંપ્રદાયને ગૌરવ પૂર્ણ યોગદાન છે.

(૮) પ્રો. શ્રીનાગરદાસ કાશીરામ બાંભણીયા :

શ્રીવલ્લભ વેદાન્તના ગંભીર વિદ્વાન, અનેક સાંપ્રદાયિક પુસ્તકોના લેખક, પરમ વૈષ્ણવ શ્રીનાગરદાસ બાંભણીયાનું સંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન છે.

(૯) શ્રીદ્વારકાદાસ પરીખ :

વાર્તા સાહિત્યના વિશેષજ્ઞ-સંશોધક-વિદ્વાન-પરમ વૈષ્ણવ શ્રી દ્વારકાદાસ પરીખનું પુષ્ટિસંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન છે. શ્રી વલ્લભીય સુધાના સમ્પાદક-સંશોધક - શ્રી દ્વારકાદાસ પરીખનું નામ પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં સદા અમર રહેશે.

(૧૦) વૈષ્ણવ પરિવારના તંત્રી, લેખક, પત્રકાર,વાર્તાકાર, પરમ વૈષ્ણવ પ્રા.શ્રી રમેશભાઈ પરીખ (મહેસાણા)નું નામ પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાશે. ૧૫૦ પુસ્તકોનું લેખન, સંપાદન, પ્રકાશન, અને ''વૈષ્ણવ-પરિવાર'' માસિકનું સંપાદન - પ્રકાશન કરી એમણે પુષ્ટિ સંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન આપ્યું છે. શ્રી પરીખની લેખનશૈલી પ્રાસાદિક, રોચક અને રસપ્રદ હતી. નવલકથાની શૈલીમાં આપણા પુષ્ટિસંપ્રદાયના મૂર્ધન્ય ગ્રંથો એમણે પ્રગટ કરી અપૂર્વ લોકપ્રિયતા, ચાહના, સન્માન પ્રાપ્ત કરેલ. બાલપુષ્ટિ તથા આશ્રય માસિકના પણ તેઓશ્રી તંત્રી હતા. શ્રી રમેશભાઈ પરીખના ગોલોકવાસથી પુષ્ટિ સંપ્રદાયને મોટી ખોટ પડી છે. એમની ખોટ વર્ષો સુધી આપણને સાલશે. શ્રી વસંતલતાબેન પરીખે વૈષ્ણવ પરિવાર માસિકનું તંત્રીપદ સંભાળી એમની નામસેવાને ચિરસ્થાયી રાખવાનું મહાન કાર્ય સંભાળી પુષ્ટિ સંપ્રદાયની મહાન

સેવા કરી છે. શ્રી રમેશભાઇ પરીખને વૈષ્ણવસમાજ અનંત યુગો સુધી યાદ કરશે. શ્રી પરીખ સદા અમર છે.

(૧૧) વર્તમાન સમયમાં શ્રી નવનીતપ્રિય શાસ્ત્રી (નડિયાદ)નું પુષ્ટિ સંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન છે. શ્રી વલ્લભ વેદાન્તના ગંભીર ઉદ્‌ભટ વિદ્વાન શ્રી નવનીતપ્રિય શાસ્ત્રી આપણા પુષ્ટિ સંપ્રદાયનું ગૌરવ છે.

આ રીતે પુષ્ટિ સંપ્રદાયને ગૌરવપૂર્ણ યોગદાન આપનારા વિદ્વાનોનું આ સંક્ષિપ્ત લેખમાં વર્ણન કરી વિરમું છું.

■

વૈષ્ણવ ધર્મમાં તુલસીમાળાનું સ્થાન મુખ્ય છે. તે દેહની સાથે આદિથી અંત સુધી રહે છે. દેહની સાથે જ તેનો અગ્નિસંસ્કાર થાય છે. પુષ્ટિજીવે જીવન હોય ત્યાં સુધી કદી, પ્રાણ સંકટમાં આવે તો પણ માળાનો ત્યાગ કરવો જોઇએ નહિ.

- શ્રીગોકુલનાથજી.